**મહાવીર** જિનરાયના, પય પ્રણમી સહકાર
ચઉદહ ગુણથાનક તણઉ, કહીઈ કિંપિ વિચાર. ૧

**અંત –** કલસ

ઇય **વીર** જિનવર જગતહિતકર સિંહલંછણ સુરતરૂ,
ભવભીડભંજન ભવિયરંજન દુરિયગંજણ સુહકરૂ,
ગુણઠાણ ઇણિ પરિ સુપરિ જાંણઉ, જિમ લહઉ સિવસુખ મુદા,
ગણિ **સહજરત્ન** મુણિંદ જંપઇ, **વીર** જિણ સેવઉ સદા. ૨૩

(૧) પ.સં.૨–૧૩, હા.ભં. દા.૮૩ નં.૩૭.

[પ્રકાશિત : ૧. સજ્ઝાયમાલા (લલ્લુભાઈ). ૨. મોટું સઝાયમાલા સંગ્રહ.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૯૯–૨૦૦, ભા.૩ પૃ.૬૭૨–૭૩.]

## ૪૫૨. મતિસાર

કદાચ જૈનેતર હોય યા નં.૨૪૧ના મતિસાગરથી અભિન્ન હોય.

**(૯૩૧) [+] કર્પૂરમંજરી રાસ** ૨.સં.૧૬૦૫ ચૈત્ર શુ. ૧૧ રવિવાર

**આદિ – પ્રથમ ગણપતિ** વર્ણવઉં, **ગવરિ** પુત્ર ઉદાર
લક્ષ લાભ જે પૂરવઇ, દેવ સવિહું પ્રતિહાર. ૧
સેવંત્રે જસ મુગટ ભર, સીદૂરઈ સોહિ સિરીર
**સિદ્ધિ બુદ્ધિ** નઉ ભરતાર જે, બુદ્ધિદાતાર વડવીર. ૨
**કાશમીર**પુરમંડની, **સરસતિ** સમરૂં માય
તેહ તણઇ સુપસાઉલઈ, બુદ્ધિ પામઇ કવિરાય. ૩
આગઈ કવિ જે વડા હૂઆ, તસ માગૂં અનુમતિ
સદગુરૂ તણે ચરણે નમી, મન સિઉં ધરી બહુ ભક્તિ. ૪
એ સવિ હું આયસ લહી, માંડસુ કથા રસાલ,

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રૂકમાલ જે પૂતલી, કપૂરમંજરી રસાલ. ૫
તાસ રૂપ સોહાંમણઉં, ગાયસ મનનઈ કોડિ,
બ્રહ્માણી વર આલજો રખે અણુાવઈ ખોડિ. ૬

**અંત –** **કપૂરમંજરી** કથા અભિનવી, સંવત **સોલ પંચોત્તરઈં** કવી,
ચૈત્ર શુદિ અગ્યારસિ રવિવાર, બોલઇ કવિ પંડિત **મતિસાર.** ૧૯૯
પુણ્ય તણઉં એવડઉં સરૂપ, પુણ્ય પસાઇ પામીઇ નિરૂપ,
ઋદ્ધિ વૃદ્ધિ ધણ કણ પરિવાર, પુણ્ય પસાઇ જયજયકાર. ૨૦૦
સરસ કથા જિકો એ સુણઇ, માંન મહુત તવ વાધઈ (ઘ)ણઇ,
સકલ સભાનાં દુરિત જ હરૂ, વિઘનરાજ તમ્હે રક્ષા કરૂ. ૨૦૧

(૧) પ.સં.૭–૧૫, ડે.ભં. દા.૭૦ નં.૧૧૨. (૨) તે એતે ખેડ મધ્યે લ. શ્રી જોત્યવિજે સં.૧૭૬૪ માગ. શુ. ૪ સોમવારે. પ.સં.૧૫–૧૧, ડા. પાલણપુર દા.૩૬. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક, જાન્યુ.–માર્ચ તથા એપ્રિલ–જૂન ૧૯૪૧.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૫૭. કવિનામ સ્પષ્ટપણે મતિસાર મળતું હોવાથી નં.૨૪૧ના મતિસાગરથી ભિન્ન ગણવા જોઈએ એમ લાગે છે.]

## ૪૫૩. મતિસાગર

નં.૨૪૧થી ભિન્ન.

**(૯૩૨) ચંપકસેન રાસ** [અથવા ચોપાઈ] ૩૮૮ કડી ર.સં.૧૬૦૫ શ્રાવણ
આખા રાસમાં વસ્તુ, ચોપાઈ અને દુહા એ ત્રણ જ છંદ છે.

**આદિ –** વસ્તુ

પઢમ જિણવર પઢમ જિણવર પાય પણમેવિ,
**શાંતિ** જિણેસર મનિ ધરી, **નિમનાથ** બહુભત્તિ જુત્તિય,
**જીરાઉલ** જગ દીપતઉ, **પાસ** દેવ મનિસિધિ ધ્યાઇય,
**મહાવીર** સુવીસમઉ, પ્રણમી પાંચઈ દેવ;
પંચ પરમિઠ ભાવિસુ, કરસુ અનુદિન સેવ. ૧

ચુપઇ

**સારદ** સમરૂં મનનઇ ભાવ, રચિસ્યુ રાસ તણઈ પ્રસ્તાવિ,
જેહનઇ સમરણિ લહીઇ બુધિ, મનવંછિત સુકવિની સિધિ. ૧
વલી સદ્દગુરૂ નમી આયસ લહી, દોઈ કર જોડી આગલિ રહિ,
ચરણ નમું ચતૂરાઈ કાજિ, અજ્ઞાનપણું જિમ જાઇ ભાજિ. ૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તપ વ્રત સંજમ સૂધઇં રહઇ, અમર રિધિ તે નિશ્ચઇ લહઇ.
શિવસુખ પાંમીજઇ સહી જેણિ, જિમ પામિઉ રાય ચંપકસેન. ૩
કવણ ચંપક તે કેહું રાજ, કેણી પરિં તસ સીધઉં કાજ,
આદિ વૃત્તાંત મૂલથી જોઇ, બોલિસુ સવલઉ જેહવઉં હોઇ. ૪

અંત – દૂહા.

સંવત સોલ પંચોતરઇ, (૧૬૭૫) રચીઉ શ્રાવણ માસિ.
શ્રી શાંતિનાથ સુપસાઉલઇ, રચિઉ હર્ષઉલ્હાસિ. ૩૮૭
એહ જિ રાસ જે નર ભણઇ, શ્રવણિ સુણઇં બહુ બુદ્ધિ,
કવિ મતિસાગર ઇમ ભણઇ, ઘરિઘરિ મંગલ ઋધિ. ૩૮૮

(૧) સં.૧૬૪૮ આસો વદિ ૧૩ ભૌમે પાલજ ગ્રામે આગમગછે ધૂંધૂકપક્ષે પં. વીરપાલ લખિતં. ચેલા વાસણ ચેલા માંડણ સહિતેન સ્વપઠનાર્થં. પ.સં.૧૪–૧૫, હા.ભં. દા.૮૨ નં.૨૦૮. (૨) સં.૧૬૪૯ મગસિર સુદિ ૧ શુક્રવારે જેષ્ટા નક્ષત્રે સિલોદ ગ્રામે રૂષિ ચાંપા સિષ્ય પદમકુસલ લખતં. પ.સં.૧૧–૧૭, હા.ભં. દા.૮૨ નં.૧૩૦. (૩) ગ્રંથાગ્રંથ શ્લોક ૫૦૭ સંખ્યા, પ.સં.૧૪–૧૫, ખેડા ભં. (તેમાં પ્રથમ પત્ર નથી.) (૪) મુ. કનકરત્નેન લ. પ.સં.૧૪–૧૬, ઝીં. નં.૧૯૨. (૫) પ્રાયઃ આ કવિકૃત, સં.૧૭૮૯ આશ્વિન સુ. ૫ બુધે આદ્રઆણા ગ્રામે લિ. પ્રેમરત્ન પઠનાર્થં. નિ. વિ. ચાણસ્મા. (૬) પા.૩ [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૯૪, ૪૩૧).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૫૦૩, ભા.૩ પૃ.૬૫૫–૫૬. પહેલાં મતિસારને નામે ર.સં.૧૬૭૫ દર્શાવીને મૂકેલી કૃતિ પછીથી મતિસાગરને નામે ફેરવી છે. કવિ નં.૨૪૧ના મતિસાગરથી અભિન્ન પણ હોઈ શકે.]

## ૪૫૪. કમલસાગર (ત. વિજયદાનસૂરિ–હર્ષસાગરશિ.)

(૯૩૩) ૨૪ અતિશય સ્ત. ગા.૩૬ ર.સં.૧૬૦૬ ફા.શુ.૧૧

આદિ – સુરના સુરના કિધા જોય, ઉગણિસ અતિસય
જિનજીના તુમ્હે સાંભલો એ. ૧

અંત – ઇંદુ રસ બિંદુ લેસા કહી, એ સંવછરસંખ્યા કહી,
શ્રીગુરૂચરણ હઇ ધરી મનિ ધરી, ભગતિરાગ શ્રીમંધિર તણો એ.

કલસો

તપગછનાયક મુગતિદાયક સુખદાયકશ્રી વિજયદાનસૂરિસરો
ઉવઝાય મુનિવર હર્ષસાગર તાસ ગછઇ દિનકરો

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સીસ કહઇ વંદન તાહરૂં શ્રી **કમલસાગર** સોહએ
તુઝ ચરણે મુઝ મનિ અતિહિ લીણો જિમ ભમર માલતિ મોહએ.
(૧) પ.સં.૩-૯, હા.ભં. દા.૮૨ નં.૧૭૨.
[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૦૦, ભા.૩ પૃ.૬૭૩.]

**૪૫૫. સિદ્ધિસૂરિ** (બિવંદણીકગચ્છ દેવગુપ્તસૂરિ–જયસાગરશિ.)

દ્વિવંદનીકગચ્છ ઉપકેશગચ્છની શાખા જણાય છે. તેમાં થયેલ દેવગુપ્તસૂરિના પ્રતિમાલેખો સં.૧૫૬૭, ૧૫૭૦, ૧૫૭૩, ૧૫૯૩ અને ૧૫૯૯ના ધા.પ્ર.સં. બંને ભાગ તથા નાહરકૃત સંગ્રહમાં મળે છે. તેમાં તે સિદ્ધાચાર્યસંતાનીય ઓળખાયેલ છે.

**(૯૩૪) અમરદત્ત મિત્રાનંદ રાસ** પ૨૩ કડી ર.સં.૧૬૦૬(શક.૧૪૭૨) વૈ.વ.૪ રવિ ઉંઝામાં

**આદિ –** વસ્તુ

સકલ ગુણનિધિ સકલ ગુણનિધિ સકલ જિનરાય,
પયપંકજ પ્રણમી કરી, ભલે ભાવે ભારતી નમેવીય.
સહિગુરૂચરણે શિર નમિ એકચિત્તે કવિરાય સેવીય
કર્મફલા ફલ જાણવા **મિત્રાનંદ** ચરિત્ર
બોલિસિ બહુ બુદ્ધિં કરી સુણયો સહુ ઈકચિત્ત.

**અંત – બેવંદણીકગચ્છે** સહિગુરૂ સાર, સકલ કલા કેરા ભંડાર,
શ્રી **દેવગુપ્ત** વંદૂ સૂરીસ, કર જોડી કહે તેહનો સીસ. ૧૬
સંઘ કથન થયાં ઉલટ ઘણો, રચ્યો રાસ **મિત્રાનંદ** તણો;
કુંથુ જિણેસર તણે પસાય, રચી ચોપઇ **ઉંઝા** માંહિ, ૧૭
કુંણ સંવત્સર કેહે માસ, રચ્યો રાસ તે કહું વિમાસ.
સંવત **સોલ છિડોત્તરા** જાણુ, શાકે **ચૌદ બહુત્તરિ** વખાણ.૧૮
વદિ વૈશાખ ચોથિ તિથિ સાર, મૂલ નક્ષત્ર નિર્મલ રવિવાર
તેણે દિને નિપાયો રાસ, સાંભલતા સવિ પુહચે આસ. ૧૯
સર્વ ગ્રંથની સંખ્યા સુણો, દુહા ચોપઈ એકઠા ગુણો
ગાહા વસ્તુ તેહ માંહે ભલી, શતકપંચ બાવીસાં મિલી. ૨૦
વસ્તુ એક ચોપઇ સો ચાર, વલી એકતાલીસ અધિક વિચાર;
પ્રાકૃત ગાથા જાણો પંચ, દુહા પંચોત્તરનો સંચ. ૨૧
અધિકો ઓછો કહિયો જેહ, સહિગુરુ સાખે ખમાવું તેહ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કૃપા કરી કવિ ઉપર બહુ, ખરો કરીને ભણુજ્યો સહુ. ૨૨
ભણે ભણાવે ભાવે જેહ, સંકટ નાસે દૂરે તેહ
એકમનાં સંભલિસે જેહ, મુગતિ સવિ લહસે તેહ. ૫૨૩
(પા.) એકમનાં સાંભલિ જે કોઇ, મનવાંછિત સુખ પાંમિ સોઇ.
મેરુ મહીધર મહીઅલિ સાર, જિહાં પ્રતપિ દિનકર સંસારિ,
તાં એ રાસ સદા સુખકાર, જયુ જયુ શ્રી સંઘ મઝારિ. ૫૨૪

(૧) ઇતિ શ્રી શાંતિનાથ ચરિત્રાદુદ્ધૃત્ય અમરદત્ત મિત્રાનંદ સંપૂર્ણ-મિતિ શ્રી સિદ્ધસૂરિભિઃ કૃતો રાસઃ સં.૧૬૫૩ વર્ષે ચૈત્ર શુદિ ૧૦ શુક્રવાસરે વિદ્યાપુરે ચતુર્માસસ્થિતે લિખિતો રાસઃ દેવહર્ષગણિના પં. સૌભાગ્યમાણિક્યગણિ શિ. પં. શ્રી સુંદરગણિ શિ. પં. ગજહર્ષગણિ શિ. દેવહર્ષ લિખિતઃ પ.સં. ૧૬–૧૫, ડે.ભં. દા.૧૩ નં.૨. (૨) શ્રીમદ્‌અંચલગચ્છે શ્રી ધમ્મમૂર્ત્તિસૂરિ વિજયરાજ્યે પં. શ્રી પદ્મતિલકગણિ ઋ. શ્રી રંગમૂર્ત્તિગણિ ઋ. પુણ્યતિલક વાંચનાર્થં. પ.સં.૧૮–૧૫, હા.ભં. દા.૮૧ નં.૩૧. (૩) સં.૧૬૪૧ વર્ષે અદ્યેહ શ્રી નવાનગરે લિ. પ.સં.૩૦–૧૧, જૈ.શા. દા.૧૩ નં.૪૧. (૪) પ.સં.૧૧–૧૫, મો. સુરત પો.૧૨૬. (૫) સં.૧૬૯૩ ભાદ્ર.વ.૭ પં.શ્રી સાધુવિજયગણિ શિ. મુનિ ઇંદ્રવિજય લ૦ પાલ્હણપુર નગર મધ્યે. પ.સં.૧૨–૧૯, ખેડા ભં. નં.૩. (૬) પ.સં.૧૮–૧૩, મ.જૈ.વિ. નં.૧૧૪. (૭) પ.સં.૨૫–૧૫, છેલ્લું ૨૬મું પત્ર નથી–અપૂર્ણ, મ.જૈ.વિ. નં.૪૦૬. (૮) રાજકોટ યતિના અપાસરાનો ભંડાર. [ડિકેટલોગભાઇ વો.૧૯ ભા. ૨, મુપુગૂહસૂચી (દેવગુપ્તસૂરિશિષ્યને નામે).]

**(૯૩૫) સિંહાસન બત્રીશી** [કથા અથવા રાસ અથવા ચોપાઈ]
ર.સં.૧૬૧૬ વૈશાખ વદ ૩ રવિ બારેજા (અમદાવાદ પાસે)માં

આદિ– વસ્તુ છંદ.

વિશ્વજનની ૨ પાય પણમેવિ,
સયલ વિશ્વસુખકારણી, મુગ્ધજનબુદ્ધિદાતા,
કવિયણ-મન-આનંદની જગત્ર માંહિં તૂંહિ વિખ્યાતા,
કર જોડી તુમ્હ વીનવું, દીઓ મુઝ નિરમલ મત્તિ,
કહું કથા વિક્રમ તણી, તે સુણજો એકચિત્તિ. ૧

ચોપઇ.

સરસતિ શુભ મતિ દીઓ મુઝ સદા, જિમ વિક્રમ ગુણ ગાઉં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુદા,

પરઉપગારી રાજ જિય, તાસ કથા બોલીસ બહુભિય. ૨
ત્રિભુવન માંહિ વિક્રમરાય, સત્તવંત ધુરિ સહી કહવાય,
ભૂમંડલ ભડવાઈ કરી, જસ કીરતિ ત્રિભુવન વિસ્તરી. ૩
તાસ કથા બત્રીસે જેહ **ભોજ** ભૂપ આગલિ કહી તેહ,
સવિ સંબંધ અછે પ્રત્યેક, તે સુણજો સહુ ધરી વિવેક. ૪
**સિંહાસન બત્રીસી** તેહ, લોક માહિં સુપ્રસિદ્ધિ જેહ,
તાસ કથા હું બોલીસ ભલી, સાંભલતાં પૂગી મનરલી. ૫
પહિલું સિંહાસન ઉત્પત્તિ, સાંભલયો તે સહુ એકચિત્ત,
જોયણ લાખ તણે વિસ્તાર, જંબુદ્વીપ છે વૃત્તાકાર. ૬

**અંત** – જે છે સંસ્કૃતકથા પ્રબંધ, તે કહ્યો **ભોજ** તણો સંબંધ,
પ્રાપ્ત રસ અધિકો જાણીઈ, તેહ કારણિ એહ વખાણીઈ. ૬૯
કહી કથા આગેં જેહવી, કેતી કથા કહી કેલવી,
કવિ કહે તેહમાં મ દેયો ખોડિ, ખમાવીઈ સવિહું કર જોડિ. ૭૦
કિણ કારણ એ કહ્યો પ્રબંધ, હર્ષ ધરી સુત્નાત્નીત (?) પ્રબંધ
ચતુર પુરૂષને કારણિ કરી, કહી કથા વિવહરી. ૭૧
**ગૂજરદેશ** દેશ માંહિ સાર શ્રી **અહમદ**પુરવર સુવિચાર,
તાસ પાસ **બારેજુ** ભલું, તેહ વખાણ કરૂં કેતલું. ૭૨
તિહાં શ્રી સંઘ તણે ઉપદેશ, રચી ચોપૈ ધરમ વિશેષ,
કવિ કર જોડી કહે એણી પરે, કહું દિવસ તેવટિ ન વિસ્તરે. ૭૩
કુણ સંવચ્છરે કેહે માસે, રચ્યો પ્રબંધ જે કહું વિમાસી,
સંવત **સોલ સોલોતર** જાંણિ, શાક ચૌદ બ્યાસીઓ વખાંણિ. ૭૪
વદિ વૈશાષ ત્રીજ તિથિ સાર, મૂલ નક્ષત્ર નિર્મલ રવિવાર,
શ્રી ગુરૂચરણપસાયે કરી, એહ પ્રબંધ કવિઓ વિસ્તરી. ૭૫
**બિવંદણીક**ગચ્છે સહિગુરૂ સાર, શ્રી **દેવગુપ્ત**સૂરિ વંદુ ગણધાર,
તાસ સીસ પંડિત ગુણનિલો, શ્રી **જયસાગર** નામે ભલો. ૭૬
તાસ સીસ કર જોડી કરી, **સિદ્ધ**સૂરિ પભણે એહ ચરી,
આણી ઉલટ આણંદપૂરિ, એહ સુણતાં દુખ જાયે દૂરિ. ૭૭
ભણે ભણાવે જે મનભાવે, સંપતિ સુણતાં એણે પ્રસ્તાવે,
જાં પ્રથવી અવિચલ થિર હોઇ, તાંઈ કથા સુણો સહુ કોઇ. ૭૮
જાં ધ્રૂ મંડલ શશિ દિનકાર, શેષ ધરે જિહાં મહીનો સાર,

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિહાં એ રાસ સદા જયકાર, જયો જયો કવિ જયજયકાર. ૭૯
**સિંહાસનબત્રીસી** તણો, રચ્યો રાસ ઉલટ થયો ઘણો,
ભણતાં સુણતાં નવનિધિ મિલી, સવિહું જનની આસ ફલી. ૮૦
આણી અતિ ઘણા ઉલટિં અંગે કહી કથા તે મનને રંગે,
પભણે હરસ ધરી **સિદ્ધસૂરિ**, એહ કથા સુણતાં દુખ દૂરિ. ૮૧

(૧) પ.સં.૪૬–૧૫, છેલ્લું પત્ર નથી, સારી પ્રત, વી.ઉ.ભં. દા. ૧૭. (૨) પ્રે.ર.સં. નં.૩૧ (વે.) (૩) પહેલી કથાની પ્રત, પ.સં.૪–૧૪, ખેડા ભં. દા.૭ નં.૬૪. (૪) લિ. **મોતીસાગરગણી** પં. **મોહનજી** વાચનાર્થં. પ.સં.૨૨–૧૪, ૧૫ કથાવાળી પ્રત, ખેડા ભં. દા.૭ નં.૬૩. (૫) ઇતિ સિંહાસન દ્વાત્રિંશિકાયાં પદ્મિન્યોક્તા ભોજસિંહાસન સ્થાપન વિધિ પૂર્વોક્ત ચરિત્ર-પ્રકટીકરણ દ્વાત્રિંશત્તમા કથા સંપૂર્ણા. સં.૧૭૫૦ વર્ષે વૈશાષ શુદિ ૧૫ દિને અર્કવાસરે પંડિત રામવિજયગણિ તત્ શિષ્ય ગણિ પ્રેમવિજય લિપિકૃતા શ્રી **મંગલપુરે**. પ.સં.૪૮–૧૫, માં.ભં. (૬) ખં. ભં.૧. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૬૧, ૬૨૭, ૬૨૮).]

**(૯૩૬) કુલધ્વજકુમાર રાસ** ર.સં.૧૬૧૮ આ.વ.૮ રવિ

**આદિ –** વસ્તુ.

દેવિ **સરસતિ** દેવિ **સરસતિ** સુમતિદાતાર,
ત્રિભુવનિ જનમનરંજની ઋદ્ધિવૃદ્ધિ બહુબુદ્ધિદાતાર,
કવિમુખકમલ-નિવાસની વિબુધ જન વિસુહાં વિખ્યાત.
તાસ ચરણ પ્રણમી કરી, કહિશિ રાસ રસાલ,
**કુલધ્વજ**કુમર તણુ સહી, ગુણ બોલેશ સુવિસાલ. ૧

ચઉપઈ.

પ્રણમું **સરસતિ** સુમતિદાતાર, જેહ નાંમિં ત્રિભુવન જયકાર,
ભૂતલિ ભગવતિ તું ભારતી, મનોહર તું મહાસતી. ૨
તૂં જગદંબા જ્વાલાધ્ધુરી, તું અંબા તૂં કવિસંકરા,
તૂં તારા ત્રિપુરા તોતલા, તૂં બાલા ભૈરવ કોકલા. ૩
ચામંડા ચુસઠી દેવિ, સુરનર કિંનર સારઇ સેવ,
તાસ તણા પય પ્રણમીં કરી, બોલેશ **કુલધ્વજ** કુંયર ચરી. ૪

દૂહા

પહિલું **સરસતિ** પય નમી, લેઇ ગિરૂયા ગુરૂનામ,
**કુલધ્વજ**રાય તણાં સહીં, બોલેશ ગુણગ્રામ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સીલવંત માંહિ ધુરી, ગુણનિધિ જે ગંભીર,
કુલમંડણ કુલતિલક જે, વસુહાં તે વડવીર. ૬
તેહ તણાં ગુણ બોલસું, આંણી મનિ ઉલ્હાસ,
સજન સહૂઇ સાંભલુ, જિમ પુહુચિ સવિ આસ. ૭

અંત – ઢાલ–માલંતડનુ.

**બિવિંદણીક**ગચ્છ ગુણનિલું પામી, શ્રી **દેવગુપ્તસૂ**રિરાય, સુ.
ગચ્છપતિ ગણુનિધિ ગુણનિલુ એ, મા. સરોમણિ સીસ કહિવાય, સુ.
પંડિત શ્રી **જયસાગરૂ** એ, મા. જ્ઞાન તણુ ભંડાર. સુ. ૬૧
તસ પઈકમલ જ સેવતુ એ, મા. **સિદ્ધિસૂરિ** ગણહાર, સુ.
કર જોડી તિ ઈમ કહિ એ મા. સીલ તણું સુવિચાર. સુ. ૬૨
કુમર **કુલધજ** ગાઈઆ એ, મા. જે જગિ ગુણહ ભંડાર,
સંવત ૧૬૧૮રોતરઇએ, મા. શ્રાવણ માસ રસાલ.
વદિ આઠમ તિથિ જાણીઇ એ, મા. રવિવાસર સુવિશાલ. ૬૨
તિણઈ દિનિ એ રચિઉ રાસ એ, મા. હરખ ધરી મનરંગિ સુ.
જે ભણઈ સુણઈ નરનારિ એ, મા. સવિ સુખ તેહનઇ અંગિ. ૬૩
તે લહિ વંછિત સંપદા એ, મા. તેહ ઘરિ હુઈ ઋદ્ધિ વૃદ્ધિ,
પુત્ર કલત્ર પરિવાર સિઉ એ, મા. વંછિત પામીઇ રિદ્ધિ. ૬૪

(૧) ઇતિ શ્રી કુલધજકુમાર રાસ સંપૂર્ણઃ યતિ શ્રી **ન્યાનવિજય** તત્ શિષ્ય ગ. **વિનયવિજયે**નાલેખી. ગુ.વિ.ભં. (૨) મુનિ **રાજકુલ** લપીકૃતં. પ.સં.૯–૨૧, વી.ઉ.ભં. દા.૧૭. (૩) પ.સં.૨૦–૧૩, ખેડા ભં. નં.૩. (૪) પ્રાયઃ આ કવિકૃત. સં.૧૬૫૬ **રત્નવિજયસૂરિ** ગ્ર. મુ. **માણકચવિજય** લ. **વાસણા** ગ્રામે શ્રા.વ. ૫ દિને. નિ.વિ. ચાણસ્મા.

**(૯૩૭) શિવ(સર્વ)દત્ત રાસ** અથવા **પ્રાપ્તવ્યક(પ્રાપ્તિઆ)નો રાસ**
કડી ૨૯૫ ર.સં.૧૬૨૩ ચૈત્ર ૬ રવિ

આદિ – વસ્તુ.

સરસ સુવચન સરસ દીઉ **સરસતિ,**
શુભ મતિ દિઉ મુઝ શારદા, ધરીય ધ્યાન જિનરાય કેરૂં,
સુગુરૂ-આંણ અહિનિશિ વહું, કરૂ કવિત ભીલટિ નવેરૂ,
કર જોડી કવીયણ કહઇ, નિસુણો બાલગોપાલ,
કરમ કતૂહલ અભિનવુ, સંભલજો સુવિશાલ. ૧

ચોપઇ.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સરસ વચન દિઉ મુઝ **સરસતી,** તુમ્હ નામિ સવિ સુખસંપતિ,
**સરસતિ** નામિઇ નિર્મલ મતી, સંગતિ **સરોમણિ** તુહજિ સતિ. ૨
સા **સરસતિ**નઈ પ્રણમી કરી, બોલિસિ કરમ તણુ હું ચરી,
કરમ તણુ બલિ ત્રિભુવન ઘણું, કવીયણ કહિ હુ કૈતુ ભણું. ૩

**અંત –** કુણ સંવત નઈ કીહઇ માસિ, કહી કથા મનનઈ ઉલ્હાસિ;
સંવત **સોલ ત્રેવીસો** જાંણિ, **ચૌદ અઠયાસી** શકે વખાણી.
ચિત્તહરણ વારૂ ચૈત્ર માસ, સેવક કહઇ જનની પૂરઇ આસ,
રિતુ વસંત વણરાજી કંથ, એણઇ માસિ રચીઉ એ ગ્રંથ. ૯૧
છઠિ તણી તિથિ નઈ રવિવાર, ઇણઇ દિન રાસ નીપનો સાર,
કર જોડિ કવીયણ કહઇ સાસ, ભણતાં સુણતાં પુહુતી આસ. ૯૨
**ઉવએસી**ગછિ સુગુરૂ સુજાણ, શ્રી **દેવગુપતિ**સૂરિ ઉદય ભાણ,
તાસ સીસ પંડિત ગુણનિલૂ, શ્રી **જયસાગર** મુનિસર વિલૂ. ૯૩
તાસ સીસ કર જોડી કરી, **સિદ્ધસૂરિ** પભણઇ એહ ચરી,
**પ્રાપતિયાનો** રાસ ઉદાર, ગુણતાં ભણતાં હુઇ સાર. ૯૪
જે ભાવઇ ભવિયણિ નિતુ ભણઇ, નિતુ સુખસંપતિ હુઇ તેહ તણઇ,
સંકટ સયલ તેહ ઘરિ ટલઇ, સહી મનવંછિત અફલાં ફલઇ. ૨૯૫

(૧) ઇતિ પ્રાપ્તવ્યક રાસ. ઋ. જેઠા ... ચરણપ્રસાદાત્ લ. ઋ. **માંડણ** પઠનાર્થં. પ.સં.૧૨-૧૪, ડે.ભં. દા.૭૧ નં.૪૨. (૨) સં.૧૬૩૨ વર્ષે આષાઢ શુદિ ૧૩ લિ. **દ્વિવંદણિકગચ્છે** ભટ્ટારકશ્રી **દેવગુપ્તસૂરિ**... પ.સં.૧૦-૧૪, રો.એ.સો. બી.ડી.૭ નં.૧૯૬૮. (૩) ઇતિશ્રી **સવદત્તકથા** સંપૂર્ણં. સં.૧૬૬૭ વર્ષે આસો સુદિ ૯ શુક્રે. પ.સં.૮-૧૫, હા.ભં. દા.૮૨ નં.૬૯. (૪) ઇતિશ્રી પ્રાપતીનો રાસ સં.૧૭૧૭ આસો શુ. ૧૧ લિ. ઋ. રૂપજી ઋ. ખતજી સપઠનાર્થં અહમદપુર મધ્યે લિ. ખતજી (આમાં ઋષિના નામ પર હરતાલ છે. લખનાર ઋષિએ કર્તાના નામની કડીઓ મૂકી દીધી છે.) પ.સં.૧૨-૧૫, ખેડા ભં. દા.૬ નં.૨૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૦૦-૦૧ તથા ૨૦૫-૦૭, ભા.૩ પૃ. ૬૭૩-૭૪ તથા ૬૭૭-૮૦. 'અમરદત્ત મિત્રાનંદ રાસ' પહેલાં દેવગુપ્તસૂરિશિષ્યને નામે મૂકી પછીથી એના કર્તા સિદ્ધિસૂરિને જ ગણ્યા છે.]

## ૪૫૬. ધર્મમૂર્તિસૂરિશિ. (આં.)

**(૯૩૮) વિધિ રાસ** ૧૦૧ ગા. ૨.સં.૧૬૦૬ ભા.શુ.૧૧ પિરોજપુરમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આદિ** – શ્રી થૂલિભદ્રના ફાગની દેશી, રાગ દેશાખ.
**સરસતિ** સામિણિ વીનવું એ, બઇ કર જોડેવિ,
**વિધિ રાસ** સૂત્ર વિચાર, હરષેં પભણેવી. ૧
**જંબુઅદીવ પન્નાત્તિયા** એ, ઇગ જજુગ સંવત્સર,
પૂછિઉં ગોયમસામિ, કહિઉં શ્રી **વીર** જિણેસર. ૨

**અંત** – સંવત **સોલઅછીલોતરે** એ, ભાદ્રવ સુદ ઇગ્યારસ,
નગર **પેરોજપુરિ** રાસ **રચિઓ**, જિહાં ભોહંડ **પારસ.** ૮૭
**વિધિ રાસ** જે પઢિહિં ગુણહિં બહુ ભાવન ભાવહિં,
સંકલેસ સવિ દૂરિં દલહિં, પરમાનંદ પાવહિં. ૮૮
**અંચલ**ગચ્છ **વિધિ**પક્ષ સકલ, તસુ કોઇ ન જીપઇ,
શ્રી **ધર્મમૂરતસૂરિ** ગુણગંભીર, બહુ દિન દિન દીપઇ. ૮૯
ચૂલિકા લિખ્યતે
શ્રી ગુરૂપ્રસાદિં એ અરથ લહ્યા, નિમ્મંલ સૂડનીકા,
સૂત્ર ભાષ્ય ચૂરણુ નિરજુગતિ, પંચમ અઉર ટીકા. ૯૦

*

જિઉં મંદિર ગિરિ ચૂલિકા એ, સોહિં અતિ ચંગી,
**વિધિ રાસ** સવ રાસ ભલઉ, સુણીયહૂં મનરંગી. ૧૦૧

(૧) પ.સં.૫–૧૨, વર્ધમાન રામજી, મુંબઈ.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૫૮–૫૯.]

**૪૫૭. હીરકલશ** (ખ. **સાગરચંદ્ર–મહિમરાજ–દયાસાગર–જ્ઞાનમંદિર–દેવતિલક** ઉ.–**હર્ષપ્રભ**શિ.)

**(૯૩૯) કુમતિવિધ્વંસન ચોપાઈ** ૨.સં.૧૬૦૭ કે **૧૬૧૭** જે.સુ.૧૫ બુધ કર્ણપુરી–**કનકપુરી**

આમાં અ-મૂર્તિપૂજક લુંકાને કુમતિ ગણી તેનો નિરાસ કરવા **પ્રયત્ન** થયો છે.

**આદિ** – વંદુ ચૌવીસે જિણરાય, સમરી **સરસતિ** સામણિ પાય,
આગમવચન કહૂં ચૌપઇ, સાંભલજ્યૌ નિશ્ચલ મન ધરી. ૧
**અંગ** ઇગ્યારહ બાર **ઉપાંગ, છેદગ્રંથ** ષટ્ જ્ઞાન સુચંગ
દસે **પઈન્ના મૂલ** વિચાર, **નંદી** ને **અનુયોગદ્વાર** ૨
ઈણ પરિ આગમ પૈતાલીસ, વરતમાન વરતે સુજગીસ,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તાસ ભણુણુ વિધ કહીય જિનેસ, તે તુમ્હ સુણો કહૂં લવલેસ. ૩

**અંત** – જિનસાસન જિનપ્રતિમા નમૈ, સિવસાસન હરિમંદિર રમૈ,
મુસલમાન માનૈં મહિરાબ, પૂછો લુંકા તુમ્હ કુણ જાબ. ૮૩
નવિ જિન નવિ સિવ નવિ તીરકી, મત માંડયો સહુએ મન થકી,
ન ગમૈ આગમ વેદ પુરાણ, ઉતર આપે ગલ પુરાણ. ૮૪
જિનપ્રતિમા પૂજી દ્રૂપદી, તિહાં **લુંકાનૈ** ઉત્તર સદી,
તિણ તો પૂજી પરણુણ ભાણી, **સુરયાભ**સુર કરણી ઘણી. ૮૫
જંઘાચારણ જે અણુગાર, તિહાં કહે લબધ તણો ભંડાર,
ઇમ જે ભાખીજે સૂત્ર ઈહાં, પાપી કહે અછત્ર તિહાં. ૮૬
ખંડયો શક્ર સ્તવન વકાર, ખંડયો પડકમણો આચાર
ખંડયા આગમ અંગ ઉપાંગ, તે નરનો નવિ કીજે સંગ. ૮૭
મુખ બોલે એ સૂત્ર ઉદાર, અક્ષર કાના માત્ર મઝારિ,
ઉછઈ ભણુતાં હોઈ અતિચાર, તે પડિકમિયૈ સુણો વિચાર. ૮૮

*

લુંકે એ ઊખાણો ગ્રહ્યો, અક્ષર કાન્હાઇ પણ લહ્યો,
માહા આના વા દોષ ન કોઈ, પાખંડિયા ઈમ પ્રગટયા જોઈ. ૯૦
ઇણુ મતરી સંભલજ્યો વાત, **ગુજ્જરદેસ અહમદાવાદ**,
**લુંકો** લેહો તિહાંકિણ વસૈ, મુનિવર પરત લિખે અહનિસૈ. ૯૧
પુસ્તક લિખી લિયૈ મુહમદી, સુખઇ સમાધઇ વસઈ તિહાં સદી,
એક દિવસ નિસુણો તસુ વાત, લિખતાં પાના છોડયા સાત. ૯૨
મુનિવર પારતિખ દેખી ચુક, **લુંકા** હાથિ પેઠકી ભુખ,
રીસાણો લેહો મન માંહિ, લુંકા મત માંડયા તિણ ઠાઇ. ૯૩
સંવત **પનરહ સઈ અઠોતરઈ**, જિનપ્રતિમા પુજા પરહરૈ,
આગમ અરથ અવર પરિહરઇ, ઈણ પરિ મિથ્યામતિ સંગ્રહે. ૯૪
**લખમસીહ** તસ મળિયો સીસ, વક્રમતી ને બહુલા રીસ,
બિઉ મિલી નિષેધઇ દાન, વિનય વિવેક આણે ધ્યાન. ૯૫
**પનહર ચોત્રીસૈં** સમૈં, ગુરૂ વિણ વેસ ધરી અનુક્રમઈ,
સંઘ માહિ તિણ કારણ નહીં, વીતરાગ ઇમ બોલે સહી. ૯૬
પરંપરા નવિ જાણે નાથ, જો કિમ લહે જિનસાસણ કામ,
વિણ પરંપરા ન લાભઇ ધરમ, કહિ **અનુજોગ** સૂત્રના મર્મ. ૯૭

*

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માહોમાહિ મિથ્યાતી કહૈ, જિન વેલા સમકિત કિમ રહઇ,
મોટા ખરતર તપમત વૈર, માહોમાહિ ન ભાજૈ વૈર. ૪
બેટા લુંકો બહુ મનમતી, બેટી કહૈ મ્હારૈ પાર્શ્વચંદ જતી,
એક એક સહિસો નવિ મિલૈ, તિણ ઘર સમકિત કિણ પર પલૈ. ૫

*

સોલહ સૈ સત્તોતર (પા. સતરોત્તર) વાસ, કર્ણપુરી (કનક-
પુરી) નયરા ઉલ્હાસ,
જેઠિ પુનિમ નૈ બુધવારે, શ્રી સંવેગિ જોગ અવતાર. ૧૦
ખરતરગચ્છ સુવિહત સિણગાર, શ્રી જિનચંદ્રસૂરિ ગણધાર,
વાદીગંજન સિંઘ અપાર, જેહનિ કોઇ તસ્યો થૈકાર. ૧૧
ગુરૂશ્રી દેવતિલક ઉવઝાય, હરખમલ્લ તસુ સીસ કહવાઈ,
તિણ સહગુરૂનો આવસ લહી, હીરકલસ એ ચોપઈ કહી. ૧૨

(૧) ઇતિ શ્રી કુમતિવિધ્વંસન ચોપઇ સમાપ્ત. સં.૧૭૫૯ વર્ષે ભાદ્રવા વદિ ૧ દિને પંડિત શ્રી ૫ વૃદ્ધિવિજયગણિ શિષ્ય મુનિ ઉત્તમવિજય લિખિતં આસોપ નગર મધ્યે. મ.બ. (૨) વિદ્યા. (૩) પ.સં.૧૩, પ્રત ૧૭મી સદીની, મહિમા. પો.૬૩. (૪) બાપડાઉ નગરે પં. જીવકીર્તિ લિ. પ.સં.૧૩, અભય. પો.૪ નં.૨૪૦. (૫) પ.સં.૭, દાન. પો.૧૩ નં.૨૫૮.

**(૬૪૦) મુનિપતિ ચરિત્ર ચોપાઈ** ગા.૭૩૩ ર.સં.૧૬૦૮ કે ૧૬૧૮
માહ વદિ ૭ રવિ વિકાનેરમાં

આદિ – જિન ચઉવીસે પય નમી, સરસતી (સમરી માય),
(વર્ણવું) મુનિપતિ ચરીય હૂં, સારદ માત પસાય. ૧
એ ચરિત્ર જગિ પરગડઉ, રચિઉ......
સુણતાં સવિ સુખ સંપજિ, પાતિગ જાઇ દૂરિ. ૨
લોભ અછઇ પરિગડઉ, ચિહું કષાય દુજેય,
......રંગ ભરિ, મુણિવરૂ તિજ દઉ તેય. ૩
તિ જયતિ મુનિપતિ ઇમ તરઇ, તારઇ લોક વિચિત્ર,
અલોભત...પદિ સુણઉ, મુનિપતિ સાધુ ચરિત્ર. ૪
કિણિ થાનકિ તે મુણિ હૂઉ, તહનઉ કવણ વિચાર,
હીરકલસ ઇણ પરિ કહિ, તે સાંભલઉ ઉદાર. ૫

અંત – ઢાલ માલંતડીની
વીર જિણેસર તિવ વસિ માલ્હંતડી, સોહમ ગણહર વંશ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શાખા **વયરકુમર** તણા એ મા., **ખરતરગચ્છ** પ્રસંસ. ૨૪
શ્રી **જિનચંદ્રસૂરિ** ગચ્છધણી એ મા. મહિયલિ માહિ વિખ્યાત,
ભવિયણ પયસેવા કરઈ એ મા. મોટા જાસૂ અવદાત. ૨૫
**સાગરચંદ્રસૂરિ** મુણિવરૂ એ મા. તિહાં આચારિજ સાર,
**મહિમરાજ** વાચક હૂયા એ મા. તસુ તણા સીસ વિચાર. ૨૬
તાસુ સીસ ગુણમણિતિલઉ એ મા. **દયાસાગર** વણારીસ,
મુનિગુણે સહિત વાચકવરૂ એ મા. **જ્ઞાનમંદિર** તસૂ સીસ. ૨૭
અનુક્રમિ ગુણમણિઆગરૂ એ મા. **શ્રી દેવતિલક** ઉવજ્ઝાય,
**હર્ષપ્રભુગણિ** જાણીયઈ એ મા. તસુ તણઉ સીસ સૂજાય. ૨૮
અંતેવાસી તેહનઉ એ મા. **હીરકલસ** મુનિ સાર,
**મુનિપતિ** મુણિવર ચઉપઇ એ મા. કીધી અતિ સુવિચાર. ૨૯
સંવત **સોલ અઠરોતરે (અઢોતરઇ)**એ મા. માહ વદિ સાતમિ જાંણિ,
વાર રવિ હસ્ત નક્ષત્ર સિઉ એ મા. ચઉપઇ વડી પ્રમાણ. ૩૦
ગાથા-માન હવિ બોલીઇ એ મા. સાતસિ ઉપરિ તેત્રીસ,
**મુનિપતિ** મુનિવર ચઉપઇ એ મા. ભણતાં મનિ સુજગીસ. ૩૧
જાં લગઇ મેરૂ મહીધરૂ એ મા. જાં લગિ દૂ સસિ ભાણ,
તાં લગિ એ રિષિ ચઉપઈ એ મા. વાપરઉ જગ માંહિ જાણિ. ૩૨
ઇતિશ્રી **મુનિપતિ** રિષિચરીયઈ એ મા. શ્રી **વીકાનયર** મઝારિ,
**રિસહ** જિણંદ પસાઉલઇ એ મા. રચિયઉ ચરિય ઉદાર. ૭૩૩
(૧) વિરમગામ સંઘ ભં. (૨) પ.સં.૫૬, મહિમા. પો.૭૬.

**(૯૪૧) ૧૮ નાતરાં સંબંધી સઝાય** કડી ૫૨ ર.સં.૧૬૧૬ શ્રા. શુ. નવરંગદેસર

**આદિ** - ધુરિ દૂહા

**વીર** જિણેસર પાય નમિય, **શારદા** હિયઈ ધરેવિ,
જે કવિયણ આગે હૂયા, તેહ નમઉ કર બેવિ. ૧
ચરમ કેવલી જાણિયઇ, **જંબૂ સોહમ** સીસ,
**પ્રભવ** ચોર જિણ બોહિયઉ, તેહ નમઉ નિસદીસ. ૨
ઇય ચરમ કેવલિ **જંબૂસ્વામી**, તાસુ ચરિય હિયઇ ધરે,
નાતરા એ અઢાર બોલ્યા, ગામ નવરંગદેસ રે. ૫૧
સંવત **સોલહ સઈ સોલોત્તર** સુકુલ સાંવણ જાણ એ,
શ્રી **જિનચંદ** સૂરીસર પસાયઇ **હીરકલસ** વખાણ એ. ૫૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) પ.સં.૩-૧૧, વિ.ને.ભં. નં.૪૫૨૯.

**(૯૪૨)** [ચંદ્રગુપ્ત] **૧૬ સ્વપ્ન સઝાય** ગા.૨૦ ર.સં.૧૬૨૨ ભા. શુ. ૫ **રાજલદેસર**

**આદિ –** હરષઈ **પ્રભુ** ગુરૂ પ્રણમી કરી, **સરસતિ** માતા હિયડઇ ધરી,
સોલ સુપન તણી સજઝાઇ, ભણતાં સુણતાં શિવસુખ થાઇ. ૧

**અંત –** સંવત **સોલહ સઇ બાવીસ,** ભાદ્રવ સુદિ પંચમીય જગીસ,
**રાજલદેસર** સંઘાગ્રહઇ, એહ સિજઝાઇ **હીર** ઋષિ કહઇ. ૨૦

[રાહસૂચી ભા.૧]

**(૯૪૩) આરાધના ચોપાઈ** ૮૩ કડી ર.સં.૧૬૨૩ માહ શુ. ૧૩ ગુરુ નાગોરમાં

**આદિ –** ચઉવીસે જિનવર પણમેવી, સમરિય સહગુરૂ **શારદ** દેવિ,
આતમહિત પરહિત ઇકમના, પભણિસું અનુક્રમિ **આરાધના.** ૧
સંવત **ભવણ નયણ રિતિ શિશિ,** જોજો નિપુણ હિયૈ એ કિશી
માહ શુકલ ગુરૂ પુષ્ય સંજોગ, તેરસ તિથિ તેમ રવિ જોગ. ૮૨
**ખરતરગચ્છ જિણચંદ** સૂરીસ, તાસુ રાજિ **હર્ષપ્રભુ** શીસ,
**હીરકલશ** મુનિ **પાસ** પસાઇ, કહિં આરાધન **અહિપુર** માંહિ.૮૩

(૧) પ.સં.૪, નાહટા સં. (૨) સં.૧૮૬૯ આ.વ.૧૩ **પાડલીઉ.** કપૂરભદ્ર લિ. પ.સં.૭, મહર. પો.૬. (૩)પ.સં.૬, પ્રતિ ૧૭મી યા ૧૮મી સદીની, જિ.ચા. પો.૮૩ નં.૨૨૦૪. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી.]

**(૯૪૪) સમ્યકત્વ કૌમુદી રાસ** ૬૯૩ કડી ર.સં.૧૬૨૪ માહ શુ. ૧૫ બુધ **સવાલખમાં**

**અંત –** ઢાલ ધન્નારી ચઉપઈરી **છેહિલી.**
શાસનનાયક **વીર** જિણેસર, પૂજે જઇ નિતુ ચંદણકેસરિ,
તસ પટિ **સોહમવંસિ,**
ગુણ વરણઉં બહૂં કંઈ ન જાણઉં, શાષા **વયરકુમરની** જાણું,
**ખરતરગચ્છિ** પ્રશંસિ. ૮૭
શ્રી **જિણમાણિકસૂરિ** ગુરૂપાટ, નામ જપંતાં હુઇ ગહગાટ,
શ્રી **જિણચંદ** સૂરિંદ,
જસુ નામિઈં સવિ વાદી ભાજઇ, કેસરિની પરિ ગુહિરૂ ગાજઇ,
રાજઇ મુણિવરવૃંદ. ૮૮
શ્રી **સાગરચંદ્રસૂરિ** આચારિજ, જીએ કીયા મોટા જગિ કારિજ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિણિ ઊથાપિ કુશીલ,
થાપિઉં શીલવંત **ગચ્છનાયક**, એ છઈ મહીમતિ **મોટાં વાયક**,
પાય નમઇ જસુ લીલ. ૮૯
**મહિમરાજ** વાચક તસુ સીસ, પાટિ તાસુ વલિ વાણારીસ,
**દયાસાગર** તસુ નામ,
તાસુ સીસ પદવી વાણારી, **જ્ઞાનમંદિર** ગુરૂ મહાવિચારી,
પુહવી સારી મામ. ૯૦
મહીયલિ તાસ પાટિ વિખાય, ગુરૂ શ્રી **દેવતિલક** ઉવઝાય,
તાસુ સીસ સુખદાય,
**હર્ષપ્રભુ** નામઇં મુનિરાય, **હીરકલસ** તસ સીસ કહાય,
પામી સુગુરૂ પસાય. ૯૧
સંવત **સોલહ સઈ અઉવીસ**, માહી પૂનિમ બુધ સરીસ,
પુષ્ય નક્ષત્રઈ લેહ,
**દેશ સવાલખ** નયરી જેહ, ધર્મ્મં તણુઉ જિહાં વાધ્યુ નેહ,
તિહાં કીઇ ચઉપઇ એહ. ૯૨
ઇતિ શ્રી **સમકિતકૌમદિ** ચરીય, મઈં સષેપઈં એ ઉદ્ધરિય,
વિસ્તરિ ગુરૂમુષિ વાણિ,
ભણઈ ગુણઇ જે સુણઈં અહોનિશિ, ધરિ બઇઠાં તસુ થાઇ સવિ વસિ,
રિદ્ધિ વૃદ્ધિ કલ્યાણ. ૬૯૩

(૧) સં.૧૬૫૨ વર્ષે ભાદ્રવા વદિ ૪ ભોમવારે લિ. **વનાસુત પરીષ વીરદાસ** સ્વપઠનાર્થં લષાપિતં ગ્રંથાગ્રં ૧૦૫૦ શ્લોકઈ. પ.સં.૩૧-૧૬, વિ.ધ.ભં.

**(૯૪૫) જંબૂ ચોપાઈ** ર.સં.૧૬૩૨ વાસડે નગરમાં

(૧) સં.૧૬૬૦ જે.સુ.૯ સોમે **અહિપુર** (નાગોર) મધ્યે લિ. ચેલા ઈસર. પ.સં.૧૭, મહિમા. પો.૮૬.

**(૯૪૬) સિંહાસન બત્રીશી** ર.સં.૧૬૩૬ આસો વદ ૨ સવાલખ **દેશમાં** મેડતામાં

**આદિ** – આરાહિ શ્રી **રિષભપ્રભૂ**, કુગલા ધર્મ નિવાર,
કથા કહિસૂ **વિક્રમ** તણી, જસુ સાકઉ વિસ્તાર. ૧
સાકઉ વરતિઉ દાંનથી, દાન વડો સંસાર,
વલિ વિસેષે જિણસાસણે, બોલ્યા પંચ પ્રકાર. ૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અભવ્ય સુપાત્ર દાંન બિહુ, પ્રાણી મોક્ષ સંયોગ,
અણુકુંપા ઉચિય કીરતિ ઉચિત, એ ત્રિહુ દાંને ભોગ. ૩

યતઃ ગાથા

અભયં સુપત્તદાંણું અણુકંપા, ઉચિય કીત્તિદાંણેય,
દુન્નિ વિમુખો ભણિઉં, તિન્નિ વિભોગા ઇયં હોઇ. ૪
ભેદ અનંત જિનાગમેં, શ્રાવક કરણિ માંહિ,
તે સવિ **વિક્રમ** સાચવ્યા, પ્રગટયા પૂન્ય પસાય. ૫
પૂરવે શ્રી **સિદ્ધસેન** ગુરૂ, **વિક્રમ** ગુણ સંબંધ,
કીધી **સિંઘાસણકથા,** બત્રીસે પરબંધ. ૬
સિંઘાસણરી પૂતલી, **વિક્રમ**નૃપ ગુણચૂર,
ધારાધિપ આગલ કહ્યો, બેઠી સભા પડૂર. ૭
**હીરકલસ** મુનિ તસુ ચરિય, લે આગમ અનુસાર,
**સરસતિ** ગુરૂ સુપસાઉલે, કીય ચઉપઇ ઉદાર. ૮
પુરૂષારથ ચઉ પરગડો, **માલવદેશ** મુઝાર,
**ધાર** નયરી શ્રી **ભોજ**નૃપ, પ્રજાલોક સુખકાર. ૯
ન્યાતી ચઉરાસી તિહાં વસેં, ધન ખરચે નિરકંત,
બેસે મહાજન તિહા મલિ, સાઢી બારહ પંતિ. ૧૦
શ્રીપુર[1] ઉસ્યાં[2] મેડતા[3] પાલી[4] પોકરવાલ[5],
જાઈત[6] ષાંટ[7] હરસિઉર[8] ટીંટૂ[9] ડીંડૂવાલ.[10] ૧૧
વાલવઘેર[11] નરાણિયા[12] ષંડેલે ષંડેલ[13];
સાઢી બારહ ન્યાતિ મલિ જિમે ગોડા મેલ. ૧૨
**શ્રીમાલે** એસ નાંમ નગરે **પલ્લીપુરે** **મેડતે,**
વગ્ગે **રતલહિંડવાંણુ** નગરે **ષટ્ટાણકે** **પુષ્કરે,**
**રાજનહર્ષ** પુરે **નરાંણુ** નગરે **ડિંડૂડકે** **જાયલે;**
ષંડે **ષંડલિકે** **સ્થીતા** **દશમિતા** સાર્દ્ધ દ્વયા પંક્તયઃ ૧૩

અંત – ઢાલ ઈકત્રીસાની

શ્રી **ખરતરે** ગણહર ગુરૂ **ગોયમ** સમઉ, નિતિ ઉઠી રે **જિનચંદ્ર**-
સૂરિ પય નમો;
તસુ ગચ્છઇ રે **સંપ્રતિ** પાઠક ગુણનિલઉ, વડવાદી રે શ્રી **વિજય**-
**રાજ** વસુધાતિલઉ. ૧૪



JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વસુધાતિલઉ તસ સીસ બોલઇ સંઘનઇ આગ્રહ કરી,
દિસઇ **સવાલિખ મે(ડે)**હ નયરા સદા જય આણંદ ભરી
સંવત **સોલે સે છત્રીસઈ** બીજ આસો વદિ કથા,
તિહ કહિય **સિંહાસણ બત્રીસી હીરકલસ** સુણી યથા. ૧૫
ઈણી ચરિત્તે રે દૂહા ગાહા ચઉપઇ, સહુ અંકે રે બાવીસ સઈ;
(પા. પનર સઇ (૧૫૨૪) બાવીસ (બાવન) થઈ)
કંઈ અધિકઉ ઉછઉ જે ભાસિઉ અલી, તે સદગુરૂ પાએ નમિ
ષાંમઉ વલી. ૧૬

છંદ

ષાંમઉ વલી હૂં સંઘ સઈ મુખિ માન છોડિય આપણઉ,
જે શાસ્ત્ર સાથઈ હવઈ મિલતાઓ, તેહ નિરતઉ થાપણઉ.
એ ચરિત સાંભલિ જેય માંનવ દાંન આપઈ નિજ કરઇ,
તે પુન્ય પસાયઇં સુષી થાયઈ રિદ્ધિ પાંમઇ બહું પરઇ. ૧૭

(૧) સં.૧૮૪૧ શાકે ૧૭૦૬ મૃગશિર વદ ૧૧ ચંદ્રવાસરે તૃતીય પ્રહરે, પં.ખુસ્યાલવિજૈજી વાચનાર્થં. ગ્રાંમ સરીયારી મધ્યે. પ.સં.૧૧૭–૧૭, વિજાપુર જ્ઞાન ભં. નં.૬૨૪. (૨) સં.૧૮૩૮ વૈ. વદિ ૨ રવિ લિ. ચિરં. ભગવાન માજીરામ વાચનાર્થં, તલવાડા મધ્યે ચતુર્માસ ચક્રે. પ.સં. ૮૦–૧૫, અનંત ભં. નં.૨. (૩) સં.૧૭૪૨ માર્ગસિર શુ.૧ સોમે બૃ.ખ. જિનચંદ્રસૂરિ રાજ્યે કીર્તિરત્નસૂરિ-સંતાનીય મહો. લલિતકીર્તિગણિ શિ. વા. વિજયરાજગણિ શિ. પં. કમલહર્ષગણીનાં અંતેવાસી પં. જયચંદ્રેણ લિ. પ.સં.૭૪, નાહટા સં. (૪) સં.૧૮૧૯ જે.વ.૧૪ સાહડસર મધ્યે રૂપવલભ શિ. માણિક્યરાજ શિ. લબ્ધિકમલ દીપચંદ મહેસદાસ સહ લિ. પ.સં. ૬૪, દાન. પો.૧૩ નં.૨૫૨. (૫) સં.૧૮૬૪ ફા.શુ.૯ બીકાનેર મધ્યે ઉદયરત્ન લિ. સુંદર અક્ષર, પ.સં.૭૧, દાન. પો.૧૩. (૬) પ.સં.૭૪, જય. પો.૬૭. (૭) પ.સં.૨૬, પ્રથમ કથા, જિ.ચા. પો.૮૨ નં.૨૦૭૪. (૮) લિ. હેમાણંદેન પં. ભાનુવિજય વાચનાર્થં. પ.સં.૧૦૯–૧૧, માત્ર છેલ્લાં ૯૯થી ૧૦૯ પત્ર, જૈ.એ.ઇ. નં.૧૩૬૭. (૯) સં.૧૬૯૭ કા.સુ.૧૩ ભોમ. પ.સં.૬૬–૧૬, મ.બ.; હાલ દે.લા.પુ.લા. નં.૧૪૪૯–૫૧૩. (૯) લ.સં. ૧૭૮૫, પ.સં.૫૦, સેં.લા. નં.૫૮૨૭. (૧૦) સં.૧૬૬૫ ચૈ.શુ.૩ જેસલમેર મધ્યે પં. ચરણકીર્ત્તિ પં. દેવસાર પં. ગુણરાજ, ઉદેસંઘ સપરિવારાત્ લિ. એક ગુટકો, નાહટા સં. (૧૧) ઇતિ શ્રી કલિયુગપ્રધાન દાનાધિકાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી **વિક્રમરાઇ** શ્રી **ભોજનરેન્દ્ર** સિંહાસણ બત્રીસી ચઉપઇ સંપૂર્ણ. સંવત્ ૧૭૧૬ વર્ષે ભાદ્રપદ માસે સિતેતર પક્ષે દ્વિગૂદિશિ તિથૌ પૃથ્વી...વારે લિખિતં મુનિશ્રી **વૈરાગ્યસમુદ્રેણ**. શ્રી **આગરા** નગરે મુનિશ્રી **ક્રિયાસાગર**-ગણિ વાચનાય લિખિત ગ્રંથાગ્ર ૩૩૫૧ માજને. ગુ.વિ.ભં. (૧૨) વિદ્યા. (૧૩) સં.૧૯૦૧ માહ વ.૮ લિ. **માંડવી** મધ્યે **જાં**ની **વાસદેવ મુરારજી** લિખાવિતં ચિરંજીવી પઠનાર્થં તેનેદં પૂસ્તકં જ્ઞાનવૃદ્ધિકરં. શુભં ભૂયાત પ.સં.૧૧૨-૧૨, ધો.ભં. (૧૪) ઇતિશ્રી કલિયુગ પ્રધાનાધિકારે શ્રી **વિક્રમ**-રાય સિંહાસણ બત્રીસી ચરિત્ર ચોપઇ સંપૂર્ણ છ. સંવત્ ૧૬૭૬ વર્ષે માસે ચૈત્ર વદિ ૧૨ દિને શ્રી **અંચલગચ્છે** વાચિકપ્રવર વાચિકશિરોમણિ વાચનાચાર્ય વા. શ્રી ૫ **રાજકીર્ત્તિ**ગણિનાં બાંધવ પંડિતપ્રવર પંડિત-શિરોમણિ પંડિતસિરિચક્રચૂડામણિ પંડિતોત્તમઃ પં. શ્રી શ્રી ગુણવર્દ્ધનગણિ શિષ્ય મુનિશ્રી **શ્રુ**તસાગરગણિ મુનિ દયાકીર્ત્તિગણિ મુ. **વિજયકીર્ત્તિ** સહિતૈ લખિતં **પાલિગ્રામ** સુભસ્થાન મધે. મ.બ. (૧૫) અધૂરી પ્રત, પ.સં.૧૨-૨૦, મા.ભં. (**બત્રીસપુતલીની** વાર્તા એ નામ છે.) (૧૬) ઇતિ શ્રી કળિ-જુગ પ્રધાંન દાંનાંધિકારિ શ્રી **વિક્રમરાઈ** શ્રી **ભોજનરિન્દ્ર** સીગાસણ બત્રીસી ચરીત્ર ચઉપાઇ સંપૂર્ણ...સં.૧૭૧૦ વર્ષે શ્રાવણ સુદિ ૪ ચોથિ દિનિ સોમિ ઉત્તરા નક્ષત્રિ પાદસા શ્રી **સાહા જેહારાજિ** શ્રી **સમારથ**-ગચ્છિ: **ભણુસાલી લાધાદાસ ભણુસાલી લહૂ**આસુત લિષતં. હીર કીઉ **વિક્રમ**ચરીત, સહિતિત્રીસ સતર સિલોક, ભણિ ગુણિ ઈહરતે પરતિ, તિયા નર વંછિત થોક. ૧ સમસ્ત શ્લોકા ૩૩૭૦. મારી પાસે. (એક જ ને તે છેલ્લું પાનું છે તે પરથી) [આલિસ્ટઑઇ ભા.૨, કેટલૉગગુરા, મુપુ-ગૂહસૂચી.]

**(૯૪૭) જીભદાંત સંવાદ** ગા.૪૧ ર.સં.૧૬૪૩ માગ. વિકાનેર

**અંત** – **સોલ ત્રયાલઇ** મગસિરિ, **વીકાનેર** મંઝારિ
 **હીરકલશ** રસણા-દસણ, જોડિ કરિ જસુકારિ. ૪૧ સં.
[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૧૨).]

**(૯૪૮) જ્યોતિષસાર** દુહામાં

**આદિ** – સહગુરૂ સાનિધિ **સરસતી**, સમરી સુવચન સાર,
 **જોઇસના** દૂહા કહિસ, બાલબોધ હિતકાર. ૧
 તિથિ, વાર, નક્ષત્ર, ગ્રહ, રાશિ, મહૂરત, યોગ,
 એ **સાતે** ઇતિ **જ્યોતિષે**, કહિ સંખેપે ભોગ. ૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પડિવા છઠિ ઇગ્યારસી, નંદા નામ કહાય,
બીયા સાતમિ બારસી, ભદ્રા નામ સુણાય. ૩

અંત – અન્ય પુરૂષ જ્ઞાનં

હીર કહે સસિ બુધ ગુરૂ, ભૃગુ તનુ ભુવન સુહાય,
રવિ મંગલ શનિ રાહુ જો, નરાકાર દુખદાય. ૧
ધન ભુવનેં સવિ ક્રૂર ગ્રહ, લચ્છી હાનિ કહેય,
સૌમ્ય ગ્રહ સવિ હીર કહે, ઋદ્ધિ વૃદ્ધિ ફલ દેય. ૨
સહજ ભુવનેં ક્રૂર સવિ, ભાઈ આપે હાણ,
હીર કહેં સોમાસવે, આયા કરેં કલ્યાણ. ૩

(૧) અધૂરી પ્રત, પ.સં.૨૧–૧૫, વિ.ને.ભં. (૨) સં.૧૭૫૩ શ્રા.શુ. ૧૦ પત્તન મધ્યે ભક્તિવિશાલ શિ. પ્રીતરાજ લિ. પ.સં.૧૪, ચતુ. પો.૧. [મુપુગૂહસૂચી (હીરને નામે પણ).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૩૪–૪૦, ભા.૩ પૃ.૭૨૫–૨૯ તથા ૧૫૧૦.]

## ૪૫૮. અજ્ઞાત

**(૯૪૯) ધર્મબુદ્ધિ પાપબુદ્ધિ ચોપાઈ** લ.સં.૧૬૦૮ પહેલાં

(૧) સં.૧૬૦૮ ભા.વ.૮ રવિ અદ્યેહ પત્તનમધ્યે શ્રે. લીંબા સુત મેઘરાજ હીરા લિખાપિતં. હં.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૫૯.]

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ૪૫૯. આણંદવર્ધનસૂરિ (ખ. ધનવર્ધનશિ.)

**(૯૫૦) પવનાભ્યાસ ચોપાઈ** ગા.૧૨૭ ૨.સં.૧૬૦૮ આસો

આદિ – આદિ સગતિ સેવું સારદા, કવિયણ વાણી મતિ સારદા,
કરૂણાસાગર મન સારદા, અહનિસિ નવિ છાંડુ સારદા. ૧
પરમતેજ પણમું એકચિત્ત, જે માહિ દીસઇ બહુલું ચિત્ત,
જન હુઇ પોતઇ પૂરવ દત્ત, તઉ પામીજઇ એહજિ તત્ત.
બ્રહ્મજ્ઞાન તણી ચઉપઇ, સાંભલજ્યો એકમનાં હુંઇ,
સાર પદારથ એહ જિ લઇ, પુન અવતાર ન પામુ ભઇ. ૩
ષટ્ દરસનિ નાયક જૂજૂઆ, અછઇ એક પણિ નામિ હૂઆ,
પંડિત વાદ કરંતા મૂંઆ, જણ જણ નવિ લાધુ તે કુઆ. ૪
ખરતરગચ્છનાયક સૂરીસ. શ્રી ધનવર્દ્ધનનુ જે સીસ,
આણંદવર્દ્ધન કરઈ જગીસ, વડી વાત લહિવા જગદીસ. ૫
હૂં તઉ મૂરખ નઇ મતિહીણ, હસું મ કરિસ્યુ જેહ પ્રવીણ.

રૂપાતીત ધ્યાન લયલીણ, મુગતિ ગયા તે કરમવિહીણ. ૬

અંત – સંવત સોલ અઠોતર વરસિ, આસો માસિ રાચઉં મન હરસિ,
સુણિવું ભણવું એ મહા પુરસિ, અરૂપ ધ્યાનિ આરૂઢઇ તરસિ. ૧૨૪
જઉ હુઇ પોતઇ પાતક ઘણૂં, તઉ દુખ ભોગવીઇ આપણૂં,
ધર્મ બહુલ સંચઇ ધામીઇ, ઇમ આણંદવર્દ્ધન પામીઇ. ૧૨૫
પુણ્ય પાપિ અવતાર જિ સહી, જઉ લવલેશ પોતઇ તે નહી,
સમય માત્રિ જાઇ તઉ વહી, મુગતિં પ્રાણી કેવલિ કહી. ૧૨૬
કર્મ નિકાચિત જાંઈ દૂરિ, અનંત ભવ ઊતરીઇ પૂરિ,
એહવું તત્ત્વ ન જાણિં ભૂરિ, ઇમ કહઇ આણંદવર્દ્ધનસૂરિ. ૧૨૭

(૧) પ.સં. ૧૦-૯, સીમંધર. દા.૨૦ નં.૧૧.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૦૦૦-૦૧.]

**૪૬૦. કમલશેખર** (આં. વેલરાજ–પુણ્યલબ્ધિ અને લાભશેખરશિ.)

**(૯૫૧) નવતત્ત્વ ચોપાઈ** ૬૫ કડી ૨.સં.૧૬૦૯ આસો ૩ સુરતમાં

આદિ – સરસતિ સામાણ સમરું માય, પાસ જિણેસર પણમું પાય,
કહૂં નવતત્ત્વ સંખેપિ વિચાર, જિણિ હુઇ સમકિત સાર. ૧

અંત – અંતરમહૂરત સમકિત ધરઇ, તે નર અરધ પુદ્ગલ કરઇ,
વાચક કમલશેખર ઇમ કહઈ, ગણિઇ ભવિઇ સિદ્ધ પદવી લહઇ. ૬૩
વિધિપક્ષિ ગછિ એ ઉદયુ ભાણ, શ્રી ધર્મમૂર્ત્તિસૂરિ સુજાણ,
તાસ પસાઈ લહીયા ભેય, ભિસઇ છિહુત્તરિ હૂઆ તેઅ. ૬૪
સંવત સોલનવોત્તર વરસિ, સૂરતિ આસૂ ત્રિતીયા દિવસિ,
રચી ચુપઇ સોહામણી, ભણતાં ગણતાં હુઇ બુદ્ધિ ઘણી. ૬૫

(૧) પં. રવિચંદ્ર લ. સાધવી ગંગાઇ પઠનાર્થં. પ.સં.૨-૧૫, મ.જૈ.વિ. નં.૪૦૦.

**(૯૫૨) પ્રદ્યુમ્નકુમાર ચોપાઈ** સર્ગ ૬ કડી ૭૯૩ ૨.સં.૧૬૨૬ ફા. શુ.૧૩ માંડલમાં

આખી કૃતિ દુહા તથા ચોપાઈમાં છે.

આદિ – દૂહા
શ્રી જિનવર સવિ પય નમી, સમરી સરસતિ માય,
રાસ રચું રલીયામણું, વલિ વંદી ગુરૂપાય. ૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સરસ કથા **યાદવ** તણી, કહિસ્યું તે ઇકચિત્તુ,
કુમર **પજૂનહ** તેહ તણું, નિસુણઉ ચારૂ ચરિત્ર. ૨
**જંબૂદ્વીપ** મઝારિ વર, **ભરહખિત** સુપ્રસિદ્ધ,
તેહ માંહિ સોહઈ ભલું, **સોરઠ દેશ** સમિદ્ધ. ૩

યતઃ

તીર્થાનિ તટિનીતોયં તરુણી તીરુલોચના
તાંબૂલં તોયધેલક્ષ્મી સૌરાષ્ટ્રે રત્નપંચકં. ૧

*

પ્રથમ સર્ગિ પરણી **રૂખમિણી**, **કૃષ્ણ** તણી વાત કહિ ઘણી,
બીજઉ સર્ગ **જંબુવતિ** તણુ, વાચક **કમલશેખર** કહઇ અણુ. ૧૨૪

**અંત** – કેવલમહોત્સવ દેવે કરિઉ, ધન્ય એ **યાદવકુલિ** અવતરિઉ,
ધન્ય એ **નેમિ** જિનેશ્વર સીસ, ઇંદ્ર સયલ જસ કરઇ જગીસ. ૭૮૯
**વિધિપક્ષગછિ ધર્મમૂર્ત્તિ**સૂરિ, વિજયવંત તે ગુણ ભરપૂરિ,
**કમલશેખર** રહીયા ચઉમાસિ, **માંડલિ** નયર ઘણઇ ઉલ્હાસિ. ૭૯૦
સંવત **સોલ છવીસઈ** કરી, દૂહા, ચુપઇ હીયડઇ ધરી,
કાતી સુદિ નઇ દિન ત્રયોદસી, કીધી ચુપઇ મન ઉલ્હસી. ૭૯૧
વણારીસ **વેલરાજ** તણા, સીસ હોઇ તેહના ગુણ ઘણા.
શ્રી **પુણ્યલબ્ધિ** ઉવઝાયાં ઇસ, બીજા **લાભશેખર** વણારીસ. ૭૯૨
તાસ સીસિ રચી ચુપઇ, સુણિયો ભવીયાં ઇકમન થઇ,
ચરિત્ર **પ્રદ્યુમ્નકુમાર** તણૂ, ભણતાં સુણતાં સુખ ઘણૂ. ૭૯૩

(૧) ૭૯૩ ગાથા **સ્વર્ણગિરિ** મધે, ઋ. **લાલાજી** લિખિતં. પ.સં. ૨૪-૧૫, મ.જૈ.વિ. નં.૪૯૯. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૦૮).]

[પ્રકાશિત : ૧. સંપા. મહેન્દ્ર બા. શાહ.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૫૯-૬૧.]

## ૪૬૧. હેમરાજ (જીવરાજઋષિશિ.)

**(૯૫૩ ક) ધનારાસ** ર.સં.૧૬૦૯ દિવાળીદિન

**અંત** – એ ચરમ જિનવર સંઘ જઇકર ભાવ સિઉ ગુર ગાઇયા,
કર્મ કઠિન ચૂરિ ન્યાન પરિ અનંત સુખ તે પાઇયા
**જીવરાજ** રૂષિ શિષ્ય સુણ મુનિવર **હીમરાજ** વખાણીઇ,
રચિઉં તેહ સાનિદ્ધ ધરીય ગુણ બુદ્ધિ હરષ હયડઈ આણીઈ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુત નેહાલી દિન દીવાલી સંવત **સોલ નવોત્તરઈ.**
નરનારી સમકિત ધારી ગાઇ ભવસમુદ્ર લીલા તરઇ.

(૧) ગાથા ૩૪૪, પ.સં.૧૫, લીં.ભં. દા.૩૦ નં.૮. (૨) વિ.ધ.ભં. (તેમાં ટીલરાજ એ કર્તાનું નામ છે.)

**(૯૫૩ ખ) બુદ્ધિરાસ** ગા.૫૫ ર.સં.૧૬૩૦ શ્રાવણ

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૦૨, ભા.૩ પૃ.૬૭૪. પહેલાં કર્તાપરિચય આમ આપેલો : "એક હેમરાજ નામના વાચકે 'કાલિકાચાર્ય કથા' ગ્રંથ લખ્યો છે (પાટણના ભંડારમાંની પ્રતિ). પ્રશસ્તિ લેખક તરીકે એમ આપી છે કે : "સં.૧૬૦૯ વર્ષે શ્રી **ખરતરગચ્છે** શ્રી **જિનમાણિક્યસૂરિ** વિજયરાજ્યે શ્રી **વિક્રમનગરે** વા. શ્રી **વિજયકીર્ત્તિ** શિષ્ય વા. હેમરાજ." તો આ અને તે બંને એક હોવા સંભવે છે." પછીથી કાવ્યનો અંતભાગ મળતાં એ કર્તાપરિચય ખોટો ઠરે છે.]

## ૪૬૨. વિવેકહંસ ઉ.

**(૯૫૪) ઉપાસક દશાંગ બાલા.** લ.સં.૧૬૧૦ પહેલાં

(૧) લ.સં.૧૬૧૦, પ.સં.૨૮, પ્ર.કા.ભં. છાણી નં.૮૯૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૯૫.]

जैन सार्थक JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ૪૬૩. ઉદયકર્ણ

**(૯૫૫ ક) હરિકેસી બલ ચરિત્ર** ગા.૬૯ લ.સં.૧૬૧૦ પહેલાં

(૧) લ.સં.૧૬૧૦ ભા.સુ.૫ પ.સં.૩, મહર. પો.૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૮૯. ત્યાં આ અને પછીની કૃતિ 'ઉદયકર્ણ-ઉદો (પાર્શ્વચંદ્રશિ.)'ને નામે મૂકવામાં આવેલી, પરંતુ પાર્શ્વચન્દ્રશિ. ઉદા(ઉદયચંદ્ર) ઋષિ છે, ઉદયકર્ણ નહીં. તેથી 'હરિકેસી બલ ચરિત્ર'ના કર્તા જ ઉદયકર્ણ અહીં ગણવામાં આવ્યા છે.]

## ૪૬૪. ઉદો (પાર્શ્વચન્દ્રશિ.)

**(૯૫૫) સનતકુમાર રાસ** ૮૪ કડી ર.સં.૧૬૧૭ શ્રાવણ શુ. ૧૩

**આદિ** – સુખકર **સંતીસર** નમુ, સદગુર સેવ કરઉં નિસદીસ તુ
તાસ પસાઇ અણુસરઉં, સિદ્ધિ સકલ મનની સજગીસ તુ. ૧
**સનતકુમાર** સુહામણઉ, ઉતિમ ગુણમણિનઉ અહિઠાંણુ તુ
ચક્રીસર ચઉત્થઉ સહી, ચતુરપણઇં મોહઇ સપરાંણુ તુ.
સનત. આંચલી. ૨

**અંત** – **સોલહ સઇ સતરોતરે**, શ્રાવણ શુદિ તેરસિ અવધારિ તુ

ઉત્તરાજઝયણ સંખેપથી, ત્રિરતિ (ચરિત) થકી કીધો ઉધાર તુ સં.૮૩
શ્રીપૂજિ પાસચંદ પાએ નમી, હરષ ધરી એ રચીયઉ રાસ તુ
રિષિ ઊદઉ કહઇ જે ભણઇ, તિહાં ઘરિ મંગલ લીલ લચ્છિ
નિવાસ તુ. ૮૪

સનતકુમાર સોહામણો.

(૧) સં.૧૬૨૮ વર્ષે લ. રિષિ દેવીદાસ શ્રાવિકા લીલાઇ પઠનાર્થં. પ.સં.૪-૧૨, યતિ જયકરણ, બિકાનેર. (૨) ઋ. કાકાજી ચરણપ્રસાદાત્ લ. ઋષિ માંડણ પઠનાર્થં. પ.સં.૪-૧૨, મુક્તિ. નં.૨૩૭૬. (૩) પ.સં.૪, મુકનજી સં.

[પ્રકાશિત : ૧. ષટ્દ્રવ્યનય વિચારાદિ પ્રકરણસંગ્રહ.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૮૯. જુએ આ પહેલાં 'ઉદયકર્ણ' પરની નોંધ.]

## ૪૬૫. હર્ષવિમલ (ત. આણંદવિમલશિ.)

**(૯૫૬) બારવ્રત સઝાય** લ.સં.૧૬૧૦ પહેલાં

અંત – તપગચ્છમંડણ જાણીઇ એ, મા. આણંદવિમલ સૂરીંદ,
તસુ પાટઇ ગોયમ સમા એ મા. વિજયદાન મુણિંદ. ૬૪
શ્રી આણંદવિમલ તણુ એ મા. હર્ષવિમલ ગણીશ,
સીસ કહઇ ભણતાં હુઇ એ મા. નવનિધિ તસુ નિશિદીસ. ૬૫

(૧) લ.સં.૧૬૧૦, ચોપડો, પ્ર.કા.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૯૧.]

## ૪૬૬. વિમલ

**(૯૫૭) મિત્રચાડ રાસ** ૩૪૪ કડી ર.સં.૧૬૧૦ આસો શુ. ૧૦ શુક

આદિ–
વસ્તુ

માત સરસતિ માત સરસતિ પ્રણમૂં એહ દેવિ,
કૌમારી કરૂં વંદના, વાગવાંણિ દિઇ સરસ વાંણીય,
તાસ જિમલિ દેવિ કો નહી નિપુણ બુદ્ધિમઇ તૂંઅ જાંણીય,
જગદંબા જગદીશ્વરી, કરયો રસના વાસ,
અવર ન માગૂં એકહૂં, પૂરે મનચી આસ. ૧

દૂહા.

દેવ ગુરૂ સાંનિધિ કરી, પભણૂં મિત્રહ રાસ,
માણિકા કિમ ખેપ કરી, સ્ત્રી કિમ ખેલી સાસ. ૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે વરતાંત તુમ્હે સાંભલુ, નર નીમડિઉ સુજાંણ,
કિણિ થાનકિ તે કિમ હૂઉ, કિહાં તેહનૂં અહિડાંણ. ૩

**અંત** – ત્રણસઇ બ્યાલીસ એ ચુપ્પઇ, ભણતાં સુણીઉં હુઇ સહી,
સંવત્ **૧૬૧૦** તસ, આસો શુદ આસીઇ વિસ્તરાં. ૩૪૨
તિથિ દસમિ નઇ શુક્રવાર, **વિમલ** હોયો જયજયકાર,
અધિકું ઉછઉ હુઇ જેહ, મિછાદુકડ દિઉં છઉં તેહ. ૩૪૩
અરિહંત દેવનૂં ધ્યાન જ ધરૂ, સદ્‌ગુરૂચરણ સદા અણસરૂ,
ધ્યાતાં ધમ્મ બહુ ધન ઝાઝૂં મિલિઇ, કહિ **વિમલ** તે ઘરિ
રિદ્ધિ મિલઇ. ૩૪૪

(૧) ઋ. સંતોષી આત્માર્થેન લિ. પ.સં.૧૧-૧૫, વિમલ (કાળુશાની પોળમાંનો) ભં. દા.૨૫ નં.૨૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૬૫.]

## ૪૬૭. અજિતદેવસૂરિ (પલ્લીવાલગચ્છ)

'કર્પૂરચક્ર' તેમણે કરેલું છે કે જેનો નકશો મુનિ જશવિજય પાસે છે.

**(૯૫૮ ક) સમકિતશીલ સંવાદ રાસ** ૨.સં.૧૬૧૦

(૧) પ.સં.૩, હ.ભં. નં.૧૦૯૭.

**(૯૫૮ ખ) ચંદનબાલા વેલિ**

(૧) સાધ્વી કેસાજી પઠનાર્થં સં.૧૭૮૦ આસાઢ શુ. ૧૧ બુધે. પ.સં.૨, અભય. નં.૩૪૯૬.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૭૫. શબ્દસૂચિમાં પલ્લીવાલગચ્છનો નિર્દેશ કર્યો છે. 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' ફકરો ૮૫૬ પૃ.૫૮૫ પર પલ્લીવાલગચ્છના અજિતદેવની સં.૧૬૨૭-૧૬૨૯ની સંસ્કૃત કૃતિઓ નોંધાયેલી છે.]

## ૪૬૮. હંસભુવનસૂરિ

**(૯૫૯) શંખેશ્વર પાર્શ્વ સ્ત.** કડી ૪૬ ૨.સં.૧૬૧૦ છતીઆરમાં

**આદિ** – શાસનદેવી મન ધરી એ, ગાઉં **પાસ** જિણંદ,
**શંખેશ્વરપુરમંડણો** એ, દીઠે પરમાણુંદ. ૧

**અંત** – ત્રણે કાલ પૂજો સદા એ, **સંખેશ્વર શ્રી પાસ**,
**શ્રી હંસભવનસૂરિ** એમ ભણે એ, પૂરે મનની આસ. ૪૪
સંવત **૧૬૧૦ સોલ દસોતરે** એ, તવન રચીયૂં સાર,

**શ્રી સંભવનાથ** પસાઉલે એ, **છનીઆર** નયર મઝાર. ૪૫

કલસ

**શંખેશ્વર** શ્રી **પાસ** જિનવર વસ્યા સુખકર સુંદરી,

**અશ્વસેન** નરપતિ વંશમંડણ દુરિતખંડણ નેહ કરી.

જે જન આરાહે શ્યામ ધ્યાએ પાપ જાએ ભવ તણાં,

શ્રી **હંસભુવન**સૂરિ ઇમ જંપે શાશ્વતા સુખ દે ઘણાં. ૪૬

(૧) સં.૧૬૭૦નો એક ગુટકો, જશ. સં. (૨) સં.૧૭૮૪નો ચોપડો, જશ. સં. (૩) લિ. બુદ્ધિરત્નેન. બીજો ચોપડો, પ.ક્ર.૪૪, જશ. સં. (૪) પ.સં.૨-૧૩, હા.ભં. દા.૧૩ નં.૨૯. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૩, ૨૬૨, ૪૦૪).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૬૨.]

## ૪૬૯. સમયદેવજ

**(૯૬૦) સાતા ચોપાઈ** ર.સં.૧૬૧૧

[મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૬૫.]

जैन साईट JAINSITE.com

## ૪૭૦. દેવીદાસ (દ્વિજ)

**(૯૬૧)** + **ષડારક** [૭ આરા] **મહાવીર સ્તોત્ર** [અથવા **સ્તવન**]

ર.સં.૧૬૧૧ આસો શુદિ ૧૫ શુક્ર રાડદ્રહમાં

**આદિ** – સકલ જિણંદ પાએ નમી, પાંમી પરમાણંદ;

દોઇ કર જોડિ વીનવું, ચોવીસમો જિણચંદ. ૧

**અંત** – ઉલાલાની ઢાલ.

ઈમ હરષ ધરીનઈ સ્તવીઉ **વીર** જિણંદ,

**રાડદ્રહપુર**-મંડણ પાય પ્રણમઈ સુરિંદ. ૬૧

મઇ પુન્યપસાઇ પામ્યા જિનવરરાય,

મુઝ પાપપડલ સવિ દુઃકૃત દૂરિ જાઈ. ૬૨

શ્રી **તપગચ્છનાયક** શ્રી **વિજયદાન** સૂરિંદ,

તસ પાય પ્રણમીનઈ સેવઈ સુરનરવૃંદ. ૬૩

તસ નામિ મુઝનઈ ટલીઉ ભરમ મિથ્યાત્ત,

સેવતાં પામ્યુ જિનધર્મ જગહ વિખ્યાત, ૬૪

સંવત **સોલ ઈગ્યારોત્તરા** વરસહ કેરૂં માન,

આસો સુદિ પુનિમિ વાર સુક્ર સુભ થાન. ૬૫

કલશ.

ઈમ થુણિઉ જિનવર **વીર** સુખકર **રાડઘરપુરમંડણુ**,
તસ પાય પણુમી સીસ નામી, દુરિઅદુરગતિખંડણુ,
સેવઈ સુરાસુર, થુણઇ ભાસુર, ગરભવાસવિભંજણો.
દ્વિજ ભણુઈ **દેવીદાસ** સેવક, સકલ સંઘ મંગલકરો. ૬૬

(૧) પ.સં.૭-૧૦, સીમંધર. દા.૨૦ નં.૮૭. (૨) પ.સં.૪-૧૧, સીમંધર. દા.૨૦ નં.૫૨. (૩) પ.સં.૩, પ્ર.કા.ભં. નં.૩૧૩. (૪) ભ. શ્રી **રામચંદ્રસૂરિ** ચેલા **રામજી** લ. **પાટણ** મધ્યે. પ.સં.૮-૧૦, હા.ભં. દા.૮૩ નં.૧૩૮. (૫) સં.૧૭૩૫ માહ વદિ ૧૧ લિ. પં. **ભાવસાગરેણ** સાધ્વી **પ્રેમલક્ષ્મી** વાચનાય. પ.સં.૫, અભય. નં.૨૧૬૯. (૬) જીર્ણ પ્રત, સા.ભં. પાટણ. (૭) પ.સં.૪, પ્ર.કા.ભં. (૮) વિ.ધ.ભં. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૯, ૨૬૨, ૪૯૭, ૫૨૦, ૫૭૮).]

**પ્રકાશિત :** ૧. ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ ભા.૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૦૨-૦૩, ભા.૩ પૃ.૬૭૫.]

જૈન સાહિત્ય JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## ૪૭૧. સાધુકીર્તિ વા. (ખ. જિનભદ્રસૂરિશાખા મતિવર્ધન-મેરુતિલક-દયાકલશ-અમરમાણિકયશિ.)

**(૯૬૨) સપ્તસ્મરણ બાલા.** ૨.સં.૧૬૧૧ દિવાલી વિકાનેર સંગ્રામ મંત્રીના આદેશથી.

(૧) જિ.ચા.

**(૯૬૩) અજિત-શાંતિ સ્તવન બાલા.**

**(૯૬૪) સત્તરભેદી પૂજા** ૨.સં.૧૬૧૮ શ્રા. શુ. ૫ અણહિલપુરમાં

**આદિ -** રાગ પરપઢો દૂહા.

જ્યોતિ સકલ જગિ જાગતી હૈ, **સરસતિ** સમરસુ ભંદ,
સત્તર સુવિધિ **પૂજા** તણી, પભણિસુ પરમાનંદ.

ગાહા

નવણ વિલેવણુ વથ જુગ, ગંધારોહણું ચ પુપ્ફરોહણયં,
માલારૂહણુ વન્નયં ૨, ચુન્નં પડાગાય આભરણે.

**અંત - અણહલપુર શાંતિ** શાંતિ સબ સુખદાઈ, સો પ્રભુ નવનિધિ સિધિ વાજૈ. ૨ ભ.

શ્રી **જિનચંદ્રસૂરિ** ગુરૂ **ખરતરિ**પતિ ધરિ **મનવચન** તસુ રાજૈ,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંવત **સોલ અઢાર** શ્રાવણ સુદિ પંચમિ દિવસ સમાજે. ૩ ભ.
**દયાકલસ** ગુરૂ **અમરિમાણિક** (ગુરૂ) તાસ પસાઈ સુવિધિઇ
હું ગાજે.
કહે **સાધુકીરતિ** કરત જિનસંસ્તવ, સવિ લીલા સવિ સુખ
સાજે. ૪ ભ.

(૧) સં.૧૮૨૫ મિતિ જ્યેષ્ટ શુદિ ૧ શ્રી **વિક્રમપુર** મધ્યે. પ.સં.૪, પ્ર.કા.ભં. (૨) શ્રી **બીકાનેર** મધ્યે સંવત ૧૮૧૯ વર્ષે મિતિ જેષ્ટ માસે કૃષ્ણપક્ષે દુતીયા દિને સોમવારે. પ.સં.૮–૯, ક. મુ. (મારી પાસે છે.) (૩) **મરોટ** મધ્યે સુખહેમ લિ. પ.સં.૩, પ્રતિ ૧૮મી સદીની, જિ.ચા. પો.૮૩ નં.૨૧૧૭. (૪) સં.૧૮૬૩ માઘ શુ.૧૩ ગુરૂ **બંગાલા મહિમાપુરે** લિ. પ.સં.૬–૧૩, જિનદત્ત ભં. મુંબઈ પો.૧૨. (૫) લ.સં.૧૮૬૬ **ગેહરસર** મધ્યે. પ.સં.૪, ભુવન. પો.૧૨. (૪) પ.સં.૫, ચતુ. પો.૩. (૬) સં.૧૭૭૫ ફા. શુ. ૯ લિ. **મયાચંદ જેસલમેર** મધ્યે. પ.સં.૧૧, અભય. નં.૬૪૪. (૬) સં.૧૭૨૭ કા. વ. ૪ લિ. પં. **સોમનંદનેન સત્યપુરે** ચાતુર્માસ. પ.ક્ર. ૧થી ૩, ત્રૂટક, અભય. નં.૭૬૧. [મુપુગૃહસૂચી.]

**(૯૬૫) આષાઢભૂતિ પ્રબંધ** ૧૮૭ કડી ર.સં.૧૬૨૪ વિજયાદશમી યોગિણીપુરમાં

**અંત** – **ખરતરગચ્છ** વાચક થયઉ, **મતિવર્ધન** નામ
**મેરૂતિલક** તસુ સીસ જે ગુણગણ અભિરામ. ૧૮૨
તાસુ વિનય ગુણી અછઇ, **દયાકલશ** મુણીશ
તાસુ સીસ રંગય કહઇ, **સાધુકીરતિ** જગીસ. ૧૮૩
ધમ્મ **સોલહ ચઉવીસઈ** સમઇ **યોગુણિપુર** ઠાણિ,
કિયઉ વિજઈદશમી દિણઇ, યહુ ચરિત્ત વિનાણ. ૧૮૪
એ પ્રસ્તાવ મનોહરૂ, નવ રસ સંબંધ,
**સાધુકીરતિ** મુણિવર રચયઉ, **આષાઢ** પ્રબંધ. ૧૮૫
**પાપડ** ગોત્રઈ પરવડઉ, શ્રીવંશ **શ્રીમાલ**
સાહ **તેજપાલ** કરાવિયઉ, સંબંધ રસાલ. ૧૮૬
લહિસ્યઈ સુષ જે ગાવિષ્યઇ નરનારીવૃંદ,
કુસલમંગલ અવચલ ઘરઇ, સુણતા આણંદ. ૧૮૭

**(૯૬૬) નમિ રાજર્ષિ ચોપાઈ** ર.સં.૧૬૩૬ મા.શુ.૫ નાગોર
(૧) પ.સં.૬, પ્રત ૧૭મી સદીની, દાન. પો.૪૪.

જૈન સાઈટ JAINSITE.com જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૯૬૭) ગુણસ્થાનક વિચાર ચોપાઈ** કડી ૪૬

**આદિ** – પણમિય જિણવર ચઉવિહ ભેય, સમરિ **ગોયમ** લબ્ધિ સમેય,
ચઊદ **ગુણઠાંણા** તણુઉ વિચાર, સંખેપઇ હૂં બોલિસ સાર. ૧
પહિલો ગુણઠાંણો મિથ્યાત, જે નવિ જાંણે જિણધર્મવાત,
પંચમિથ્યાતે વાહ્યો ભમઇ, હરિ હર બંભદેવ મનિ ગમઇ. ૨

**અંત** – **ગુણઠાંણાનો** એહ વિચાર, જે જાણઇ તે તરઇ સંસાર
વાચક **સાધુકીરતિ** ઇમ કહે, તે નિશ્ચઇ સાસય સુખ લહે. ૪૬

(૧) સં.૧૭૭૮ જ્યે. વ. ૪ લિ. શ્રી હુગલી બંદિર મધ્યે પં. **રંગપ્રમોદ** મુનિના, સુશ્રાવિકા પરમ ભક્તિવંત બીબી **અનોપોજી** સ્વવાચનાર્થં. પ.સં.૫–૮, ગુ. નં.૬૬–૧૪.

**(૯૬૮) શત્રુંજય (ચૈત્રી)** [અથવા **પુંડરીક**] **સ્ત.** ૧૬ કડી

**આદિ** – પચ પ્રણમી રે જિણવરના શુભ ભાવ લઇ,
**પુંડરગિરિ** રે, ગાઇસુ ગુરૂ સુપસાઉલઇ.

**અંત** – કલશ.

ઇમ કરીય પૂજાય થાજો ગહિ સંઘ પૂજા આદરઇ,
સાહમ્મિવચ્છલ કરઇ ભવિયાં, ભવસમુદ્ર લીલા તરઇ,
સંપદા સોહગ તેહ માનવ, રિદ્ધિ વૃદ્ધિ બહુ લહઇ,
**અમરમાણિક** સીસ સુપરઇ, **સાધુકીરતિ** સુખ લહઇ. ૧૬

(૧) પ.સં.૧–૧૫, મારી પાસે. [જૈહાપ્રોસ્ટા.]

**(૯૬૯) પ્રભાતી** ૪ કડી

**આદિ** – રાગ દેશાખ.

આજ **ઋષભ** ઘરિ આવે, દેખો માઈ.

**અંત** – ઉત્તમ દાન અમૃતરસ ઊપમ, **સાધુકીર્ત્તિ** ગુણ ગાવે. ૪ આજ.

(૧) મારી પાસે.

**(૯૭૦) નાની કૃતિઓ :** (૧) મૌન એકાદશી સ્તોત્ર ૧૬ કડી ૨.સં. ૧૬૨૪ અલવરમા; (૨) વિમલગિરિ સ્ત. ૧૩ કડી; (૩) આદિનાથ સ્ત. ૧૧ કડી; (૪) સુમતિનાથ સ્ત. ૧૮ કડી; (૫) પુંડરીક સ્ત. ૧૩ કડી બીજો પારા; (૬) સ્થૂલભદ્ર રાસ ગા.૩૧; (૭) જિનાદિ કવિત ૨૧ (અદ્ભુત ઉદ્યોત સુરનર જોત જપ હોત ઝટ દિભુવન ઉજારતી); (૮) નેમિ સ્ત. ૪ કડી (શૃંગારહાર સુહામણા મંડણ કંકણસાર); (૯) નેમિ સ્ત. ૬ કડી (તોરણ પશુ દેખિ કરિ, ચડિયો જબ ગિરનાર); (૧૦) આદિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્ત. ગા.૧૧ (નાભિ નરેસર કુલતિલઉ); (૧૧) નેમિ ગીત ૪ કડી (રાજ-લરાણી પ્રિય પ્રતિ ઈમ ભણઇ); (૧૨) તિમરી પાર્શ્વ સ્ત. ૬ કડી (ભગતિપર અમર નર અસુરવઇ વંદિઉ); (૧૩) નેમિ સ્ત. ૫ કડી (રાજુલ ભણઈ સંભલિ સખી હો); (૧૪) સુમતિ સ્ત. ૧૮ કડી (અપર જિનવર સુમતિ જિણંદ).

(૧) નં.(૧)થી (૧૧)ની કૃતિઓ 'સત્તરભેદી પૂજા' સહિત – સં.૧૬૨૦ શ્રા.શુ. ૧૩ અમદાવાદે લિ. પાંઝિવજ્ઞાતીય ગંગાજલ પવિત્રે સા. વસ્તા સા. જોટા પઠનાર્થં. ઘ્રા.ભં. વર્દ્ધમાન ભંડારસ્થ વિકા.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૧૯–૨૧, ભા.૩ પૃ.૬૯૯–૭૦૦ તથા ૧૫૯૫. ઉપર નોંધાયેલ 'ગુણસ્થાનક વિચાર ચોપાઈ' જિનદત્તસૂરિશિષ્ય સાધુકીર્તિ (આ પૂર્વે નં.૭૪, ભા.૧ પૃ.૬૮)ને નામે પણ નોંધાયેલ છે. એ કૃતિના કર્તા કયા સાધુકીર્તિ તે, આથી, સંદિગ્ધ બને છે.]

**૪૭૨. પ્રીતિવિજય** (ત. વિજયદાનસૂરિ–આનંદવિજયશિ.)

**(૯૭૧) બારવ્રત રાસ** ગા.૪૬૧ ર.સં.૧૬૧૨[૭૨?] માગ શુ.૧૩ ગુરુ સુહાલીમાં

આદિ – પ્રણમી **શાંતિ** જિણેસર સ્વામ, સંપતિ લહીઇ જેહને નામ,
**શાંતિ** જિણંદ તણો ઉપદેશ, સુણજ્યો ભાવિકા કહુ લવલેશ. ૧
પંચ પ્રમાદ રહિત જિનધર્મ, કીજે જિમ ટાલીજે કર્મ,
જતી શ્રાવક ભેદે દોય, ધર્મ કરે તે સુખીયો હોય. ૨
પ્રથમ ધરમ જતીનો કહું, **શાંતિનાથ** ચરિત્રથી લહુ,
**ક્ષતિપ્રતિષ્ઠિત** નગર મઝાર, **ધનો** સાર્થવાહ તિહાં સાર. ૩

અંત – સંવત **સોલ બહોતરો માન,** માગસિર સુદિ તેરસિ જાણ,
**સુહાલા** નગરે ગુરુવાર, રચ્યો બારવ્રત રાસ ઉદાર. ૧૮
**તપ**ગણગગનવિભાસન-ભાણ, શ્રી **વિજયદાન**સૂરિ ગુણમણિ-ખાણ,
તાસ સીસ પંડિત પરધાન, **આનંદવિજય** ગણિ ગુણહ નિધાન. ૧૯
તસ પદપંકજ ભ્રમર સમાન, જસ નામે સઘલે જસમાન,
**પ્રીતિવિજય** કહે ભણતાં એહ, વંછિત સંપદ આવે ગેહ. ૨૦
જિહાં લગે અવિચલ મેરૂ ભૂધરૂ, ગગને દીપે શશિ દિનકરૂ,
તિહાં લગે પ્રતિપો એહ ચરિત્ર, ભણતાં સુણતાં ચિત્ત પવિત્ર. ૨૧

(૧) પ.સં.૧૬–૧૪, લીં.ભં. [લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૦૩. 'બહોતરો'નું અર્થઘટન સામાન્ય

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રીતે ૭૨ થાય તેને બદલે ૧૨ કરવાનું કારણ એ જણાય છે કે વિજય-દાનસૂરિ સં.૧૬૨૨ સુધી જ હયાત હતા.]

**૪૭૩. ભાનુમંદિરશિષ્ય** (વડતપગચ્છ ધનરત્નસૂરિ–ભાનુમંદિર)

(૯૭૨) **દેવકુમાર ચરિત્ર** ખં.૪ કડી ૧૨૨૯ ર.સં.૧૬૧૨ વૈ. શુદ ૩ રવિ પુણ્યધરામાં

**આદિ** – પં. શ્રી ૫ શ્રી શિવસુંદરગણિસ દ્ગુરૂભ્યો નમઃ

**સરસતિ** સામિણિ વીનવું, માગું નિરમલ બુદ્ધિ,
કવિત કરિસિ સોહામણું, દેયો વચન વિસુદ્ધ. ૧
**મગધ** દેશ તિહાં જાણીઇ, **રાજગ્રહ** સુવિચાર,
નવજોઅણ વિસ્તરિ ભણું, પુહુલું જોઅણ બાર. ૨
ન્યાયવંત ધર્મ્મી ભલુ, દાતા નિ સુવિચાર,
**શ્રેણિક** નાંમિ રાજીઉ, મંત્રી **અભયકુમાર**. ૩

(ચોપાઈ, દુહા, રાગ ધન્યાસી, મારણી, વસ્તુ, ચોપાઈ, દુહા, ચોપાઈ.)

કરકમલ જોડી કરી, **શ્રેણિકરાઇ** પૂછંતિ,
**સાત વ્યસન** સંબંધ તુ, મુઝ પ્રતિ તેહ કહંતિ. ૪૪

*

વસુધાપતિ પૂછિ વલી, કુણ તે **દેવકુમાર**,
કિણિ પરિ વ્યસન આદરી, કિમ પાંમિઉ મોક્ષ દૂઆર. ૬૧
**વર્દ્ધમાન** વલતું કહિ, સુણિ રાજન ! સુવિચાર,
ચરિત્ર તાસ કૌતક ઘણું, કહીઇ તેહ વિચાર, ૬૨

દુહા.

કૌતુકરસ કેરી કથા, અનિ વલીય વયરાગ,
સાંભલી સવિ આણંદ સિઉં, એ હૂઉં નહિ મિલઇ લાગ. ૩૫૮

**અંત** – ઢાલ નરસૂયાનુ

શ્રમણ ધર્મ કેવિ આદરિ એ નરસૂઆ, જાંણી અથિર સંસાર,

*

**ચંદ્રગચ્છ** ગુરૂ જાણીઇ ન. શ્રી **રત્નસિંહ** સૂરીંદ,
નામિ નવનિધિ સંપજે, ન. દરિશણિ પરમાણંદ. ૬૨
તસ અનુક્રમિ ગણધરૂ એ, ન. શ્રી **ઉદયસાગરસૂરિ**,
લબ્ધિવંત ગચ્છપતિ ગુણનિલુ એ ન. શ્રી **લબ્ધિસાગરસૂરિ**. ૬૩

ચુપઈ.

જૈન શાસનમ્ JAINSITE.com

પંડિત શ્રી **શિવસુંદર** રાય, ભૂપતિ ભવિયણ નમિ તસ પાય,
અલિય વિઘન સવિ દૂરિ ટલઇ, સૌખ્ય પદારથ નાંમિ મિલઇ. ૬૪
ગુણવંતા તસ શિષ્ય જાણીઇ, **જયમલ્લ** પાઠક વખાણીઇ,
શ્રી **મુનિસિંહ** કહી મોટઉં નામ, ક્રિયાકલાપ કરિ નિતુ કામ. ૬૫
પ્રૌઢ પુણ્ય તણૂ જે ધણી, કીર્ત્તિ જેહની દહ દસિ ઘણી,
પંડિતજીના શિષ્ય સુવિચાર, વિદ્યા ચૌદ તણુ ભંડાર. ૬૬
...શ્રી **ધનરત્ન** સૂરીશ્વર સાર. ૬૭
ગુરૂ દીસિ **ગૌતમ** અભિનવા, વચન સકોમલ સાકર લવા,
યશકિરણુ સઘલિ વિસ્તરિયાં, મોહતિમિર સવે નિસ્તરિયા. ૬૮
મૂરતિવંતુ દીસિ ભાણુ, મુખ ભેટિ હુઇ કલ્યાણુ,
પ્રથમ શિષ્ય પંડિત ગુણનિલુ, શ્રી **ભાનુમંદિર**ગણિ ભલુ. ૬૯
તસ સેવકિ કીધી ચુપઈ, સંવત **સોલ બાહોત્તરિ** હુઇ,
વિશાખ સકલ ત્રીજ રવીવારિ, નગર **પુણ્યધરા** મઝારિ. ૭૦
શોભનયોગ નક્ષત્ર રોહિણી, શ્રી સંધિ સાંનધિ કીધી ઘણી,
**દેવકુમાર** કરિઉ **ચરિત્ર**, જે હુઉ જિ પુણ્ય પવિત્ર. ૭૧
યુગહપ્રધાન જયવંતા જાણ, નિતુ નવરસ તે કરિ વખાણુ,
શ્રી **તેજરત્ન** સૂરિસ્વર જયુ, ચરણુકમલ ભેટિ સુખ થયું. ૭૨
ભવિ ગુણઇ સાંભલસિ જેહ, સુખ સુત સંપત્તિ પામિસિ તેહ,
દુરિત કષ્ટ દૂરિ જાઇસિ, માન મહત્વ મહીયલિ પામસિ. ૭૩

દૂહા.

નિજ ગુરૂની અનુમતિ થકી, સુંદર બોલ્યા બોલ,
**સારદા પાસ** પસાઉલિ, ન પડિઉ એક્કે બોલ. ૭૪

વસ્તુ.

રાઉ **શ્રેણિક** રાઉ **શ્રેણિક** સુણીય જિનવાણી,
સમકિત સિઉં વ્રત આદરી, હર્ષ સહિત ગેહે આવઇ,
ભવ્ય જીવ બીસવે એકચિત્તિ ભાવના ભાવઇ,
**દેવકુમાર** ચરિત્ર વર, પરિપૂર્ણ હવુ રાસ,
**ભાનુમંદિરશિષ્ય** ઇમ કહિ, ચતુર્થ હવુ ઉલ્લાસ. ૩૭૫.

(૧) ઇતિ શ્રી વીરદેશનાયાં મહારાજશ્રી શ્રેણિકપ્રાપ્તો સપ્ત વ્યસનાધિકારે વેશ્યાવ્યસને મહાકૌતુકાશ્રયે દેવકુમારચરિત્રે ચતુર્થોલ્હાસઃ સંપૂર્ણઃ પ્ર.૨૬૯, દ્વિ.૨૨૭, તૃ.૩૫૭, ચ.૩૭૫ સર્વ.૧૨૨૯ સમાપ્ત. પ.સં.૩૯–૧૩,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રો.એ.સો. બી.ડી.૯ નં.૧૯૧૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૬૬૨-૬૪.]

## ૪૭૪. માલદેવ (વડગચ્છ ભાવદેવસૂરિશિ.)

આ બહુ સારા કવિ હતા. તેનો ઉલ્લેખ ઋષભદાસે પૂર્વના વિદ્વાન્ કવિ તરીકે 'કુમારપાલ રાસ'માં કરેલ છે. (જુઓ મારો લેખ—જૈન હેરલ્ડના જૈન ઇતિહાસ અંક સને ૧૯૧૫માં ઋષભદાસ પર.) આ કવિની રચના સુંદર અને લલિત છે. તેના ગુરુ ભાવદેવનો ઉપાશ્રય હમણાં પણ વિકાનેર રાજ્યમાં ભટનેર અને હનુમાનગઢમાં છે. તેના શિષ્યલોક સિન્ધ અને પંજાબના મધ્યમાં રહ્યા કરતા હતા.

જયરંગ કવિએ સં.૧૭૨૧માં રચેલા 'કયવન્ના (કૃતપુણ્ય)ના રાસ'-માં માલ કવિનાં સુભાષિત લીધેલ છે:

વાલંભ તણો વિછોહ, કિરતાર તૂં કદિ ભાજસી ?
કહિ નેં કદિ સંજોગ, કરસી તે નિરણું કહો, ૧
કોકિલ ને જ્યું મોરધ્વનિ, દક્ષણ પવન જ હૂંતી,
ચંદ્રકિરણ તંબોલરસ, વિરહી એ ન સહંત. ૨
દુસહ વેદન વિરહકી, સાચ કહેં કવિ માલ,
જિં જિણકી જોડી વિછડો, તિણકા કવણ હવાલ. ૩

[જૈન પરંપરાનો ઇતિહાસ ભા.૨ પૃ.૫૮૯ મુજબ ભાવદેવ સં.૧૬૧૩-માં હયાત. ભાવદેવની પાટે શીલદેવ સં.૧૬૧૯-૧૬૪૪.]

**(૯૭૩) વીરાંગદ ચોપાઈ** (પુણ્ય વિષયે) ૭૦૪ કડી (ર.સં.૧૬૧૨ જે.શુ.૯)
લ.સં.૧૭૦૧ પહેલાં

**આદિ** – ચૂનરિ મેરી પાટકી એ ઢાલ.

**સંતિ** જિનેસર પય નમી સમરૂં **સરસતિ** માઇ રે
કરૂં નવી હૂં ચઉપઇ, નિય ગુરૂનઇ સુપસાઇ રે. ૧
પુન્ય કરઉ તુહ્મ ભવિયણઉ સહુ જેમ ભવપારો રે
મણુયજનમ પામી કરી, પુન્ય પદારથ સારો રે–આંકણી

**અંત** – યતઃ

વારી આપો આંવણી, ચલ્લણ લાગે મિત્ત
તેરી વારી રે હિયા, નેડી આવઇ નિત્ત. ૭૦૦
**હેમાંગદ** પાલઇ શ્રાવક ધર્મ અખંડ
તિહું દેસ તણઉ રાજા હૂવઉ બલચંડ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેવલી વીરાંગદ સુમિત્ર સહિત પરિવાર
સમેતસિખરિ ચઢિ સીધા સિવસુખકાર. ૭૦૧
ઇહુ પુણ્ય તણુ મહિમા જોવઉ સંસારિ
સુખ ભોગવિ વહુતા પહુતા પુણુ ભવપારિ
ઇમ જાણી ભવિયણ પુણ્ય કરઉ સવિસેસ
પામઉ મનવંછિત ભવદુખ ટલઇ કિલેસ. ૭૦૨
શ્રી વડગચ્છ ગચ્છહિં પુણ્યપ્રભ સુરીસ
ભાવદેવ સૂરીસર, ભાગ્યવંત તસુ સીસ
ચઉપઇ પ્રબંધ ઇસઉ ઊલટ ધરિ અંગિ
શ્રી માલદેવ તસુ સીસ કહઇ મનરંગિ. ૭૦૩
અધિક ઉછઉ ઉત્સૂત્ર કહ્યઉ જે અંત
મિચ્છાદુક્કડ તે ખમિજ્યો સદા મહંત
જે સુણિસ્યઇ ગુણિસ્યઇ ભાવ ધરંત
મનિ આણંદ હોસ્યઇ લહિસ્યઇ સુખ અનંત. ૭૦૪

(૧) સં.૧૭૦૧ મગસિર સુદિ ૨ ભટનેર દુર્ગે ખરતરગછે સાગરચંદ્ર સૂરીશ્વરાણામન્વયે વા. જ્ઞાનપ્રમોદગણિ શિ. ગુણનંદનગણિ શિ. પં. સમયમૂર્તિગણિનાલેખિ પં. મતિરત્ન સહિતે ચતુર્માસી કૃતા. પ.સં.૨૦-૧૫, મ.જૈ.વિ. ? જશ.સં. ? (૨) પ.સં.૨૩, મહિમા. પો.૩૭. (આ કવિની ‘પદ્મરથ ચોપાઈ’ સહિત) [કૅટલૉગગુરા.]

(૯૭૪) પુરંદરકુમાર ચોપાઈ [રાસ અથવા કથા] લ.સં.૧૬૫૨ પહેલાં

આ કૃતિની સં.૧૬૬૯ની પ્રતમાં દુહા, સોરઠા ઉપરાંત નીચે પ્રમાણે ઢાળ છે: ૧. ચૂનરી મેરી પાટકી, ૨. પ્રાણપિયા રે નેમિજી, ૩. ઝૂંબકરાની ઢાલ, ૪. સૂવડો વાડિહિ હિલ્યો, ૫. જોગનાકી ઢાલ, ૬. રામચન્દકે બાગે (ચંપો મોર લીઔરી), ૭. પાસ જિણંદ જુહારીઇ, ૮. રયબારીકે છોહરા એ, ૯. ઢાલ-રંગરસ વિરવા રે.

આદિ– વરદાયક સુરદેવતા ગુરૂપ્રસાદ આધાર,
કુમર પુરંદર ગાઇસ્યું શીલવંત સુવિચાર. ૧
નરનારી જે રસિક તે સુણિયો સવે ચિત્ત લાય,
દૂહન કબહું ઘુમાઇયેં વીણા સરસ તરૂવાય. ૨
સરસ કથા જે હોય તો સુનહિં સબહિ મન લાય,
જ્યાં સુવાસ હોવે કુસુમ, મધુપ તહાં હી જાય. ૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(સુભાષિત)

નમણી ખમણી બહુગણી, રતિવંશ વિશુદ્ધ,
વિણ પુણ્યે કિઉં પાઇએ, કરધન હી ધરિ સુધ. ૮
મીઠાં ભોજન શુભવચન મીઠાબોલી નારિ,
સજ્જનસંગતિ **માલ** કહે કિસહિ ન પ્યારે ચ્યાર. ૧૧
એક પુત્ર ગુણવંત જો સો તો સહસ સમાણ,
જિસ લેતી ચંદણ હોઇ તરૂ ચંદન કુસુમ (એકસ્સ) પ્રધાન. ૧૭
મુઓ સુત ખિણ ઈક દહે, વિનુજાયો કુનિ તેણ,
દહે જન્મ લગ મુઢ સુત, સો દુખ સહીઇ કેઉ. (૧૮)
એક પુત્ર સિંહણ જિસો કોઈ પ્રસવે નારિ,
કરિ ઘડિ ભડિ લાયે રહે તે સુવરિ વિચાર. ૧૯
જોબન પ્રભુતા સંપદા અરૂ ચતુરપણિ હોઇ,
જે એ ચ્યારો **માલ** કહે (તો) સ્વર્ગ ન વંછે કોઈ. ૨૦
મંજરિ મુખ સહિકાર શુક લઈ આયો જનુપતિ,
જાઇસિ સિર વિધિના દીયો અવ વસંત શિર છત. ૨૩
આયુ વિત્ત ગૃહ છિદ્ર અરૂ મૈથુન ભેષજદાન,
મિત્ર ન કહિયો આપણો મહતો અને અપમાન. ૫૧
કામી ક્રોધી માનીયો ફિરે જુઓ રતિ માહિ,
ભૂત ગૃથલ નિજ શુભ-અશુભ, હિએ વિચારે નાંહિ. ૫૬
જીવદયા જગિ જાણીઈ સબહી ધર્મ વિચાર.
જીવદયા વિણ માનવી કિમ તરીઈ સંસાર. ૫૭
જબ લગ વિષય ન છાંડહિ, ધર્મ કરે સવિ ફોક
હથ જુગ કહે એ **માલ** હું તો ન સમઝે લોક. ૬૦
અસ્ત્ર શાસ્ત્ર હય નારી નર, રવિ એ વિણજ કર લેય
વીણા વાણી મંત્ર અરુ કિસહીકું બરૂ દેય. ૬૩
નિશ્ચોલય પરનારકો સૂર્પક ગયો નિજ ઠામ
લગી ચોટ ન સમજહિ સો તો મૂરખ નામ. ૬૪
સસનેહી તો દુખ સહે **માલ** તજો પરનારિ
તવ લગ મથમથિએ દહી જબ લગ ઘીય મઝારિ. ૭૦
હરિણા ફાસે ફંદ તો જો ચરે પરાયાં ખેત
**માલ** જાનિ ઈ પરિહરો પરનારી શું હેત. ૭૧

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરતિય **માલ** ન રાચિએ કરહિ જ કપટ સનેહ
બાહિર સોનાનો ભરમ ભીતર પીતરિ એહ. ૭૪
(૧) પ.સં.૨૧-૧૧, સેં.લા. (૨) પ.સં.૧૩-૧૬, ડે.ભં. દા.૭૦ નં. ૯૫. (૩) પ.સં.૧૩-૧૦, ડે.ભં. દા.૭૧ નં.૩૦. (૪) પ.સં.૨૨-૧૩, રો.એ.સો. બી.ડી.૨૦૯ નં.૧૯૮૨.

**(૧૦૪૨ ગ) શ્રેણિક રાસ** (ખંડ ત્રીજો) ર.સં.૧૬૩૬ આસો વદિ ૭ રવિ

**આદિ** – સ્વામી એ સરવ સિધ નમૂં કર જોડિ એ,
ગોયમ આદિ સાધ સહૂ નમૂં એ. ૧

**અંત** – સંવત ૧૬ સોલ ૩૬ છત્રીસઈ વરસઇ આસો વદિ રવિ સપ્તમી,
શ્રેણીક રાસ ખંડ ત્રીજઉ કીધઉ, શ્રુતદેવ્યાનિ પરણુમી. ૫૧

*

માત સરસતિ નમી નિત્ય નિત્ય, ત્રીજઉ ખંડ ઇણી પરિ કર્યું
ચઉથઉ ખંડ કરવા મન થાઇ, સેવક નઇ ચરણે ધરઉ. ૫૩
ગૌતમસ્વામી લબધિ આપુ, સેવકનઇ ચરણુઇ ધરૂ
દોએ કર જોડીનઇ ભીમજી ભણુઇ, ચતુર્વિધ સંઘનઇ સુખ કરઉ.૫૪

(૧) ઇતિશ્રી અનાથ મુનીસ્વરના રાસ ખંડ ત્રીજઉ શ્રેણીકના રાસનઉં સમાપ્તં. પ.સં.૬-૧૫, રો.એ.સો. બી.ડી.૨૦૯. નં.૧૯૮૩. [આલિસ્ટઑઇ ભા.૨ (બીજો ખંડ), મુપુગૂહસૂચી (પહેલો ખંડ).]

**(૧૦૪૩) નાગલકુમાર-નાગદત્તનો રાસ** ૨૦૧ કડી ર.સં.૧૬૩૨ આસો શુ.૫ ભૃગુવાર વડોદરામાં

**આદિ** – રાગ અંચલ્યો-ઢાલ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(સાસણદેવી) પ્રથમ એ **ગૌતમ** સ્વામીનું નામ એ સીઝઈ સહુ
કામ પ્રણુંમ કરૂ એ,
સક્તિ એ સારદા લાગું હું પાય રે, મયા કરઉ માઈ પદબંધ
કરૂં એ. ૧

ઉલાલુ

પદબંધ કરૂં રઇ શ્રી ગુરૂ વાંદી જેહના બહુ ઉપગાર
જિનવાણી સીધાંત સુણાવ્યા પામ્યા સમકિતસાર. ૨
હંસ પખિ જિમ ના સોભિજઇ, માનસર ગીતરા ગાન
જાચિક કહુ કિણી પરિ સોભિજઇ, દાતા નહી જિહાં દાન. ૩
સસીહર વિણ કહુ નિશા કેહવી, ભાણુ વિણ જિમ દીસ,
ગુરૂ પાખિ ધર્મમારગ તેહવો, નથી તેહનિ સીસ. ૪
તેહનિ ક્રોધ માંન માયા નથી રઇ, લોભ નથી લગાર
જ્ઞાન **દર્શન** અનિ ચારિત્ર તપ સૂં, પાલે સૂધ આચાર. ૫
છત્રીસ ગુણ પુરણ **સ્વામી,** દયા તણા ભંડાર
આપિઈ તરઇ અનેક તાર્યા એહવા સદગુરૂ સાર. ૬
એહવા સદગુરૂ સાર સ્વામી મન્ન વચન કાયા નમું
**ગૌતમ** સ્વામીનૂ નામ લીજઇ, સત્ય વચન આપિ સમું. ૭

**અંત** – તપ કર્મ બહુલા કરીનિ ગયા દેવલોક પાંચમિ
**મહાવદે**-ખેત્રઇ ચારિત્ર પાલી મુગત્ય લહિસિ તીણિ સમિ. ૧૯૯
કાંએક કવીમતિ કાંઇએક શાસ્ત્રોગતિ ભગતિ કીધી સાધ તણી
સુણીય રચ્યુ રાસ મનિ ઉલ્હાસ, ચરીત્ર એહ સોહામણી. ૨૦૦
(નરનારિ ભણસિ જેહ સુણસિ સુખ લહિઇસિ તેહ સહી
સુધ સીલ પાલી કર્મ ટાલી સહુ પુહુચિ મનની રૂલી.)
**વટપદ્ર** સંવત **સોલ બત્રીસિ,** આસો સુદિ ભૃગૂ પંચમી
**ભીમ** ભણઇ મિ રચીઉ રંગિ શ્રી ગુરૂનિ ચરણે નમી,
(પા.) **ભીમ** ભણઇ તિ રાસ રચીઉ **વરસિંહ** ઋષિ ચરણે નમી. ૨૦૧

(૧) સં.૧૬૯૦ માગશિર શુદિ ૧૦ ગુરૌ ગ્રામ **ખઇરવા** મધ્યે આર્યા **લાલબાઇજી** આર્યા **મોહણદેજી** તસ્ય શિષ્યણી **પદમાં** લિ. પ.સં.૯–૧૩, તિલકવિજય ભં. મહુવા. (૨) પ.સં.૭–૧૬, ડે.ભં. દા.૭૧ નં.૧૪. (૩) આર્યા **વીજા** તત્ શિષની આ. રતન લિ. પ.સં.૯–૧૨, ખેડા ભં. (૪) પ.સં. ૧૨–૧૧, દે. લા. પુ. લા. નં.૭૨૫–૪૪૧.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૨૬-૨૭, ભા.૩ પૃ.૭૦૫-૦૮.]

## ૪૯૭. વેલા મુનિ (ત. વિજયદાનસૂરિશિ.)

**(૧૦૪૪) નવતત્ત્વ જોડી** અથવા **ચોપાઈ** અથવા **ચર્ચા** [અથવા **રાસ**] સં.૧૬૨૨ પહેલાં

વિજયદાનસૂરિનું સૂરિપદ ૧૫૮૭, સ્વર્ગવાસ સં.૧૬૨૨. તેથી આ કૃતિ સં.૧૬૨૨ પહેલાંની છે.

**આદિ** – મંગલ કમલાકંદુ એ ઢાલ.

**આદિ** જિણંદ નમેવિ એ, નવતત્ત્વ કહઉં સંખેવિ એ,
જીવ તણા દસ પ્રાણ એ, પંચઇન્દ્રી પંચ પ્રાણ એ. ૧

**અંત** – ઇય નવતત્ત્વ વિચારતાં, અધિકી ઉછિ ભાષિ રે;
વોલી હુઇ અજાણવઇ, તે ષામઉ સંઘ સાષિ રે. ૬૪
**તપગચ્છનાયક** સિહગુરૂ, **વિજયદાન** ગણધાર રે.
**વેલઉ** મુનિ તસુ આણ ધરી કહઇ સ્વપર ઉપગાર રે. ૬૫

(૧) સં.૧૬૪૭ ભા.વ.૮ બુધે. પ.સં.૭, જય. પો.૬૯. (૨) પ.સં.૬, જેસલ.ભ.ભં. નં.૨૩૮. (૩) લ.સં.૧૬૭૫ ઘોઘા ભં. નં.૨૦. (વે.) (૪) પ.સં.૮-૧૧, વિ.ધ.ભં. (૫) સં.૧૬૫૮ વર્ષે આષાઢ વદિ ૨ સોમે. પ.સં.૮, પ્ર.કા.ભં. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૯૪).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૨૫-૨૬, ભા.૩ પૃ.૭૦૩. એક પ્રતમાં મળતા 'ચેલૂ મનસત આણ ધરઇ' એ પાઠને કારણે કર્તાનું અપરનામ 'મનસત્ય' હોવાનું પહેલાં નોંધેલું પણ પછીથી એ તર્ક છોડી દીધો જણાય છે. વસ્તુતઃ 'ચેલૂ મનસત' એ 'વેલૂ મુનિ તસ' માટેનો ભ્રષ્ટ પાઠ કે વાચનદોષ જ છે.]

## ૪૯૮. સમયસુંદર (કવિયણ)

**(૧૦૪૫) સ્થૂલિભદ્ર રાસ** ૪૧૧ કડી ર.સં.૧૬૨૨ હેમંત ૫ સ્થૂલિભદ્ર દીક્ષા માસ બુધવાર

**આદિ**– શ્રી પાર્શ્વનાથ નમઃ ઢાલ ઘોડીનો

સિરિ **સરસતિ** સામિણિ કેરા પ્રણમૂં પાય
વરમતિ બુદ્ધિ આપો સુઝનઇ કરી સુપસાય
વિદ્યાદાયક નિજ ગુરૂપયપંકજ પ્રણમેવિ
સિરિ **થુલિભદ્ર** રિષ ગુણ ગાયસુ ભક્તિ ધરેવિ. ૧
જિણિ મુણિવરિ **કોશા** સુ ઘુરિ કીધો સુખવાસ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તસુ સાથઇં રમીઉ બાર વરસ ઘરવાસ
જિણિ કોશા છાંડી પાલિઉં અખંડિત શીલ
ગુરૂપદવી ભોગવીનઇ પામ્યાં સ્વર્ગસુખ લીલ. ૨

**અંત –** તિહાં ગયાં વિછતિઈં ચ્યાર પૂરવ કાલઇં ગુરૂ સ્વર્ગિઇ ગયા,
તસુ પટ્ટિ ગણધર થાપ્યા **શુલિભદ્ર** ગછનાયક ગુરૂ ગ(થ)યા.
ભવિક નરનઇ પ્રતબોધદાયક મિથ્યાત્મ-તમહર દિણયરો,
તે **શુલિભદ્ર** સયલ સંઘનઈં **સમયસુંદર** મંગલકરો. ૯૫

૩૩ ઢાલ ઘોડીનો

એણી પરિ શ્રી **શુલિભદ્ર** પાલઇ નિજ ગુરૂ વાટ.
જસુ વંદણિ કાજઇ આવઇ શ્રાવક ઘાટ. ૩૯૬

*

તિહાં પૂરસ્યઇ ઋષિજી આપણા મનચી આસ,
સોય **શુલિભદ્ર** દ્યઉ મુઝ મુગતિરમણિ ઘરવાસ.
એણી પરિ મઇ સ્તવીઉ **શુલિભદ્ર** સૂરિરાય,
જસુ ગુણ ગાવતાં થાઇ નિર્મલ કાય. ૪૦૩
હવઇ શ્રી ગુરૂ સંઘ આગલિ **કવિયણ** કરઈ અરદાસ,
તે સુણજ્યો તમ્હે સજ્જન ઉત્તમ મતિ સવિલાસ.
જે આગઇ હૂઆ મોટા કવિજન કોડિ,
અતિ ડાહા પંડિત વીનવઉં બે કર જોડિ. ૪૦૪
એ કવિત રચતાં જે કવ્યઉ અક્ષર કૂડ,
જે હોઇ કાંઇ કુશબદ કુયમકઈ અરથઇ કૂડ.
મુઝ જાણતાં અજાણતા એ માંહિ જે હોઇ ખોડિ.
તે જોઇ શુદ્ધ કરજ્યો ઈમ કહૂં બે કર જોડિ. ૪૦૫
હૂં છઉં જિન્ન બાલક મૂરખ બુદ્ધિવિહીન,
તમ્હે છઉ અતિ ડાહા પંડિત ચતુર પ્રવીણ.
તમ્હે છઉ મતિ ગુરૂઆ વિદુર ચંકોર સુજાણ.
એહ કવિત સોધીનઇ કરજ્યો સત્ય પ્રમાણ. ૪૦૬
રાગ ઘણુ બોલ્યા ભણી કો મમ કરજ્યો રીસ,
જે જિહાં બોલ જોઈયઇ, તેહવા તે રચીયા વિસાવીસ.
તેહ ભણી એણઈ રાસઈં ધુરિ મઇ કવીઉ રાગ,
હાવભાવ મઈં પોષ્યઉ પછઇ વલી તિસ્યઉ વઇરાગ. ૪૦૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એહ રાસ અનોપમ સુણતાં સરસ મીઠાસિ,
જે કામીજન ડાહ્યા તે કહસ્યઇ સાખાસિ.
તે ભણી મઈ રચીઉ એ કોવિદજનપ્રીય રાસ,
એ રાસ ભણતાં સુણતાં હોસ્યઇ હર્ષ ઉલ્લાસ. ૪૦૮
ઈંદુ ૧ રસ ૬ સંખ્યાઇ એહ સંવચ્છર માન,
આદિનાથથી નેમિ જિન તે તણુઉ વરસ પ્રધાન.
ઋતુ હેમંત થૂલિભદ્ર દીક્ષા માસ સુચંગ,
પંચમી બુધવારઇ રચીઉ રાસ સુરંગ. ૪૦૯
એહ શીલ તણુઉ વર સુંદર ધવલ સુચંગ,
જે ભાવઈ ભણસ્યઇ શ્રાવક શ્રાવિકા ચંગ.
તે લહસ્યઇ ઇહ ભવિ મનવંછિત સુખવાસ,
વલી લહસ્યઇ પરભવિ મુગતિરમણિ ઘરવાસ. ૪૧૦
જાં થિર પૃથવીતલ મેરૂ ગિરિ જાં આકાશ,
જાં સાગરસુ૧ સસિકર દિનકર તેજપ્રકાસ.
તાં ચિર જયઉ ચતુરવિધ શ્રી સંઘ સું એહ રાસ,
ઇમ જંપઇ કવિયણ આણી બુદ્ધિપ્રકાસ. ૪૧૧

(૧) પ.સં.૧૯-૧૭, મ.જૈ.વિ. નં.૫૧૩.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૪૪-૪૬.]

જૈન સાઇટ JAINSITE.com જયતિ શાસનમ્

## ૪૯૯. રાજપાળ (પિપ્પલક ગચ્છ, પૂર્ણચંદ્ર શાખા પદ્મતિલકસૂરિ –ધર્મસાગરસૂરિ–વિમલપ્રભસૂરિશિ.)

આ પીંપલગચ્છમાં જે બીજા ધર્મસાગરસૂરિ થયેલા અને જેના લેખ ધાતુપ્રતિમા પરના સં.૧૫૧૩, ૧૫૧૫, ૧૫૩૦, ૧૫૩૧ અને ૧૫૩૫ના મળી આવે છે, તે આ ગચ્છની ત્રિભવિયા શાખામાં થયેલા ધર્મસુંદરસૂરિના પટ્ટધર છે જ્યારે અહીં પ્રશસ્તિમાં જણાવેલા ધર્મસાગરસૂરિ તે પીંપલગચ્છના સ્થાપક શાંતિસૂરિની ૧૫મી પાટે પૂર્ણચંદ્ર શાખામાં થયેલા પદ્મતિલકસૂરિના પટ્ટધર છે.

**(૨૦૪૬) જંબૂકુમાર રાસ** ૫૨૫ કડી ૨.સં.૧૬૨૨ માહ વદ ૭ રવિ

**આદિ–** સકલ જિનવર સકલ જિનવર સકલ સુખકાર,
સકલકલાસોભિત વિમલ મુખ મયંક સમ અમલ સોહે,
સકલ કર્મ સંખેપે કરિ મુગતિ નારિ સ્યું રંગે મોહે,
તસુ પદપંકજ નિત નમું આંણી મનિ ઉલ્હાસ,

**ગૌતમ** ગણધર પ્રણમતાં આવે બુદ્ધિપ્રકાશ. ૧

**અંત** – કર્ણિકા **ઉપદેશમાલથી** ગુરૂમુખે હીયે વિચાર રે,
તેહ અરથ જાંણી કરી મેં રચિઓ એ રાસસાર રે.
**વિક્રમરાયે** થાપીઓ સંવત **ઋતુ ઈંદ્ર** જાણો રે,
દોઇ યુગ વરસ વિચારયો માસ મને મધુ આણો રે. ૨૧
કૃષ્ણપક્ષ મુનિ તિથિ ભલી તિથિ દિન વાર જ સવિતા રે,
ગુરૂ **શારદ** સુપસાઉલે, ચરિય રચ્યું કહે કવિતા રે.
**ચંદ્ર** તણી શાખે હૂઆ **શાંતિસૂરિ** ગુરૂરાય રે,
**પીંપલગચ્છ** તેણે થાપીઓ આઠ શાષ તિહાં થાય રે. ૨૨
શાસન દેવે **ચક્રેસરી** ગુરૂને સાંનિધિ આવે રે,
મહિમા અતિહિં વધારતી શાસન જિનનું શોભાવે રે,
કહી એ શાખા એ પાંચમી **પૂર્ણચંદ્ર** ગુરૂનાંમ રે,
હૂઆ પાટે પનરમે **પદ્મતિલકસૂરિ** નાંમ રે. ૨૩
શ્રી **ધર્મસાગરસૂરિવર** તસુ પાટે ગુણ ગાજે રે,
શ્રી **વિમલપ્રભ** સૂરીવર સોહે જયવંતા એ રાજે રે.
તે ગુરૂના પય પ્રણમી ગાયો **જંબુકુમાર** રે,
મુનિ **રાજપાલ** ભણે ઇમ કીજે સફલ અવતાર રે. ૨૪

JAINSITE.com जैन साईट जैनम् जयति शासनम्

કલશ

ઇય **જંબૂ** મુનિવર સકલ સુખકર ચરમ કેવલી જાંણીઇ,
સોભાગસુંદર સુગુણમંદિર પાટિ તૃતીય વખાણીઇ;
તેહનઉ એહ પ્રબંધ ભણસઇ વલીય સુણસઇ જે નરા,
તસુ દુખ ટલસઇ સુખ મિલસઇ ઘરિં વિલસઇ ઇંદિરા. ૫૨૫

(૧) ગ્રંથાગ્ર ચુપઇ ૫૨૭ શ્લોક ૯૫૫. પ.સં.૩૪–૧૩, રત્ન. ભં. દા.૪૫ નં.૨૪. (૨) સંવત ૧૬૮૫ કા. સુદિ ૧૫ ભોમે **ધોલકાસ્થાને** ઋષિ ......ઋષિ......પઠનાર્થે. (હડતાલ ફેરવી છે). પ.સં.૨૮–૧૪, મુક્તિ. નં.૨૩૩૬. (૩) લીં.ભં. દા.૩૦ નં.૨૮. (૪) ડે.ભં. [લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૮૯–૧૯૧, ભા.૩ પૃ.૬૬૧.]

## ૫૦૦. રત્નસુંદર (પૌ. ગુણમેરુશિ.)

પૂર્ણિમાગચ્છના ગુણમેરુસૂરિ તે **સૌભાગ્યરત્નસૂરિ**ના પટ્ટધર હતા. તેમના પ્રતિમાલેખ સં.૧૫૮૮ અને ૧૫૯૧ના મળે છે. (જુઓ લેખાંક ૧૦૭૦ ભાગ પહેલો અને લેખાંક ૨૯૨ ભાગ બીજો ધા.પ્ર.સં.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૧૦૪૭) પંચાખ્યાન ચોપાઈ** અથવા **કથાકલ્લોલ ચો.** [અથવા **પંચકારણ રાસ**] ર.સં.૧૬૨૨ આસો શુ.પ રવિ સાણંદમાં

ડૉ. હર્ટલે પંચતંત્ર સંબંધી ઘણી જબરી શોધખોળ કરી છે; તે પરનાં સર્વ પુસ્તકો દરેક ભાષામાંનાં જોઈ જોઈ સિદ્ધ કર્યું છે કે પંચતંત્રના મૂળ ઉત્પાદક જૈન છે. આ ચોપાઈ પણ તેમણે જોઈ છે.

**આદિ –** પ્રણમ્ય પૂર્વં પરમાત્મનઃ પદં સરસ્વતીમીશસુતં ચ સદ્ગુરું,
સુદીપરૂપામિવ મૂઢમાનસે સુપંચકાખ્યાનચતુષ્પદીં બ્રુવે. ૧

દૂહા.

**આદિદેવ** પ્રભુ આદિ ગુરૂ, **શાન્તિ** નામ જિન ધીર,
**પાસ** આસ પૂરૈ ઘણી, પરમ પુરૂષ **મહાવીર.** ૨
સિદ્ધિ બુદ્ધિવર લબધિનિધિ, **ગૌતમ** ગુણભંડાર,
કેવલ દર્શન પૂર્વધર, જે પામ્યા ભવપાર. ૩
તરણતારણ ત્રય ભવનિ પતિ, અજર અમર પદ પાય,
ગણધર શ્રુતધર સુકવિ કવિ, પ્રથમ નમું તસ પાય. ૪

ગાથા

જિનવયણ કમલવાસા પુવ્વરમાલા દકિખણ વરહત્થા,
હંસાસણિ ગયગમણા સરસઈ સા સુહદાઉ. ૧
અવિરલ શબ્દમહોઘા પ્રક્ષાલિતસકલમનકલંકા,
મુનિભિરૂપાસિતચરણા **સરસ્વતી** હરતિ મે દુરિતં. ૨
સરસ્વતિ મહાભાગિ વરદે કામરૂપિણિ,
વિશ્વરૂપે વિશાલાક્ષિ દેહિ મે વિદ્યાં પરમેશ્વરિ. ૩

દોહરા

ભારતિ ભગવતિ **સરસ્વતિ**, કર પુસ્તક વરમાલ,
વેણા વાહણિ હંસવર, આપેં વચન રસાલ. ૬
કણય ચંપક તન વાન જસ, તપૈ તેજ લખ સૂર
પીતંબર અંબર ભલ ભૂષણ અંગર... ૭

ચઉપઈની ઢાલ

ચરણ ચોલી ચિર દિવંગ, ધરૈ ત્રિવેલી નવરંગ,
નવ ખનાદિ રણકૈ લેવરી, થમકૈ જોડિ સોવન ઘૂઘરી. ૮
હાર દોર સોવનમેખલા, નલવટિ આધા શશિધર-કલા,
કર કંકણ સોવન મૂંદડી, કાન ઝબૂકૈ રયણે જડી. ૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મસ્તકિ મનમોહન રાખડી, સિરિ સઇથું સોહે પહકડી,
નાસા અતિ મોતિ નિર્મલુ, પૂનિમચંદ્ર થકી મુખ ભલું. ૧૦
કમલનયણિ કાજલની રેહ, અધરરંગ પરવાલી જેહ,
દંતપંક્તિ દાડિમની કલી, કૈ જવહર હીરે સું મલી. ૧૧
કમલનાલ ભુજદંડ પ્રમાણ, વેણિદંડ વાસિગનું માન,
વાંકી ભમહિ ધનુષનુ વંક, કટિપ્રદેશ કેશરિનું લંક. ૧૨
કણયકલશ કુચ વેચ સમાન, કમઠ પીઠ પદ ગોપતિ જાન,
મુખ તંબોલ કુંકુમરોલ, તન ઉગટ ચંદનરસ ધોલ. ૧૩
રમે રંગ જલ થલ આકાસિ, વસે વર્ણવા વનનૈ વાસિ,
પૂર આસ કવિ મુખ અવતરી, સરસતિ સરસ વાણિ દિઇ ખરી. ૧૪
સુગુરૂચરણનું લહી પસાય, પૂનિમપક્ષ પ્રવર ગુરૂરાય;
ગિરૂઆ શ્રી ગુણમેરૂ સૂરીશ, વચનસાર તસ બોલે શીસ. ૧૫

દૂહા.

વચનસાર અતિ સરસ, દિઓ જનરંજન દેવ;
વિઘનરહિત વિદ્યા વિભવ, આપિ સદા મુજ એવ. ૧૬
સિદ્ધ વેદ આગમ નિગમ, વ્યાકરણ સ્મૃતિ પુરાણ;
તર્ક છંદ લક્ષણ ભરહ, જ્યોતિષ વૈદ્ય પુરાણ. ૧૭
કામ કોક રતિરહસ્ય વિધિ, સ્વપ્ન શકુન લખ કોડિ;
નીતિ બુદ્ધિ શ્રુત બલ વિના, નવિ કોઇ જાણે ખોડી. ૧૮
શ્રુતસાયરતટ પામવા, નીતિ બુદ્ધિ દોઇ નાવ,
ધર્મ કર્મનુ પામીએ, જો હોઇ બુદ્ધિપ્રભાવ. ૧૯
વિષ્ણુશર્મા વાડવ ભલો, શ્રીગોડ નાતિ સુજાણ;
સરસ કથા રસ વીનવે, નામે પંચાખ્યાન. ૨૦
નહિ વિશેષ બુદ્ધિ તેટલી, સો કવિ સ્યું સ્યો વાદ;
કાંઇ જે અક્ષર લહું, તે ગુરૂચરણપ્રસાદ. ૨૧

ચોપઈ.

પંચતંત્ર અછે જેહ માંહિં, નામે પંચાખ્યાન કહેવાઇ;
જાણ અજાણ જિમ પ્રીછે બાલ, બોલિશ ચોપઇ માંહિ રસાલ. ૨૧

ડેહલા સુપાશ્રયની પ્રતમાં આદિમાં નીચેનો પ્રથમ દુહો આપી ઉપર છપાયેલ કડી ૧૬મીથી ચાલુ છે તેમ ચાલુ છે:

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી અંબા શ્રી સારદા, શ્રી જિન શ્રી ગુરૂરાય
ગણધર શ્રુતધર શું કવિ, પ્રથમ નમૂં તરુ પાય. ૧

**અંત –** (પહેલો અધિકાર)

પંચાખ્યાન પ્રથમ અધિકાર, મિત્રભેદ બોલ્યો વિસ્તાર;
પક્ષ **પુનિમ** શ્રી **ગુણમેરૂ**સૂરિ, સુગુરૂ સીસ બોલે રસપૂરિ. ૫૨
કુમર રહ્યા મનમાં રણઝણી, વચન **વિષ્ણુશર્મા**ના સુણી;
પ્રથમ કહ્યો મિત્રભેદ વિચાર, ભણી સુણી લહીએ જયકાર.

—ઇતિ શ્રી પંચાખ્યાન રાજનીતિબુદ્ધિશાસ્ત્રે મિત્રભેદ પ્રથમોધિકારઃ સંપૂર્ણમ્.

(બીજો અધિકાર)

મિત્રપ્રાપ્તિ બીજો અધિકાર, **વિષ્ણુશર્મા** કહે સુણો કુમાર,
**પુનિમગચ્છ** શ્રી **ગુણમેરૂ**સૂરિ, **રત્નસુંદર** બોલે રસપૂરિ.

—ઇતિશ્રી પંચાખ્યાને રાજનીતિબુદ્ધિશાસ્ત્રે મિત્રપ્રાપ્તિ દ્વિતીયોધિકારઃ

(ત્રીજા અધિકારને અંતે પહેલા પ્રમાણે)

(ચોથો અધિકાર)

પક્ષ **પૂનિમ** શ્રી **ગુણમેરૂ**સૂરિ, **સુંદર** સીસ બોલે રસપૂરિ,

(પાંચમો અધિકાર)

**નીતિશાસ્ત્ર** કહીઇ એ નામ, **પંચાખ્યાન** બીજઉ અભિધાન,
તેહ ગ્રંથ **અણુસારઈ** કહી, વડા કૂયા પાસઈ એ કૂઇ. ૧૮૭૨

શ્લોકઃ

ચત્વારીહ સહસ્રાણિ તત્પરં ષટ્શતાનિ ચ,
ગ્રંથસ્યાસ્ય મયા માનં ગણિતં શ્લોકસંખ્યયા.
ગુરૂપ્રસાદિ જે જે મઈ લહી, **કથાકલ્લોલ** નામઈ ચઉપઈ,
ભણતાં બુદ્ધિ વાધઇ અતિ ઘણી, સુણતાં સુખસંપતિ તે સુણી. ૭૪
**સોલ બાવીસઉ** વચ્છર સાર, સુદિ આસો પાંચમિ રવિવાર,
**સાણંદ** નયર શોભઇ શુભઠામ, **પૂનિમ**પખિ ગચ્છ અભિરામ. ૭૫
શ્રી **ગુણમેરૂ**સૂરિ ગુરૂરાય, તાસ સીસ પ્રણમઇ નિતુ પાય,
કરઇ ખરઠુ સાનિધિ અતિ ઘણું, ટાલઇ વિઘન તે સવિકહઇ ભણું. ૭૬
હરઇ વિપદ આપઇ સંપદા, ઈસી દેવિ સમરી **સારદા**,
તાસ પસાઇં વચનવિલાસ, લહીઇ નિતુનિતુ પુહચઇ આસ. ૭૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કવિ નર સુકવિ મ દેસ્યો ખોડિ ખમજ્યો દાસ કહૂ કર જોડિ,
બુદ્ધિ માજનઇ બોલિઉ બોલ, કવિતા કોઇ મ કરસ્યો આલ. ૭૮
હરષ ધરી સાંભલજ્યો સદા, આપદ કષ્ટ ન આવઇ કદા,
સંખ્યા શ્લોક દૂહા ચઉપઈ, સતાવીસ સઈ પૂરા હૂઇ. ૭૯
ભણઇ ભણાવઉ નિર્મલ બુદ્ધિ, નવ નિધિ અષ્ટ મહા લહઉ સિદ્ધિ,
ઋદ્ધિ વૃદ્ધિ મંગલ નિશિદીસ, શ્રી ગુણમેરૂસૂરિ કહઈ સીસ. ૮૦

(૧) ગ્રં.૩૦૦૦, પ.સં.૫૫-૧૮, ડે.ભં. દા.૭૦ નં.૧૭. (૨) સં. ૧૭૮૫ લિ. પ.સં.૧૩૫-૭, કલ. સં.કૉ. કૅટે. ૧૦, નં.૧૩૫. (૩) સં.૧૬૪૮ આ. વ. ૬ ભૂમે. ઊર્ણાપુરે મુહરજી લિ. મહિમા. પો.૩૩. (૪) તપાગચ્છે હેમવિમલસૂરિ શિ. પ્રમોદમંડણગણિ શિ. પં. હર્ષવિમલગણિ શિ. મુનિ સૌભાગ્યવિમલ તત્ ભ્રાતા મુનિ વૃધિવિમલ તથા સાધ્વી લબ્ધિલક્ષ્મી વાંચનાર્થં સં.૧૬૯૨ પાહલણપુરે લ. પ.સં.૬૪-૧૫, રત્ન. ભં. દા.૪૧ નં.૨૯. (૫) સં.૧૭૪૮ વૈ. સુદિ ૩ અક્ષય તૃતીયા વાચનાચાર્ય શ્રી મતિરત્નગણિ શિ. પં. સમયમાણિક્યગણિના વ્યલેખિ શ્રી સિંધુદેશે શ્રી હાજીખાન દેરાયાં ગ્રં.૨૭૦૦, પ.સં.૪૩, ત્રૂટક, અભય. (૬) લ.સં.૧૭૫૦, સારી પ્રત, ભાં.ઇ. સને ૧૮૮૨-૮૩ નં.૨૮૮. (૭) ભ. શ્રી વિજયઋદ્ધિસૂરિ શિ. પં. કનકવિજય શિ. પં. કૃષ્ણવિજય લિ. સં.૧૮૭૩ વૈ.૧૦ શ્રી વિરક્ષેત્રતઃ પ.સં.૧૦૮-૧૩, ફાર્બસ સભા નં.૧૮૭. (૮) પ.સં.૩૧, પ્રથમ અધિકાર, જૂની પ્રત, સંઘ ભં. પાટણ દા.૩૬ નં.૨૭. (૯) પ.સં.૬૨, ખંડિત, મો. સેં. લા. (૧૦) પ.સં.૭૮, અમ. (૧૧) વિ.ધ.ભં. [મુપુગૂહસૂચી.]

**(૧૦૪૮) રત્નવતી ચોપાઈ** અથવા **રાસ** ૪૦૩ કડી ૨.સં.૧૬૩૫ શ્રા.વ.૨ રવિ ખંભાતમાં

**આદિ** - દૂહા

સકલ સિદ્ધિ નવનિધિ દીઇ, જિન ચઉવીસિ દેવ,
આપઇ વાણિ અતિ ભલી, સાચી સહિગુરૂસેવ. ૧

**અંત** - **પોતનપુર** વરિ રૂડઇ ઠામિ, શ્રીમુખિ **વીરિ** પ્રકાસિઉં તામ
**રત્નવતી** સતી સંબંધ, નિસુણી જીવ વાર્યા ભવબંધ. ૩૯૮
**સોલ પાંત્રીસિ** શ્રાવણ માસિ, વદિ બીજ **રવિ** દિન ઉલ્લાસ
**ખંભ** નયરિ શ્રી **થંભણા પાસિ, રત્નવતી**નુ રચીઉ રાસ. ૯૯
પક્ષ **પૂર્ણિમા** તણુ અતિભલુ, શ્રાં **ગુણમેરૂસૂ**રિ ગુણનિલુ
તાસ સીસ **રત્નસુંદરસૂ**રિ, રચીઉં રાસ પ્રમોદહ પૂરિ. ૪૦૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભણઈ ભણાવિ જે નરનારિ, તેહ ઘરિ મંગલ જયકાર
રિદ્ધિ વૃદ્ધિ સઘલી સંપજઇ, જે જન એકમના નિતુ ભજઇ. ૧
ચઉપઇ દૂહા અનિ પદબંધ, ઝિમક જડતા જે રહિઉં પદબંધ
અરથફેર બોલાણઉ જેહ, મિચ્છા દુકડ હોયો તેહ. ૨
રત્નવતી સતીનું ચરિત્ર, ભણતા ગુણતા પુણ્ય પવિત્ર
કવિતા કોઇ મ દેશુ ખોડિ, રત્નસુંદર પ્રણમઇ કર જોડિ. ૪૦૩

(૧) પત્તનનગરે લ. પ.સં.૧૪, જય. પો.૭૦. (૨) લિ. પત્તને. પ.સં. ૧૪, જય. પો.૬૯.

**(૧૦૪૯) શુકબહોતરી** [કથા ચોપાઈ] ૧૬૩૮ આસો શુદ ૫ સોમ ખંભાતમાં

આદિ – ગાથા.

સયલ સુરાસુર માયા, મંગલ કલ્યાણ સુજસ જય નિલયં,
વરવિજ્જાધણદાયા, સા **શારદ** પઢમ પણમામિ. ૧

છપ્પય.

આદિ **રિસહ** જિણનાહ, **અજિય સંભવ અભિનંદણુ**,
**સુમઇ પઉમ**પહદેવ, **સુપાસ ચંદ**પહ વંદણુ.
(સરસ્વતી સ્તુતિ મોટી છે. પછી ગુરુસ્તુતિ.)

વસ્તુ – સયલ મંગલ સયલ મંગલ કરણ જિનરાય,
ચઉવીસે પણમી કરી, ધરિય ચિત્ત **સરસત્તિ** સામિણિ.
ગુરૂ **ગોયમ** ગણહર નમી, રિદ્ધિ બુદ્ધિ સુવિશુદ્ધ કરણિ,
સરસ ઝમક પદબંધ રચું, કથસું કથા રસાલ
બહુત્તરિ બુધિં આગલી, સુણયો બાલગોપાલ. ૩૩

દૂહા – આગે કવિ કહેતાં રહે અધિવિચિ કાંઈ ઊંણ,
ધરિ છેહડે ઓછું અધિક, તે કરસ્યું પરિપુન્ન. ૩૪

ચોપઈ – **સોલસેં અઠત્રીસો** સાર, આસો શુદિ પંચમિ **શશિ**વાર,
**પૂનિમ**પક્ષ ગચ્છપતિ ગણધાર, શ્રી **ગુણમેરૂ**સૂરિ ગુરૂ સાર. ૩૫
તાસ સીસ પ્રણમી ગુરૂપાય, કથા પંડિત દેખી સજિ થાય,
કથા તણો કીજે ઉદ્ધાર, દોષ મ દેસો કોઇ લિગાર. ૩૬
કરૂં કવિત પૂરૂં મનકોડિ, યુગતિ સંગતિ રચૂં બાંધી જોડિ,
સરસ વચન સૂડાનાં સાર, કવિ મુખ કહેતાં જયો જયકાર.

અંત – સારદ ગુરૂ પસાઇ કરી, ગુરૂ ગચ્છપતિ પાએ અણુસરી,

www.jainsite.com . For Private & Personal Use Only info@jainsite.com

શ્રી ગુણમેરૂ સૂરિવર સીસ, રત્નસુંદરસૂરિ કહે જગીસ. ૧૬
ગુજ્જરદેશ ત્રંબાવતિ ઠામ, થંભણ પાસ તીરથ અભિરામ,
સાંનિધિ શ્રી જિનશાસણિ કરી, એ કહી કથા શુકબહોતરી. ૧૭
છપ્પય ગાહા દૂહા ચોપઈ, વસ્તુ અડયલ્લ પદબંધેં થઇ,
સંખ્યા સર્વ સુણેયો સહી, શત ચૌવીસ ઉપરિ એકહી.
(પા. પંચત્રીસ સાજનઈ) ૧૮
પ્રસિદ્ધ નાંમ એ શુકબહુત્તરી, બીજે નામ એ રસમંજરી,
મુજ શિરિ બુદ્ધિમતી નહી તેહસી, રચ્યું કવીશ્વરની પરિ જિસી.૧૯
જાં ધ્રુ તારા શશિહર સૂર, જ્યાં મહિ મેરૂ જલનિધિ પૂર,
ભણો ભણાવો નિર્મલ બુદ્ધિ, જિમ લહો મન વચ કાય જ સુદ્ધિ.૨૦
મંગલ પહિલો જિન ચૌવીસ બીજો મંગલ ગોયમસીસ,
ત્રીજો મંગલ ગુરૂ અભિધાન, ચોથો જિનશાસન પરધાન. ૨૧

(૧) ઇતિ શ્રી રસમંજરી કથા શુકબહુત્તરી ચોપઇબદ્ધ. લિ. સં. ૧૮૪૦ માર્ગ. શુ. ૭ રવિ. શ્રી કાકા મધ્યે. રાજકોટ. યતિ. (૨) સં.૧૭૫૦ વર્ષે વૈશાખ માસે શુક્લ પક્ષે ચતુર્દશ્યાં તિથૌ શનિવાસરે શ્રી જસનગર મધ્યે લિખિતં ગણિ જિતાંનવિજય. પ.સં.૧૧૦, યતિ ચેતનસાગરજી ભં. ઉદેપુર. (૩) અ. ડૈ. (૪) સં.૧૮૪૦ આસો વદ ૧૦ સોમે રામપૂરા ગ્રાંમે લ. ઉ. ધીરવિમલ પં. આણંદવિમલ મુ. હર્ષા ચેલા આનચંદ પઠનાર્થં. પ.સં.૭૨-૨૦, ગ્રી. પો.૩૯ નં.૧૮૮. (૫) ગ્રં.૩૫૦૦, બાલચંદ્ર યતિનો કાશી ભં. નં.૨૦ (વે.). [મુપુગૃહસૂચી.]

('સુડા બહુતરી કથા'ની પ.સં.૪૭ની મારવાડી ભાષામાં ગદ્યમાં ઉત્તમ અક્ષરે લખેલી પ્રત કુલ ૪૭ કથાવાળી અને "સં.૧૭૮૫ રા વર્ષે મિતી આસૂ સુદિ ૧૧ દિને તિથૌ બુધવારે પલ્લિકા મધ્યે" લખેલી ભાં. ઇ.માં સન ૧૮૮૭-૯૧ નં.૧૪૭૧ છે; 'શુક બહુત્તરી વાર્તા' "સં.૧૮૦૪ પં. સભાચંદ લિ. બીકાનેર મધ્યે"ની પ્રત પ.સં.૫૬ની વચમાં ત્રૂટક અભય. નં.૨૮૪૮ છે.) [આ ઉપરની રત્નસુંદરની કૃતિની નહીં પણ અન્ય અજ્ઞાતકર્તૃક 'શુક બહોતરી'ની પ્રતાનો નિર્દેશ જણાય છે.]

(૧૦૫૦) સપ્ત વ્યસન પર ચોપાઈ ૧૩૭૦ કડી ૨.સં.૧૬૪૧ પોષ શુદ ૫ રવિવાર ખંભાતમાં

આદિ – પ્રણમ્ય પરમા ભક્ત્યા જિનાન્ ચૈવ સરસ્વતીં,
વ્યસનાનાં કથાં કુર્વે નામ્ના રત્નપ્રદીપિકાં. ૧

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચુપઇ

શ્રી જિન સિદ્ધ સૂરિ ઉવજઝાય, પ્રણમી સકલ સાધુવર પાય,
શ્રી **સારદા** સુગુરૂ મનિ ધરી, મતિ બુદ્ધિ જે આપે હિત ધરી. ૨
ધવલ હંસવાહનિ સુવિશાલ. કરે પુસ્તક વેણા વરમાલ,
કાંતિ કરે તનુ ઝાકઝમાલ, **સારદદેવી** નમૂં ત્રિણ કાલ. ૩
મતિ વિણુ યશ માગૂં કવિ તણું, હંસા રૂપેં મ હોસિઇ ઘણું,
ઊર્ધ્વ વૃક્ષફલ લેવા કાજિ, વામન પરિ વિમાસિઉં આજ. ૪
**પાંડવ હરી ચક્રી** નૃપ ચરી, અતુલ ઉદધિ તરવુ ભુજે કરી,
પર્વત સિરિસી ભરવી બાથ, પુણ મુઝ સિરિં સુગુરૂનો હાથ. ૫
ગુરૂ દિણુવર ગુરૂ દીપ સરૂપ, ગુરૂ જંગમ તીરથ જગભૂપ,
ગુરૂ વિણુ મારગ કો નવિ લહે, ઉભય લોક સાધન ગુરૂ કરે. ૬
મંત્ર યંત્ર મોહન ગુરૂનાંમ, ગુરૂ કહીઈ સકલ ગુણગ્રામ,
તપ જપ સિદ્ધિ સાધન ગુરૂસેવ, યુગપ્રધાન જંગમ ગુરૂદેવ. ૭
ગચ્છપતિ શ્રી **ગુણમેરૂ** સૂરીંદ, સકલ ભવિક વંદે મુનિવૃંદ,
સુગુરૂચરણુ પ્રણમૂં કર જોડિ, કરૂં કથા સાતે મન કોડ. ૮
દ્યૂતકર્મ આમિષ નેં સુરા, આખેટક વેસ્યા તસ્કરા,
પરદારા સેવેં નર જાટ, વ્યસન સાત કહીએં ઉવાટ. ૯

**અંત** – સાત વ્યસનનિ ચુપઇનઇ બંધિ, બોલ્યાં જે પ્રીછ્યાં સંબંધિ,
સૂત્ર વિરૂદ્ધ હુઇ જે બોલ, તે મુઝ મિચ્છા દુક્કડ તોલ.
**ચંદ્ર વેદ રસ પુહુવી** માંન, વર માસ સિત પોષ પ્રધાન,
પંચમ તિથિ રવિવાર દિણેશ, **ખંભનયર** શ્રી **પાસ** જિણેસ. ૧૩૬૭
પક્ષ **પુંનિમિ** શ્રી **ગુણમેરૂ**સૂરિ, તાસ સીસ ભાખે રસપૂરિ,
ભણો ભણાવો એ ચોપઇ, શત ચઉદ સંખ્યાએં થઇ. ૬૮
વર્ણમાત્ર ગુરૂ લઘુ પદબંધ, કરયો સુકવિ તં શુદ્ધ સંબંધ,
અર્થફેર જે બોલીઓ અલી, તે અપરાધ ખમેયો વલી. ૬૯
સૂરિ **રત્નસુંદર**ની વાણિ, વિબુધજને કરવી પરમાણિ,
જે જિનઆણુ ધરેં નિસદીસ, તસ ઘરિ સદા લચ્છે સુજગીશ. ૭૦

(૧) સં.૧૬૪૮ કા. વ. ૧૩ ગુરૂ લ. કડી ૧૩૭૭, પ.સં.૬૦–૧૩, પ્રથમ પત્ર નથી, ખેડા ભં. ૩. (૨) **રંગવિજયગણિ** શિ. પં. હસ્તિવિજયેન લિ. સં.૧૬૭૧ ભા. કૃ. ૨ ગુરૂ **પાટડી** ગ્રામે લિ. ૧૪૦૦ ચોપાઇ, પ.સં. ૪૩–૧૭, રત્ન. ભં. દા.૪૨ નં.૪૩. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૩).]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૩૦-૩૪, ભા.૩ પૃ.૭૨૦-૨૫ તથા ૧૫૧૩-૧૪.]

## ૫૦૧. હર્ષસાગર (ત. વિજયદાનસૂરિશિ.)

વિજયદાનસૂરિ સં.૧૫૮૭-૧૬૨૨.

**(૧૦૫૧) નવતત્ત્વ નવ ઢાલ** ૧૫૩ કડી સં.૧૬૨૨ લગભગ

**આદિ –** મંગલ કમલા કંદુ એ-ઢાલ.

**આદિ** જિણંદ નમેવિ એ, નવતત્ત્વ કહું સંખેવિ એ,
જીવ તણા દસ પ્રાણ એ, પંચ ઇંદી પંચ પ્રાણ એ. ૧
ત્રિણિ બલ મણ વય કાય એ, સાસ નીસાસ સંજાઈ એ,
આઉખા સિઉ દસ હુઇ એ, પ્રાણવિજોગિઈ પુણ મરિઇ એ. ૨
પ્રાણ ધરઇ તે જીવ એ, ચેતન લક્ષણ જીવ એ,
ચઉદઇ જીવપ્રકાર એ, કહિસ્યું પર-ઉપગાર એ. ૩

**અંત –** ઇય **નવતત્ત્વ** વિચારતા, અધિકી ઊછી ભાખ રે,
બોલી હુઇ અજાણવઇ, તે ખામઉં સંઘ સાખિ રે. ૧૫૨
**તપગછ** માહે સિરિ ગુરૂ, શ્રી **વિજયદાન** મુણિંદ રે,
**હરષસાગર** મુનિવર કહઇ, પભણતાં આણંદ રે. ૧૫૩

(૧) પં. સહજવિમલગણિ શિષ્ય ગણિ વિદ્યાવિશાલ લિ. ૧૭૫ ગ્રંથ. પ.સં.૫-૧૬, રાજકોટ મોટા સંઘનો ભંડાર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૩૮.]

## ૫૦૨. જ્ઞાનદાસ (લોંકાગચ્છ નાનજીશિ.)

**(૧૦૫૨) યશોધર રાસ** ર.સં.૧૬૨૩ કા.શુ.૮ રવિ વડોદરામાં

**આદિ –** રાગ કેદારઉ

શ્રી **ગોઈમને** ચરણે નમું, ધ્યાન ધરી હઇડઇ સમું,
વીનવું ટાલી મન સુ આમલઉ એ. ૧
જિનવાણી જે **સરસ્વતી,** મયા કરઉ મઝનિ અતી,
**સરસ્વતી** વચન એક મઝ સાંભલુ એ. ૨

ઉથલુ

વચન એક સાંભલુ એમ મ્હારૂ બોલ અમૃતવાણી,
ક્રિપા કરઉ રે માતા મુઝનિ તું ત્રિભોવનિ પટરાણી. ૧
જેહનિ ક્રિયા કરિઇ તું માતા, તેહનુ સીઝઇ કાજ,

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

આતમ ધ્યાન અગોચર ધ્યાઇ, પામઇ અવિચલ રાજ. ૨
રાજ રધિ રાણિ વિનવિ મું, માગુ અનઇ અરથભંડાર,
રાય **જસોધર** ચરિત્ર બોલતાં, માહારી બુદ્ધિ કરે વસ્તાર. ૩

**અંત –** રાગ ધવલ ધવલગિરિ

**વીર** જિણંદ **ગોતમ** આગલિ, એ કહઈ ચાર ચરિત્ર,
દાલિદ્રખંડણ દૂખવિહંડણ એતઉ સુખ સમાધિ પવિત્ર. ૧
હો પ્રાણી સાંભલુ ચરિત્ર રસાલ
ભલઈ ભાવિ સુણજ્યો સુવિશાલ, સુણી છાંડજ્યો હિંસા દ્વાલ હો. ૧
આદિ ઉતપતિ જેહવી લહીઅ, કહીઅ તેહવી દોષ મ દેસુ કોઇ,
જે કો જાણ વિચિક્ષણ લહિ, સાચુલુ સોઇ, હો. ૩
ગ્રંથી મોટા માહિથી પ્રબંધ કીધુ તેહથી, **જસોધર** વર્ણનસાર,
હંસાઉથાએક દયાથાએક આપક પુન્ય ઉદાર હો. ૪
સંવત **સોલ ત્રેવીસઇ** રચડઇ, કારતિગ સુદિ રવીવાર,
અષ્ટમી તથિ **વડુદરિ** નીપનુ, ચરીત્ર મનોહર સાર. હો. ૫
પાપ દૂરિ મડઇ નવનધિ સાંપડઈ, આવડઇ જેહનઈ રાસ,
**લુંકાગછિ** હૂંતઉ રષિ **નાનજી** ઉતમ, તેહ સાંણુધિ (શિષ્ય) કહઈ
**જ્ઞાનદાસ.** હો. ૬

(૧) પ.સં.૨૮–૧૧, ડે.ભં. દા.૭૦. નં.૫૯. (૨) ૫૮૪ કડી, સં. ૧૭૦૮ વર્ષે કા. વદિ ૧ શુક્રે સિદ્ધ જોગે લખાવતં આચારિજ પૂજ્ય ઋષિ **ધનરાજજી** તસ્ય શિષ્ય **કાન્હજી** લિખત્તં પૂજ્ય **ઋષિ સુરાજી** તત્ શિષ્ય **ઋષિ મનોહર ધાઇતા** નગરે લિ. પ.સં.૧૪–૧૯, મુક્તિ. નં.૨૩૪૬. [રાહસૂચી ભા.૧; હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૦).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૮૦, ભા.૩ પૃ.૯૫૮–૫૯. ત્યાં આ પછીના 'સ્રીચરિત્ર રાસ'ના કર્તા જ્ઞાન તે ઉપર્યુક્ત કર્તા જ હોવાનું ગણવામાં આવ્યું છે પણ એ માટે કૃતિમાં કશો આધાર નથી.]

## ૫૦૩. જ્ઞાન

**(૧૦૫૩) સ્રીચરિત્ર રાસ** લ.સં.૧૬૭૦ પહેલાં રત્નાગરપુરમાં

**અંત –** નવરઈ એક નાટિક રચિઉં **રત્નાગરપુર** માંહિં
પંતિ કરીનિ રાષજ્યો આપ્યુ મનિ ઉચ્છાહિ. ૧૮
**ગ્યાન** ભણઇ હો ભાઇઓ સ્રીચરિત્ર અપાર
જે છલ એહને છેતરઇ તે નર ધન્ય અવતાર. ૧૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) સં.૧૬૮૯ આસો વદ ૧૩ હસ્તાર્ક દિને પંડિત શ્રી દર્શન-વિજયગણિ શિ. મુ. પ્રીતિવિજય લિખિતં. ઈડર બાઈઓનો ભં. (૨) સં.૧૬૭૦, અમ.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૮૦. જુઓ આ પહેલાંના જ્ઞાનદાસ પરની નોંધ.]

**૫૦૪. મૂલા વાચક** (આં. ધર્મમૂર્તિસૂરિ-રત્નપ્રભશિ.)

**(૧૦૫૪) ગજસુકુમાલ સંધિ** અથવા **ચોપાઈ** ૧૩૪ કડી ર.સં.૧૬૨૪ ફા.શુ.૧૧ સાચોરમાં

**આદિ** – પણમિય **વીર** જિણેસર સ્વાંમિ, હુઇ નવનિધિ જસ લીધઇ નાંમિ,
સ્વામી તણા પંચમ ગણધાર, **સોહમસ્વામિ** કરઈ વિહાર. ૧
પહુતા પુર સુર **ચંપા** થાંન, **પૂર્ણભદ્ર** જિહાં અછઈ ઉદ્યાન,
અમીય સમાણી વાણી જેહ, નિસુણી પરિષદ પહુતી ગેહ. ૨

**અંત** – એમ કહીનઇ ઘરિ આવઇ, દિનદિન સાધ તણા ગુણ ગાવઇ.
સાંભલિ **જંબૂ** એહ વિચાર, **વીરવચનથી** કહું નિરધાર. ૧૩૦
સંવત **સોલ ચઉવીસા** વરસઈ, ફાગુણ સુદિ ઇગ્યારસિ દિવસઈ,
**સાચઉરમંડણ વીર** પસાઇ, અસીવ વિઘન સવિ દૂરિઇ જાઇ. ૧૩૧
ગાઉ **ગયસુકુમાલ** મુનીસ, પૂરઇ સંઘ તણી જગીસ,
સંધિ ભણતાં હરખ અપાર, **અંચલગછિ** ગિરૂઆ ગણધાર. ૧૩૨
યુગપ્રધાન ગછનાયક જાણું, **ધરમમૂરતિ** સૂરિંદ વષાણૂં,
જસ નાંમિ હુઇ જઇકાર, વાચક **રત્નપ્રભ** શ્રુતધાર. ૧૩૩
તાસ સીસ ઋષિ **મૂલઇ** કીધ, **ગયસુકુમાલ** તણી એ સંધિ,
એહ સંધિ જે ભણઇ ભણાવઇ, ઋદ્ધિ વૃદ્ધિ તસ મંદિર આવઇ.૧૩૪

(૧) સં.૧૬૯૯ કા.વદિ ૬ સોમે પ્રજ્ઞાવાદ નગરે, અંચલગછે, પૂજ્ય કલ્યાણસાગર સૂરીસ્વર વિજયરાજ્યે તદાજ્ઞાકારી વા. વીરચંદ્રગણિ શિ. પં. જ્ઞાનસાગરગણિ શિ. મુનિવર કીર્તિચંદ્ર મુનિવર શ્રી ઉભયચંદ્રેણ લિ. સંઘવી ગજા ભાર્યા ગજમલ્લદે પઠનાર્થં. પ.સં.પ-૧૬, ધોલા ભં. દા.૧૬ નં.૨૦. (૨) સં.૧૬૯૬ જ્યે. વ. લિ. સાધવી વા(મા)ણબાઈ પઠનાર્થં. કલ. સં. કો. કેટે. વો.૧૦ નં.૯૮ નં.૨૦૬-૨૦૭. [મુપુગૂહસૂચી.]

**(૧૦૫૫)** + [**શાશ્વતાશાશ્વત જિન** અથવા **વૃદ્ધ**] **ચૈત્યવંદન** ૮ ઢાળ

**આદિ** – કેવલનાણિ શ્રી નિરવાણી, સાગર મહાજસ વિમલ તે જાણી,
સર્વાનુભૂતિ શ્રીધર ગુણખાણી, દત્ત દામોદર વંદો પ્રાણી. ૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંત – કલસ.

છન્નું એ જિનવર છન્નું એ જિનવર,
અધો ઊર્ધ્વ ને લોક તીર્છે જાણું એ,
સાસય અસાસય જૈન પડિમા તે સવે વખાણું એ.
ગચ્છ **વિધિપક્ષ** પૂજ્ય પરગટ, શ્રી **ધર્મમૂર્ત્તિ** સૂરિંદુ એ,
વાચક **મૂલા** કહે ભણતાં, ઋદ્ધિ વૃદ્ધિ આણંદુ એ.

[મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. જૈન પ્રબોધ પુસ્તક પૃ.૩૨૦–૨૬. ૨. વિધિપક્ષ પંચ પ્રતિક્રમણ સૂત્ર [૩. રત્નસાર ભા.૩.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૬૮–૬૯, ભા.૩ પૃ.૭૧૦ તથા ૯૪૧–૪૨. ભા.૩ પૃ.૭૧૦ પર 'ગજસુકુમાલ સંધિ' ભૂલથી રત્નપ્રભશિષ્યને નામે મુકાયેલી. ત્યાં વે.ને આધારે ઘોઘા ભં.ની પ્રત નં.૧૭ નોંધેલી તે વસ્તુતઃ અહીં (૧)માં નોંધાયેલ પ્રત જ છે.]

## ૫૦૫. કુંવરજી (લોં. રૂપજી–જીવરાજશિ.)

**(૧૦૫૬) સાધુવંદના** ૨૪૬ કડી ૨.સં.૧૬૨૪ આ.શુ.૧૩ ગુરુ

આદિ – રાગ દેશાખ

ત્રિભુવન માહિ તિલક જિણિંદ, સીષાં મહીયલિ વલીય મુણિંદ,
કાલ અનાદિ અનંતા જોઇ, નિતિ પ્રણમઉં કર જોડી દોયઇ. ૧
**જંબૂદીપ** વર **ભરહ** મઝાર, ચઉવીસી સંપઇ અવધારિ,
ચઉવીસઇ જિનવર ભવ કહી, પાય પ્રણમઉં હરિષઇં ગહિગહિ. ૨

અંત – પ્રહ અવયોગ ટલ્યુ તવ રંગઈ, પ્રગટ થયઉ ધર્મ્મ પ્રવચન સંગઇ
સાવા મુનિ આસ્રવિ નવિ લીપઇ. તિમતિમ સંયત પૂજ દીપઇ. ૪૨
**ઉસવંશ** કુલિ દીપક કહીયઇ, ઋષિ શ્રી **રૂપજી** ગુણનિધિ લહીયઇ,
પ્રવચન જોઇ ધર્મ્મ પ્રકાસિઉ, સમ્યકત્વ શીલિ સંઘ એ વાસિઉ.
તાસ પાટિ **જીવરાજ** મુણીસ, હું તસુ સીસ ગાઉં નિશદીશ,
મુનિ **શ્રીચંદ** મુનિ **લાલજી** કહીઇ. ગુણ ગાતાં એ બહુ ફલ લહીયઇ.
**સોલસ** વચનઈ સાચઉં ભાખઇ, **ચઉવીસઈ** જિણઆણ જિ દાખઇ
નિર્મ્મલ શ્રુત શ્રાવણિ સુખકાર, તરાસે ગુરૂ ગાઉં ગુણસાર. ૪૫

કલસ રાગ ધન્યાસી

મુનિ **રૂપ** સુંદર દેવકુંઅર **જીવઉ** તેજ સુભાસ એ,
જગિ મેઘ જીવન જન આનંદન, તેજ સસિ રવિ દાસ એ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇમ સુગુણ દાખીય નામ ભાખીય હરિષ સિઉં મુનિ ગાઇયઇ,
નર અમર શિવ સુખ સંપતિ વેગિ એણી પરિ પાઇયઇ. ૨૪૬

(૧) લ.સં.૧૬૨૭, પ.સં.૧૯, ગ્રંથ ૪૦૦, લીં.ભં. દા.૨૩. (૨) ઋષિવંદના સમાપ્તઃ પ.સં.૧૬–૧૨, સીમંધર. દા.૨૦ નં.૩૩. (૩) આચાર્ય ઋષિ કુંવરજી કૃતા શ્રી સાધુવંદના સંપૂર્ણ. સં.૧૬૯૧ કાર્તિક શુ. ૭ શુક્રે સિદ્ધપુર નગરે લિખિતં. ઋષિ કેશવ સ્વયં વાચનાર્થં ઋષિ કાહનજી પઠનાર્થં. આચાર્યજી શ્રી ૬ સંઘરાજજીયઇ સાહ હેમજીનઇ સૂરજીનઇ આપી છઇ ભણવાનઇ શ્રી સિદ્ધપુર મધ્યે આવ્યા હતા ત્યારઈ આપી છઇ. મુખઇ જયણા કરીનઇ ભણવી એ પ્રતિ સાધુવંદનાની. તથા પાટ ૮નાં નાંમ લિખીયઇ છઈ. આચાર્યશ્રી ૬ રૂપજી ૧, આચાર્યશ્રી ૬ જીવ ઋષિજી ૨, આચાર્યશ્રી ૬ કુંયરજીજી ૩, આચાર્યશ્રી ૬ શ્રી શ્રીમલ્લજી ૪, આચાર્યશ્રી ૬ રતનાગરજી ૫, આચાર્યશ્રી ૬ કેસવજીજી ૬, આચાર્યશ્રી ૬ શિવજીજી ૭, તત્પટ્ટાલંકાર શ્રી ગુજરાતી લૌંકાગચ્છશૃંગાર ગચ્છભૂષણ ગચ્છતિલક ગચ્છમંડન શ્રી આચાર્યશ્રી ૬ સંઘરાજજીજી ચિરંજીવી એ ગુરૂ છે. પ.સં.૧૧–૧૫, મ.જૈ.વિ. ન.૧૨૯. [જૈહાપ્રોસ્ટા, લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૦૮–૧૦.]

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## ૫૦૬. અજ્ઞાત કવિ (રંગવી સંઘવીનો પુત્ર)

આ કદાચ ઋષભદાસની કૃતિ હોય.

**(૧૦૫૭) ધન્ના શાલિભદ્ર રાસ** ૪૬ કડી ર.સં.૧૬૨૪ આસો સુ. ૭ રવિ

સંવત **સોલ ચઉવીસા** સાર, આસો સુદ ૭ આદિતવાર
**રંગવી સંઘવી**નો સુત જ બોલિં, એહ સરલોક મેરૂનિ તોલિ. ૪૬

(૧) ઉદયપુર ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૪૧. ઋષભદાસના પિતા સાંગણ સંઘવી હતા. 'રંગવી' એ 'સાંગણ'ને સ્થાને થયેલો પાઠદોષ હોઈ શકે એ ખ્યાલથી કર્તા તરીકે ઋષભદાસનો તર્ક થયો જણાય છે. પણ ઋષભદાસના સમય સાથે આ કૃતિના ર.સં.૧૬૨૪નો મેળ ન બેસે. 'ચઉવીસા'ને ૪×૨૦ = ૮૦ ગણી ર.સં.૧૬૮૦ માનીએ તો આ કૃતિને ઋષભદાસની માનવામાં મુશ્કેલી ન રહે.]

## ૫૦૭. હરજી (બિવંદણિકગચ્છ સિદ્ધસૂરિ–ક્ષમારત્ન–લક્ષ્મીરત્નશિ.)

**(૧૦૫૮) ભરટકબત્રીશી રાસ** ર.સં.૧૬૨૪(૪૪) આસો શુ.૧૫ ગુરુ ઉણાંકમાં

આ કૃતિનો રચનાસંવત ૧૫૦૦ આસપાસ ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક પુ.૩ અં.૩ પૃ.૩૨૦માં જણાવેલો તે યથાર્થ નથી.

**આદિ –** શ્લોક

પ્રણમ્ય દેવ દેવસ્ય શ્રી ગુરૂશ્ચ તથા શ્રુતં
દ્વાત્રિંશત્ ભરટકાનાં કર્ત્તવ્યં કૌતુકાંન્ મયા. ૧

દૂહા

કમલનંદન તસુ સુતા, પ્રણમૂં તેહના પાય,
જિમ મુઝ મનવંછિત ફલો, આપે અચલ પસાય. ૨
જે સેવી સેવિ સુખદાઈ, આપે નિરમલ બુદ્ધિ,
લાડકોડ પૂરે સદા, વિદ્યા નેં ધન રિદ્ધિ. ૩
સેવક જન પ્રતિપાલિકા, ભગવતિ **સરસતિ** માત,
એ કર જોડી વીનવું, તું છેં ત્રિજગવિખ્યાત. ૪
અવિરલ વાણી આપ મુઝ, હું છું તારો દાસ,
ઊમાહુ મુઝ મનિ ઘણુ, પૂરી મનચી આસ. ૫
કૌતુક કથા બત્રીસ છે, તે કહૂં તુમ્હ આધારિ,
ઊપજે હર્ષ જ અતિ ઘણું, સુણતાં સહૂ નરનારિ. ૬
**સારદ** માય મયા લહી, પ્રણમૂ સહિગુરૂપાય,
અક્ષર માત્ર જે જાણીએ, તે ગુરૂચરણ પસાય. ૭

ચુપૈ

મૂર્ખચરિત્ર અછઇ, કહુ કથા સંષેપિં તેહ,
નિજ બુદ્ધિ કલ્પિત છઈ જે કથા, સુણ્યો સહૂ કહૂં છે યથા. ૮

**અંત –** **વેદ યુગ રસ ચંદ સર્યુ**, એ સંવત્સર જોઇ,
વામ ગતિ ગણ્યો સહૂ, અંક તણી પરિ સોઇ. ૭૫
દીપોત્સવ માસ જ ભલો, તથિ તથિ વલિ જાણિ,
સુરગુરૂવાર સોહામણો, પુષ્ય નક્ષત્ર વષાણિ. ૭૬
તિણિ દિનિ એહ કથા મઇં તવી, સંસ્કૃત ઊપરિ પ્રાકૃત કવી,
નયર **ઊન્નાક** માંહિ ઉલ્હાસિ, **ભીડિભંજણ** જિણેશ્વર **પાસ**. ૭૭*
**બિવંદણીકગચ્છ** ગિરૂઓ સાર, શ્રી **સિદ્ધસૂરિ** ગુરૂ ગુણભંડાર,
તાસ ગચ્છિ સસિ સૂર સમાંન, વાચક **લક્ષ્મીરત્ન** અભિધાન. ૮૦
કર જોડી કહે તેહનો સીસ, સુણ્યો એહ કથા નિસદીસ,
કુમતિ કદાગ્રહ દૂરે જાઇ, વિદ્યા બુદ્ધિ અનંતી થાઇ. ૮૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાં દ્રૂ મેરૂ મહીધર સૂર, તપે ચંદ જાં સાયરપૂર,
ગ્રહ નક્ષત્ર તપે જાં લગે, કથા જયવંતી એ સદા લગે. ૮૨
દુહા શ્લોક અમે સુપઇ, શત અગ્યારને મેંણે થઇ,
જિમજિમ શ્રવણે સુણીએ એહ, વિદ્યા બુદ્ધિ જિમ વાધે દેહ. ૮૩

શ્લોક

યદક્ષરપદભ્રષ્ટં સ્વરવ્યંજનવર્જિતં,
તત્સર્વં ક્ષમતાં દેવ પ્રસીદ પરમેશ્વરઃ. ૮૪
તં માતા તં પિતા ચેવ તં ગુરૂ તંચ દેવતા,
વિદ્યાદાનપ્રદાનાય પંડિતાય નમોનમઃ. ૮૫

ચુપૈ

**ભરડક બત્રીસી કથા** એ જાણિ, એતલે પૂર્ણ બત્રીસ વખાણિ,
મુનિવર **હરજી** કહે મન રંગે, ભણતાં સુણતાં આણંદ અંગે. ૮૬

(૧) ગ્રં.૧૫૦૦, સં.૧૭૦૨ આ. વદિ ૨ દિને, પ.સં.૪૭-૧૫, રત્ન ભં. દા.૪૨ નં.૪૫.

**(૧૦૫૯) વિનોદ ચોત્રીશી કથા** [અથવા **રાસ**] ૩૪ કથા કડી ૧૯૦૦ લગભગ ર.સં.૧૬૪૧ આશ્વિન શુદ ૧૫ ગુરૂ

**આદિ** -

વસ્તુ

**પાસ** જિનવર **પાસ** જિનવર પાય પ્રણમેવ,
આસ પૂરિ સહુકો તણી બુદ્ધિ સિદ્ધિ નવનિધિ આપિ,
ત્રિભોવનતારણ એ સદા કૃપા કરી સેવક નિજ થાપિ.
**સંખેશ્વર** મુખમંડણો, સેવિ સુરનર ઈંદ,
મનવંછિત સવિ સુખ દીઇ, લહીઇ પરમાણંદ. ૧

દુહા

શ્રી જિનવર **ગોયમ** નમી, પ્રણમું **સરસતિ** માત,
કવિયણ-જન-મનરંજની, જે છિ જગવિખ્યાત. ૨
બે કર જોડી વીનવું, સાંભલિ **સરસતિ** દેવ;
**વિનોદ કથા** જે બોલતાં, સરસ વાણી દિઉ હેવ. ૩
પુરાણ સ્મૃતિ આગમ વલી, કવિત છંદ નિ શ્લોક;
તિહાં તિહાં **સરસતિ** વર્ણવી, **સરસતિ** વિણ સ્યો ફોક. ૪
કેહવી છિ **સરસતિ** વલી, સુણયો સહુ સુવિચાર,
સંખેપિ કરી હું કહું, વર્ણવતાં નહી પાર. ૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વસ્તુ

પ્રથમ પૂરી પ્રથમ પૂરી સ્વેત શૃંગાર,
ચતુર્ભુજ જપમાલિકા અમૃત પૂર્ણ કમંડલ ધરતીય;
પુસ્તક વીણા કરિ ધરિ વાહન હંસ વિશ્વવદીતીય,
દશે દિશિ અજૂઆલતી, ચંદ્રવદન સુકમાલ;
**સરસતિ** સામિણિ વીનવું, વાણી દ્યો સુવિશાલ. ૬

દૂહા

એહવી **સરસતિ** મનિ ધરી, કહું વીનતી કર જોડિ,
મનોહર કથા હવિ બોલતાં, માતા રખે આવિ ખોડિ. ૭
**સરસતિ** માત મયા લહી, પ્રણમું સહિગુરૂપાય,
માયતાયથી ગુરૂ અધિક, ગુરૂ સમ કુંણ કહેવાય. ૮
અડસઠિ તીર્થ કહ્યાં અછિ, જાંણો મહિયલ માહિ,
ગુરૂસેવા જેણિં કરી તેણિં, તીર્થ સવે અવગાહિ. ૯
સહિગુરૂ-ચરણ જ અણુસરી, કહું કથા અતિસાર,
વસુધામાં જાંણો સહી, અનેક સંબંધ અપાર. ૧૦
**શુક બહુત્તરી** કથા અછિ, **નીતિશાસ્ત્ર** વલી જાણિ,
કથા વલી **વેત્તાલની, ભારથકથા** વખાંણિ. ૧૧

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

ચુપઈ

**સિંહાસણ બત્રીસી** જોઇ, અનેક અવર કથા વલી હોઇ,
**વિનોદકથા** સરખી કો નહી, જે સુણતાં સુખ ઉપજિ સહી. ૧૨
કવિ કહિ મુઝ સુણયો સહુ વાણિ, કહું કથા મન ઉલટ આંણિ,
માન વિનોદનિ હેતિ ધરી, સભા સહુનિ આશ્ચર્યકરી. ૧૩

શ્લોક

મનોવિનોદહેતૂનાં સભાર્હાણાં યથાશ્રુતં,
મયા કથાનાં વુસ્વાનાં ક્રિયતે સંગ્રહો બુધ. ૧૪

ચુપઈ

કહીસ કથા સંખેપિ વિચાર, દક્ષ નર સંગ્રહ કરવો સાર,
વસુધા માંહિ...થી તે જોઇ, સભા સમક્ષનિ કહીઇ સોઇ.
જેહવી સભા તેહવું આખ્યાન, ખરિ ખરિનાં છિ શાસ્ત્ર નિધાંન,
વિનોદ...જે સંગ્રહ કરિ, નિઃફલ ન હોઇ તેહનિ શિરિ. ૧૫

શ્લોક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તં નાસ્તિ જગતિ કિંચિદ્ વાચ્યં યત્ન યથા...
અતો...કથિતા સંગ્રહાય ન નિઃફલં. ૧૭

ચઉપઈ.

સુણયો કથા કહું અતિસાર, સંખેપિ મનિ કરી વિચાર
કથા...નિં હાસ્યભંડાર, એક ચિત્ત સુણજ્યો નરનાર. ૧૮

**અંત** – સુણયો કથા રચી છિ જેહ, માસ સંવચ્છર કહું સવિ તેહ,
**ચંદ્ર વેદ રસ એક હોય,** અશ્વન માસ મનોહર જોય. ૬૨
તિથિ પુનિમ અનિ ગુરૂવાર, નક્ષત્ર અશ્વની આવ્યું સાર,
તિણિ દિન રચી ચુપઇ એહ, સુણતાં દૂર્મતિ નાઠી છેહ. ૬૩
**બિવંદણિકગચ્છ** ગિરૂઉ જાણિ, શ્રી **સિદ્ધિસુરિ** ગુરૂ ગુણમણિખાંણિ.
તાસ ગચ્છ માંહિ પ્રવર પ્રધાંન, સકલ ગુણે સંપૂર્ણ નિધાન. ૬૪
**ક્ષિમારત્ન** તે પંડિત જાણિ, દિન પ્રતિ હું કરૂં પ્રણામ.
જયવંતા વિચરે તસ સીસ, વાચક **લક્ષ્મીરત્ન** જગીસ. ૬૫
તાસ સીસ કર જોડી ભણિ, જે નરનારી શ્રવણે સુણિ,
તે નર પામિ વિદ્યા બુદ્ધિ, સયલ કાજની થાઇ શુદ્ધિ. ૬૬
કાંઇ કવિ-મતિ શાસ્ત્ર-વિચાર, **સરસતિ** કેરો લહી આધાર,
**પાસ** જિણેસર પ્રણમી કરી, ગુરૂ-આગ્ના મેં મસ્તકિ ધરી. ૬૭
રચી ચુપઇ ઉલટિ આણિ ચુત્રીસિ એ કથા વખાણિ,
ગ્રહ નક્ષત્ર અનિં ચંદ સૂર, જાં રયણાયરનાં જલપુર. ૬૮
ત્રિસઠિ સલાકા પુરષહ નાંમ, તેહનિં સહુકો કરિ પ્રણામ,
પ્રથ્વી ગયણુ તપિ જ્યાં લગિ, કથા સુણો એ સહુ તાં લગિ. ૬૯
સ્વર માત્ર નિં વ્યંજન જોય, વર્ણપ્રકાર અયુકતો હોય
અધિક હીન કહ્યું હુઇ જેહ, જડ પ્રકાશ તણો સંદેહ. ૭૦
તે સોધીનિં કરયો ખરૂં, કવિય પ્રતિ હુઇ મઉ વરૂં,
કર જોડીનિં કરૂં પ્રણામ, એહ સેવકનું કરયો કાંમ. ૭૧
દૂહા ગાથા શ્લોક ચુપઇ, શત ઓગણીશનિં માજનિ થઇ,
સુણતાં શ્રવણે સંકટ ટલિ, ભણતાં નવનિધિ આવી મલિ. ૭૨
**વિનોદ ચુત્રીસી** એહ જો કથા, કહિ કવિતા અછે જો યથા,
મુનિવર **હરજી** કહિ મનશુદ્ધિ, ભણતાં સુણતાં લહીઇ બુદ્ધિ. ૭૩

(૧) સં.૧૭૪૭ કા.શુ.૩ શનિ હરીઆલા ગ્રામે **તપાગચ્છે** ભ. **વિજયરત્ન** ગણિગજેંદ્ર શિ. સેવક મુનિસેવક મુનિ હેમરત્નેન લિ. પ.સં.૫૧-૧૯, એડા ભં.૩. [મુપુગૂહસૂચી.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૧૧-૧૬. 'ભરટકબત્રીશી'ની ર.સં.૧૬૨૫-(૪૫) દર્શાવેલી તે દેખીતી રીતે ભૂલ છે.]

## ૫૦૮. સુમતિકીર્તિસૂરિ (દિ.સરસ્વતીગચ્છ જ્ઞાનભૂષણસૂરિ-પ્રભાચંદ્ર-શિ.)

**(૧૦૬૦) ધર્મપરીક્ષા રાસ ર.સં.૧૬૨૫ માગશર શુદ ૨ હાંસોટ નગરમાં**

**આદિ** – ઢાલ રાસની.

**ચંદ્રપ્રભ** સ્વામી નમીઈ, **ભારતી** ભુવનાધાર તુ;
**મૂલસંઘ** મહીયલિ મહીત, **બલાત્કારગણ** સાર તુ. ૧
**વિદ્યાનંદિ** સ્વામી વિબુધ, **મલ્લિભૂષણ** મુનિરાય તુ;
**લક્ષ્મીચંદ** ગુરૂ ગુણનિલો એ, પ્રણમીય તેહના પાય તુ. ૨
**વીરચંદ** ચર્ચિત ચતુર, ભટ્ટારક ભુવિ ભાણ તુ;
**જ્ઞાનભૂષણ** જ્ઞાનિ ભલો એ, વિદ્યાનું દીઈ દાન તુ. ૩
પંચ ગુરૂના પાય નમીય, રચ્યું રાસ મનરંગિ તુ;
ધરમ તણી પરીક્ષા તણુ એ, શાસ્ત્ર જોઈ નિયત તુ. ૪
ભવીયણ ભલી પરિ સાંભલો એ, ધરમાધરમ વિચાર તુ;
દોષ મ લેસ્યો કેહ તણાં એ, કહિતાં ન લહું પાર તુ. ૫

**અંત** – દૂહા.

**મૂલસંઘ** મુનિવર ઘણા હવા, **સરસતિગચ્છિ** શૃંગાર;
**કુંદકુંદાચારિજ** કુલિ, **પદ્મનંદ** અવતાર. ૧૧
**દેવેંદ્રકીરત્તિ** દયા આગલો, તેહ પટોધર ચંગ;
**વિદ્યાનંદિ** સ્વામી જયો, **મલ્લિભૂષણ** ઉત્તૂંગ. ૧૨
**લક્ષ્મીચંદ** શ્રી ગુરૂ નમૂં, દીક્ષાદાયક એહ;
**વીરચંદ** વાંદૂ સદા, સીષાંદાયક તેહ. ૧૩
તેહ પાટિ પટ્ટોધર, **જ્ઞાનભૂષણ** ગુરૂરાય;
આચારિજ પદ આપીયૂં, તેહનાં પ્રણમૂં પાય. ૧૪
તેહ કુલકમલદિવસપતિ, **પ્રભાચંદ્ર** યતિરાય;
ગુરૂ ગચ્છપતિ પ્રતપો ઘણું, મેરૂ મહીધર જાવ. ૧૫
**સુમતિકીરતિસૂરી** રચ્યો, **ધરમપરીક્ષા** રાસ;
શાસ્ત્ર ઘણા જોઈ કરી, કીધુ બહુ પ્રકાશ. ૧૬
રયણભૂષણ રાય રંજણો, ભંજણો મિથ્યા માગ;
જિનભવનાદિક ઉધરઈ, કરઈ બહુવિધ ત્યાગ. ૧૭

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**મહૂઆ** કરી શ્રાવક ભલા, **ધના** આદિ ઉપદેસ;
બહૂ પ્રેરે પ્રારંભીયો, રચીયો તિહાં લવલેશ. ૧૮
પંડિત હે પ્રેર્યા ઘણું, **વણાયગ** નિં **વારદાસ;**
**હાંસોટ** નયરિ પૂરો કર્યો, **ધર્મ્મપરીક્ષા** રાસ. ૧૯
સંવત **સોલ પંચવીસ** નિં, માર્ગસિર શુદિ બીજ વાર;
રાસ રૂડો રુલીયામણો, પૂર્ણ હવો છિ સાર. ૨૦
ભવીયણ ભાવિ ભાવિજ્યો, કીધો એહ પ્રતિબોધ;
ડાહ્યા હોઈ તે ટાલિજ્યો, જિહાં હોઈ શાસ્ત્રવિરોધ. ૨૩ (?)
પઢઈ ગુણિ જે સાંભલિ, લખઈ લખાવઈ જેહ;
સુગતિ મુગતિ ને વર લહઈ, સુરે નર સેવઈ તેહ.
રૂડો ને રલીયામણો, રાસ રચ્યો છિ એહ,
છઠો અધિકાર પૂરો હવો, ધર્મ્મપરીક્ષા ગેહ. ૧૩ (?)

—ઇતિશ્રી ધર્મ્મપરીક્ષા ષષ્ઠોઽધિકારઃ સંપૂર્ણ સમાપ્તઃ

(૧) ગ્રંથાગ્રંથ ૩૫૦૦ સં.૧૭૭૭ ચૈ.વ.૧૩ ગુરૂવારે શ્રી**પાટણ**નગર મધ્યે લ. **સિંઘવી હરખચંદ સૂરસિંઘ.** પ.સં.૧૩૪–૧૩, વી.ઉ.ભં. દા.૧૮. (૨) ગ્રં.૩૫૦૦ શ્રી **અણહિલ્લ**પતન વાસ્તવ્ય બાઇ કોડાઇ નામ્ના સ્વવાચનાર્થં. પ.સં.૧૭૧–૧૧, હા.ભં. દા.૭૯ નં.૩૧. (૩) પ.સં.૮૩–૧૬, આ.ક.ભં. (૪) ખં.ભં.૧. [મુપુગૂહસૂચી.]

**(૧૦૬૧ ક) ત્રૈલોકચસાર ચોપાઈ** અથવા **ધર્મધ્યાન રાસ** (સં.૧૬૨૭)

**આદિ –** ચઉપાઈબંધ ત્રિલોકસાર લિખ્યતે.

**સરસતિ** સદ્દગુરૂ સેવુ પાય, **સુમતિનાથ** પંચમો જિનરાય,
**ત્રૈલોકસાર** ગ્રંથ જોઇ કહું, તેહ વિચાર સુણો તમે સહુ. ૧
અલોકાકાસ માહિ છિ લોક, અધો મધ્ય ઉર્ધ્વઇ છિ થોક,
દ્રવ્ય છએ ભર્યો લોકાકાસ, અલોક માહિ કેવલ આકાસ. ૨

**અંત –** અતિત અનાગત ને વર્ત્તમાન, સિદ્ધ અનંત ગુણના ધામ,
ભાવે ભગતી સમરૂ સદા, **સુમતિકીરતિ** કહિ ન વીસરૂં કદા. ૪૯
**મુલસંઘ** ગુરૂ **લક્ષ્મીચંદ** મુનિંદ તસ પાટિ **વિરચંદ,**
**જ્ઞાંનભુષણ** તસ પાટિ ચંગ, **પ્રભાચંદ** વાંદો મનરંગી. ૫૦
**સુમતિકીરતિ** યતિવર કહિ સાર, **ત્રૈલોકચસાર** ધર્મધ્યાંનવિચાર,
જે ભણે ગણે તે સુખિયા થાય, રયણ ભુષણ ધરી મુગતિ જાય.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) સં.૧૯૧૨ માહા સુદ ૨ લિ. સાધુ **ગંગાદાસ** એલ...**પાલણ**-પુરે. પ.સં.૧૪–૧૧, પ્ર.કા.ભં. નં.૫. (૨) હસ્તાક્ષર **અયાચી જેશંકર મૂળ**જી તે **શ્રી**માળી બ્રાહ્મણ ગામ **પાટણ** મધ્યે ઠેકાણું **પાંન શાંમ**જીના પાડા મધ્યે. પ.સં.૧૪–૧૧, પ્ર.કા.ભં. નં.૩૯. (૩) ગરણીજી **જીવ**સરીજી સા. **નવલ**સરીજી લખાવેલ. પ.સં.૧૪–૧૧, મુક્તિ. નં.૨૪૧૫. (૪) લિષીતંગ **વૈષ્ણવ ગોરધારીદાસ આત્મારામ**જી **પાલણપુર** મધ્યે. શ્લોક ૩૨૫, પ.સં. ૧૫–૧૦, ડા. પાલણપુર દા.૩૬. [મુપુગૂહસૂચી.]

**(૧૦૬૧ ખ) લોંકામત નિરાકરણ ચોપાઈ** ૨.સં.૧૬૨૭ ચૈ.શુ.૫ રવિ કોદાદાનગરમાં

**આદિ –** **અણહિલપુર પાટણ** ગુજરાત, મહાજન વસઇ ચઉરાસી ન્યાત,
લઘુ શાખી જ્ઞાતે **પોરવાડ, લોંકા** સોઠિ લીહો છિ ઘાલ. ૧
ગ્રંથસંખ્યાનઇ કારણે વઢયો, જૈન યતિ સું બહુ ચિડભિડયો,
**લોંકે** લીહે કીધા ભેદ, ધર્મ તણા ઉપજાયા છેદ. ૨
શાસ્ત્ર જાણે **સેતંબર** તણા, કાલઇ બલ દીધા આપણા,
પ્રતિમાપૂજા છેદ્યા દાન, ધર્મ તણી તેણઇ કીધી હાણિ. ૩
સંવત **પન્નર સત્તાવીસ, લોંકામત** ઊપના કહીસ
*
ગાથા પદનો કીધો ફેર, વિવેક ધરી સાંભલિજ્યો ફેર. ૭

**અંત –** વસ્તુ
**મૂલસંઘઈ મૂલસંઘઈ** મુનિવર મહંત
**વિદ્યાનંદિ** વિદ્યાવિબુધ **મલ્લિભૂષણ** તેહ પટ્ટોધર
**જ્ઞાનભૂષણ** પદ્દિ તિલો **પ્રભાચંદ** યતિરાય
**સુમતિકીરતિ** મુનિવર કહિ, રયણભૂષણ સેવિ પાય.
દૂહા – **કોદાદા** નગરે ભલો, **શીતલ** જિન પ્રાસાદ
રાસ રચ્યો રલિયામણો, **લોંકા** તણો વિવાદ.
સંવત **સોલ સતાવીસ** નિ, ચૈત્ર માસ વસંત
સુદિ પક્ષે પાંચમી રવૌ, રચ્યો રાસ મહંત.
સંઘ પુરા ન્યાતે **સંઘવી** જનાકુલિ દાતાર
**નાન્હૂ** ભાઈ સુત સોહામણો, કુંઅરજી ધર્મ્મ આધાર.

(૧) પ.સં.૧૦, દાન. નં.૭૨. (નાહટાજીની ઉતારેલી નકલ પરથી) (૨) બિકાનેર બૃહત્ જ્ઞાનભંડાર જિ.ચા. ('ભાસ્કર' પત્રના ભાગ ૪ કિરણ

જૈનમ્ જયતિ શાસનમ્
JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧માં નાહટાજીના 'લોંકાશાહ ઔર દિગંબર સાહિત્ય' નામના લેખમાંથી પૃ.૩૯-૪૦.)

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૨૭-૨૮, ભા.૩ પૃ.૭૧૦-૧૧ તથા ૧૫૦૯-૧૦. 'ત્રૈલોક્યસાર ચોપાઈ'નો સંવત અનુમાને મૂક્યો જણાય છે.]

**૫૦૯. કનકસોમ** (ખ. અમરમાણિક્યશિ.)

**(૧૦૬૨ ક) જઈત પદ વેલિ** ર.સં.૧૬૨૫ આસ્રા

(૧) બીકાનેર ભં.

**(૧૦૬૨ ખ) ૧૪ ગુણઠાણા વિવરણ ચોપાઈ** ૯૦ કડી ર.સં.૧૬૩૧ આસો શુ.૧૦

**આદિ**– પંચ પરમિડ સિદ્ધં નમિઊણુ તહા ગુરૂં પરમતત્ત્વં,
ચઉદસ ગુણઠાણાણું, સરૂવં મણુમોસુહંવુચ્છં. ૧
સિવમંદિર ચડિવાનઇ કાજિ, ગુણઠાણા બોલ્યા જિણરાજિ,
ચડતી પયડી નઇ પગુ ધરઇ, તઉ સઇ હથિ સિવરમણી વરઇ. ૨

**અંત** – સંવત **સોલહ સઇ વરસ ઇકતીસઈ** એ કિદ્ધ,
અસ્સાજહ સુદિ દસમિ દિને, માણુયજનમફલ લિદ્ધ. ૮૭
**ખરતરગચ્છ** મંડાણઉ એ, શ્રી **જિનચંદ** મુણિંદ,
વર્તમાન ગુરૂ તિણિ સમઇ એ, **દયાકલસ** મુનિચંદ. ૮૮
**અમરમાણિક્ય** વાણાયરીય, તાસુ સીસ બહુ જાણિ,
**સાધુકીરતિ** સુપસાઉલઇ એ, **કનકસોમ** વખાણિ. ૮૯
શ્રાવક શ્રાવિકા જે પઢઇ એ, ગુણઇ ચઉપઈ ઉદાર,
રિદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ તે લહઇ એ, સયલ સંઘ સુખકાર. ૯૦

(૧) સં.૧૮૮૨ શ્રા. વદી ૧૩ બુધે લિ. નોનિધ્યા **સ્યાલકોટ** સહર મધ્યે. [કૅટલોગગુરા, મુપુગૂહસૂચી.]

**(૧૦૬૩) જિનપાલ જિનરક્ષિત રાસ** ગા.૫૨ ર.સં.૧૬૩૨ નાગોરમાં

**આદિ**– સહગુરૂ પઈ પણમી કરી, **સુઇદેવી** મનિ ધ્યાઈ
**જિનપાલક રક્ષત** તણઉ, ચરિત રચું સુભ ભાઈ. ૧
જિણ પરિ **ગ્નાતા** અંગ મહિ, નવમધ્યયનિ વખાણિ
**વર્દ્ધમાન** જિનવર કહ્યા, **સોહમસ્વામિ** વખાણિ. ૨

**અંત** – સંક્ષેપ માત્રઇ છંદબંધઇ અરથ જે સદગુરૂ લહ્યા
એ રાસ સુણતાં અનઇ ભણતાં **કનકસોમ** આણંદ એ
જે દોષ ટાલી સીલિ પાલઇ તાસુ સુર નર વંદ એ. ૫૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંવત સોલહ સઈ બત્રીસઈ વરષિ ભાદવ માસ એ
નાગઉર નગર એહ કીધઉ મન ધરી ઉલ્લાસ એ
એ સકલ શ્રાવક આગહઇ કીયઉ સુગમ વિચાર એ
જે શ્રવણિ સુણિ અનુમોદ કરિસ્યઇ તિહાં એ મંગલ ચાર એ. ૫૨

(૧) નાહટા સં.

**(૧૦૬૪) આષાઢભૂતિ સઝાય** અથવા **ધમાલ** [અથવા **ચરિત્ર** અથવા **રાસ**] ૨.સં.૧૬૩૮ વિજયાદશમી ખંભાત (?)

**આદિ –** શ્રી જિનવદનનિવાસિની, સમરી **સારદ** માયા રે
**આષાઢભૂતિ** ગુણ ગાવતાં, સામણિ કરઉ પસાયા રે. ૧
ચતુર સનેહી મોહનાં.
ચતુર સનેહી મોહનાં, સબગુણજાંણ સયાણા રે;
**આષાઢભૂતિ** મહામુણી, દેખત ચિત્ત લુભાણા રે. ચતુર. ૨

**અંત –** ઇણ પરિ ભાવન ભાવીજઇ, તપ કરી દાન વલિ દીજઇ,
જિનશાસનનઉ સિણગાર, એ મુનિવર થયા ઉદાર. ૫૯
સંવત **સોલહ અઠતીસઈ**, દિન વિજયદસમિ સુજગીસઈ,
કહિ **કનકસોમ** સુવિચાર, સબશ્રી સંઘસું સુખકાર. ૬૦

(૧) પ.સં.૩, મહિમા. પો.૬૩. (૨) સં.૧૬૯૭ વૈ.વ. કોરંટગચ્છે પં. **પીથાજી** શિ. ફરદાસ લખતં. પ.સં.૩–૧૭, સેં.લા. નં.૪૬૫૨. (૩) ઉદયસિંધુર લિ. **સીદપુર** મધ્યે. પ.સં.૩, જિ.ચા. પો.૮૦ નં.૨૦૦૧. (૪) લિ. પં. યુક્તિસેન **બીકાનેર** પં. હર્ષચન્દ્ર વાચનાર્થં. પ.સં.૫, અભય. નં.૨૬૯૯. (૫) ભદ્રાદિ ગીત સં.૧૭૨૫ ઉ. **ભીમા** લિ. **પદ્માવતી** (નગરે). પ.ક્ર. ૫થી ૬, ત્રુટક, અભય. (૬) પ.સં.૩–૧૪, ક. મુ. (મારી પાસે છે.) (૭) **વૃદ્ધ તપાગચ્છે** ભટ્ટારક શ્રી **ભુવનકીર્ત્તિ**સૂરિ તત્પદે ભટ્ટારક શ્રી **રત્નકીર્ત્તિ**સૂરિ શિષ્ય સુમતિવિજયેન સં.૧૭૨૨ વર્ષે શાકે ૧૫૮૭ દ્વિ. શ્રાવણ કૃષ્ણપક્ષે સપ્તમી દિને **રાજનગરે** લિખિતં. પ.સં.૬–૧૧, ગુ.વિ. ભં. (૮) ખં.ભં.૧. (૯) અમ. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૭, ૨૬૮, ૨૭૦, ૨૮૮, ૩૦૯).]

**(૧૦૬૫) હરકેશી સંધિ** ગા.૧૧૭ ૨.સં.૧૬૪૦ કા. વૈરાટમાં

**આદિ –** પણમીય **પાસનાહ** ચિંતામણી, મનિ સમરીય **પઉમાવઇ** સ્વામિણી,
**હરિકેશી** રિષિ ચરિય વખાણિસુ, સુગુરૂ પસાય નવે રસ આણિસુ. ૧

**અંત –** (ખરતર)હ ગછિ **જિનભદ્ર** સાખઇ, **પદ્મમેરૂ** સુણિંદ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તત્પટિ **મતિવર્દ્ધન** ગુરૂ, **મેરૂતિલક** હો **દયાકલશ** ગચ્છંદ. ૧૧૪
શ્રી **અમરમાણિક** વાચક, જસુ શિષ બહુ પરિવાર,
વર **કનકસોમ** ગણિએ રચ્યઉ, **વઇરાટઇ** હો નગર મઝારિ. ૧૧૫
સંવત **સોલહ ચાલ** વરષહ, સુદ્ધ કતીય માસ,
**જિનચંદ**સૂરિ પસાઉં લહિ, **હરકેસી** હો સંબંધ ઉલ્હાસ. ૧૧૬
જે ભણહિ ગુણહિ વખાણુ, વાચહિ એ ચરિત રસાલ,
કહિ **કનકસોમ** મુનિ ધન ધન્ન તે, ફલઇ અંતરીગ હો તિહાં
સુખ રસાલ. ૧૧૭ જય.

—ઇતિ હરકેસી સંધિ નવરસાત્મક સ.

(૧) પ.સં.૪, જ્ઞાન. વીકા. (કુશલલાભની સંધિ સહિત).

**(૧૦૬૬) આર્દ્રકુમાર ચોપાઈ** અથવા **ધમાલ** ૪૮ કડી ર.સં.૧૬૪૪ શ્રાવણ પહેલો અમરસરમાં

**આદિ** – સકલ જૈનગુરૂ પ્રણમું પાયા, વાગદેવ મુઝ કરહુ પસાયા,
ગાઈસુ **આદ્રકુમર** રિષિરાયા, જિણિ મુનિ પાલી પ્રવચનમાયા. ૧
સકલ સુહાવા હોઇ વધાવા, **આદ્રકુમર** મુનિકે ગુણ ગાવા,
**મગધદેશ** ત્રિભુવનવિખ્યાતા, પુરવ સંત સેક રચ્યઉ વિધાતા
વસઇ **સામાઈક** નામ કુટુંબી, સરલ ચિત્ત માયા ન વિટંબી. ૨

**અંત** – સૂત્રઇ **સૂયગડંગઇ** એ ભણ્યઉ, સબ સંબંધ રસાલ,
તિણિ અણુસારઇ પરિસિ ગાઇયઉ, જીવદયાપ્રતિપાલ. ધન. ૪૭
સંવત **સોલ ચમાલા** શ્રાવણ ધુરઈ, નયરિ **અમરસરિ** સાર;
**કનકસોમ** આણંદ ભગતિભરઇ, ભણતાં સબ સુખકાર. ધન. ૪૮

(૧) લ.સં.૧૬૫૯ જેઠ વદિ ૩, પ.સં.૨, વિ.ને.ભં. નં.૪૫૩૬. (૨) સં.૧૬૭૮ શ્રા.વદિ ૧૩ **અંચલગચ્છે** શ્રી પૂજ્ય કલ્યાણસાગરસૂરિ વા. **ધન્નમેરૂ** શિ. ઋ. **વિજયમેરૂ** શિષ્ય ઋ. **ન્યાનમેરૂ** પઠનાર્થં. પ.સં.૫, પ.ક્ર.૩થી ૫ પં.૧૬, મ.જૈ.વિ. નં.૪૮૫. (૩) પ.સં.૨, ચતુર. પો.૩. (૪) **વિમલસિદ્ધિ** પઠનાર્થં. પ.સં.૩, દાન. પો.૪૦ નં.૧૦૪૮. (૫) સં. ૧૭૪૯ ચૈ.શુ.૧૧ શુક્રે **રિણીનયરે** ભ. **જિનરત્નસૂરિ** શિ. વા. **વિજયલાભ** શિ. **વિજયશેખર** મુનિ **વિજયરાજાદિ** લિ. અભય. નં.૩૦૫૮. (૬) પં. **રંગકુશલ** લિ. પ.સં.૩, અભય. નં.૩૧૫૬. (૭) સં.૧૭૮૪ શાકે ૧૬૪૯ મિગસર સુદિ ૩ પં. **રત્નસી** લિ. સાધ્વી **કસ્તૂરાં** વાચનાર્થં. પ.સં.૩, અભય. નં.૩૧૯૮. (૮) સં.૧૬૮૫ ચૈ.શુ.૩ શુક્રે પં. **ગુણસેન** લિ. ઋષિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દેવરત્ન પઠનાર્થં. વીકા. (૯) પ.સં.૩-૧૫, જૂની પ્રત, મારી પાસે.

**(૧૦૬૭ ક) [+] મંગલકલશ ચોપાઈ** [અથવા **ફાગ**] ગા.૧૪૨ ર.સં. ૧૬૪૯ માગશર શુ. મુલતાણમાં

**આદિ** –

ફાગ ઢાળ

સાસણદેવીય સામિણી એ, મુઝ સાનિધિ કીજઇ,
પુણ્ય તણા ફલ ગાઇયએ, સુણતાં મન રીઝઈ,
**મંગલકલસ** તણો પ્રબંધ, કરેવા મુઝ રાગ,
**શાંતિનાથ** જિનચરિતથી, ઉધરિસ્યું ફાગ.

**અંત** – સંવત **સોલહઇ** ઉપરિ **ગુણપંચાસ**, એ કીધો **મંગલકલશ** ચરિત્રવિલાસ. ૧૩૯

દૂહા

અધિકઉં ઉણઇ જે કહ્યઉ, મિચ્છાદુક્કડ તાસ,
**મુંલતાણ** માહિ એ રચ્યઉં, મગસિર શુદિ ઉલ્હાસ. ૧૪૦
**શ્રી જિનચંદ્ર** સૂરીંદ ગુરૂ વર્ત્તમાને ગણધાર,
સુવિહિત મુનિચૂડામણિ યુગપ્રધાન અવતાર. ૧૪૧
**ખરતર**ગચ્છ સુહાગકર **અમરમાણિક** ગુરૂ સીસ,
**કનકસોમ** વાચક કહઇ **મંગલચરિત્ર** જગીસ. ૧૪૨

(૧) સં.૧૬૫૮ અ.શુ.૨ શ્રાવિકા **ગૂજરદે** પઠનાર્થં. પ.સં.૯, જિ.ચા. પો. નં.૨૦૧૨. (૨) પ.સં.૮, પ્રત ૧૭મી સદીની, જિ.ચા. પો.૮૧ નં.૨૦૨૪. (૩) સં.૧૭૯૮, પ.સં.૭, ક્ષમા. નં ૩૮૧. (૪) પ.સં.૧૩, ક્ષમા. નં.૩૮૪. (૫) સં.૧૮૫૨ ફા.વ.૪ **વીકાનેર** મધ્યે **જેતસી** લિ. કૃપા. પો. ૪૬ નં.૮૧૮. (૬) પ.સં.૧૧, મહિમા. પો.૩૪. (શ્રીસારકૃત સ્યાદવાદ સઝાય ગા.૨૧, રત્નસમુદ્રશિ. ક્ષમાપ્રમોદકૃત નિગોદ વિચાર સ્ત. ગા.૪૯ સહિત) (૭) **નાગપુરે** લિ. પ.સં.૩, મહિમા. ભં. પો.૩૬. (૮) સં.૧૮૧૫ માઘ વદિ ૧૩ શુક્રે **મરોટકોટ્ટ** મધ્યે લિ. પ.સં.૩, નાહટા. સં. (૯) પંડિત **સમયકીર્તિ**ગણિનાડલેખિ શ્રી **મેદિનીતટે**. ચેનસાગર યતિ ભં., ઉદયપુર. (૧૦) લિખિતં **વીકાનેર** નયરે. પ.સં.૭-૧૩, ક. મુ. (મારી પાસે). [કૅટલૉગગુરા, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૯૫, ૪૨૫).]

[પ્રકાશિત : ૧. પ્રાચીન ફાગુસંગ્રહ.]

**(૧૦૬૭ ખ) થાવચ્ચા સુકોસલ ચોપાઈ** ગા.૧૨૨ ર.સં.૧૬૫૫ **નાગપુર** (**નાગોર**)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) પ.સં.૭, પ્રતિ ૧૭મી સદીની, જિ.ચા. પો.૯૧ નં.૨૨૮૨.

**(૧૦૬૮) નેમિ ફાગ** ગા.૩૦ રણથંભોરમાં

**આદિ –** શ્રી **સિવાદેવી** નંદન **નેમિ,** ભાવઇ પદપંકજ પણમેવિ,
ગાઇસિ **જદુપતિ** બ્રહ્મચારી, હરખિત સુણઉ ભવિક નરનારિ. ૧
**નેમિ** ચલે અવિચલ પદઇ હો, ધન ધન પ્રીતમ રાગ,
**કનકસોમ** ઇણ પરિ રચ્યો, ગઢ **રિણથંભર** ફાગ. ૩૦

(૧) વીકાનેર ભં.

**(૧૦૬૯) નાની કૃતિઓ**—શ્રીપૂજ્ય ભાસ ગીત ગા.૧૧ ર.સં.૧૬૨૮, શ્રીપૂજ્ય ભાસ ગા.૫ ર.સં.૧૬૨૮ (જિનચંદ્રસૂરિ વિશે), નવવાડી ગીત ગા.૨૯, આજ્ઞા સજ્ઝાય ગીત ગા.૧૭

(૧) નાહટા સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૪૫–૪૭, ભા.૩ પૃ.૭૪૩–૪૬ તથા ૧૫૧૪. આ અને આ પૂર્વેના નં.૨૮૨ના કનક કવિ એક હોવાની સંભાવના કરવામાં આવેલી, પરંતુ એ યથાર્થ નથી. બન્નેનાં સમય ને ગુરુપરંપરા જુદાં છે.]

## ૫૧૦. રત્નભૂષણસૂરિ (દિ.જ્ઞાનભૂષણ–પ્રભાચંદ્ર–સુમતિકીર્તિશિ.)

આમાંના સુમતિકીર્તિ(નં.૫૦૮)ના ગુરુભ્રાતા અને શુભચંદ્રના શિષ્ય સકલભૂષણે સં.૧૬૨૭માં 'ઉપદેશરત્નમાલા' નામનો ગ્રંથ રચ્યો છે. (વેબર નં.૩૦૦૮)

**(૧૦૭૦) રુકિમણીહરણ** સુરતમાં

**અંત –** રાગ ધન્યાસી

એક દિવસ રે **શ્રેણિક** પૂછીઉં, તે ભાખ્યું શ્રી **મહાવીર**
**હરિવંશ** મહામાંથી રે લેઇ, ઉધર્યું સુણજો બહુ જન ધીર. ૧
શ્રી **વીર** પછિ રે **ગૌતમ** ઋષિ હવા હવા બહૂ અનુક્રમ્ય સાર,
**પદ્મનંદી** રે યતીવર પ્રગટીયો, દૂરધર જીત્યો માર. ૨
તેહ તણિ પાટિં રે **દેવેન્દ્રકીરત** હવા, શ્રી **વિદ્યાનંદી** મુનીંદ,
હસ્ત વચન રે સિદ્ધ જેહનિં હવિ, નમીત ચરણે રે સુરંદ,
શ્રી **મલ્લિભૂષણ** રે પાટિં તેહનિ, વાદીવર વિખ્યાત
લઘુપણિ સંયમ સ્વામિઇં આદર્યો, પરહરી તાત નિ માત. ૩
શ્રી **લક્ષ્મીચંદ** રે હૂંબડવંશિં હવા, જેણિં જાણ્યો શાસ્ત્રવિચાર,
અંગ પૂરવના રે વેદ ભણાવીયા, તે શિષ્ય ન લાભિં પાર. ૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેહ તણિં પાટિ રે વાદી **વીરચંદ**, જેહનું ચંદ સમાન જ રૂપ
અન્ન વ્યંજન રે વરસ આહાર લગિં, પરહરી રહ્યા રૂષિ ભૂપ. ૫
તેહ અનુક્રમિ રે વાદીવર હવા, શાસ્ત્ર તણા ભંડાર
શ્રી **જ્ઞાનભૂષણ** રે જ્ઞાનિ શોભતાં, ગચ્છ તણા શૃંગાર. ૬
તેહ તણિં પાટિં રે પ્રગટયો **પ્રભાચંદ્ર**, જીત્યો જેણિ લઘુપણિ માર,
શ્રી **સુમતિકીરતિ** રે સૂરિ તેણિં ગચ્છ હવા, ચારિત્ર ગુણ નહિ પાર.૮
તેહ અનુક્રમિં રે **રત્નભૂષણ**સૂરિ રે, રત્નભૂષણ જેહ સાર
શ્રી **જ્ઞાનભૂષણ**ના ચરણ નમિ કહે **ઋખીમણિહરણ** વિચાર. ૯
શ્રાવણ વદિ રે સુંદર જાણિઈ, વલિ એકાદસી દીસ
**સુરત** માંહિ રે એ રચના રચી, જહાં **આદિ**જિન જગદીસ. ૧૦
જે નર એહનિ રે ભણસિ ભણાવસિં, તેહ ઘર મંગલ ચ્યાર
શ્રી **રત્નભૂષણ** રે સૂરીવર ઇમ કહિ, શ્રી **આદિ** જિણંદ જયકાર. ૧૧

(૧) પ.સં.૮-૧૦, સ. ભ.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૧૦-૧૧.]

**૫૧૧. ભવાન** (ત. સોમવિમલસૂરિશિ.)
સોમવિમલસૂરિ જુઓ નં. ૪૪૦.

**(૧૦૭૧) વંકચૂલ રાસ** ૪૮૩ કડી ર.સં.૧૬૨૬ [માસ નથી] શુ.૧૦ પાટણમાં

**આદિ** – ઢાલ વિદ્યાવિલાસના રાસની
સકલ સિધિ દાતાર જિણેસર, સુરનર સારઇ સેવ
**આદિ** જિણેસર **સેત્રુંજ**મંડણ, દુરિયવિહંડણ દેવ. ૧
**તારંગે** રંગે વંદીજે, લીજે નામ જિણંદ,
**અજિત** જિણંદના જે ગુણ ગાવે, પામે તે પરમાણંદ ૨
**સુમતિનાથ મહિસાણે** સોહે, તનુ જિમ ભાંણ
સંકટ વિકટ સેવતાં ચૂરે, પૂરે નવે નિધાંન ૩
શ્રી **ચંદ્રપ્રભ પાટણે દેવકે**, સેવ કરો નરનારી,
ભાવ ધરી નિરંતર ધ્યાઓ, સુખ પામો ઘરબારી ૪
**શાંતિદેવ દક્ષિણદિ** જાણો, આણો હૈડે ધ્યાંન,
પારેવા પ્રભુ પરતખિ રાખિઉ, તિહાં દાખ્યો ઉદયા દાંન. ૫
**ભરૂઅચે મુણિસુવ્રિય** વાંદીજે, કીજે સેવા સારી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકચિત્તિ નિરંતર ધ્યાઓ, જિમ પામો દેવદ્વારી. ૬
**નેમનાથ**નામે હુઇ નવનિધિ, ઋદ્ધિ વૃદ્ધિ દાતાર,
ઉજલ ભાવે સીસ પઇ નાંમિએ, તે પામે ભવપાર. ૭
**ગુડી થંભણ શ્રી શંખેસર**, પરમેસર પ્રભુ **પાસ**
એ જિનવર સુખકર જગનાયક, દાયક શિવપુરવાસ. ૮
**સાચોરે શ્રી વીર** જ વંદો, કંદો પૂરવ પાપ,
દોહગ દુરગતિ દૂરે પલાઇ, થાઇ નિરમલ આપ. ૯
સહિગુરૂપય પ્રણમીને બોલિસુ, **વંકચૂલનો રાસ,**
**સરસતિ** સાંમિણિ પાઇ લાગું, માગું વચનવિલાસ. ૧૦

**અંત –** સંવત **સોલ છવીસમે,** રાસ રચ્યો ઉલ્હાસિ
શુક્લપક્ષિ દશમી દિને, **સોહિઆ** ચોમાસિ. ૪૭૮
**તપગચ્છિ** ગુરૂ એ ગુણનિલો, શ્રી **સોમવિમલ** સૂરીસ,
પરિવાર સહિત એ ગુરૂ વલી, પ્રતિપો કોડિ વરીસ. ૭૯
**કાશ્મીરપુર પાટણિ,** જિહાં મૂલનાયક **પાસ,**
ચરણકમલ તેહના નમી, કીધો **વંકચુલ રાસ.** ૮૦
ભાવે ભણે સુણે જે સદા, આંણી અંગિ ઉલ્હાસ
નવનિધિ તસ ઘરિ નિર્મલી, અનુક્રમે શિવપુરિ વાસ. ૮૧
એહ ચરિત્ર **વંકચૂલ**નું, મેઇ કહ્યું બે કર જોડિ,
અધિકૂં ઓછું જે કહિઉં, કોઇ મ દેયો ખોડિ. ૮૨
કહિ કવીયણ જે સાંભલે, હીઇ ધરી બહૂ ધ્યાંન
તે પામે શિવસંપદા, કહે કર જોડિ **ભવાન.** ૪૮૩

(૧) સં.૧૬૮૨ આષાઢ શુદિ ૭ **ભોમે આગમગચ્છે ધંધૂકપક્ષે મેઘરત્નસૂરિ** તત્પરિવારેન **પસાગરી જયસુંદર** લિષિતં. પ.સં.૧૪–૧૬, રત્ન. ભં. દા.૪૩ નં.૯.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૧૬–૧૭.]

## ૫૧૨. રંગસાર (ખ. ભાવહર્ષશિ.)

**(૧૦૭૨) ઋષિદત્તા સતી ચોપાઈ** ર.સં.૧૬૨૬ આસો **જોધપુર**

**આદિ –** પઢમ પણમિય પઢમ પણમિય તિત્થ ચઉવીસ
હંસાસણિ ગયગમણિ વાગવાણિ **સરસતિ** નમેવિ
કરિ પુસ્તક વીણ વર કલસ ચિન્હ સાસણદેવિ
તાસુ તણઉ સુપસાઉ લહિ, હીયઇ હરષ ધરેવિ

जैन साईट JAINSITE जैनम् जयतिशासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી **ઋષિદત્તા** સતી તણુઉ, ચરિત કહિસુ સંખેવિ. ૧

**અંત** – શ્રી **મંડોવર મંડોવર** મંડણુઉ સામીય સામીય **પાસ** કુમાર કઈ
**જોધનયર** વિહિ જિણહરઈ, નમતાં નમતાં મનિ આણુંદ કઇ. શ્રી
મંડણુઉ શ્રી **ખરતર** વિહારઇ, સ્વામિ **મુનિસુવ્રત** વલી
શ્રી **શાંતિ** કુંથુ અનઇ **વિમલ**, જિન **સુમતિ** નમતાં મનિ રલી
સામિણી **સરસતિ** સુપ્રસાદઇ, એ પ્રબંધ રચ્યઉ ભલઉ
સંવત **સોલ છવીસ** વછરિ, માસ આસૂ ગુણનિલઉ. ૧૪
શ્રી **ખરતરગચ્છ** રાજીવઉ એ શ્રીય જિન **જિનચંદ** ઉદાર કઇ
શ્રી **ભાવહરષ** ગુરૂ ચિર જયઉ એ મહીયલિ મહીયલિ કરઇ વિહાર કઇ
ગુણનિલઉ સુગુરૂ સફલ સુરતરૂ, સંઘ શાખા વિસ્તરઇ
તસુ સીસ મુનિ **રંગસાર** જંપઇ, એ પ્રબંધ ઇસી પરઇ
જે ભવિય ભણુસ્યઇ અનઈ સુણસ્યઇ. તાહ ઘરિ હવઇ સુખ ઘણા.
નવ નિધિ **ઋદ્ધિ સમૃદ્ધિ** થાયઇ, સદા વૃદ્ધિ વધામણા.

(૧) પ.સં.૭, પ્રતિ ૧૭મી સદીની, જિ.ચા. પો.૮૦ નં.૨૦૦૭. (૨) પ.સં.૮, અભય. પો.૧૧ નં.૧૦૨૦ (૩) પ.સં.૮, પ્રત ઠીક છે, કૃપા. પો.૪૫ નં.૭૮૯.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૧૯-૨૦.]

जैन साइट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## ૫૧૩. અજ્ઞાત

**(૧૦૭૩) સીતા પ્રબંધ** (શીલ વિષયે) ૩૪૯ કડી ૨.સં.૧૬૨૮ રણથંભોરમાં

**આદિ** – સકલ મનોરથ સિધકર, પ્રણમીય શ્રી **વર્ધમાન**,
સીલ તણાં ગુણ વર્ણવઉં, પહુવી પ્રસિદ્ધ પ્રમાણ. ૧
સીયલિ સિવસુખ સંપજઇ, સંકટ જાઇ દૂરિ,
દેવ દાણવ સેવા કરઇ, શીવલઇ સમરસ પૂર. ૨
સીલઇં જસ જગિ ગિહિગહિ, સીલઇ દિન દિન નામ,
સીલઇ સિવસુખ સંપજઇ, સીલઈં જનમ પ્રધાન. ૩
સીલપ્રભાવિ આગ્ન ટલી, થાપઈ નિરમલ નીર
**સીતા** જિમ પ્રભાવિ (હૂ)યઉ, કહિસુઉં તે વર ધીર. ૪

**અંત** – તવ તે **રામ** નિં **સીતા** બેવ, વૈરાગિ જિન દખ્યા લેય,
તપ જપ સંયમ પાલી ખરઉ, **રાંમિ** કર્મક્ષય કર્યંઉ. ૩૪૭
વૈકુંઠઇ પહુતા શ્રી **રામ, સીતા** દેવ થઇ અભિરામ,
કરમક્ષય કરિ લહિસિ નિરવાણ, સીલ ઉપરિ એ કહિઉ પ્રબંધ.

સંવત સોલ અઠવીસા વર્ષે, ગઢ રિણથંભર અતિહિ જગીસઈ.
સાહ શ્રોખા કહણથી કીયઉ, સેવકજનનિ સિવસુખ દીયઉ. ૩૪૯

(૧) સં.૧૬૫૩ કા. વદિ ૩ ગુરૂ નાગપુર મધ્યે લિ. પ.સં.૧૧-૧૬, ગુ. નં.૬૬-૧૫. (હવે બંડલ નં ૪૩ નં.૪૮૮)
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૨૯-૩૦.]

**૫૧૪. ડુંગર** (અંચલગચ્છ ધર્મમૂર્તિસૂરિ-ક્ષમાસાધુશિ.)

**અંત** – ઇય **વીર** જિનવર સયલ સુખકર નયર **વડલીમંડણો**,
મિં થુણ્યો ભગતિ પ્રવર સુગતિ (પા. ભલીય સુગતિ), રોગસોગ-
વિહંડણો.
**તપગચ્છ** નિરમલ ગયણ દિણયર શ્રી **વિજયસેન** સુરીસરો,
કવિ **કુશલવર્દ્ધન** સીસ પભણઇ **નગાગણિ** મંગલકરો. ૫૩

(૧) સુશ્રાવિકા સં. **સોહાગદે** પઠનાર્થં. લિ. ગણિ શ્રી ઉત્તમસાગરેણ સં.૧૬૯૮ આશ્વિન સુદિ ૫ બુધે ઉગ્રસેનપુર મધ્યે. પ.સં.૫-૯, મો. મોદી સાગર ઉ. પાટણ દા.૮ નં.૪૦. (૨) સં.૧૭૧૦ લિ. ગંધાર બંદરે સુશ્રાવિકા **મૂલિ** પઠનાર્થં. પ.સં.૫-૧૨, આ.ક.ભં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૪૦૪, ૪૪૫).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૬૮-૬૯ તથા ૨૯૦, ભા.૩ પૃ.૭૯૦-૯૧ તથા ૧૬૦૦. 'સિદ્ધપુર જિન ચૈત્ય પરિપાટી'ના કર્તા ભૂલથી કુશલવર્ધન નોંધાયેલા તેમ જ 'વીર જિન સ્તવન' નગાઋષિ તથા કુશલવર્ધન બન્ને નામે મુકાયેલું.]

## ૫૪૧. વિજયશીલ (આં. હેમશીલશિ.)

**(૧૧૨૭) ઉત્તમચરિત ઋષિરાજચરિત ચોપાઈ** ૬૩૧ કડી ર.સં.૧૬૪૧

ભા.વ.૧૧ શુક્ર ખલાવલિમાં

**અંત** – શ્રી **અંચલગચ્છ**શૃંગાર રે, શ્રી **ગુણનિધાન**સૂરિ સાર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તસ પાટિ સદા ઉદયવંતા રે, સૂરિશ્રી **ધર્મમૂર્તિ** જયવંતા. ૬૨૬
તસ ગચ્છવિભૂષણ ભાણુ રે, જગિ મહિમાવંત સુજાણુ,
શ્રી **હેમશીલ** મુનિરાય રે, વરવાચક વંશ સુહાયા. ૬૨૭
તસ સીસ ભણઇ **વિજયશીલ** રે, રાસ સુણુતા લહીઇ લીલ,
સંવચ્છર **સોલ એકતાલઈ** રે, ભાદ્રવા વદિ વરસાલિ. ૬૨૮
ઇગ્યારસ સુકરવારે રે, શ્રી **શીતલ**જિન આધારઇ.
**ષ(?)લાવલિ**પુર ચઉમાસિ રે, રાસ રચીઉ મનિ ઉલ્હાસિ. ૬૨૯
કવીયણ હોજ્યો સુપ્રસંન રે, સુણઇ એક વલી વચન રે,
કહિઉં અધિકઉં ઉછઉં જેહ રે, ભણી ખરૂ કરી સહૂ તેહ. ૬૩૦
**ચક્કેસરિ** દેવિ સાનિદ્ધિ રે, ઊપજઈ વર ઉત્તમ બુદ્ધિ,
પભણુતાં રાસ રસાલ રે, હુઇ ઋદ્ધિ વૃદ્ધિ સુવિશાલ. ૬૩૧

(૧) લ.વા. **વિજયમૂર્તિ**ગણિના સં.૧૬૭૬ દ્વિ.શ્રા.વદિ ૪ બુધે લ. વણથલી ગ્રામે સ્વવાચનાય. પ.ક્ર.૧થી ૧૩ પં.૨૧, દે.લા.પુ.લા. નં.૧૧૦૦–૪૬૬.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૭૭૪–૭૫.]

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## ૫૪૨. ધર્મરત્ન (ખ. જિનમાણિક્યસૂરિ–માણિક્યમંદિર–કલ્યાણધીરશિ.)

**(૧૧૨૮) જયવિજય ચોપાઈ** ૨.સં.૧૬૪૧ વિજયાદશમી સિતવાર આગરામાં

**અંત** – **ખરતર**ગચ્છિ ઉદાર, **ચોપડા** સાખિ શૃંગાર
પાટ ત્રેવીસમઈ રાજઈ, શ્રી **જિનમાણિક્ય**સૂરિ ગાજઇ. ૪૦
સીસ તેહનઉ સુંદર ગુણ ગણિ **માણિક્યમંદિર**. ૪૧
શ્રી **કલ્યાણધીર** વાચક, નામઈ નાસએ પાતક
સીસ તાસ વર ભાવઈ **ધરમરતન** ગૂણ ગાવઈ. ૪૨
શ્રી **જિનચંદ્ર**સૂરિ રાજઇ કથા કહી સુષ કાજઈ
સંવત **સસિકલા** માનઇ **ઈગતાલઈ** સુય પ્રધાનઇ ૪૩
આસૂ માસ ઊદારઇ વિજયદશમી સિતવારઈ
**આગરા** નયર મઝારઈ **સારદ** તણઈ આધારઈ ૪૪

(૧) પ.સં.૨૩, કૃપા. પો.૪૫ નં.૭૮૧. (૨) વિ.ધ.ભં.

**(૧૧૨૯) તેર કાઠિયા સઝાય**

(૧) પ.સં.૨–૧૭, હા.ભં. દા.૮૨ નં.૫૦. (ઋષિદત્તા રાસને અંતે)

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૬૭-૬૮, ભા.૩ પૃ.૭૬૫.]

## ૫૪૩. અજ્ઞાત

**(૧૧૩૦) શ્રીદત્તનો રાસ** ૨૩૦ કડી ર.સં.૧૬૪૧ ધનતેરસ [બુધ?] ધણુદીપિકા-ગણદેવીમાં

**આદિ** – મંગલ મંગલ કરણુ **સિદ્ધાયગ** એ વીરહ **વીર** તણી રખવાલિ કે
સુવચન-સંપદ-દાયકા એ સુંદર સુંદર રૂપની આલિ કે મંગલકરણુ
**સિદ્ધાયકા** એ. ૧

ત્રૂટક

**સિદ્ધાયગ** વર મંગલકરણી જાડ્યહરણી કવિ તણી,
વૈરાગ્ય રંગહ રાસ રચતાં આસ પૂરે મન તણી.
વૈરાગ્યકારણુ પાપવારણુ સાંભલુ સહૂ કો જના,
આલસ છંડી સંવર મંડી તે કથાનક એકમના. ૨
જીવહ જીવહ સયલ સંસારમાં એ બહુ ભમઇ (૨) કરમસંયોગિ કિ,
કાલ અનંતુ વલીવલી એ, છૂટઇ એ (૨) નહિ કોઇ લોક કે
જીવહ સયલ સંસારમાં એ. ૩
સંસારમાં જીવ કરમ કારણિ પિતા પુત્રહ અવતરઇ,
જે પૂત્ર હુઇ તે પિતા થાઇ નારિ ઉદરિં પ્રોઉ ધરઇ.
જે સુતા નારી જણિ સારી તેહ સ્યું વલી સ્રીપણું,
ઇમ જીવ જગ માંહિ ફરઇ ભવિભવિ કરમિ ઇહ ભમિ અતિ ઘણું,
**શ્રીદત્ત શ્રીદત્ત** જિમ કરમઈ કરી એ વીતક વીતક અપાર કે
ભોગવિ હૂઉ કેવલી એ, તરીઉ (૨) ભવજલપાર કે **શ્રીદત્ત** જિમ
કરમઈ કરી. ૫
**શ્રીદત્ત** તે કિમ હુઉ હુઉ કરમઇ કવણુ ખેત્ર કુણુ ઠામ એ,
કુણુ તાત માડી સુ વાત તેહની, સુણુ અતિ અભિરામૂ એ.
તેહ ચરિત્ર જાંણી ભાવ આંણી, પ્રાણી ધરમકુ સ્યૂં રમુ,
ક્રોધ લોભ માંન અતીવ માયા, મન વચ કાયાથી ગમુ. ૬

**અંત** – રાગ ધન્યાસી ઢાલ ૨૧

**શ્રીદત્તચરિત** વર ભાવ સ્યૂં રચિત એ, ખચિત વૈરાગ્યરયણે સુસાર
જે સુણઇ નારિ-નર મન કરી તતપર અજર અમર લહિ પદ
ઉદાર. ૨૭ શ્રીદત્ત.
પાપનું નાસન પૂન્યનૂં વાસન આસન દેઇ ભવજલધિ પાર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાવનકરણુ એ કરણુ ગત જેહનઇ, શરણિ ભવન્તમણિ એ વારંવારં.
સર્વ વિઘનાંહર હિતકર શિવકર, ગુણુકર પ્રવર જેહમાં વિચારં,
નાગરચિતિ હુઇ સ્વાદના આગર, કેવલ અમિઇ મઇ સુખપ્રચારં.
ગ્રામ ધનદીપિકા માંહિ ઉચ્છાહ સ્યૂં, વિરચિત ચરિત શ્રીદત્ત કેરૂ,
જ્યોતિ તારાગણુ ચંદ્ર રવિમંડલ, ભૂ અનઇ જિહા લગઇ સુમેરૂ.
સંવત શાંતિમિત એકતાલઈ રચિઉ, માસ દીપાલિકા દ્વિતીય પક્ષ,
દિવસિ ધનતેરસિ પૂરણુ મનરસિં, વાર તે વાણીઉ જાણિ દક્ષ. ૨૩૦

(૧) વૈરાગ્ય રંગ વિષયે. પ.સં.૧૩, વી.ઉ.ભં. દા.૧૭.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૬૪.]

## ૫૪૪. વચ્છરાજ (પાર્શ્વચન્દ્રસૂરિ–સમરચંદસૂરિ–રત્નચંદચારિત્ર–શિ.)

આ કવિએ શ્લોકબદ્ધ 'શાંતિનાથ ચરિત્ર' રચેલ છે. જુઓ નાગપુરીય તપાગચ્છની પટ્ટાવલિ, રાજચંદ્રસૂરિના મથાળા નીચે.

**(૧૧૩૧) સમ્યક્ત્વ કૌમુદી રાસ** ૧૪૮૪ કડી ર.સં.૧૬૪૨ માઘ શુદિ ૫ ગુરુ ત્રંબાવતી (ખંભાત)માં

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આદિ– વસ્તુ છંદ

**વીર** જિણુવર **વીર** જિણુવર સુગુણુ ભંડાર
સર્વ સંઘ કલ્યાણુકર, જાસુ તિત્થ જયવંત જાગઇ,
મનવંછિત ફલ તે લહઇ, જય જીવ તસુ ચરણિ લાગઇ,
અકલ રૂપ તિહુયણુતિલઉ, ત્રિભુવનુ આધાર,
ચઉવીસ જિનપતિ નમું, જિમ લહઉ હર્ષ અપાર. ૧
**વડ તપાગચ્છિ** વડતપાગચ્છિ **શ્રી પાસચંદ** સૂરીસર
તસુ પય પ્રણમી હું રચઉં, સરસ સાર સંબંધ
શ્રી **સમાકત ગુણુ કોમુદી,** વિમલકથા પ્રબંધ. ૨

ચઉપઈ.

**ગૌતમ** ગણુધરનઉ લ્યઉ નામ, શ્રી **રયણુચંદ** ગુરૂ કરૂં પ્રણામ,
જાસ પસાંઇ અવિચલ બુધિ, સીઝઇ સઘલી વંછિત સિદ્ધિ. ૩
કહઉં **સમકિત કૌમુદી** વૃત્તાંત, આણુંદિઇ સાંભલિયો સંત,
સમકિત ધરતાં સુણુતાં થાઇ, પાવ સવે તે દુરિ પલાઇ. ૪

અંત - ચુપૈ.

શ્રી **મહાવીર સોહમ** ગણુધાર, તાસ પરંપર આવ્યા સાર,
વડતપગચ્છનાયક મુનિચંદ, શ્રી પૂજ્ય **પાસચંદ**સૂરિ. ૪૫
તાસ પટોધર અધિક જગીસ, શ્રી **સમરચંદ** સૂરીંદ સુણીસ.
તાસ પાટિ પ્રભાવક ભલા, શ્રી **રાજચંદ**સૂરિ ચડતી કલા. ૪૬
શ્રી **સમરચંદ**સૂરિ સીસ પવિત્ર, વાચક શ્રી **રત્નચરિત્ર**,
તાસ સીસિ રચી ચુપઈ, ગુરૂપ્રસાદિ પૂરી થઇ. ૪૭
ગુરૂપ્રસાદિ ટલઇ અજ્ઞાંન, ગુરૂપ્રસાદિ જગિ બહુમાંન,
ગુરૂપ્રસાદિ સંકટ દૂરિ, ગુરૂપ્રસાદિ મહિમા ભરપૂર. ૪૮
ગુરૂ દીવઉ ગુરૂ તારણુહાર, ગુરૂ છઈ ત્રિભુવનનુ દિનકાર,
વાધઇ ચંદ્ર થીકી જિમ વેલિ, તિમ ગુરૂથી વાંણી રસકેલિ. ૪૯
**ત્રંબાવતી** નગરી સુખવાસ, **થંભણુ** શ્રી **નવપલ્લવ પાસ**,
તાસ પ્રસાદિ રચી ચુસાલ, શ્રી સમકિતગુણુ કથા રસાલ. ૫૦
ગ્રંથિ કહી કથા કેલવી, કહિઉ ઉછઉ અધિકઉ મેલવી,
દૂષણુ લાગું તે સંઘ સાખિ, ખમાવઉં ચોખું ચિતિ રાખી. ૫૧
આઘઉ પાછઉ અક્ષર જેહ, મિલતું જોતાં નાવઈ તેહ,
રચિયો ઠાંમિ સોધી કવિ કહૂં, કર જોડી કવિ ભાખઇ બહૂ. ૫૨
નવનવ રસ ઉત્તમ નવખંડ, સમકિત ગુણ રચીયા અખંડ,
ભણઇ ગુણઈ સુણઇ સદ્દહઈ, ઋધિ વૃદ્ધિ સુખ તે નર લહઈ. ૫૩
ચંદ સૂર મેદની આકાસિ, સુરગિરિ ધ્રુ તારઉ સુવિકાસ,
વર્ત્તઇ અવિચલ એહ જિહાં જગઈ, એહ પ્રબંધ જયુ તિહાં લગઇ. ૫૪
સંવત **સોલ બઈતાલા** તણુઉ, માઘ માસ અતિ રલીયામણુઉ,
ઊજલિ પખિ પંચમિ ગુરૂવારિ, સિધિ યોગ શુભ મહૂર્ત્ત સાર. ૫૫
સમકિતકૌમુદી ગ્રંથ નિહાલિ, એહ ચુપઇ કીધી સુવિશાળ,
એહ માંહિ અણુમિલતુ જેય, સોધી સૂધઉ કરિયો તેય. ૫૬
કાવ્ય શ્લોક દૂહા ચુપઇ, વસ્તુ છંદ સવિ એકઈ થઈ,
ચૌદસઈ ચુરાસી હોઇ, એહ ચઉપઇની સંખ્યા જોઇ. ૫૭
સમકિત સહિત જિનભાષિત ધર્મ્મ, આચરતાં હુઈ શિવપદશર્મ,
ઋષિ **વછરાજ** કહિ આણુંદ આણિ, નવખંડ ઊપરિ ચૂલિકા જાંણિ. ૫૮



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) સં.૧૬૫૯ ભા.વ.૧૧ બુધે દેવજી લિ. પ.સં.૫૭–૧૫, લે. પાટણ દા.૩ નં.૨૪. (૨) સં.૧૮૯૩ દ્વિ.અસાઢ કૃ. અમાંવાસ્યા સુકે સૂર્યપૂરે નગરે શ્રી સાંતિનાથ પ્રસાદેન, રાજવિજે સૂરાસ્વર ગછે પદ્દાલંકાર ભ. રત્નવિજેંઅ સુરિ પદ્દે ભ. શ્રી હિરરત્નસુરિ પદ્દે જયરત્નસૂરિ પદ્દે ભાવરત્નસૂરિ પદ્દે શ્રી દાનરત્નસૂરિ પદ્દે કીર્તિરત્નસૂરિ શિ. ભવારત્ન શિ. સૌભાગ્યરત્ન શિ. રાજેંદ્રરત્ન શિ. મુનિ તેજરત્ન લ. ભોજક પ્રેમચંદ જેઠા સુર્યપુર મધ્યે સં.૧૮૯૩ બિજા અસાઢ વદ શ્રી...પ.સં.૫૫–૧૫, ઝીં. દા.૩૪ નં.૧૫૯. (૩) પ.સં.૫૭–૧૬, દે.લા. નં.૧૩૮૩–૪૯૩. (૪) દેવવિજયગણિ શિ. તેજવિજય લિ. પ.સં.૪૧, લીં.ભં. દા.૨૨. (૫) પ.સં.૫૮, ગ્રં.૨૨૮૪, લીં.ભં. દા.૪૫ નં.૯. (૬) ઇતિ શ્રી સમ્યકત્વ કૌમુદી ચુપઇ સંપૂર્ણ, સંવત સોલ ચઉરાસી વર્ષે પોષ માસે શુકલપક્ષે ચઉથ દિને લિખિતં ઋ. કુવરજી પઠનાર્થં. શુભં ભવતં. મ.બ. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૧૮ – ભૂલથી સમરચંદ્રને નામે).]

**(૧૧૩૨) નીતિશાસ્ત્ર પંચાખ્યાન (પંચતંત્ર) ચોપાઈ** [અથવા રાસ]

૩૪૯૬ કડી ર.સં.૧૬૪૮ આસો શુ.૫ રવિ

આદિ – આદિ જિણવર આદિ જિણવર વિમલ ગુણગેહ  
ત્રિભુવનમંડન જગિ જયઉ, સકલ મંગલવૃદ્ધિકારક,  
લોકાલોકપ્રકાશકર નાણભાણ જગજીવતારક,  
નાભિરાય-મરૂદેવિસુત મનવાંછિત દાતાર,  
પરમપુરૂષ એ પ્રણમતાં સુખસંપત્તિ ફલ સાર. ૧  
વિમલદેવી તણુ વેલગસુઉ પ્રાગવંશસિંગાર  
સિરિ પાસચંદસૂરી ભવિયણ સુહદાયગો જયઉ. ૨

દૂહા – ગુરૂ મોટા ગુરૂ સાગરૂ, ઉત્તમ મેરૂ સમાણ,  
ભવિયકમલ પડિબોહિવા, દિનકર મહીમંડાણ. ૩  
નિર્મ્મલ મહિમા અતિઘણુ, પસરઈ કીરતિપૂર;  
શ્રી ગુરૂસેવા સાધતાં, દુરિવ પણાસિ દૂરિ. ૪  
સોમકલા ગુણિ ચંદ્રમા, શ્રી પાસચંદ સૂરિરાય,  
ભવજલતારણ પોત સમ, પ્રણમું તેહના પાય. ૫  
નમતાં શ્રી ગુરૂચરણકમલ, હિયડઈ હર્ષ ન માઇ,  
શ્રી ગુરૂનામ સુમંત્ર જિમ, સમરતાં સુખ થાઇ. ૬  
ગુરૂ-આધારઈં પામિયઇ, ન્યાનકલા અભિરામ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિનયવિવેક સવિ સંપદા, વંછિત સીઝઇ કામ. ૭
જગિ જે જે વિદ્યા અછિ, તે સવિ સુગુરૂ પ્રમાણિ,
તેલબિંદુ જિમ જલિ મિલ્યઉ, પસરઇ સંસયમાણિ. ૮
જઉ ગુરૂ તૂસી ભાવ સ્યઉં, અક્ષર એક દીયંતિ,
વટવૃક્ષના બીજ જિમ, સય સાખઈ પસરંતિ. ૯
માતપિતા બંધવ સગા, જેતઉ હિત ન કરંતિ,
જંગમ તીરથ અતિ ભલા, તેતઉ સુગુરૂ કરંતિ. ૧૦
શ્રી ગુરૂસંગિઈ રંક જીવ, આરાધી ચારિત્ર,
**સંપ્રતિ** રાજા પામિયઉ, રાજ વિશાળ પવિત્ર. ૧૧
કરઇ કરૂ એસિ હુ જીવની, ઉપગારી ઉલ્લાસ,
તે ગુરૂ વંદઉ ભાવ સ્યઊં, જેહથી ન્યાનપ્રકાસ. ૧૨
બ્રહ્મચર્ય સૂધઉં ધરઇ, સીહ જેમ અબીહ,
સત્યવંત ગુણ નિર્મલા, ધર્મવંત ધુરિ લીહ. ૧૩
મધુકર લીનઉ કમલરસિ, જિમ જલિ લીનઉ મીન,
તિમ શ્રી ગુરૂપદપંકજઇ, મુઝ મનમધુકર લીન. ૧૪
ગુણ ઘણા શ્રી ગુરૂ તણા, વદનઇ જિહ્વા એક,
તિણિ એહ જાણુ વાનગી, પંડિત જણુ સવિવેક. ૧૫
શ્રી ગુરૂના પ્રસાદથી, અવિચલ અવિઘન વાણિ,
હુજ્યો સાનિધિ મુઝ ભણી, ગ્રંથ કરંતાં જાણિ. ૧૬
ચુપઇ – શ્રી **રયણચંદ** ગુરૂ પ્રણમી કરી, આણંદ હિયડઇ અધિકઉ ધરી,
**પંચાખ્યાન** તણી ચુઉપઈ, રચિસ્યું સાવધાન હું થઈ. ૧૭
કવિતા કહિ શ્રોતા સુણુ લહઈ, વિગતા અર્થ વિચારી ગ્રહઇ,
ત્રિણિ રંગ જુ એકઠ મિલઈ, તુ સવિ કારિજ સહજઈ ફલઇ. ૧૮
પંડિત મોટા આગિ હૂઆ, બુદ્ધિપ્રપંચ તેહના જૂજૂઆ,
તે આગલિ મુઝ બાલા બુદ્ધિ, પૂરા ન લહઉં અક્ષર સુદ્ધિ. ૧૯
ઉત્તમ ગ્રંથ ભણી ઊમાહ, આવઈ મન માંહિ બહુ ઉછાહ,
જેહથી વાધિ બહુલી બુદ્ધિ, લહિયઇ ચિહું પુરૂષારથસિદ્ધિ. ૨૦
ગ્રંથજ્ઞાન થોડઉ છિ ચિત્તઇ, શાસ્ત્રરાગ પ્રેરઈ મુઝ પ્રતિઇ,
કરઇ કોઇલ જે મધુરઉ નાદ, વિકસિત આંબા તણું પ્રસાદ. ૨૧
નીતિશાસ્ત્ર સુણઉ દેઇ કાન, જહથી વાધિ કીરતિમાન,
સંપત્તિ પામઇ કીરતિવંત, મહિયલિ હુવઈ મહિમાવંત. ૨૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રુતસાગર ઊતરિવા પારિ, નીતિ બુદ્ધિ હોઈ પ્રવહણ ધારિ,
જુ પ્રજ્ઞાબલ ચિત્તિઈ હોઇ, ધર્મ કર્મ તે પામઇ સોઇ. ૨૩
પંચ અધિકાર ઇહાં જાણિવા, આદર કરિ હિયડઈ આણિવા,
જાણ અજાણ જિમ સમઝઈ બાલ, ચઉપઈ તિમ કરિસ્યું સુવિશાલ.
૨૪
**વિષ્ણુશર્મા** બ્રાહ્મણ મતિનિલઉ, **શ્રીગોડ**ન્યાતિ વડઉ કુલતિલઉ,
સરસ કથા તિણિ કહી કેલવી, **પંચાખ્યાન** આખ્યા અભિનવી. ૨૫
કવિયણ કલ્પિત બોલ જે કહ્યા, રાજપ્રજારંજક તે લહ્યા,
જેહથી દુરજન નામઇ સીસ, દિનદિન વાધઈ અધિક જગીસ. ૨૬
તસુ ઉતપતિ ભાષી કુણ દેશ, ગામઠામ કહિસ્યઉં સુવિશેષ,
કથા કવિત રસ હિયડઈ ગ્રહી, વાત વિચારી વિગતિઇં લહી. ૨૭

*

ચઉપઇ નાંમ કથા કલ્લોલ, પંચઇ તંત્ર રચ્યા અમોલ
ગુરુપ્રસાદ સુંદર સંધનું, તિણિ પ્રારંભ પૂરઉ નીપનું. ૪૩
**વડતપગચ્છ** સોહઈ અતિભલા, શ્રી **સાધુરતન** પંડિત નિરમલા,
તાસ સીસ શિરોમણિ રાય, શ્રી **પાસચંદ**સૂરિ કોમલકાય. ૪૪
**પોરવાડ** વંશઇ સિણગાર, **વેલગ**તાતકુલઇં અવતાર,
**વિમલાદે** માતા ઉદાર, શ્રી **પાસચંદ** થયા ગણધાર. ૪૫
તાસ પાટિ હૂઆ મુનિ સુદ્ધ, શ્રી **સમરચંદ** સૂરિંદ પ્રસિદ્ધ,
પાટપ્રભાવક તેહના સીસ, શ્રી **રાજચંદ**સૂરિ અધિક જગીસ. ૪૬
શ્રી **સમરચંદ**સૂરિ શિષ્ય ઉદાર, શ્રી **રતનચંદ** પંડિત તસ વિચાર,
શ્રી ગુરૂનો પામી સુપસાય, ગણિ **વચ્છરાજ** જિન પ્રણમઇ પાય. ૪૭
સંવત **સોલ અડતાલા** તણઇ, આસૂ માસ અતિ રલીયામણઇ,
પંચમ તિથિ ઉત્તમ રવિવાર, શુભ મુહૂરત એ કીધી સાર. ૪૮
એહ રચીછઇ બુદ્ધિ પ્રમાણિ, સુકવિ ખોડિ ન દેવિ જાણિ,
અણમાત્રાનું અણજુગતુ જેહ, સાંઈ સૂધઉં કરિવઉં તેહ. ૪૯
સરજલથી ઉપજે શતપત્ર, ગંધપવન વિસ્તારઇ તત્ર,
તિમ ઉત્તમ કરઈ ઉપગાર, પરગુણગ્રહણરસિક સવિચાર. ૫૦
દૂહા શ્લોક કાવ્ય નઈ વસ્તુ, આર્યા ચઉપઇ મિલી સમસ્ત,
સર્વ અંક ગણતાં ચઉપઈ, ચઉત્રીસ સય છનું સવિ થઇ. ૫૧
એ માંહિ બુદ્ધિપ્રપંચ અનેક, તેહ સુણીનઇ કરઉ વિવેક,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાપબુદ્ધિ સઘલી પરિહરઉ, ધર્મબુદ્ધિ નિજ હિયડઈ ધરઉ. ૫૨
પાપબુદ્ધિ તે અછિ અનાદિ, તેહનાં ફલ લહી ગ્રંથપ્રસાદિ,
ઉત્તમ ધર્મબુદ્ધિ અભ્યાસ, કરતાં પામિ શિવપુરવાસ. ૫૩
એહ માહિ અણુમિલતા જે અર્થ, તે છંડઇ જાણી સમર્થ,
મિલતા જુગતા વિગતા સહુ, તે જાણી મનિ ધરિવા બહૂ. ૫૪
હરષિઇ ભણિ ભણાવઇ સુણઈ, બુદ્ધિ વિચાર પામિ ગુણ ઘણઇ,
તિહાં ધરિ સંકટ નાવઇ કદા, અષ્ટ મહાસિદ્ધિ લહઈ સંપદા. ૫૫
ઋદ્ધિ વૃદ્ધિ વંછિત કલ્યાણ, નવનિધિ પામઇ થાઇ જાણ,
ભણતાં ગુણતાં અધિક જગીસ, શ્રી **રયણચંદ**નુ બોલઈ સીસ. ૫૬
પંડિત **રતનચારિત્ર** વદીત, પસર્યા નિર્મલ બહુ ગુણ ગીત,
તાસ સીસ **વચ્છરાજ** વષાંણિ, **પંચતંત્ર** કહિઉ ગુણજાણ. ૫૭

(૧) સં.૧૮૧૩ ચૈત્ર વદિ ૯ ભોમ લ. **ખંભાયત** બંદરે. પ.સં.૧૬૧–૧૩, રત્ન.ભં. દા.૪૧ નં.૨૮. (૨) સં.૧૬૮૭, પ.સં.૧૪૬, જૂનો સંગ્રહ સંઘ ભં. પાટણ દા.૩૬ નં.૩૦. (૩) પ.સં.૩૨, અધૂરી, ડે.ભં. દા.૭૦ નં.૧૮. (૪) બાલચંદ્ર યતિ કાશી રામઘાટ ભં. નં.૨૫ (વે.). (૫) નીતિશાસ્ત્ર પંચાખ્યાન વિષ્ણુશર્મા પ્રણીતે કથાકલ્લોલ સંયુક્તમ્ પરીક્ષિતકારિનામા પંચમતંત્ર સંપૂર્ણ. પ.સં.૧૨૯–૧૫, વિ.ધ.ભં. (૬) સંવત્ ૧૭૬૨ વર્ષે ચૈત્ર સુદિ ૧૧ દિને વાર શનૌ લિખિતં સહર **પટ્ટણ**કે મુકામ લસકરમૈ લિખ્યૌ **મયગલસાગરેણ**. પ.સં.૮૫, વિ.ધ.ભં. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૩૪).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૬૯–૭૪, ભા.૩ પૃ.૭૬૭.]

## ૫૪૫. સકલચંદ્ર ઉપાધ્યાય (ત. હીરવિજયસૂરિશિ.)

સકલચંદ કોઈ વખત વિજયદાનસૂરિના ને કોઈ વખત હીરવિજયસૂરિના પોતે શિષ્ય તરીકે જણાવે છે, તો પ્રથમને પોતાના દીક્ષાગુરુ અને બીજાને પોતાના ધર્મગુરુ તરીકે પોતે સ્વીકાર્યા હોય એમ જણાય છે. તેમણે સંસ્કૃતમાં 'પ્રતિષ્ઠાકલ્પ' રચ્યો છે.

સકલચંદને શિષ્ય-પ્રશિષ્ય હતા. તેમના શિષ્ય લક્ષ્મીચંદ–મુનિચંદ–વૃદ્ધિચંદ-માનચંદ અને તેમના શિષ્ય તેજચંદે 'પુણ્યસાર ચરિત્ર' વિજયદેવસૂરિના સમયમાં રચ્યું છે. તેજચંદ જુઓ આ સદીની આખરમાં.

**(૧૧૩૩) મૃગાવતી આખ્યાન** અથવા **રાસ** ૪૨૧ કડી સં.૧૬૪૩ પહેલાં
**આદિ** – રાગ ગુડી દેશી દિ દિ દરિસન આપણું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સિધારથ** નરપતિ કુલિં અષાઢિ સુદિ છઠિ
આયુ સુપિનાં દેષાડતુ, તબ **તિસલા** હુઇ તૂઠિ. ૧

ત્રૂટક.

ચૈત્ર શુદિ તેરસિં જાયુ, સૂરી ગાયૂ હરિ નમિઉ,
મગસિર સુદિ દશમિ વીરો, જોજેનોસય શમિ રમ્યો.
વિશાખી સુદિ દશમિ કેવલ, ગ્યાન ત્રિભોવન યશિ ભમ્યો
કાત્તિકી વદિ અમાવાસ્યાઈ, તસ નમ્યે જિણિ ભવગમ્યો. ૨

**અંત –** **ચેડક** મહારાયની પુત્રી શાંતિશીલપવિત્રીજી,
**સકલચંદ** મુનિ ભાસઈ સમરૂ **મૃગાવતી** સપ્રવિત્રીજી.
**મૃગાવતી** સુસતી આખ્યાનં, શીલ રખોપા કીજેજી,
સતી સવે નિતુ સુણયો ભણયો **હીરવિજિઈ** ગુરૂરાજઈજી.

(બીજી પ્રતમાં)

**કલશ –** પાપ પરધન સાહિ જોતાં બાંધાં ઇમ મન માંકડા,
**સકલ** મુનિ કહઇ પાત્રદાનઈ હાથ મ કરિયો સાંકડા.
શ્રી **હીરવિજય** સૂરીંદ્ર વંદી સુકૃત બાંધુ ગાંકડા,
**મૃગાવતી** આખ્યાન સુણતાં ભરૂ પુણ્ય તણા ઘડા. ૪૨૧

(૧) ગ્રંથાગ્ર ૫૫૮ શ્રી સૌધર્મગચ્છનાયક પૂજ્ય **વિનયદેવસૂરિ** શિષ્ય **ઋષિ મન**જી લિ. ૧૬૪૪ માઘ શુકલ અષ્ટમી ગુરૌ **દેવદપુર** મધ્યે સા **માંગા**-સૂરજી ઉપાશ્રય લિ. પ.સં.૨૨-૧૨, ડે.ભં. દા.૭૦ નં.૭૪. (૨) પં. **આનંદ**-વિજયગણિ શિષ્યાનુશિષ્ય ગ. **પ્રીતિ**વિજયેન સ્વવાચનાર્થં. પ.સં.૧૨-૧૮, સારી પ્રત, વી.ઉ.ભં. દા.૧૭. (૩) પ.સં.૧૫-૧૩. સારી પ્રત, **ઘોઘા** ભં. દા.૧૪ નં.૬. (૪) સં.૧૭૬૦ લ. ભગતસાગરેણ શ્રી **ખીર**પુર મધ્યે. અશુદ્ધ પ્રત, પ.સં.૧૬-૧૭, જશ.સં. નં.૧૧૨૦. (૫-૬) પ.સં.૧૮ અને પ.સં. ૧૮, જય. પો.૬૯. (૭) સં.૧૬૪૪ ચૈ.વ.૭ રવૌ લ. શ્રી **વટપદ્રે** સાહ **વીર**જી પઠનાર્થં. પ.સં.૧૮-૧૩, વડા ચૌટા ઉ. પો.૧૮. (૮) ભાં.ઈ. સને ૧૮૯૫-૮ નં.૬૧૪. (૯) પ.સં.૨૨-૧૧, હા.ભં. દા.૮૧ નં.૨૮. (૧૦) પ.સં.૧૬-૧૩, હા.ભં. દા.૮૦ નં.૧૬. (૧૧) પ.સં.૨૩-૧૧, રો.એ.સો. બી.ડી.૨૦૯ નં.૧૯૪૯. (૧૨) ઇતિ મૃગાવતી શીલવતી મહિમાવતી શીલવર્ણન આખ્યાનં સમાપ્તમિતિ. શ્રા ૧૬૭૦ વર્ષે શ્રાવણ માસિ કૃષ્ણપક્ષે ત્રયોદશ્યાં શનિવાસરે શ્રી **પૂર્ણિમ**પક્ષે ચતુર્થ શાખાયાં **શ્રી શ્રી** તિથૌ ભટ્ટારક શ્રી શ્રી શ્રી પૂજ્યશ્રી હર્ષસાગરસૂરિણા શિષ્ય હરજી લિખિતં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ખેડાવારા મધ્યે લિખિતં. પ.સં.૧૩-૧૭, પ્ર.કા.ભં. (૧૩) ઇતિ મૃગાવતી આખ્યાનં સમાપ્ત સં.૧૬૪૭ વર્ષે શ્રાવણ સુદિ ૧૦ ગુરૌ માલવદેશે તાજપુર નગરે પંડિત શ્રી વીરવિમલગણિ ગ. દાનવિમલેન. પ.સં.૧૩-૧૩, શુ. વિ. ભં. (૧૪) સં.૧૬૪૩ વર્ષે વૈશાષ સુદિ ૮ દિને લ. સ્થંભતીર્થે મહિપાલેન. પ.સં.૨૫-૧૧, લીં.ભં. (૧૫) પ.સં.૧૧-૧૬, લીં.ભં. (૧૬) ગ્રંથાગ્ર ૭૨૫, પ્ર.કા.ભં. (૧૭) ડે. ભં. [આલિસ્ટઑઇ ભા.૨, લીંહસૂચી.]

**(૧૧૩૪) વાસુપૂજ્યજિન પુણ્યપ્રકાશ રાસ [અથવા સ્તવન] ૧૧ ઢાલ ૪૫૬ કડી ખંભાતમાં**

જુદાજુદા રાગમાં છે.

આદિ – રાગ. ગુડી. દિઈ દિઇ દરીસન આપણું – એ ઢાલ.

**ઋષભ અજિત સંભવ** જિનો, **અભિનંદન સુમતીશો**,
**પદમપ્રભ સુપાસો** બીહા, **ચંદ્રપ્રભ સુવિધીશો**. ૧

ત્રોટક – **સુવિધિ શીતલ** જિન **શ્રેયાંસો**, **વાસુપૂજ્ય** જિણંદ રે,
નમો **વિમલ અનંત ધર્મ**, **શાંતિનાથ** મુણીંદ રે.
કુંથુ **અરજિન મલ્લિ સુવ્રત**, નમો શ્રી **નમિ નેમ** રે,
**પાસ** જિનવર **વીર** જગગુરૂ, ત્રિવિધ ધુરિ સમરેમિ રે. ૨

અંત – ઢાલ ૬૧ રાગ ધન્યાસી

**શ્રીમદાનંદવિમલેંદુ** ગુરૂ વંદીઈ, પટિ તસ શ્રી **વિજયદાન**સૂરો.
તાસ પતિ પ્રશોનો કૂપલો વંદીઈ, **હીરવિજય** ગુરૂ સુગુણિપૂરે શ્રી. ૪૫૩
**સકલ**મુનિ સૂષકરો સકલસંયમધરો દિનકર શ્રી **તપાગચ્છ** કેરો,
**હીરવિજય** ગુરૂરાજથી આજ જગિ કોઇ અધિઅકુ ન દીસઇ અનેરો શ્રી. ૪૫૪
શ્રી **વાસુપૂજ્ય** પૂણ્ય પ્રકાશો વસુ શ્રવણ હૃદયાંબુજે જાવ સૂરો,
**સકલ**મુનિ ચિંતિઉ શ્રીસંઘ સંતિઉં નિર્મલો સુરભિ યમ જગિ કપૂરો-શ્રી. ૪૫૫
નગર **ત્રંબાવતી** જેહિ બહુ ધનવતી, જયતિ જિહાં **થાંભણો પાસ**નાહો
સતત **ધરણેંદ્ર પદ્માવતી** પૂજિતો સકલ સિરિ સંઘ સુખ વિજય લાહો શ્રી. ૪૫૬

(૧) પ.સં.૨૨-૧૩, ખેડા ભં. દા.૭ નં.૮૦. (૨) લિ. પં. રંગવિજય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પં. શ્રી કૃષ્ણસત્કેન ભૃગુપુરે સં.૧૮૪૬ પો.વ.૮ શુક્રે. પ.સં.૧૮-૧૩, જશ.સં. (૩) પ.સં.૩૨-૧૧, સારી પ્રત, સંઘ ભં. પાલણપુર દા.૪૭ નં.૨૩. (૪) પ.સં.૨૮-૧૧, સીમંધર. દા.૨૨ નં.૯. (૫) વિજયાણંદસૂરિ શિ. ગ. શાંતિવિજય લ. ઠાકર માઇદાસ પઠનાર્થં. પ.સં.૨૬-૧૦, હા.ભં. દા.૮૨ નં.૨૦૬. (૬) સં.૧૬૭૧ આ.શુ.૧૩ લિ. સા કરમચંદ હરડા લિ. શ્રી વિજયગણિ વાચનાર્થં. પ.સં.૨૪-૧૩, હા.ભં. દા.૪૮ નં.૧૧૮. (૭) પ.સં.૧૬-૧૪, રત્ન. ભં. દા.૪૩ નં.૧૦૧. (૮) પ.સં.૨૮-૧૧, જૂની પ્રત, વ.રા. (૯) પ.સં.૩૨-૧૧, મો. મો. સાગર ભં. પાટણ દા.૬ નં.૩૧. (૧૦) ખં. ભં. (૧૧) પ.સં.૨૫-૧૧, વિ.ધ.ભં. (૧૨) ઉદયપુર ગોડીજીનો ભંડાર. (૧૩) સં.૧૬૯૨ વર્ષે જ્યેષ્ઠ શુદિ પંચમ્યાં રવિવારેણ. પંડિતશ્રી કીર્તિવિજયગણિ તત્ શિષ્ય મુનિ અમૃતવિજય પઠનાર્થં શ્રી નવાનગર-મંડન શ્રી આદિદેવ સુપસાયે પરોપકારાય શ્રી નવાનગર વાસ્તવ્ય શ્રી શ્રીમાલજ્ઞાતીય વસા વસ્તા સુત રાજધર તત્ લઘુભ્રાતા ઋષભદાસ. શુભં ભવતુ. તપાગચ્છાધિરાજ સકલભટ્ટારકભાલતિલકાયમાન ભૂપામિની સકલ-ભટ્ટારકપુરંદરશ્રી વિજયદેવ સૂરીશ્વર પ્રભોઃ તસ્ય ગચ્છે મહોપાધ્યાય શ્રી નયવિજયગણિ તત્ શિષ્ય પંડિત શ્રી કીર્તિવિજય તત્ શિષ્ય ગણિ લબ્ધિવિજય તત્ શિષ્ય મુનિ હર્ષવિજયમુનિ અમૃતવિજય મુનિ ભીમા-વિજય સમસ્તાને વાચનાર્થં. પ.સં.૧૮-૧૭, માં. ભં. (૧૪) પ.સં.૧૮-૩૪, લીં. ભં. (૧૫) પ.સં.૩૪-૯, મો. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૨૫૮, ૪૪૬).]

**(૧૧૩૫) + સત્તરભેદી પૂજા**

**આદિ** – અરિહંત મુખકજવાસિની, ભગવતિ **ભારતી** દેવિ,
સમરિ પૂજાવિધિ ભણું, તુ મુખકજ સેવિ. ૧

ગાહા.

ન્હવણ વિલેવણ અંગમિ, ચખુજુઅલં ચ વાસપૂઆએ,
પુપ્ફારોહણ માલા, રોહણં તહ વણ્ણયા રોહણં. ૧
ચુન્નારોહણ જિણપું, ગવાણ (જઝયારોહણ) આહરણરોહણં ચેવ,
પુપ્ફગિહ પુપ્ફપગરં, આરત્તી મંગલપઇવો. ૨
દીવો ધૂવઉખેવા, નેવજ્જ સુહફલાણ ઢોવણયં,
ગીયં નટં વજ્જં, પૂયાભેયા ઇમે સત્તર. ૩

**અંત** – કળશ. ધનાશ્રી રાગેણ ગીયતે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થુણીયો થુણીયો રે પ્રભુ તું સુરપતિ જેમ થુણિયો,
તીન ભુવન મનમોહન લોચન, પરમહર્ષ તબ જણિયો રે. પ્રભુ. ૧
એકશત આઠ કવિત નિત્ય અનુપમ, ગુણમણિ ગુંથી ગુણિયો,
ભવિક જીવ તુમ થય થુઈ કરતાં, દુરિત મિથ્યામતિ ખણિયો રે.
પ્રભુ. ૨
શ્રી તપગચ્છ-અંબરિ દિનકર સરિખો, વિજયદાન ગુરૂ મુણિયો,
જિન ગુરૂ સંઘ ભગતિ કરી પસરી, કુમતિતિમિર સબ હણિયો
રે. પ્રભુ. ૩
ઈણી પરિ સત્તર ભેદ પૂજાવિધિ, શ્રાવકકું જિન ભણિયો,
સકલ મુનીસર કાઉસગ્ગ ધ્યાને, ચિંતવિ સબફલ ચુણિયો રે.
પ્રભુ. ૪

(૧) લિ. પં. દેવેન સા વિમલચંદ પઠનાર્થં શ્રી સૂરતિ બંદિરે સં. ૧૮૨૭ શ્રા.શુ.૮ ચંદ્રે. માણેક મુનિનો એક ચોપડો. (૨) પ.સં.૬-૧૧, હા.ભં. દા.૮૩ નં.૧૬૪. (૩) ટબા સહિત પ.સં.૧૯, વી.ઉ.ભં. દા.૧૭. (૪) પ.સં.૧૦-૧૩, વી.ઉ.ભં. દા.૧૭. (૫) પ.સં.૮-૧૪, જૈ.એ.ઇ. ભં. નં.૧૩૩૬. (૬) ટબા સહિત સં.૧૮૩૭ પો.વ.૫ પં. આણંદવિજૈ ઉત્તમસત્ક લિ. મૂળની અંતે સં.૧૮૩૭ પો.વ.૩ શનિવાસરે. પ.સં.૧૩, યશોવૃદ્ધિ. પો.૩૧. (૭) શ્રી પાટણ નગરે સં.૧૭૨૬ ચૈત્ર શુ.૧૫ મહો. લાવણ્યવિજય શિ. ઉ. લક્ષ્મીવિજયગણિ સતીર્થ્ય પં. હંસવિજયગણિના પત્તન મહાનગર વાસ્તવ્ય સંઘમુખ્ય સા. વલ્લભ સુતરત્ન સા. વીરદાસ પઠનાર્થં. એક ચોપડો, જશ. સં. (૮) સંવત્ ૧૮૪૧ માહ સુદિ ૫ શનૌ ગાં. વડાવલી મધ્યે પં. લલીતવિજયેન. પ.સં.૯-૧૬, જશ. સં. (૯) આગમગચ્છે મહિમાવર્દ્ધનસૂરિ લ. પં. દેવરત્ન પ્રસાદેન. પ.ક્ર.૭૬થી ૮૪ પં.૧૩, ચોપડો, પ્ર.કા.ભં. (૧૦) સં.૧૬૬૨ આ.સુ.૯ નીલવાસ ગામે કીર્ત્તિસાર શિ. જયસાર લિ. જય. નં.૧૧૪૨. (૧૧) લબ્ધિસાગર લિ. પ.સં.૫, કૃપા. પો.૫૨ નં.૧૦૪૭. (૧૨) સં.૧૬૭૩ પોષ, પ.સં.૬, કૃપા. પો.૪૬ નં.૮૪૦. (૧૩) શ્રી સંભવનાથ પ્રસાદાત્ સં.૧૮૨૫ કા.વ.૧૦ શનિ શ્રી હરિપુરા મધ્યે લિ. શ્રી હેમરાજ પઠનાર્થં શ્રી પાર્શ્વચંદ્રસૂરિગચ્છે. પ.સં.૪-૧૩, વીરમ. લાય. (૧૪) સં.૧૮૭૫ આસો શુ.૨ શુક્રે લ. પં. હેતસાગરજી મુનિ લલિતસાગરજી પઠનાર્થં શ્રી સાગરગચ્છે શ્રી શાંતિનાથ પ્રસાદાત્ મુંબઈ બિંદરે લિ. પ.સં.૭-૧૦, ઘોઘા ભં. દા.૧૦ નં.૪૧. (૧૫) સં.૧૯૦૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે.વ.૯ શ્રી પા(દ)લિપ્ત નગરે. પ.સં.૯-૧૧, ઘોઘા ભં. દા.૧૪ નં.૧૭. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૯૫, ૧૪૭, ૨૪૬, ૨૭૧, ૨૭૪, ૪૩૨, ૫૦૧, ૫૧૬, ૫૪૨).]

પ્રકાશિત : ૧. વિવિધ પૂજાસંગ્રહ. [તથા અન્ય પૂજાસંગ્રહોમાં.]

**(૧૧૩૬) + એકવીસપ્રકારી પૂજા**

**આદિ –** દોહા.

પ્રણમું પ્રથમ જિણંદને, ભગવતિ કર સુપસાય,
પૂજા એકવીસ દ્રવ્ય શું, ભાવમંગલ ઉપાય. ૧
ન્હવણ વસ્ત્ર ચંદન કરી, કુસુમ વાસ પૂનાર,
માલા અષ્ટમંગલ ભણી, દીપ ધૂપાક્ષત ધાર. ૨
ધર્મધ્વજ ચામર સહી, છત્ર મુકુટ વિશેષ,
દર્પણ દર્શન દાખવે, નૈવેદ્ય ફલ સુગ્રહેશ. ૩
ગીત નટ્ટ વાજિંત્ર શું, જન પૂજે જિન ઈંદ,
કાઉસગ્ગધ્યાને જેણે કરી, પૂજા **સકલ** મુનિચંદ. ૪

**અંત –** કળશ.

થુણિયો થુણિયો રે, પ્રભુ ચિત્ત અંતરમેં થુણીયો,
ત્રણ્ય ભુવનમાં નહીં તુજ તોલે, તે મેં મનમાં ધરિયો રે. પ્રભુ. ૧
એકશત પંચ કવિત કરી અનુપમ. તુજ ગુણ ગુંથી ગુણીયો,
ભવિક જીવ તુજ પૂજા કરતાં, દુરિત તાવ સવિ ટળિયો રે. પ્રભુ.૨
એણી વિધ એકવીશ પૂજા કરતાં, શિવસુખફળ સહુ મળિયો,
**સકલ** મુનીશ્વર કાઉસગ્ગધ્યાને, ચિદાનંદ શું ભળિયો રે. પ્રભુ. ૩
શ્રી **તપ**ગચ્છે દિનકર શોભે, **વિજયદાન** ગુરૂ ગુણિઓ,
શ્રી **હીરવિજય** પ્રભુધ્યાને ધ્યાતાં, હેમહીરો જેમ જડિયો રે. પ્રભુ. ૪

[મુપુગૂહસૂચી. લીંહસૂચી.]

પ્રકાશિત : ૧. વિવિધ પૂજાસંગ્રહ. [તથા અન્ય પૂજાસંગ્રહોમાં.]

**(૧૧૩૭) + બાર ભાવના સઝાય**

**આદિ –** પીઠિકા રાગ રામગિરિ.

વિમલકુલ કમલના હંસ તું જીવડા, ભાવના ભાવ તું જો વિચારી;
જેણિ નર મનુજગતિ રત્ન નવિ કેલવ્યું, તિણિ નરનારિમણુ કોડિ
હારી વિ. ૧

*

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વગતિ માંહિ વર નરભવો દુર્લભો સર્વ ગુણરત્નો સોધિકારી;
સર્વજગિ જંતુ નઇ જેણિ હિત કીજીઇ સોઈ મુનિ વંદીઇ સુભવિચારી,
**સકલ** મુનિ વંદીઈ શ્રુતિ વિચારી. વિ. ૫

(અન્ય ઢાલોની પહેલી પંક્તિ)

૨જી ઢાલ – ભાવના માલતી ચૂશીયે.
૧ અનિત્ય ભાવના – મૂઝમાં મૂઝમાં મોહમાં જીવ તું,
૨ અશરણુ ભાવના – કો નવિ શરણું કો નવિ શરણું.
૩ સંસાર ભાવના – સર્વ સંસારના ભાવ તું,
૪ એકત્વ ,, – એ તુંહિ આપકૂં તુંહિ ધ્યાઓજી,
૫ અન્યત્વ ,, – ચેતના જાગિ સહચારિણી,
૬ અશુચિ ,, – માંસ મલ મૂત્ર રૂધિરે ભર્યો,
૭ આશ્રવ ,, – જગ શુભાશુભ જેણે કમતતિ વેલિજે,
૮ તપો ,, – તાપે મીણ ગલે જિમ માખણ,
૯ ધર્મ ,, – ધર્મથી જીવને જય હોયે,

અંત – રાગ પરજીઉ.
ન્યાન નય માંહિ ત્રિભુવન રુપો, જેણિ જિન દીઠો લોગો,

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

*

અધો લોક છત્રીસ ન સમવડિ, ત્રીછો છલ્લરી જાણી,
ઉર્ધ્વલોક મૃદગ સમાણો, ધ્યાનઈ **સકલ** મુનિ આણો. મુનિ. ૪

(૧) મુ. **વૃદ્ધ**વિજય પઠનાર્થ. પ.સં.૭–૧૨, જિનદત્ત ભં. મુંબઈ પો.૧૦ નં.૩. (૨) પ.સં.૬–૧૭, પાલણપુર સંઘ ભં. દા.૪૭ નં.૩૨. (૩) સં.૧૭૭૦ આસાઢ સુ.૨, પ.સં.૮–૧૦, હા.ભં. દા.૮૨ નં.૧૦૬. (૪) પ.સં.૨–૧૩, પાંચમી સુધી, અપૂર્ણ, અનંત ભં. નં.૨. (૫) લિ. **રાજ-નગરમધ્યે** શ્રાવિકા **પાંખડી** પઠનાર્થં **ખંભાયત** મધ્યે. પ.સં.૧૧–૯, દે.લા. નં.૯૧૯–૪૫૫. (૬) સ.૧૭૬૨ માગસર શુ.૪ શુક્રે લ. સુખસાગર શિ. **મહિમાસાગર**. પ.સં.૬, અભય. નં.૨૧૮૧. (૭) રત્ન. ભં. (૮) જેસ. ભં. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૮૬, ૩૯૯, ૪૧૧, ૫૫૪, ૫૯૮).]

પ્રકાશિત : ૧. શલોકાસંગ્રહ (ભી.મા.) ૨. સઝાય પદ સંગ્રહ. [૩. જૈન સઝાય સંગ્રહ (સારાભાઈ નવાબ) વગેરે.]

**(૧૧૩૮) [+] વીર વર્દ્ધમાન જિનવેલી** અથવા **હમચડી** [અથવા **સુરલતા**] અથવા **જન્માદિ અભિષેક કલ્યાણક પાંચ વર્ણનરૂપી સ્ત.** ૬૬ કડી

**આદિ** – આશાઉરી રાગ.

નંદનકું તિસલા હુલરાવઇ, પૂતઈ મોલ્યા ઈંદા રે,
તુઝ ગુણ લાડેકડાના ગાવતિ, સુરનરનારિના વૃંદા રે, નંદનકું
**ત્રિસલા** હુલરાવઈ. ૧

*

ઢાલ ૩—હમચીની.

અમરી સરસ્સી પૂરની કુમરી, ટોલેઈ દેતિ ભમરી,
પ્રભુનઇ ધ્યાનઇ હમચી ખુંદે. **વીર** તણા ગુંણ સમરી રે. હમચડી.૩૫
હમચ્ચી **વીર** તણી જે ગાતી, નાકે મોતી જોતી,
જનની માતા રોતો રાખઈ, ટોલામાંથી જોતી રે. હમચડી. ૩૬

**અંત** – વર્દ્ધમાન જિનગુણ સુરવેલી, હીઅડા કરી રે સહેલી,
**સકલ** કહિ ગુણ મત્સર મેલ્હી, નિસદિન જિનગુણ સુર બેલી રે.
હમચડી. ૬૫
**વીર** પટોધર શ્રેણિઈ આયો, **હીરવિજય** ગુરૂ હીરો,
**સકલ** કહિ એ સો નિતિ સમરો, ચરમ જિનેશ્વર વીરો રે.
હમચડી. ૬૬

(૧) લિ.૧૮૧૫ ભાદ્રવી અમાસ સોમવતી, પ.સં.૩–૧૧, આ.ક.ભં. (૨) પ્ર.કા.ભં. (૨) સંવત ૧૬૮૩ વર્ષે. પ.સં.૩૯–૧૧, ઘોઘા ભં. દા. ૧૪ નં.૨૯. (૪) વિ.ધ.નો મારી પાસે આવેલો એક ચોપડો. (૫) ઉદયપુર ગોડીજી ભં. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૯, ૨૭૭, ૨૭૯, ૩૯૮, ૫૪૭).]

[પ્રકાશિત : ૧. જૈન સત્યપ્રકાશ પુ.૯ અં.૧૦ પૃ.૪૪૧–૪૪૫.]

**(૧૧૩૯) ગણધરવાસ સ્તવન** ૪૮ કડી

**આદિ** – સો સુત **તિશલાદે**વી સતીનો જસ પદ પૂજઇ રમણ સચી

**અંત** – કલશ.

ઇતિ વિગતમોહં વિજિતકોહં ભુવનબોહં પારગં,
સંસારમોહં કુગતિરોહં વિજતસોહં પારદં,
કેવલાલોકં નમતલોકં **વીર** પુરૂષોત્તમ વરં,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિરિ **વિજયદાન** મુણિંદ સેવક **સકલચંદ** શુભાકરં.

(૧) પ.સં.૩, પ્ર.કા.ભં. [લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૯, ૨૮૫, ૫૧૧).]

**(૧૧૪૦) સાધુ કલ્પલતા** અથવા **સાધુવંદના મુનિવર સુરવેલી** ૧૪૪ કડી

**આદિ** – તૂં જિનવદન કમલની દેવી, તું **સરસતિ** સુરનરપતિ સેવી,
તું કવિજન માતા સુઅદેવી, દીઇ મુઝ નિર્મલ પ્રતિભા દેવી. ૧
મઇં મુનિવર સુરવેલી કરેવિ, તિણિ કારણિ મે તું સમરેવી,
તિહાં પૂરવ મુનિસેણિ ગણેવી, તસ ગુણગતિરૂનિત ભવિક જપેવી.૨

**અંત** – શ્રી **આણંદવિમલ** ગુરૂપટ્ટે સિરિ **વિજયદાન** ગુરૂપટ્ટે,
સિરિ **હીરવિજય** વંદે, વંદઇ તં **સકલચંદ** મુણી. ૧૪૪

(૧) મહો. **ભાવવિજયગણિ** શિષ્યોપાધ્યાય **ભાણુવિજયગણિ** શિ. પં. **રત્નવિજયગણિ** લિ. **રાજનગરે**. પ.સં.૯–૧૧, હા.ભં. દા.૮૩ નં.૧૫. (૨) પ.સં.૮–૧૩, સંઘ ભં. પાટણ દા.૬૩ નં.૩૭. (૩) પ.સં.૧૦–૧૧, ડા. પાલણપુર દા.૩૧ નં.૧૦૩. (૪) સં.૧૬૮૨ મૃગશિર શુદિ ૧૩ બૃહસ્પતિવારે **આગરા નગરે** યુગપ્રધાન **જિનસિંહસૂરિ** શિ. **પં. જીવરંગ**-ગણિના લિ. **ચોપડાગોત્રશૃંગારહાર** સુશ્રાવક **સાહ સૂર્યમલ્લ** તદ્દભાર્યા સમ્યક્ત્વમૂલ સ્થૂલ દ્વાદશ વ્રતધારિકા સુશ્રાવિકા પુણ્યપ્રભાવિકા **મૃગાક્ષી** પઠનાય. પ.ક્ર.૨થી ૮, નાહટા. સં. નં.૧૨૨. (૫) સં.૧૭૨– આ.વ.૫ **નંદરબાર કીર્તિવિજય** લિ. **પ્રાગ્વાટ બાઇ વીપા** પઠનાર્થં. પ.સં.૬, કૃપા. (૬) ગ્રંથાગ્ર ૨૦૦, પ.સં.૬–૧૩, માં.ભં. (૭) વિદ્યા. [મુપુગૂહસૂચી, લીંહ-સૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૮, ૨૪૨, ૩૯૭).]

**(૧૧૪૧) હીરવિજયસૂરિ દેશના સુરવેલિ** ૧૧૫ કડી

**આદિ** – રાગ અસાઉરી દૂહા

દેવ દેવ **બ્રહ્મા શિવો, ઋષભો** વેદિ પુરાણિ,
**ભાગવતિ** પણિ સો ભણ્યો, પણમો મુનિ તસ વાણિ. ૧
પ્રણમો **અજિત** જિણેસરો, જિણિ હણિઉ સંગ્રામિ,
મોહમલ્લ જિમ **રાવણો**, હણિઉ **લખમણ રામિ**. ૨

*

ઇતિ ચઉવીસ જિનેશ્વર કીર્ત્તન, સુરનર નિત સેવીજે,
**હીરવિજય** મુનિ અમૃત દેશના, સુરવેલી ચિત દીજિ. ૨૮

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અંત** – શ્રી **વિજયદાન** સૂરીસ તસ ગુણ બહુનિધિ સીસ,
શ્રી **હીરવિજય** ગુરૂ વાંદીઇજી. ૧૧૧
**કૂંરા નાથી** જાત જયો જગિ વિખ્યાત,
શ્રી ગુરૂ **તપગછ** રાજીઉજી. ૧૧૨
શ્રી **વિજયસેન** સૂરિંદ પાટ ગગન સમ ચંદ્ર,
ગુરૂ પાટિં એ ગુરૂ ચિરં જિઉજી. ૧૧૩
**સકલચંદ** ઉવઝાય, નિસદિન તસ ગુણ ગાય,
તસ પ્રણમતાં શ્રી ગુરૂ સંઘ સ્યુંજી. ૧૧૪
ગુરૂ-દેશના-સુરવેલિ, ગાવતિ સો મનગેલિ,
તસ ઘરિ રિદ્ધિ વૃદ્ધિ સંપઇજી. ૧૧૫

(૧) શ્રી મહોપાધ્યાય શ્રી સકલચંદ્રગણિકૃતા સં.૧૬૯૨ ચૈત્ર શુ.૨ સોમે લ. **પાટણ**નગરે. પ.સં.૭–૧૧, પરચુરણની પ્રત, સંઘનો ભંડાર પાટણ દા.૭૫. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૧, ૨૮૯, ૫૧૪).]

**(૧૧૪૨) મુનિશિક્ષા સ્વાધ્યાય** ૨૦ કડી

**આદિ** – શાંતિ સુધારસ કુંડમાં, તું રમે મુનિવર હંસ રે,
ગારવ રેણુંમાં મમ રમે, મુકિ તું શિથલ મુનિ દ્રંસ રે. ૧

**અંત** – ગુણવંત ગુણે રંજીઉ, દીનદુખ દેખિ દુખ પૂર રે,
નિર્ગુણો દાસ વિરતિ રહીઈ, **સકલ** મુની સૂ હિતપૂર રે. ૨૦

(૧) પ.સં.૨–૧૨, હા.ભં. દા.૮૨ નં.૧૪૯. [લીંહસૂચી.]

**(૧૧૪૩) મહાવીર હીંચ [હીંડી] સ્તવન** ૪૬ કડી

**આદિ** – આસીન્મથો યસ્ય રસે પ્રશાંત, યસ્યાનુલક્ષા ક્ષાંતિરભૂદુપાંતે;
સુવર્ણકાંતે કૃતસંગવાંતે, નમોઽસ્તુ તે વીરવિભો નિશાંત. ૧
ચંદ્રાતપ પરિ નિરમલી, **ઋષભ**ાદિક જિનવાણી,
તુમ આણઇ આવી મુઝ મતી, મ કરિશ તાણોતાણી. ૨
તું **સરસતિ** તું ભગવતી, આગમ તુઝ બંધાણ,
મુઝ મુખિ આવી તું રમે, મ કરિસિ મતિ કાંણિ. ૩

**અંત** – ઢાલ. રાગ ધન્યાસી.

હીંચિ રે હીંચી રે હીંડોલડી રે બારવસી પ્રભુ **વીર** હીંડી – આંચલી.
વર **તપાગચ્છ** ગંગાધરો મુનિવરો, **હીરવિજય** જયો સૂરિજી હો,
**વર્દ્ધમાન**ાદરો **સકલ**મુનિ સંકરો, સુખધરો શમવરો અમૃતજી
હો. ૪૬

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) પંડિત પ્રવર શ્રી ૫ શ્રી ધીરચંદ્રગણિ શિ. ગણિ હીરચંદ્રેણા- લેખિ. અહમ્મદાનગરે સં.૧૬૬૦ વર્ષે ચૈત્ર વદિ ૮ સંઘવી જતૂ પઠનાર્થં. ૫.સં.૪–૧૦, વિ.ધ.ભં. (૨) સં.૧૬૮૩ વર્ષે. ૫.સ.૩૯–૧૧, ઘોઘા ભં. દા.૧૪ નં.૨૯. (૩) વિ.ધ.ના મારી પાસે આવેલા ચોપડામાંથી (મારી પાસે છે).

**(૧૧૪૪) ઋષભ સમતા સરલતા સ્તવન** ૩૧ કડી

**અંત –** ઈય **ઋષભ** સમતા સુરલતા ચિંતવી સમ સુખ કરી,
ગત પાર તાર સંસાર-સાગરતરણ-કારણ નર તરી,
વર નાણ દંસણ ચરણ સુખી ગુણ રયણ મંડિત મુનિપુરી,
સૂરી **વિજયદાન મુણિંદ** સેવક **સકલચંદ** કૃપા કરી.

(૧) પ્ર.કા.ભં. [લીંહસૂચી.]

**(૧૧૪૫) વીર જિન સ્ત. અથવા ગૌતમ દીપાલિકા સ્ત.** [અથવા **રાસ**] ૭૬ કડી

**આદિ –** દૂહા.
**ઇંદ્રભૂતિ ગૌતમ** ભણુઈ **ત્રિસલા** કૂખેં નિધાન,
જ્ઞાતપુત્ર તું જનમિઉ, દ્યઈ મુઝ મુગતિનું દાન. ૧

**અંત –** રાગ ધન્યાસી–મેવાડો. **ઢાલ**
સૂરિ મંત્રો ગુણો સકલ સૂરિસરો, તપ કરો મુનિવરો સુનરનારી,
દેવગુરૂભક્તિની યુક્તિ વર અનુસરો, **સકલ** કહેં **હીરગુરૂ** વિચારી.
જિ. ૭૬

(૧) સુખસાગર શિ. મહિમાસાગર લિ. સં.૧૭૬૨ કા.વ.૩ મંગલ નડિઆદ મધ્યે. ૫.સં.૫, અભય. નં.૨૧૭૮. (૨) સં.૧૬૮૩ વર્ષે. ૫. સં.૩૯–૧૧, ઘોઘા ભં. દા.૧૪ નં.૨૯. (૩) લિ. વૃદ્ધિચંદેન શ્રી ગોડીજી સત્ય છે. ૫.સં.૪ાા–૧૨, આ.ક.ભ. (૪) લ.૧૭૮૫ વર્ષે. પ્ર.કા.ભં. [લીંહ- સૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૩, ૩૯૪, ૪૦૬, ૪૯૯).]

**(૧૧૪૬) કુમતદોષ વિજ્ઞપ્તિકા શ્રી સીમંધર સ્ત.**

**અંત –** ઇમ સર્વ શર્મં સુધર્મદાયક કુમત કર્મ સુધાકરો,
મુઝ દંભમર્મકુકર્મકદંમ ધર્મ તું **સીમંધરો,**
નિજ ધ્યાનમંદિરિ ધરી વિનવ્યો કરિ સુનિર્મલ કિંકરો,
સિરિ **વિજયદાન** સૂરિંદ, સેવક **સકલચંદ** કૃપા કરો.

(૧) ૫.સં.૨, પ્ર.કા.ભં. [આલિસ્ટઑઇ ભા.૨, લીંહસૂચી, હેજૈજ્ઞા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂચિ ભા.૧ (પૃ.૧૭૬, ૨૬૬, ૨૭૧, ૨૭૯, ૩૯૯, ૪૦૩, ૫૬૩).]

**(૧૧૪૭) ગૌતમપૃચ્છા**

**આદિ** – જિનવર રૂપ દેખી મન હરખી, સ્તનમેં દૂધ કરાયા,
તબ મન ગૌતમ હુઆ અચંભા, પ્રશ્ન કરણકું આયા. ૧
ગણધર એ તો મેરી અમ્માં.

**અંત** – શ્રી તપગચ્છ નાયક **હીરવિજય** સૂરીશ્વર દીઇ મનોહર વાણી,
**સકલચંદ** પ્રભુ ગૌતમ પૂછઇં, ઉલટ મનમાં આણી – ગણધર. ૧૧

(૧) પ્ર.કા.ભં.

**(૧૧૪૮) નેમિ સ્તવન**

(૧) **મહિમાસાગર** લિ. પ.સં.૫, અભય. નં.૨૧૮૦.

**(૧૧૪૯) અન્ય સ્તવનો**

(૧) સીમંધર સ્ત. ૩૨ કડી (પરમ મુણિ ઝાણવણ ગહણ પંચાણણું). ૨. રંગાણી સ્ત. ૩૬ કડી (વિબુધ સુબુદ્ધિ વિધાચિનિ બંભી ચિંતિ ધરી જિનવાણી). ૩. સાધારણ જિન સ્ત. કડી ૨૭. ૪. ચતુર્વિંશતિ સ્ત. કડી ૩૭. ૫. સીમંધર જિન સ્ત. કડી ૧૫. ૬. શંભુવર પ્રકૃતિ સ્તુતિ કડી ૧૪. ૭. સીમંધર જિન સ્ત. કડી ૨૯. ૮. વીરજિન સ્ત. કડી ૨૨. ૯–૧૦. સીમંધર જિન સ્ત. કડી ૩૦ અને ૩૭. ૧૧. પાર્શ્વનાથ સ્ત. કડી ૩૧. ૧૨. સીમંધર સ્ત. કડી ૩૩. ૧૩. પાર્શ્વનાથપ્રભાવ સ્ત. કડી ૨૧. ૧૪. સીમંધર સ્ત. કડી ૨૪. ૧૫–૧૬. મહાવીર સ્ત. કડી ૨૧ અને ૫૦. ૧૭. સીમંધર સ્ત. કડી ૩૦.

(૧) સંવત ૧૬૮૩ વર્ષે. પ.સં.૩૯–૧૧, ઘોઘા ભં. દા.૧૪ નં.૨૯. (કવિનાં જ સ્તવનોની પ્રત.) (૨) પ.સં.૨૧–૯, હા.ભં. દા.૮૩ નં.૮૮. (૩) પ.સં.૬–૧૩, હા.ભં. દા.૮૩ નં.૫૬. (૪) સં.૧૬૬૫ વર્ષે આસુ સુદિ ૧૩ ભોમે. પ.સં.૨૨–૧૫, હા.ભં. દા.૮૩ નં.૧૦૦. (૫) સં.૧૭૭૨ આસો શુદિ ૭ શનિ પં. શ્રી **નેમિવિજય** શિ. પં. **આણંદવિજય** લ. ઘોઘા બંદિરે દોસી સિધજી વાચનાર્થં. ગ્રં.૮૧૫, પ.સં.૨૩–૧૫, પુ.મં. [મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૪૦૩).]

[કેટલાંક સ્તવનો સ્તવનસઝાયસંગ્રહોમાં પ્રકાશિત છે.]

**(૧૧૫૦) સઝાયો**

૧. વૈરસ્વામી સઝાય – સિંહગિરિસીસ ધનગિરિસુતો વયરસામિ ધિન
સોઇ રે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨. આત્મા ઉપરિ ધ્યાનરસ સ. – તું જિનવદન ભવનની દેવી.
૩. સ્વાધ્યાય – પભણુતિ જગગુરુ ત્રિજગદયાલા.
૪. ,, – સકલ જગજંતુ તુપાણુાણુ જેતા.
૫. ,, ધન્યાસી – જેણિ બહુ ગુણભરી નૈવ કન્યા વરી બ્રહ્મચારીવરો વયરસ્વામી.
૬. ,, ગુડી – દિઇ દિઈદરિસન આપણું, તું સરસતિ મોરિ માઇ રે.
૭. ,, મારુણી – ગોવિંદ હમકું મારણુ કારણિ, પાપિઆ રે તિ કાં સરજ્યાં સાંમી પશુંઆ રે.
૮. ,, રામગિરિ – તુડિ ઘડડી ઘણું ચેતના નારિનું નાણુ તાગી ઘણું કાંઇ સૂતી.
૯. હીરવિજયસૂરિ સ. ધન્યાસી – છંડિજ્ન રે રે કુમતિ ડાયિણી, જિન સુમતિ ધાયિણી તું વીછીણિ.
૧૦. મેઘકુમાર સ. રામગિરિ – વીર જિણંદિઈ પ્રકાસિઈ, કીધો જિણિ ચિત દીવ રે.
૧૧. સ્વાધ્યાય ચઉપઇ – ભવિક જીવ ચિંતિ ધ્યાનિ વિચારી
૧૨. ,, મારુણી – બહુ ગુણુ લક્ષણુ અભયા મઇ સુણી રે
૧૩. ,, – ગાંઠડી કાઢી કાંજિણી બહુંબાપની સનારિ રે.
૧૪. ,, રામગિરિ – ગાંઠડી કાઢી કાંજિણી ઈમ કહઇ સબ.
૧૫. ,, રામગિરિ – એકઅ તુલા તુલા જેણિ નવિ બુઝિઈ, લીજિઈ તાસ ફલ કેમ તેસિં.
૧૬. ,, ધન્યાસી – એક જગિ ઉંટડી દૈવનિં કાંધડી, અતિ વડી જેણિ પૃથિવી નમાડી.
૧૭. ,, કેદાર ગોડી – પુરિસા મત મો માથા સૂતા છાયા બુઝો કાલ નમૂં.
૧૮. ,, રામગિરિ – અરે જંતુ તૂં ચિંતિ ગ્યાન જો કરી, કધી ભી ન ચિંતઈ રે તું ગ્યાન જોરી.
૧૯. ,, ધવલ ધન્યાસી – વૈશાખ ધવલ એકાદશી બે, માઝિઆ પાપી આઈ બે.

(૧) પ.સં.૧૫-૧૧, વિ.ધ.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૭૫-૮૪, ભા.૩ પૃ.૭૬૯-૭૪. 'સાધુવંદના' અને 'સાધુકલ્પલતા' એવા બે નામથી ત્યાં એક જ કૃતિ ભૂલથી નોંધાયેલી.]



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૫૪૬. કલ્યાણદેવ** (ખ. જિનચંદ્રસૂરિ-ચરણોદયશિ.)

**(૧૧૫૧) વછરાજ દેવરાજ ચોપાઈ** ર.સં.૧૬૪૩ વિક્રમપુર(વિકાનેર)માં

રચના સાધારણ છે.

**આદિ** – જિનવર ચરણકમલ નમી, સુહગુરૂ હિયઇ ધરેસિ;
સમર્યા સવિ સુખ સંપજઇ, ભાજઇ સયલ કલેશ. ૧
વાગવાણિ હિવ વીનવું, દે મુઝ વચનવિલાસ;
વિનય વિવેક વિલાસ સુખ, નિજિ બુધિ અધિક પ્રકાશ. ૨
બુધઇ સવિ સુખ પામિયઇ, બુધઇ લહિયઇ રાજ;
બુદ્ધઇ અતિ ગરૂઆડપણઉ, બુદ્ધિ સરઇ સવિ કાજ. ૩
બુદ્ધઇ **અભયકુમાર** જયમ, અથવા **રોહક** બાલ;
અધિક બુદ્ધિ જિણ કેલવી, રંજવિયઉ ભૂપાલ. ૪

**અંત** – સંવત **સોલ ત્રયાલી** વરસઈ, પ્રબંધ કિયઉ મનહરસઇ,
**વિક્રમનયર રિષભ** જિણેસર, જેસ સમરણ સવિ ટલઈ કલેસ. ૯૫
શ્રી **જિનચંદ્ર**સૂરિ ગછનાયક, સેવકજન વંછિત સુખદાયક;
**ચરણોદય** ગુરૂ સીસ સુજાણ, મુંકી કુમતિ કદાગ્રહ માણ. ૯૬
પઢઇ ગુણઇ મનિ ધરિય ઉલ્હાસ, તિહાં ઘરિ લછિ કરઇ નિતિ વાસ;
કહઇ **કલ્યાણદેવ** ગુરૂ ધ્યાવઇ, છંડ રતિ અરતિ તણા સુખ પાવઇ. ૯૭

(૧) પ.સં.૧૪-૧૫, ત્રુટક વચમાં, વડા ચૌટા ઉ. પો.૧૯. (૨) માણેકભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૭૫, ભા.૩ પૃ.૭૬૮.]

**૫૪૭. વિનયશેખર** (ધર્મમૂર્તિસૂરિ-કમલશેખર-સત્યશેખરશિ.)

**(૧૧૫૨) યશોભદ્ર ચોપાઈ** ર.સં.૧૬૪૩ મહા શુ.૩ રવિ બંભણવાડામાં

**આદિ** – સયલ મનોરથ સિદ્ધ કર, શ્રી જિન **ગઉડી પાસ**,
**વામા**નંદન સુખકરૂ, પૂરઈ વંછિત આસ. ૧
અલીય વિઘન નાંમિ ટલઈ, દુરીય પણાસઇ દૂરિ,
તે જિનવર સમરૂં સદા, નિત ઊગંતઇ સૂરિ. ૨
**કાસમીર** મુખમંડણી, વાહન હંસ વિખ્યાત,
**સારદ** વર સાચઉ દીઇ, કીયણુ કેરી માત. ૩
સા **સરસતિ** સુપસાઉલઇ, સીલ તણા ગુણ સાર,
પહિલું તે ગુણ પભણસ્યૂં, પછઇ વયણવિચાર. ૪
પ્રસ્તાવઇ સુખભાષડી, જઉ બોલાઇ ભાય,
તેહનાં વર ફલ નીપજઈ, લાભ અનંતઉ થાઇ. ૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યશોભદ્ર રિષિરાયનૂં, વયણે સિર્યું કાજ,
બીજા પણિ બૂઝવ્યા ઘણા, પંડરીકનઇ રાજિ. ૬
સીલ તે કિણિ પરિ પાલીઉ, વલીઉ વચનવિચાર,
સહિગુરૂ સાનધિ બોલીઈ, સુણિયો સહૂય ઉદાર. ૭

અંત – વિધિપખ્યનાયક મહિમનિધાન તપતે જિહાં જગિ ઉદયું ભાણુ
દરિસન દેખિઈ પરમાણુંદ, વંદઉ ધરમમૂરતિ સૂરીંદ. ૧૩૯
વલિ વંદઉ સહિગુરૂ આપણા, જેહનઇ નાંગિઈ નહી રિધિમણા,
શ્રી શ્રી કમલશેખર વણારીસ, સમરૂ નામ તેહનુ નિસિદીસ. ૧૪૦
તેહ તણા સિષ્ય જગિ જયવંત, સત્યશેખર મુનિવર ગુણવંત,
જેહનઈ વદનિ વસઇ સરસતી, ચિરં જીવઉ એહવા વરયતિ. ૧૪૧
તાસ પ્રસાદઇ આણુંદ અંગિ, એહ અધિકાર કહઉ મનરંગિ,
સંવત સોલ ચઈતાલઈ વરસિ, મહા સુદિ તીજ આદિત્યનઇ દિવસિ. ૧૪૨
દેસસિરોમણિ જેહ મેવાત, નયર અનોપમ તિહાં સુવિખ્યાત,
બ્રહ્માવાદ વારૂ અહિઠાંણુ, જિહાં બહૂ શ્રાવક અછઈ સુજાંણુ. ૧૪૩
તહિઇ પુરિ જિનવર શાંતીસરૂ, સદા સુખ આનંદ જયકરૂ,
તસ સાનિધિ વિનયશેખર ભણઇ, એહ સુણતાં નવનિધિ આંગણઈ. ૧૪૪

—શ્રી યશોભદ્ર રિષિરાજ ચુપઈ.

(૧) સંવત ૧૬૪૪ વર્ષે વૈશાખ શુદિ ૧૩ સોમે શ્રી અંચલગચ્છે શ્રી ધર્મમૂર્તિ સૂરીશ્વર રાજ્યે વાચનાચાર્ય વા. શ્રી કમલશેખરગણિ તત્ શિષ્ય રિષિ શ્રી ૬ સત્યશેખર ગણિ તત્ શિષ્ય ઋ. વિનયશેખરેણ લિખિતં આગરાનગરે ઉરવારે સુશ્રાવિકા પુણ્યપ્રભાવિકા સરૂપિ વાચનાર્થં. તૈલાદ્ રક્ષેત્ જલાદ્ રક્ષેત્ રક્ષેત્ સ્થલબંધનાત્, પરહસ્તે ગતાદ્ રક્ષેત્, એવં વદતિ પુસ્તિકા. પ.સં.૧૧, પ્ર.કા.ભં. નં.૩૪૯. (કવિની સ્વલિખિત પ્રત)

**(૧૧૫૩) શાંતિ મૃગસુંદરી ચોપાઈ** ૩૩૧ કડી ર.સં.૧૬૪૪ શ્રા.શુ.૧૩ રવિ આગ્રામાં.

આદિ – શ્રી જિનવદનનિવાસની, સમરૂં સરસતિ માય,
બ્રહ્માણી વરદાયની, તૂઠી કરઈ પસાઉ, ૧
સયલ સિદ્ધ જિનવર નમી, પ્રણમી સહિગુરૂપાય,
ગુણતાં ગુણ ગાઇતાં, આણુંદ અંગિ ન માય. ૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધરમિઈં ધણ-કણુ પવર ઘણુ, ધરમિઈ રાજભંડાર,
ધરમપ્રસાદિઇં પામીઇં, ઉત્તમ કુલિ અવતાર. ૩
જસકીરતિ ધરમિઈં ઘણી, નાવઈ દુખસંતાપ,
ધરમ થકી નરનારિનઉ, વાધઈ અધિક પ્રતાપ. ૪
ધરમ જેણઇ જગિ આદરિઉ, દીધઉં દાંન પ્રધાન,
તેણિ વહઇરઇ **મૃગસુંદરી**, સુણિયો ગુણહ નિધાન. ૫

અંત – **શ્રીશૃંગાર દ્યાંન** વલિ **વેદિ**ઈં, સંવચ્છર સુલહીજઇજી,
શ્રાવણ શુદિ તેરસિ રવિવારઇ, સતીયાં સુગુણ કહીજઇજી. ૩૨૬
યુગપ્રધાન જગિ **અંચલ**ગચ્છપતિ ગુણમણિ રયણભંડારજી,
શ્રી શ્રી **ધર્મમૂરતિ** સૂરીશ્વર, શ્રી સંઘકું સુખકારજી. ૨૭
સોમવદન સુપ્રસન મનરંજન, દીઠઇ અતિ હિઈં આણંદજી,
સેવકજન નિય ચિત્તિ નિત વંછઇ, પ્રતિપઉ જિહાં દિણંદજી. જિન.૨૮
તાસ તણઇ પક્ષિ શુણિ રયણાયર, **કમલશેખર** વણારીસજી,
ક્રિયાપાત્ર હૂઆ એણિ કાલિઇં, સઘલઇ કિત્તિ વિસેસજી. ૨૯
તેહના સિષ્ય સદા સુખકારી, જયકારી જસ નામજી,
**સત્યશેખર** મુનિવર પય નમતાં, સફલ ફલઇ સહૂ કામજી. ૩૦
તાસ પસાઇ નયર **આગરઈ**, રચીઉ રાસ રસાલજી,
**વિનયશેખર** કહઇ ભણતાં ગુણતાં, સુણતાં સંપદમાલજી. જિન.૩૧

(૧) સં.૧૬૪૮ પૌસ શુદિ ૩ બુધે **અંચલગછે** વા. કમલશેખર રિષિ સત્યશેખરગણિ શિ. રિષિ **વિનયશેખર** રિષિ **વિવેક**શેખર લિ. સાધ્વી **વિમલા** સષ્યણી સાધ્વી કુશલલક્ષ્મી વાચનાર્થં. પ.સં.૧૨-૧૪, વી.ઉ. ભં. દા.૧૭.

**(૧૧૫૪) રત્નકુમાર રાસ**

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૮૫, ભા.૩ પૃ.૭૭૫-૭૭.]

**૫૪૮. રાજસાગર** (ત. વિજયદાનસૂરિ-હર્ષસાગરશિ)

હર્ષસાગર જુઓ નં.૫૦૧.

**(૧૧૫૫) લુંકા મતની સ્વાધ્યાય** કડી ૨૮ સં.૧૬૪૩ લગભગ

**આદિ** – **શંખેશ્વર** જિન કરૂં પ્રણામ, નિતુ સમરૂં સુહગુરૂનું નામ,
બોલિસિ બોલ સિદ્ધાંતઇ ઘણા, ભવિક જીવનઇ હિતકારણા. ૧
*
સંવત **પનર અઠોત્તરઈ** જોઇ, નામઇ **લુંકો** લખતો સોઇ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુહિ માગ્યો ગરથ નાપિઉ કુણઇ, જિનશાસનથી ફર્યો તતખિણઇ. ૩
**લુંકટ** સેઠ ખરૂં મુઝ નામ, બિરૂદ વહીનઈ ઊઠિઉ તામ,
જઇ મિલ્યો **પારખિ લખમસી,** તેહની બુદ્ધિ... ૪
તેણુ બિહું મિલી વિમાસ્યું કસ્યું, પ્રકટિઉં નામ **લુંકામત** ઈસ્યું,

*

સંવત **પનર અઉત્રીસઈ** વલી, વેષધર થાપ્યા તિણે બિહું મિલી.

**અંત –** શ્રી **વિજયદાન**સૂરિ પ્રવર સૂરિંદ, શ્રી **હર્ષસાગર** ઉવઝાય મુણિંદ,
**રાજસાગર** કહઈ સુમતિ મનિ ધરઉ, ભવસાયર જિમ લીલાં તરઉ. ૨૮

(૧) પ.સં.૨-૧૧, ખ. મુનિશ્રી સુખસાગર પાસે. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૧૨).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૭૬૮-૬૯.]

**૫૪૯. ગુણવિનય** (ખ. ક્ષેમશાખા ક્ષેમરાજ ઉ.–વાચનાચાર્ય **પ્રમોદમાણિક્ય–જયસોમ** ઉ.-શિ.)

આ કવિએ સંસ્કૃતમાં ગ્રંથો બનાવ્યા છે તે પૈકી 'ખંડ પ્રશસ્તિ કાવ્ય વૃત્તિ – ટીકા' સં.૧૬૪૧, 'દમયંતીચંપૂ વૃત્તિ – ટીકા' સં.૧૬૪૬, 'રઘુવંશ ટીકા' સં.૧૬૪૬, પ્રાકૃત 'વૈરાગ્ય શતક ટીકા' સં.૧૬૪૭, 'સંબોધ સપ્તતિકા વૃત્તિ' સં.૧૬૫૧, 'વિચારરત્ન સંગ્રહ લેખન' સં.૧૬૫૭, 'લઘુ અજિતશાંતિ ટીકા' સં.૧૬૫૯, 'ઇંદ્રિયપરાજયશતક વૃત્તિ' સં.૧૬૬૪, 'ઉત્સૂત્રોદ્દઘટ્ટનકુલકખંડન' (તપાગચ્છના ખંડન અને ખરતરગચ્છના મંડન રૂપે) સં.૧૬૬૫. આ ઉપરાંત જેનો રચનાસમય અજ્ઞાત છે એવી બીજી રચનાઓ 'જિનવલ્લભીય અજિતશાંતિ વૃત્તિ', 'મિતભાષિણી વૃત્તિ', 'સબ્બત્થ શબ્દાર્થ સમુચ્ચય' ઇત્યાદિ. તે પરથી સત્તરમા સૈકામાં તે એક વિદ્વાન ટીકાકાર અને સાક્ષર હતા એ નિર્વિવાદ છે. વધુ માટે જુઓ ઐતિહાસિક રાસ સંગ્રહ ભા.૩ અને જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય. ભાષાનું કાવ્ય નામે 'કર્મચંદ્ર પ્રબંધ', કર્તાએ બીજો સંસ્કૃતમાંનો વંશપ્રબંધ જોઈને કર્યો છે. જુઓ એમાં ટૂંક ૨૯૭. તેમણે સં.૧૬૭૫માં વિમલાચલ પર જિનરાજસૂરિએ કરેલી આદિનાથની પ્રતિષ્ઠામાં હાજરી આપી હતી. જુઓ એપિગ્રાફીઆ ઇંડિકા ૨-૬૨-૬૩. આ શિલાલેખ માટે જુઓ મુનિ જિનવિજયજી સંપાદિત પ્રાચીન જૈન લેખસંગ્રહ ભા.૨ લેખાંક ૧૮-૧૯. ગ્રંથો વિશે સૂચિ માટે જુઓ જેસલમેર ભંડાર ગ્રંથસૂચિ, પૃ.૨૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને ૫૨.

**(૧૧૫૬) શત્રુંજય ચૈત્યપરિપાટી સ્ત.** (ઐ.) ૩૨ કડી ૨.સં.૧૬૪૪

**આદિ** – સકલ **સારદ** તણા પાય પ્રણમી કરી,
ભણિસું જિણ ચૈત્ય પરિવાડિ ગુણ સંભરી.
**વીકનપરા** થકી **વિમલગિરિ** ભેટવા,
સંઘ ઉછવ ધરઈ જેમ દુખ મેટવા. ૧

*

સંવત **સોલ ચમાલ** એ સુકકએ માહ ધુરિ શુભ દિવસિ હરિ-
વસિ ચલ્લએ,

શુભ શકુન જોઈ સંઘ નીકળ્યો. સાથે શ્રેયાંસ આદિનાં દેરાસરો લીધાં. માહ વદિ ચોથે સારૂડે પ્રથમ જિનને વાંદ્યા. પછી વાવડી, પછી તિમરીપુર આવ્યા. મહા વદ ૯મીએ જિનપૂજા કરી, લાસા ગોવાલ ગામથી સિરોહીમાં મહા શુદ ૭ આવ્યા. સાંકરડા, નિતોડા, નાનવાડા, કથવાડા, સંગવાડા, ખાખરવાડા, કાસતરા, અંબથલ, મોડથલ, ઉડવાય, સિરોતર, વડગામ, સિધપુર, મેસાણા, પનસર, કલવલા, સેરીસા, લોડણ પાર્શ્વનાથ – ત્યાં જિનચંદ્રસૂરિને વંદના કરી. અમદાવાદનો સંઘ ત્યાં આવ્યો. સંઘવી જોગી સોમજી હતા. ધંધુકા, પછી પાલીતાણે. શેત્રુંજય ચૈત્ર વદ ૫ને દિને ચડ્યા. આઠમે સત્તરભેદી પૂજા, ખરતરવસીમાં પૂજા કરી, પાછા વળતાં દ્રવ્ય ખર્ચતાંખર્ચતાં અમદાવાદ આવ્યા. આસાઉલપુર, ઉસમાપુરનાં દેવગૃહો વાંદ્યાં. ગોલ ગામથી આબુની યાત્રા કરી. જેઠ શુદિ ૧૩ રોહ ગામે જિનદત્ત સૂરિને નમ્યા. સ્વામીવત્સલ જેઠ શુદ ૧૫ દિને કર્યું.

**અંત** – ઇમ યાત્ર શ્રી **સેત્રુંજ** કેરી, જિમ જસ વિસ્તરઈ,
શ્રી **અર્બુદાચલ** જેમ ભેટયા, પંચ ચેઇ જિણ પરઈ;
તે ભણ્યા શ્રી **જયસોમ** સીસે સંભલ્યા જિમ જનમુખઇ,
તિમ **ગુણવિનય**ગણિ કહઇ ભણતાં સંપજૈ સંપદ સુખઇ. ૩૨

(૧) ઋષિ જટા લિ. પ.સં.૨, અભય. પો.૧૮ નં.૧૮૩૯. (૨) પ.સં.૨, અભય. નં.૨૭૭૯.

**(૧૧૫૭) કયવન્ના ચોપાઈ** ૧૭૩ કડી ૨.સં.૧૬૫૪ આ.શુ.૫ મહિમપુરે

**આદિ** – પણમિય **પાસ** જિણેસર પાયા, મન ધરિ શ્રુતધર શ્રી ગુરૂરાયા,
પભણિસુ **કયવન્ના** પરબંધ, જિમ થાઅઇ સુભનઉ અનુબંધ. ૧
ચ્યારિ પ્રકારિ કહ્યઉ જિનધર્મ, દાન શીલ તપ ભાવન મર્મ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચ્યારિ કુગતિ વિચ્છેદન હેતુ, ભવસમુદ્ર તરિવાનઇ સેતુ. ૨

**અંત –** ઢાલ

યુગપ્રધાન **જિનચંદ**સૂરિ રાજઇ, ગુરૂ અતિસય કરિ અધિક વિરાજઇ,

**વેદ બાણ રસ સસધર** વરસઇ, **નેમિ** જનમકલ્યાણિક દિવસઈ.

શ્રી **પરમોદમાણિક** ગુરૂ પાટઇ, સોહઇ સસધર જિમ મુનિ થાટઈ,

ઉવઝાય શ્રી **જયસોમ** યતીસ, તેહનઉ શિષ્ય ધરી સુજગીસ. ૧૭૦

વાચકશ્રી **ગુણવિનય** વિશેષિ, **ઠાણાવશ્યક વિવરણ** દેખિ,

એહ સંધિ પ્રભણઇ સુખ કાજઇ, **મહિમપુરઈ** મહિમા કરિ રાજઇ.

જિહાં શ્રી **અજિત-શાંતિ** ગુણ ભરિયા, જાણે ચંદ-સૂર અવતરીયા,

ભવ્ય જીવના તમભર હરિવા, જન આનંદ રયણિદિનિ કરિવા. ૧૭૨

એ પ્રબંધ પ્રભણઇ જે ભાવઇ, **જિનકુશલ**સૂરિ અનુભાવઇ,

દુરિય વિઘન સવિ દૂરિ પુલાવઇ, રિદ્ધિ વૃદ્ધિ મંગલ ઘરિ થાવઇ. ૧૭૩

(૧) ઋ. જટા લિ. પ.સં.૧૦, પ્રતિ ૧૭મી સદીની, ભુવન. પો.૧૨. (પછી ઉમેરેલ છે કે: સં.૧૭૦૬ માઘ વદિ ૬ રવિવાસરે શ્રી ઝડાઉ મધ્યે.)

**(૧૧૫૮) બારવ્રત જોડી** કડી ૫૬ ર.સં.૧૬૫૫

**આદિ –** જિનહ ચઉવીસના પાય પણમી કરી,

સામિ **ગોયમ** ગુરૂનામ હીયડઈ ધરી,

સમકિત સહિત વ્રત બાર હિવ ઉચરૂં,

સુગુરૂસાખઇ વલી તત્ત્વ ત્રિણઇ ધરૂં. ૧

**અંત –** શ્રી **ખરતર**ગચ્છિ ગયણ-દિણિંદો, શ્રી **જિનચંદ**સૂરિ સૂરિંદો,

એહની મસ્તકિ આણ વહિજ્જઈ, સૂધૂં સમકિત ઇમ લહિજ્જઇ. ૫૪

**સંવત સોલ પંચાવન** વરસઇ, શ્રાવિકા **જીઉ** નિય મનહરસઇ,

શ્રી **ગુણવિનય** વાચક વર પાસઈ, સુણીઉ આગમ મનિ ઉલાસઇ. ૫૫

કીધઉ બારહ વ્રત ઉચ્ચારહ, અણજાણઇ નહી દૂષણભાર,

ભણસઇ ગુણસઈ એહ અધિકાર, તેહિ ઘરિ મંગલ જયકાર. ૫૬

(૧) પરચુરણ એક પ્રત, સંઘ ભં. પાટણ દા.૭૫. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૪૯ – શ્રાવિકા જીવીને નામે).]

**(૧૧૫૯) + કર્મચંદ [મંત્રી] વંશાવલી પ્રબંધ** (ઐ.) ૨૯૯ કડી ર.સં.૧૬૫૫ મહા વ.૧૦ સધરનગરમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આદિ** – **ફલવધિ પાસ** પ્રણામ કરિ, વાગવાણિ સમરેવિ.
શ્રી **જિનકુશલ** મુણિંદપય, હૃદયકમલિ સુધરેવિ. ૧
શ્રી **ખરતરગચ્છ** રાજીયઉ, યુગપ્રધાન **જિણચંદ**,
શ્રી **જિનસિંહ** મુનિંદવર, જિન રંજિય નૃપવૃંદ. ૨
તાસુ કથનિ ઉવઝાય ગુરૂ, શ્રી **જયસોમ** સુસીસ,
વાચનાચારિજ **ગુણવિનય**, મન ધરિ અધિક જગીસ. ૩
જિનશાસન ઉદ્યોતકર, **કરમચંદ** નૃપચંદ,
તેહની વંશપરંપરા, પ્રભણુઈ સોહગકંદ. ૪
તે નિસુણઉ હરખઈ કરી, મંત્રીસર પરબંધ,
ધરમવંત ગુણ ગાવતાં, જિમ હુવઈ શુભ અંકબંધ. ૫
આગે **કુમરનરિંદના**, **વિમલ** તણાં સુરસાલ;
ગીતારથ ગુરૂ ગૂંથિયા, ગુણ સુણીયઇ સુવિશાલ. ૬

**અંત** – **સોલહ સઈ પંચાવન** તણઇ, ગુરૂ અનુરાધા યોગઇ રે,
માહ વદી દશમી દિનઈ, મંત્રી વચન પ્રયોગઈ રે. ૨૯૩
રાજ **કરમચંદ્ર** મંત્રવી, **સધર** નગર તો સામઈ રે,
**સંભવનાથ** પસાઉલઈ, જિહાં સવિ વંછિત પામઇ રે. ૨૯૪
જિહાં **જિનકુશલ** સુગુરૂ તણો, **કરમ**મંત્રિ કરાયો રે,
થૂભ સકલ સંપતિ કરઈ, દિન પ્રતિ જે જસવાયો રે. ૨૯૫
પાઠક શ્રી **જયસોમજી**, સુગુરૂ જિહાં ચઉમાસઇ રે.
શ્રી સંઘનઇ આગ્રહ થકી, નિવસ્યા ચિત્તઉલ્લાસઇ રે. ૨૯૬
તસુ આદેશ લહી કરી, દેખી વંસપ્રબંધો રે,
વાચક શ્રી **ગુણવિનય** કીધો એહ સરસ સંબંધો રે. ૨૯૭
ચિર લગિ જો પ્રબંધ એ જાં લગિ મેરૂ ગિરિંદો રે.
શ્રી **જિનકુશલ** પસાઉલઈ, જાં લગિ ચંદ્ર દિણિંદો રે. ૨૯૮
એ ગાવઇ પ્રબંધ જે જિનશાસન જયકારો રે.
તે પામઇ સુખસંપદા સોહગસિરિ સિણગારો રે. ૨૯૯

(૧) પ.સં.૮, જિ.ચા. પો.૮૦ નં.૧૯૯૬. (૨) પ.સં.૧૩, અભય. પો.૪ નં.૨૪૮. (૩) પ.સં.૧૫, કૃપા. પો.૫૨ નં.૧૦૨૦. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૯૩, ૩૫૭).]

[પ્રકાશિત : ૧. ઐતિહાસિક રાસ સંગ્રહ ભા.૩. ૨. જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૧૧૬૦) અંજનાસુંદરી પ્રબંધ** ર.સં.૧૬૬૨ ચૈત્ર સુદ ૧૩ બુધ

**અંત** – શ્રી **ખરતરગછિ** પ્રગટ પડૂરિ, યુગપ્રધાન શ્રી **જિનચંદ્રસૂરિ,**
વિજયમાનિ શ્રી **જિનસિંઘસૂરિ,** આચારિજ પાદશાહિ હજૂરિ.
જાસુ દીયઉ ગુરૂઅઈ ગુરૂરાજઈ, શ્રી **ક્રમચંદ્ર** વિરચિત સુદિવાજઈ.
ઉવઝાય શ્રી **ખેમરાજ**ના શિષ્ય શ્રી **પરમોદમાણિક** સુર વૃક્ષ. ૧
વાચકપદ સુંદર સુખકારી, તાસુ શિષ્ય વિજયી શ્રુતધારી,
શ્રી **જયસોમ** સુગુરૂ ઉવઝાય, વચનરસઈ રંજિય નરરાય. ૨
**અકબર** શાહિ સભાંઅઈ જાસુ, દસ દિસિ હૂઅઉ વિજયવિકાસુ,
તાસુ શિષ્ય અછઇ વિનીત, ગુણવિનયતિ **જયતિલક** સુવિદીત. ૩
તિહાં વાચક **ગુણવિનય**ઇ દીઠઓ, પૂર્વં પ્રબંધ જિસ્યઉ મધુમીઠો,
**સોલહ સઈ બાસઠા** વરસઈ, ચૈત્ર સુદઇ તેરસિનઈ દિવસઈ. ૪
તેરમ રવિયોગઈ બુધવારઇ, ઢાલઇ બંધ્યઉ તસુ અનુસારઇ,
શીલવંતની વાત જ સુણતાં એહ પ્રબંધ ભવી નિતુ ભણતાં. ૫

(૧) સં.૧૬૬૯ વર્ષે શ્રી **આગરા** નગરે પં. **જયકીર્તિ** લિખિતં. વિવેક. ભં. (૨) ખં.ભં. (૩) ચં.ભં. (૪) રાજનગરે લિ. પ.સં.૭, પ્રત ૧૮મી સદીની, જિ.ચા. પો.૮૧ નં.૨૦૩૧.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**(૧૧૬૧) ઋષિદત્તા ચોપાઇ** ૨૬૮ કડી ર.સં.૧૬૬૩ ચૈ.શુ.૯ રવિ ખંભાતમાં

**આદિ** – પુરૂષાદેય ઉદયકર, પણમિય **થંભણ પાસ,**
જેહનઇ નામ ગ્રહણ થકી, પૂજઈ [સઘ]લી આસ. ૧
ભગવતિ **ભારતિ** હૃદય ધરિ, જિણથી વચનવિલાસ,
મીઠઉ અમૃત તણી પરઇ, મુખ થાયઈ રસવાસ. ૨
જિનવરિ ચિહું વંદન કરિ, ભાખ્યા ધરમપ્રકાર,
ચ્યારિ ચતુરગતિ છેદવા, ચતુર સુણઉ સુવિચાર. ૩
બ્રહ્મવ્રત બીજ(ઉ) ધરમ, પરમ ભણીજઈ તત્થ,
તરીયાની પાંતઈ તિ જે, એ પાલઈ પરમત્થ. ૪
દાનવ દેવ જિકે વડા, કિન્નર સિદ્ધિ જિ કેવિ,
સીલવંત-પય તે નમઇ, દુક્કર કરમ કરેઇ. ૫
સીલવંત કુલ-આભરણ, રૂપવંત સુભસીલ,
સીલવંત પંડિત કહ્યા, સીલધરમિ સવિ લીલ. ૬

*

**રિષિદત્તા** મોટી સતી, સુણયઇ સોહગકંદ,
તેહ તણુઉ પરબંધ હું, પ્રભણું ધરિ આણંદ. ૧૧

**અંત –** સંધિ

ઇણ પરિ શ્રી **રિષિદત્તા** કેરઉ, વર વયરાગ અમૃતરસ બેરઉ,
જિણથી સિવપુર થાઅઇ નેરઉ, ભાજઇ ભવિક તણઉ ભવફેરઉ. ૨૬૧
ચરિત સુણીજઇ શાસ્ત્ર મઝારિ, દેખી તેહનઇ અનુસારિ,
સંવત **ગુણ રસ (રસ) સસિ** વરસઇ,
(પા. સંવત **સોલહ ત્રેસઠઇ** વરસઇ) ચૈત્ર સુદઈ નવમીનઈ દિવસઈ. ૬૨
નવમઇ રવિયોગઇ વહમાનઇ, રવિ મેષઇ રવિવારિ પ્રધાનઇ,
શ્રી **ખંભાયતિ થંભણુ પાસ, ધરણુ પઉમ** પરતખિ જસુ પાસિ. ૬૩

શ્રી **ખરતર**ગણગગનનભોમણિ, **અભયદેવ**સૂરિ પ્રકટિત સુરમણિ,
ધન ખરચી બહુ બિંબ ભરાવિય, સાહ **સિવા સોમજીય** કરાવિય. ૬૪
અચરિજ કરયૂ તરિ જસુ ઊપરિ, સોરણાઇ વર ભેરિ વિવિધ પરિ,
**પાસ** ભગતિ રસિ જિહાં વજાવઇ, ગુરૂપ્રસાદિ રહ્યા સુખ ભાવઇ. ૬૫
દુરિત મહાતરૂ ગજ જિમ ચૂરઇ, જિહાં સહૂઆં મનવંછિત પૂરઇ,
યુગપ્રધાન **જિનચંદ**સૂરિ રાજઇ, શ્રી **જિનસિંઘ**સૂરિ કરિ રાજઇ. ૬૬

જૈનમ્ જયતિ શાસનમ્

શ્રી **જયસોમ** સુગુરૂનઇ સીસઇ, આવ્યા કુસુમમાલ ધરિ સીસઇ,
વાચક **ગુણવિનયઈ** ગુણકારણ. ઢાલબંધિ પ્રભણ્યઉ ભવતારણ. ૬૭
એ સંબંધ સુકૃતવિસ્તારણ, સંભલિ સીલ ધરઉ દુખવારણ,
જિણથી મંગલ ઉદય પ્રકાસ, દિનિદિનિ થાયઇ સુજસવિલાસ. ૨૬૮

(૧) સંપૂર્ણ શ્રી **નવાનગર** મધ્યે. કવિની હસ્તલિખિત પ્રત લાગે છે. પ.સં.૮, અભય. નં.૨૦૨૧.

**(૧૬૬૨) જીવસ્વરૂપ ચોપાઈ** ૨૪૭ કડી ર.સં.૧૬૬૪(૭) રાજનગરમાં

**આદિ –** દૂહા

**શાન્તિનાથ** પયકમલ ધરિ, હૃદયકમલ સુભકાર,
શ્રી **ચિન્તામણિ પાસ** પ્રભુ, પ્રણમી સોહગસાર. ૧
**સારદદેવિ** પ્રસાદ લહિ, શ્રી **જિનદત્ત** સૂરિરાજ,
શ્રી **જિનકુસલ** નમી કરી, સાધેવા સવિ કાજ. ૨

**અંત –** ઇમ બારહ નિતુ ભાવઉ, જિમ અવિચલ સુખ પાવઉજી,

નવનવ સંપદ કરી સુહાવઉ, વાધઇ વૃદ્ધિ વધાવઉજી. શ્રી. ૨૪૪
અંબુધિ કાય રસાવનિ વરષઇ, શ્રી સંઘ કેરઇ હરષઇજી,
યુગપ્રધાનશ્રી જિનચંદ્રસૂરિ ગુરૂ, રાજઇ ગુણ ઉતકરષઇજી. શ્રી.૨૪૫
શ્રી જિનસિંઘસૂરિ આચારિજ, જેહનઇ પાટઇ દીપઇજી,
એહ ભાવ આગમ મહિ દીસઇ, જિમ મુગતાફલ સીપઇંજી. શ્રી. ૨૪૬
ઉવઝાય શ્રી જયસોમ સુગુરૂનઈ, સીસઈ મતિ અનુસારીજી,
તે શ્રી વાચક ગુણવિનયઇ પ્રભણ્યઉ, રાજનગરિ સુખકારીજી.૨૪૭

(૧) ગ્રં.૪૦૦ શ્રી સ્તંભતીર્થે. પ.સં.૧૦-૧૫, પ્રથમ પત્ર નથી, નાહટા. સં. (૨) પ.સં.૧૩-૧૩, ગુ. નં.૧૩-૯.

**(૧૧૬૩) ગુણસુંદરી પુણ્યપાલ ચો.** ૨.સં.૧૬૬૫ નવાનગર

(૧) પ્રાયઃ આ કવિકૃત. સં.૧૭૪૬ જે.શુ.૧૫. પ.સં.૭, સિનોર ભં. પો.૧૦. (૨) પ્રાયઃ આ કવિકૃત. સં.૧૭૯૭ શાકે ૧૬૬૨ ફા.કૃ.૮ કાવ્યવાસરે મુનિ ભાગ્યવિજયગણિ લિ. અંજાર નગરે શ્રી વાસુપૂજ્ય પ્રસાદાત્. સંઘ ભં. રાધનપુર. (૩) સેં. લા. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૫૧).]

**(૧૧૬૪) [+] નલદમયંતી પ્રબંધ** ૨.સં.૧૬૬૫ આસો વ.૬ સોમ નવાનગરે

**અંત** – ઇણિ પરિ ગુણનિધિ શ્રી દવદંતી, ચરિત ભણ્યો ભવવન-દવદંતી,
સોલહ સઇ પઇંસઠા વરસિ, શ્રી નવાનગર પવરિ મનહરખિ.
આસૂ વદિ છઠ શશિધર વારે, મિગસર સિદ્ધિ રવિયોગ ઉદારે,
યુગપ્રધાન શ્રી જિનચંદ્રસૂરિ, નિર્મલ નિજમતિ જિત સુર-સૂરિ.૪૫
આચારજશ્રી જિનસિંહસૂરિ, કૃત પરમોદય ગુણમણિ ભૂરિ,
જિણ થાપ્યો સંઇહત્થ પટધારી, તેહને રાજ્યે સુયશ સુખકારી.૪૬
ઉવઝાયશ્રી જયસોમ સુધાકર, શીશઇ મોહતિમિરભર-દિનકર,
શ્રી ગુણવિનયે શીલની લીલા, દેખિન હુવઇ જિણથી હીલા. ૪૭
તિમ તુમ્હ ધરિવો ભવિયણ સાચો, શીલધરમ હીસે જિમ જાચો,
જિમ પામો પરભવ શિવયોગ, અક્ષય અચલ અનંત અરોગ. ૪૮
ઇણ ભવ ઇણથી નિરૂપમ ભોગ, જસ બોલઇ તસુ સહુ અઇ લોગ,
એહ પ્રબંધ સદા મુખિ ભણિવો, અથવા ભણતાં નિશ્ચલ સુણિવો.૪૯
શ્રી જિનદત્તસૂરિ-સુપ્રસાદઇ, શ્રી જિનકુશલ સૂરીશ્વર સાદઇ,
સુણતાં મંગલ ઋદ્ધિવિલાસ, થાઓ ઇણિથી મહિમાવાસ. ૫૦

(૧) પં. જીવકીર્તિગણિ લિ. શ્રી માલપુરે. ગ્રં.૫૨૧, નાહટા. સં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[કૅટલોગગુરા.]

[પ્રકાશિત : ૧. સંપા. રમણલાલ ચી. શાહ.]

**(૧૧૬૫) જંબૂ રાસ** ર.સં.૧૬૭૦ શ્રા.શુ.૧૦ શુક્રવાર બાહડમેર

**આદિ** – શ્રીરસ્તુ શ્રી શારદાયૈ નમઃ

પણમિય **પાસ** જિણિંદ પ્રભુ, શ્રી **જિનકુસલ** મુણિંદ,
પ્રભુતાનિધિ સોહગનિલઉ, સમરી સુખનઉ કંદ. ૧
શ્રી **જયસોમ** સુગુરૂ તણા, ચરણકમલ મન ભાવિ,
મન ધરિ સારદ **સારદા**, જાગઇ જસુ પરભાવ. ૨
આદઈ શ્રી **વધમાન** જિન, પાટઇ પ્રભુતાધાર,
શ્રી **સુધરમા** સ્વામી થયઉ, વર પંચમ ગણધાર. ૩
તાસુ સીસ મહિમાનિલઉ, જગ મહિ **જંબુકુમાર**,
જેહનઇ નામ-અણ્ઈ હુવઇ, ભવજલનિધિનિસ્તાર. ૪
સિદ્ધિરમણિ જેહનઇ વરી, પરવર વરિવા નેમ,
ગુણે અધિક પામી કરઇ, ગુરૂઆ એહાં પ્રેમ. ૫
તાસુ ચરિય પ્રભણિસુ ધરિવ, શમ-સંવેગ-વિલાસ,
તે સંભલિવા ભવિક નર, કરિવઉ મનઉલ્લાસ. ૬
**જંબુકુમર**નઉ નવ નયન, જિણિ દેખી તૃણ જેમ,
રૂપ બહુ આઠે વહુ, વરણઇ જાણે હેમ. ૭

**અંત** – ધન ધન **પ્રભવ** દેખિ ધન કોરી, જસુ વચનઇ સબ છોરી વે. ૯૬
ધન ધન **બાહડમેર** કહાણા, જહાં શ્રી **સુમતિ** સુહાણા વે. ૯૭
જિનકી સોમનજરિ સોહાયઉ, **ખરતર** સંઘ સવાયઉ વે. ૯૮
તસુ પરભાવઇ **જંબૂ** ચરિયા, પૂર્ણ ભઇ સુભ વરિયા વે. ૯૯
**સત્તરિ** અધિક **સોલે સઇ** વરસઇ, વધતઇ મનકઇ હરષઈ વે. ૧૦૦
યુગપ્રધાન **જિનચંદ**સૂરિ રાજઇ, અધિક દિવાજઇ વિરાજઇ વે.૧
પૂર્વ પ્રબંધકા દેખિ વિચારા, તિન કાલે અનુસારા વે. ૨
શ્રી **જયસોમ** મહા ઉવઝાયા, જિનકા લહિય પસાયા વે. ૩
શ્રી **ગુણવિનયઇ** એ પરબંધા, પ્રભણ્યા સુભ સંબંધા વે. ૪
શ્રાવણ સુદિ દસમી કવિવારઇ, રાધા ઉડુ સંચારઇ વે. ૫
એ પ્રબંધ વર પુણ્યપ્રયોગઇ, લિખીયઉ રવિ સિધિયોગઇ વે. ૬
શ્રી **જિનકુશલ** થૂભ જિહાં જાચા, ઘઇ મનવંછિત વાચા વે. ૭
જસુ પરભવઈ ધન ધન વરસઈ, જાકું સવ જન તરસઈ વે. ૮

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એ પ્રબંધ ભણતાં વલિ ગુણતાં, **કુસલ** કુસલ કરઉ સુણતાં વે. ૯

(૧) પ.ક્ર.૬૪થી ૬૬, સંપૂર્ણ, અભય. પો.૬ નં.૩૮૯.

**(૧૧૬૬) મૂલદેવ કુમાર ચોપાઈ** ૧૭૦ કડી ર.સં.૧૬૭૩ જે.શુ.૧૩ ભૃગુવાર સાંગાનેરમાં

**આદિ** – પણમિય **પદમપ્રભ** ધણી, શ્રી **જિનદત્ત** સૂરિરાજ,
શ્રી **જિનકુસલ** સૂરીસ ગુરૂ, સર્વ સાધુ સિરતાજ. ૧
ઉવઝાય શ્રી **જયસોમ** ગુરૂ, પયપંકય-પરભાવિ,
દાન તણા ગુણ વર્ણવું, શ્રી **સારદ** અનુભાવિ. ૨
ધર્મમૂલ જગમઈ ભણયઉ, મહિમા તણુઉ નિવાસ,
સિદ્ધિ સુખાંનઉ જે પટ્ટૂ, તે દાન કહું ઉલ્લાસિ. ૩
દાનઇ વયર સહૂ મિટઇ, વસિ હોવઇ સવિ ભૂત,
દાનઇ સત્રુ દયામણા, થાયઈ મિત્ર નઇ સૂત. ૪
ધર્મહેતુ પાત્રઇ દીયઉ, મિત્રઈ પ્રીતિવિતાન,
ભૃત્ય ભણી દીધઉ દિયઇ, દાયકનઇ બહુ માન. ૫
નરપતિનઇ દીધઉ કરઇ, નિજ વસિ યાચિક દિદ્ધ,
મહિમા કરિ મોટઉ કરઇ, પુહવઇ તેઉ પ્રસિદ્ધ. ૬
ઇહલોકઇ પુણિ ફલ દીયઇ, દાન દીયઉ જગ માહિ,
**મૂલદેવ**ની પરિ સુણઉ, ભવિયાં મન-ઉચ્છાહિ. ૭

**અંત** – તિણિ જાણી પ્રાણી પરમ, દાન તણા ફલ ભાવ,
**મૂલદેવ**ની પરિ દીયઉ, જેહનઉ અધિક પ્રભાવ. ૧૬૬

સંધિ ઢાલ

**ગુણ મુનિ રસ સસિ** વરસઇ ચારૂ, **મૂલદેવ** સંબંધ વિચારૂ,
શ્રી **સાંગાનયરઇ** મનહરષઇ, જેઠ પ્રથમ તેરસિનઈ દિવસઈ. ૧૬૭
ભૃગુવારઈ સિધયોગ ઉદારઈ, પૂર્વ પ્રબંધ તણઈ અણુસારઈ,
શ્રી **પદમપ્રભ** પુણ્ય પસાઅઈ, રાજમાનિ **જિનસિંહ** સૂરિરાઅઇ.
ઉવઝાય શ્રી **જયસોમ**નઈ સીસઈ, આન્યા માલ ધરી નિજ સીસઈ,
ઉવઝાય શ્રી **ગુણવિનયઈ** બંધુર, પ્રભણ્યઉ ધરિ ધરમાંમઈ એ ધુર.
**ખરતરગચ્છ**-દિન-ઉદય-દિવાકર, શ્રી **જિનદત્ત**સૂરિ દુરિતતમોહર,
શ્રી **જિનકુસલસૂરિ** સોહગધર, પઢતાં ગુણતાં હુઉ વંછિતકર. ૧૭૦

(૧) પં.જીવકીર્ત્તિગણિ લિ. સુભટપુરે. પ.સં.૭-૧૫, મુકનજી સં.

**(૧૧૬૭) કલાવતી ચોપાઈ** ૨૪૨ કડી ર.સં.૧૬૭૩ આ. સુ. ૯ શનિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાંગાનેરમાં

**આદિ** – પણમી **પદમપ્રભ** ધણી, શ્રી **જિનકુસલ** સૂરિંદ,
જેહના ચરણકમલ ભજઈ, સવિ સુર-અસુર-નરિંદ. ૧
શ્રુતદેવી સમરી કરી, સફલ કરૂં નિય જીહ,
સીલવંત ગુણ ગાઈનઈ, જેહની ત્રિભુવન લીહ. ૨
બીજઉ સવિ ધ્રમ સોહિલઉ, દાનાદિક જગ માહિ,
એહનઉ દુક્કર પાલિવઉ, મન રાખવઉ સાહિ. ૩
મન ચંચલ મતથી હુવઈ, એહ મનોભવ તેણ,
કુણ કહિએ બાંધી સકઈ, જગ સવિ જીતઉ જેણ. ૪
**ઈસર** સોઇ ઇસરિચરણિ, જાઇ મનવા લગ્ગ,
પેખે તુઝ ઇસરપણઉ, હૂઅઉં કહિ કણિ મગ્ગિ. ૫
**વિધિ** વિધિપુત્રી સ્યું રમ્યઉ, **લાછિસ્યું શ્રીપતિ** લુદ્ધ,
જે આરાધઇ સહૂઅ જગ, તે મોહ્યા ઇણ મુદ્ધિ. ૬
તિણિ એ કામવિડંબના, જિણિ નવિ લાધી હોઇ,
તેહના પય લુલિલુલિ નમું, સર્વંજાઇ જગિ સોઇ. ૭
પુરૂષ સીલ પાલઇ પરમ, નવિ અચરિજ ઇંહાં કોઇ,
જિણિ નિજ વસિ તે થાઇ નર...પરવસિ હોઇ. ૮
તેહનઇ પાલિવઉ અતિ વિકટ, સીલ તણઉ સંસારિ,
તિણ તેહનઉ વર્ણન કરૂં, જિહાં નહી કામવિકાર. ૯
જેહનઉ સીલપ્રભાવ જગિ દીસઇ પુણ્ય પસાઇ,
પરગટ તેહ ભણીજીયઇ, બીજી તે ન કહાઇ. ૧૦
નવ કરપલ્લવ જે હુઇ, સીલપ્રભાવ વિશેષિ,
**કલાવતી** કર-છેદતઇ, એ નવ કૌતુક દેખિ. ૧૧
તેહનઉ પ્રભણું હું હિવઇ, મૂલ થકી સંબંધ,
તે સંભલિ પરમાદ ત્યજિ, જિમ થાયઇ શુભ બંધ. ૧૨

**અંત** – સંધિ ઢાલ

સુદ્ધિ ક્રિયા જેહની જગિ કહીયે, તે **ખરતર**ગચ્છ પુણ્યઇ લહીયઇ,
તસુ પ્રભુશ્રી **જિનસિંહ**સૂરિ રાજઇ, દસ દિસિ જેહનઉ સુજસ વિરાજઇ.
સંવત **સોલ તિહત્તરા** વરસઈ, શ્રાવણ સુદિ નવમીનઈ દિવસઈ,
નવમઈ રવિયોગઈ શનિવારઇ, પૂર્વ પ્રબંધ તણઇ અનુસારઈ.૨૩૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી **પદમપ્રભ** જિણહર મંડિત, જેહની આન્યા અછઇ અખંડિત,
જિહાં બહુશ્રી **જિનકુસલ**ની સોભ, જિણિ કીધી **ખરતર**ગચ્છ થોભ.
શ્રી **સાંગાનયરઇ** જિહાં શ્રાવક, **ખરતર** ઉદયવંત સુપ્રભાવક,
ગુરૂમુખિ જે શ્રુત સુણિવા તરસઇ, જલધર જિમ જે ધનજલ વરસઇ.
વિપુલ ફલોદય શ્રી **ખેમ** શાખ, જેહની **ખરતર**ગચ્છમઈ સાખ,
તિહાં શ્રી ખેમરાય ઉવજ્ઝાય, જગિ જસુ જાગતઉ છઈ જસવાય. ૨૩૮
તસુ પાટઈ વાચકપદધાર, બીજ તણી પરિ બહુ પરિવાર,
શ્રી **પરમોદમાણિક** ગુરૂ તાસુ, નિરમલ જેહનઉ સુબુધિવિલાસુ.
**સાહિ** સભા મહિ જિણુ જસ લીધઉ, પ્રતિવાદ્યાંનઈ ઊતર દીધઉ,
પાટઈ વિજઇમાન મનુ સોમ, ઉવજ્ઝાય શ્રીધર શ્રી **જયસોમ.** ૨૪૦
પાઠક **ગુણવિનઇ** તસુ સીસઈ, પ્રગટ કીયઉ જસુ કઉ ન સરીસઈ,
શ્રી **કલાવતીય** ચરિત સુનિધાન, જેહનઉ અધિક અછઈ જગિ વાન.
સીલ તણી એ મહિમા સાંભલિ, જતન કરઉ તિણિ પાલિવા ઇણિ કલિ,
જિમ હોવઈ જગમઈ જસ જાચઉ, સંપજઈ અવિચલ સિવસુખ
સાચઉ. ૨૪૨

(૧) પં. મહિમાકુમારગણિના લિ. પ.સં.૧૯-૨૦ (પ્રથમનાં ૧૪ પત્રમાં મતિકીર્તિકૃત 'અઘટકુમાર ચોપાઈ' અને 'સુબુદ્ધિ ચોપાઈ' છે ને છેવટે આ કૃતિ છે), પાદરા ભં. નં.૬૨.

**(૧૧૬૮) પ્રશ્નોત્તરમાલિકા અથવા પાર્શ્વચંદ્ર મત(દલન) ચોપાઈ**

ર.સં.૧૬૭૩ સંગ્રામનગરે-સાંગાનેરમાં

**આદિ** - દૂહા

શ્રી **પદમપ્રભ** પય નમી, સમરી **સારદદેવિ**,
શ્રી જિનવદનનિવાસિની, કરઈ જસુ સહૂઅઇ સેવ. ૧
સુદ્ધ માગ જિનવર તણઉ, આગમસાખ પ્રકાસિ,
પરગટ કરિસ્યઉં સાંભલઉ, મન ધરિ હરખ-ઉલ્લાસ. ૨
કુમત-મહિષ મહિ પઈસ કરિ, ડહલઉ કીધઉ એહ,
સાસન-સરવર નિરમલઉ, ધરિ અભિમાન અછેહ. ૩
એકદેશ આગમ તણઉ, લઈનઈ દુરબુદ્ધિ,
દુષઇ પૂરવ ગ્રંથનઈ, કિમ પામેસ્યઇ સુદ્ધિ ? ૪
કેવલ મણપજ્જવ અવહિ, પૂરણ શ્રુત વિણુ પ્રેમ,
સુગુરૂ પરંપરિ બાહિરા, પભણઇ મૂરખિ કેમ ? ૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અભિનિવેશ મિથ્યાતનઉ, બલ સબલઉ ધરિ ચિત્તિ,
આંપણુ નામ પ્રકાસિ તે, કિમ પામેસ્યઇ મુત્તિ? ૬

**અંત –** દીપ્ર દીવાજઇ કરિ **સોલ તિહત્તરઇ** એ દેઈ શ્રુત સાખ,
યુગપ્રધાન શ્રી **જૈનસિંહસૂરિ**ની લહિ ભાખ;
ઉવઝાય શ્રી **જયસોમ** સુગુરૂ સુપ્રસાદઇ સુંદર,
ખોભી ન સકઇ કોઇ યૂગતિ વાતઈ જિમ મંદર. ૯૨
**સાંગાનયરિ** વિરાજમાન **પદમપ્રભસ્વામિ**,
તાસુ નજરી અમૃત ભરી એ મનવંછિત પામિ;
શ્રી **ખરતરગછ** ઉદયકરણ **જિનકુશલ** પ્રભાવઇ,
એવ ચારિ યુગતિઇ ઉદાર મન કેરઈ ભાવઇ. ૯૩
ઉવઝાય શ્રી **ગુણવિનઈ** ભણ્યઉ મિથ્યાતનઇ હરિવા,
મુગધ લોકનઇ હિત ભણી, એ નયમારગિ ધરિવા;
ઇહાં સંસય મત કોઇ કરઉ જેણિ આતમભાવ,
સદ્દૂહાંનઇ સમભાવિ અછઇ ભવજલનિધિ-નાવ. ૯૪

(૧) ઇતિ **ક્ષેમશાખાયાં ક્ષેમરાજ મહોપાધ્યાય** શિષ્ય વાચનાચાર્ય **પ્રમોદમાણિક્યગણિ** શિષ્ય **જયસોમ મહોપાધ્યાય** શિષ્ય શ્રી ગુણવિનયોપાધ્યાયૈઃ પંડિત **મતિકીર્તિ**ગણિકૃત **યુક્તિઘટના** સાહાય્યૈઃ **સંગ્રામનગરે** વિક્રમતો ગુણ **મુનિ રસ શશિ** (૧૬૭૩) વર્ષે શ્રી સંધાગ્રહાત્ કૃત ચતુર્માસીકૈરનેકશાસ્ત્રકુસુમવાટિકાતઃ સમુચિતવચનકુસુમાન્યુચ્ચિત્યોચિતત્વ ગ્રથિતા **પ્રશ્નોત્તરમાલિકા સ્વબુદ્ધિગુણેન** ક્રિયતાં સ્વકંઠકંદલેલ્લંકરણાય શ્રેયોસ્તુ કલ્યાણમસ્તુ શ્રી **જિનદત્તસૂરિ** શ્રી **જિનકુશલસૂરિ** પ્રસાદાત્ ગ્રંથાગ્ર ૧૩૦૦. (આ પછી છેવટનાં બે પાનાંમાં સંસ્કૃતમાં પાર્શ્વચંદ્રીય મતના ભાવોને જણાવી તેનો નિરાસ કરવા પ્રયત્ન કર્યો છે.) પ.સં.૫૦-૧૨, વિજાપુર જૈન જ્ઞાનમંદિર નં.૫૮૨.

**(૧૧૬૯)** [+] **ધના શાલિભદ્ર ચોપાઈ** ૨.સં.૧૬૭૪ માગ.૧૦ આગરા

(૧) પ.સં.૪૮, કવિની સંશોધિત પ્રતિ, ૫૩-૩૭ મહિમા. [પ.સં. આગળ દર્શાવેલ છે, તેથી ૫૩-૩૭ પ.સં. ન હોય ને નં. લખ્યું નથી એટલે ભંડારનો પ્રતનંબર હોવાનું જણાતું નથી.]

[પ્રકાશિત : ૧. સંપા. રમણલાલ ચી. શાહ.]

**(૧૧૭૦) અંચલમત સ્વરૂપવર્ણન** ૨.સં.૧૬૭૪ માહ સુદ ૬ બુધ માલપુરમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આદિ – **વિમલપ્રભુ** મતિ વિમલ કરિ, જિણ કરિ કરૂં અ વિચાર,
શાસ્ત્ર તણઉ જિણિ જાણીયઈ, સહૂઅઇ સાર-અસાર. ૧
ઉવજ્ઝાય શ્રી **જયસોમ** ગુરૂ, દેસિય વિહિયહ એહ,
દેખાઉં જિણિ અવિહિયહ, કેરી ભાજઈ રેહ. ૨
**અંચલ**-થાપન જિણિ કરી, શાસ્ત્ર વિના નિરમૂલ,
સાંભળતાં શ્રવણઈ હુવઈ, શ્રુતધરનઈ સિરિ સૂલ. ૩
વચન માત્ર નિસુણી કરી, મારગ છોડઇ સુદ્ધ,
ધવલઉ સગલઉ મૂઢ મતિ, દેખી જાણઇ દૂધ. ૪
તેહનઉ ભાવ પ્રકાસ કરિ, નવપહ છંડાવેઉ,
મૂલ મગ્ગ મહિ આંણિસ્યું, સુદ્ધ લોય હિવ વેઉ. ૫
**ઇગ્યારઇ સઇ ગુણસઠઇ, પૂનમીયાં**નઉ પક્ષ,
**નરસિંહ** પાઠક તેહનઉ, સંભલીયઇ પરતક્ખ. ૬

અંત – **સોલહ સઇ ચઉહત્તરઈએ,** માધવ સુદિ છટ્ઠિઈ,
બુધવારઈ નક્ષત્ર પુષ્યિ, સુંદર રવિ છટ્ઠઈ,
યુગપ્રધાન મહિમાનિધાન, શ્રી **જિનસિંહ**સૂરિ,
રાજઇ વાજઇ જાસુ સુજસ, ડિંડિમ જગિ ભૂરિ.
શ્રી **ખરતર**ગચ્છ દિન સમઉ એ, નવ દિનકર પરિ જેણ,
સોહાયઉ તસુ તુલ્યતા, લહીયઈ ગુણ કરિ કેણ? ૨૩
**માલપુરઇ** પરકાસીયઉ એ, પહિલઉ પુહવીતલિ,
ઢાલબંધિ સુભ કર્મબંધ સંબંધ ઈહાં કેલિ,
શાસ્ત્રવિચાર વિના વદ્યઉ એ, તેહનઉ જે દોષ,
મિથ્યા દુઃકૃત તિહાં હુવઉ એ, નવિ રાગ નઇ રોષ.
કરૂણાભાવ હૃદઈ ધરી એ, નવિ તસુ ઊપરિ દ્વેષિ,
રવિ પરગટ કરઇ વિશ્વ સવિ, ન કરઇ તાસુ ઉવેષ. ૨૪
શુદ્ધ માર્ગની ચાહ હુવઇ, તઉ ચાહઉ એહ,
તાસુ કહ્યઉ મઇ નવિ લહ્યઉ, એ શ્રુતિ બીજી રેહ;
એક ભાવ સાચઉ હૂઅઉ એ, બીજઉ ઇઈત્થ,
તઉ સાચઉ ગિણિ દ્રોણ, સિદ્ધ જઈ સીધઉ સિત્થ.
સાચખોટ નાણાં તણી એ, જેમ કરઉ છઉ શુદ્ધિ,
તિમ સામાચારી વિષઈ, વિવરઉ કરઉ વિસુદ્ધ. ૨૫



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**એમરાય** ઉવઝાય રાયશ્રી **એમ**ની સાખઇ,
સવિ સાખા મહિ જાસુ, સાખ પંડિત જન ભાષઈ,
હૂઅઉ પુહવિપ્રસિદ્ધ પાટઈ તસુ સુંદર,
શ્રી **પ્રમોદમાણિક્ય** તાસ તસુ સીસ જયંકર.
ઉવઝાય શ્રી **જયસોમ** ગુરૂ તાસુ સીસિ અપ્રમાદિ,
ઉવઝાય શ્રી ગણિ **ગુણવિનઈ** શ્રી **જિનકુસલ**-પ્રસાદિ. ૨૬

(૧) પ્રત જૂની સં.૧૭૦૦ લગભગની, મ.બ.સં.

**(૧૧૭૧) લુંપકમતતમોદિનકર ચો.** ૨.સં.૧૬૭૫ શ્રા.વ.૬ શુક્રવાર સાંગાનેર

લોંકા – અમૂર્તિપૂજકના ખંડન રૂપે કૃતિ છે.

**આદિ –** દૂહા

પણમિય **પદમપ્રભ** ધણી, વાણિદેવિ મનિ આણિ
સમરી શ્રી **જિનદત્ત** ગુરૂ, વિઘનવિદારક જાણિ. ૧
મહિમા મહિમંડલિ મહીં, નિરમલ ગુણ કરિ જાસુ
પસરી કમલહાં વાસ જિમ, સતવિ **જિનકુસલ** ઉલ્લાસુ. ૨
શ્રી **જયસોમ** સુગુરૂ તણી, સેવા મેવા જેમ
મીઠા કરિ આગમ ગ્રહી, તત્વ દિખાઉં એમ. ૩
નવિ ઈહાં અમ્હનઈ દ્વેષ છઈ, નવિ રામતિનઉ કામ
આગમવચન મનાવિવા, હૂઈ મુઝ મનિ હામ. ૪
કરૂણા સહૂઆં ઊપરઈ, કરિવા તિણ એ બંધ
કરિવા માંડયઉ છઈ નવઉ, ગહિ આગમનઉ ખંધ. ૫
મુગધ લોક અજ્ઞાન તમિ, પૂરાણા જિમ અંધ
તત્વ-અતત્વ-વિચારણા, કેરી ન લહઈ ગંધ. ૬
પૂર્વ પરંપર જેહની, ઊલાલી ધરિ દ્વેષ
જુગતિજંગ જાગ્યઈ તિકે, સુખિ કિમ સુવઈ નિમેષ. ૭
ઉતપતિ એહની સાંભલઉ, જિણ પરિ હુઆ એહ
વેષધરા કિણ સમઈ હુઆ, યથાદષ્ટ કહું તેહ. ૮
પરછઈ એ મત જોઈજયો, છોડિ કદાગ્રહ ખાર
દીપક સમ આગમ ગ્રહી, જિમ લહઉ સાર-અસાર. ૯

**અંત – સોલહ સઇ પચહત્તરિ** વરસઈ, જિહાં જલધર જલભર કરિ વરસઈ

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**પ્રભવ** નામિ સાવણ વદિ છઠ્ઠઈ, વિસમ રવિયોગ ઈંવક્કિડઈ. ૬૫
શ્રી **સાંગાનેરે** કવિવારે, શ્રી **પદ્મપ્રભ** પ્રભુતા ધારે,
જિહાં શ્રાવક જસુ સેવા સારે, પ્રતિદિન જે અતિ સોભ વધારે. ૬૬
શ્રી **જિનકુશલ**સૂરિ ગુરૂ નિરખો, થુભરૂપ જિહાં સુરતરૂ સરિખો,
મનવાંછિત ફલ દેવા જેહ, સુખ અંકુર વધારવા મેહ. ૬૭
ખરિય પ્રસન પણા જિહાં નિતુ રાજે, હરિ પરિ વાદિશૃગાલિ ન ખાજે,
નિર્મલ ગચ્છ જસ ડિંડમ વાજે, તે શ્રી **ખરતરગચ્છ** શિવ કાજે. ૬૮
આદરો બીજા મત સવિ છાંડું, જલ ગ્રહિવા કીમ કાચું ભાંડું
દેખિ યુગતિ જિહાં જાણૈ ખાંડું, કુમતિ-કાતર મુંડિવણ માંડું. ૬૯
તિણ ગચ્છ તણો ધણી જિનરાજ, **વીર**ને વંસે શ્રી **જિનરાજ**
સૂરીસર આયો સિરતાજ, કુમત-કુરંગ-ભંગી મૃગરાજ. ૭૦
તેહને રાજે વદન જસુ વારિજ, શ્રી જિનસાગર જિહાં આચારજ
યુવરાજે રહ્યો જે છે આરિજ, પ્રતિબોધે વલિ જેહ અનારજ. ૭૧
શ્રી **ખેમસાખે** શ્રી **ખેમરાય**, સુજસ કરિ સુપ્રસિદ્ધ ઉવજઝાય,
તસુ પાટે વાચક પદ ધારી, શ્રી **પ્રમોદમાણિક** સુખકારી. ૭૨
તસુ પટ્ટિ શ્રી **જયસોમ** મહાયતિ, મહાઉવજ્ઝાય બૃહસ્પતિ સમ મતિ
તસુ શિષ્યે પ્રભાવ પ્રકાશ્યા, રવિકર મતિતમ દૂરિ પ્રણાસ્યા. ૭૩
શ્રી **ગુણવિનયે** કરિ પ્રયાસ, પુજે કોઈ કોઈ ધરિ મનઆસ,
જિણથી **મતિકિરત્તિ** સુવિલાસ, વાધે દિનદિન સુખનિવાસ. ૭૪
(૧) પંચાયતી જૈન શ્વે. ભં. જયપુર પો.૧૮. (૨) સેં.લા.

**(૧૧૭૨) તપા એકાવન બોલ ચોપાઈ** ૩૮૨ કડી ૨.સં.૧૬૭૬ રાડદ્રહપુર

**આદિ** – પણમિય અમિય સરિસ વયણિ, અમિય ગુણાવલિગેહ,
સાસનનાયક **વીર** જસુ, જાગઈ જગ જસરેહ. ૧
**ખરતરગચ્છ**મંડણ હુઆ, શ્રી **વર્ધમાન** સુરિંદ,
સુગુરૂ **જિણેસરસૂરિ** સમ, સૂરીસર **જિણચંદ**. ૨
તસુ પટ્ટિ નવ અંગ વિવરણા, જિણિ કરી **થંભણ પાસ**,
પરગટ કિય મનુ કલ્પતરૂ, પૂરેવી જનઆસ. ૩
**અભયદેવ** સૂરીસરૂ, **જિનવલ્લભ જિનદત્ત**,
તેહના ચરણ નમી કરી, જાણી એહિ જ તત્ત. ૪
જિહાં સ્વામી તુમ્હ આણ પર, કીંપી અન્ય સરૂપિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે હું તુમ્હ વયને કરી, પરકાસું ઈણ રૂપિ. ૫

અંત – ઢાલ

નિરમલ મતિના ધરણહાર તે સૂધી નિરખઇ
વિક્કમથી **રસ મુનિ પજત્તિ શશિ** પરિમિત્ત વરખઇ
નયન માહિ ન સમાઈ રેણુ તિમ દોષ જે નિરખઈ
ચિંતામણિ નઈ અન્ય મણિ કિમ થાયઇ સરિખઇ. ૩૭૮

**હિમવંત** ભૂધર થકીય જિમ હુઅ **ગંગ**પ્રવાહા
તિમ **શ્રી વીર** થકી હુઅઉ એ એ ગચ્છ સુણિ ડાહા
એરંડ સારિખા અવર જુત્તિ સત્તિઇ કરિ સુન્ન
ગયકંડૂયણ જે સહઇ એ તે તરૂવર અન્ન. ૩૭૯

તિણિ ગચ્છનઉ થંભ યુગપ્રધાન **જિનરાજ** સૂરીસર
તસુ રાજઇ **જિનસિંહ**સૂરિ પાટઇ સોભાકર
તેહના ચરણકમલ નમઇ એ ભાવઇ ભવિ નાગર
મતિઆગર આચારિજ દીપઇ ગુણસાગર. ૩૮૦

શ્રી **એમ**શાખઇ **એમરાય** પાઠક મહિમાધર
પ્રતિવાદી વયણે અખોલ, જિમ વાતઇ ભૂધર
તસુ પાટિ વાચક શ્રી **પ્રમોદમાણિક** સંયમવર
તસુ પટિ શ્રી **જયસોમ** મહા-ઉવજ્ઝાય કલપતરૂ. ૩૮૧

શ્રી **ગુણવિનયઇ** તાસુ સીસિ **રાડિદ્રહપુર** વરિ
શ્રી **જિનદત્ત જિનકુશલ**સૂરિ પરભાવઇ સુભ પરિ
જિમ કલહંસથી ખીરનીર વિવરઉ જગિ રાજઇ
તિમ એ કરિય વિચાર ચાર ચતુરાં હિત કાજઇ. ૩૮૨

(૧) એકપંચાશદ્ વિચારસાર ચતુષ્પદિકા વૃત્તિઃ – તે પરથી તપોટ લઘુ વિચારસાર ગદ્યમાં વિવરણ રૂપે કરેલ છે. સં.૧૮૩૯ આશ્રાહિણિ માસે શુ.૯ લિ. પં. રત્નસુંદરેણ. પ.સં. ૮, જિ.ચા.

**(૧૧૭૩) ધર્મસાગર ૩૦ બોલ ખંડન અથવા ત્રિંશદ્ ઉત્સૂત્ર નિરાકરણ કુમતિમત ખંડન**

ગદ્યમાં છે કે પદ્યમાં તે મૂલ જોયાથી જણાય.

(૧) પ.સં.૧૨, દાન. પો.૬૬. (૨) સં.૧૮૯૦ આ.શુ.૧૦ બુધ. પ.સં.૯, કૃપા. પો.૪૬ નં.૮૧૧.

**(૧૧૭૪) જયતિહુઅણ સ્ત. બાલાવબોધ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) લાભપુર(લાહોર)માં સ્વયંલિખિત પ્રત, પ.સં.૧૩, રામ. ભં. પો.૭ (અભય ભં.).

**(૧૧૭૫) ૨૪ જિન સ્તવન** માલપુરમાં

**અંત –** ઢાલ સાત વિસન.

ચઉવીસમ શ્રી **વીર** જિનેસર, સાસનનાયક વંદઈજી
અચલ તણી પરિ અવિચલ હોઈ, તે વિરતાઇ નંદઈજી. ૧

*

**સિદ્ધાચિકા** સુરિ તસુ સુપ્રસન આઈ ઘર મહિ પૂરઇજી
સંપદલીલા દિનિદિનિ વધતી, **પૂરવ** પુણ્યનઇ પૂરઇજી. ૨૪

કલશ

**ઋષભાદિ** દેઈ વિરતાઇ નવનવઈ છંદઈ કરી
ચઉવીસ જિનવર સંથુયા સિરિ **માલપુરિ** શુભરતિ. ૨૫
ઉવઝાય શ્રી **જયસોમ** સુહગુરૂ, સીસ પાઠક **ગુણવિનઈ**
**ખરતર** મહાસંઘિ ઉદઉ આપઉ સુખ થાયઉ દિનિદિનઈ.

(૧) ઇતિશ્રી ચતુર્વિંશતિ જિનસ્તવનં પં. **જીવકીર્તિ** ગણિ લિ. અંત્ય પત્ર, નાહટા. સં.

JAINSITE

**(૧૧૭૬)** [+] **ગુરુપટ્ટાવલી** [અથવા **ખરતરગચ્છ ગુર્વાવલી**] ગા.૩૧

**આદિ –** પ્રણમું પહિલી શ્રી **વર્દ્ધમાન**, બીજઉ શ્રી **ગૌતમ** શુભવાન
ત્રીજી શ્રી **સુધરમ** ચઉથઉ, **જંબૂ**સ્વામિ વિચાર. ૧

**અંત –** પાતસાહિ **અકબર** પ્રતિબોધીયઉ, અમર પડહ જગિ દિધોજી
પંચનદી જિણિ સાધી સાહસઈ, ચંદ્રધવલ જસ લિધોજી. ૨૮
યુગપ્રધાન પદ સાહઇ જસુ દીયઉ, શ્રી **જિનચંદ** સુરિંદોજી
ઊવારી **ખંભાયત** માછલી, ચિર જયઉ જો રવિચંદોજી. ૨૯
**વીર** થકી અનુક્રમિ પટ્ટઇ હૂઆ, જે જે શ્રી ગચ્છધારોજી
નામ ગ્રહી તે પભણ્યા એહના, કુણ પામઈ ગુણ પારોજી. ૩૦
**જેસલમેર** વિતષણુ **પાસજી**, સુપ્રસાદઇ અભિરામોજી
શ્રી **જયસોમ** સુગુરૂ સીસઇ મુદા, **ગુણવિનય** ગણિ સુભ કામોજી. ૩૧

(૧–૨) બે પ્રત, એક-એક પત્રની, નાહટા. સં.

[પ્રકાશિત : ૧. ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ.]

**(૧૧૭૭) દુમુહ પ્રત્યેકબુદ્ધ ચોપાઈ**

(૧) આદિ પત્ર, રામલાલ સં. વિકા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૧૧૭૮) અગડદત્ત રાસ**

**આદિ** – પણમિય પંચમ **સુમતિ** જિન, પંચમગતિ સુખકાર
પંચમ ગ્યાન પ્રકાશધર, પંચબાણ જયકાર. ૧
સમરિય શ્રી વાગીસરી, સરસ વચન સુવિલાસ
જસુ પ્રસાદથી સંપજઇ, પૂરિવા મનની આસ. ૨
વિઘન વિદારિવા ધારિવા, શ્રી **જિનદત્ત** સૂરિરાય
મન મહિ મહિમા જેહની, જગમઇં જાગઇ ભાય. ૩
શ્રી **જિનકુસલ** કુસલકરણ, ત્રિકરણ સુધિ અપ્રમત્ત
તેહિ જ ભાવ પ્રકાસિસ્યું, પ્રણમી નિરમલ ચિત્ત. ૪
શ્રી **જયસોમ** સુગુરૂ હૃદઈ, ધરિ સુભ પરિ પરમોદ
છોરી દોરી પુણ્યની, પ્રગટઇ જસુ સુપ્રસાદિ. ૫
પ્રથમ **અંગિ** સૂતા કહ્યા, જેઅ મુની મુનિરાય
જાગત જગમઇ જાણિયા, એહિ જ પુણ્ય ઉપાય. ૬
તિહાં દ્રવ્યત સુઇવઉ કહ્યઉ, નયન નિમીલઈ નિદ્રિ
મિથ્યાત્વાદિકિ મોહિયા. તે સુણિ ભાવ ન નિદ્રિ. ૭
દુઈ પ્રકારિ અવિવેક જિણિ, સૂતા છઇ તું સાધુ
ગતાનુગતિક હૂઈ કરી, મત સોવઇ ખણુ આધુ. ૮
દ્રવ્યત નિદ્રા છોડિજે, જાગઇ જગિ તે દેખિ
**અગડદત્ત** નૃપકુમર જ્યું, પામઈ સુખ અશેષ. ૯

(૧) માત્ર એક પત્ર, પછીનાં નથી, નાહટા. સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૨૬–૩૧, ભા.૩ પૃ.૮૨૪–૪૪. 'ધર્મસાગર ૩૦ બોલ ખંડન' એ કવિની સંસ્કૃત કૃતિનું ગુજરાતી નામાંતર હોય એવી પણ શકયતા છે.]

## ૫૫૦. વિનયસુંદર

**(૧૧૭૯) સુરસુંદરી ચોપાઈ** ર.સં.૧૬૪૪ જે.શુ.૧૩

(૧) સં.૧૬૬૩ ફા.શુ.૧૪ **અં**ચલગચ્છે દયાકીર્ત્તિ લિ. પ.સં.૧૮, જય. પો.૫૪. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૯૭).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૭૭૮.]

## ૫૫૧. હેમશ્રી (સાધ્વી) (વડત. ધનરત્નસૂરિ–અમરરત્નસૂરિ–ભાનુમેરુ–નયસુંદરશિષ્યા)

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૧૧૮૦) કનકાવતી આખ્યાન** ૩૬૭ કડી ૨.સં.૧૬૪૪ વૈ.વ.૭ મંગલ
**આદિ** – મહોપાધ્યાય શ્રી જયસૂંદર ગુરુભ્યો નમઃ

રાગ રામગરી.

**સરસતિ** સરસ સકોમલ વાંણી રે, સેવક ઉપરિ બહુ હીત આંણી રે,
શ્રી જીનચરણે સીસ જ નાંમી રે, સહિગુરૂ કેરી સેવા પાંમી રે. ૧
સેવા પાંમી સીસ નાંમી ગાંઉં મનઈ ઉલટ ઘણુઈ,
કથા સરસ પ્રબંધ ભણસું, સૂજન મનઈ આણંદની,
કનકાવતીની કથા રસાલી, ચતુરનાં ચતરંજની,
વૈધક રસકસ ગુણી નર જે, તેહનાં મનમોહણી. ૨

**અંત** – એણી પરિ તેહ પાલઈ નરનારી, તે નેહનું પરીમાણ,
જુ ન મલઈ સાજન જુ એહવા, તુ કાજઈ ધરમ સૂજાંન. ૩૬૨
**વૃધ તપા**ગછમંડન દીનકર, શ્રી **ધનરત્ન** સૂરીરાય,
**અમરરત્નસૂરી** પાટપટોધર, **ભાનુમેરૂ** સષ્ય કહઇવાય. ૩૬૩
ગુણગણધર પંડીત વઈરાગી, **નયસુંદર** રષિરાય,
વાચક માંહિ મુષ્ય ભણીજઇ, તસ સષ્યણી ગુણ ગાય. ૩૬૪
કથા માંહઈ કહઉ રસાલુ, **કનકાવતી** સંબંધ,
**કનકાવતી આખ્યાંન** રચઉ મઈ, સૂણુ સરસ સબંધ. ૩૬૫
સંવત **૧૬ ચુઆલઈ** સંવચ્છરિ, વૈસાષ વદિ કુજવાર,
સાતમઈ દનિ સૂભ મુહરતઇ યોગઇ, રચઉ આષ્યાંન એ સાર. ૩૬૬
ભણઇ ગુણઈ સંભલિ જે નાર, તેહ ઘરિ મંગલ ચ્યાર,
**હેમશ્રી** હરષઈ તે બોલઇ, સૂખસંયોગ સૂસાર. ૩૬૭

(૧) ઇતિ કનકાવતી આષ્યાંન સમાપ્ત. **સૂરતિ** મધ્યે લષીતં. ગ. રત્નવીજય લષીતં. પ્ર.કા.ભં. (૨) **સુરતિ** મધ્યે ગ. રત્નવિજય લ. પ.સં. ૧૧-૧૯, હા.ભં. દા.૪૮ નં.૧૪૦. [બન્ને પ્રતો એક જ હોય એવું સમજાય છે.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૮૬, ભા.૩ પૃ.૭૭૭.]

## **૫૫૨. રંગકુશલ** (ખ. જિનભદ્રસૂરિ–વા. પદ્મમેરુ–મતિવર્ધન–મેરુતિલક–દયાકલશ–અમરમાણિક્ય–કનકસોમશિ.)

કનકસોમ જુઓ નં.૫૦૯.

**(૧૧૮૧) અમરસેન વયરસેન પ્રબંધ** ૨.સં.૧૬૪૪ અસાડ શુ. સંગ્રામમાં
**આદિ** – ૐ નમઃ શ્રી ગુરુભ્યો નમઃ

શ્રી જિનમુખવાસિનિ સમરિજ્જઇ, સદગુરુચરણપંકજ પણમિજ્જઇ;

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂજા દાન તણા ફલ ગિજ્જઈ, **અમર વયરસેન** ચરિય ભણિજ્જઇ. ૧

**અંત –** સંવત **સોલ** વરસિ **ચમાલઇ**, એહ સંબંધ રચ્યઉ સુરસાલઇ
માસિ આસાઢઇ પખિ ઉજ્વાલઈ, પુરિ **સંગ્રામ** નગર સુવિસાલઇ.
સિરિ **ખરતર**ગચ્છિ બહુ સનિમાનઇ, શ્રી **જિનચંદ્ર** રાજિ પ્રધાનઇ
શ્રી **જિનભદ્ર**સૂરિ સંતાનઈ, શ્રી **પદ્મમેરુ** વાચક માનઈ.
તાસુ સીસ **મતિવર્દ્ધન** રાજઇ, **મેરૂતિલક દયાકલશ** નિવાજઇ.
**અમરમાણિક** વાચક વર સીસ, **કનકસોમ**ગણિ લહઇ જગીસ.
તાસુ સીસ એ રચ્યઉ ચરિત, **રંગકુશલ** કહિ પુણ્યપવિત.
(એહ) **સંબંધ** કવ્વઉ ઉદાર, પઢત સુણુત આણંદ અપાર.

(૧) પ.સં.૯, પ્રથમનાં ૭, અભય. નં.૭૦૦. (૨) પ.સં.૭, પ્રતિ ૧૮મી સદીની, જિ.ચા. પો.૭૯ નં.૧૯૬૨.

**(૧૧૮૨) મહાવીર સત્તાવીસ ભવ** ર.સં.૧૬૭૦ જે.વ.૧૩

(૧) પ.સં.૧૧, લઘુ ખરતર ઉ. બિકાનેર.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૭૮–૭૯.]

## ૫૫૩. નયવિજય (ત. વિજયસેનસૂરિશિ.)

**(૧૧૮૩) સાધુવંદના (મોટી)** ર.સં.૧૬૪૪ આશો શુ.૧૦ પાટણમાં

**આદિ –** દૂહા.

કુંદકલી પરિ નિર્મલી, સકલકલાગુણવેલિ,
મઝ મનમાનસિ ઝીલતી, હંસાસણિ કરિ કેલિ. ૧
ૐ નમો શ્રી **ઉસભ** જિણ, સિદ્ધિવધૂ-ઉરિ હાર,
કેવલનાણ-દિવાયરૂ, સિદ્ધિબુદ્ધિદાતાર. ૨
સમરી સિદ્ધ જિન સમરિ, સવે આગમધર ઉવઝાય,
અનાદિ અનંતા જે કહ્યા, આગમિ સહૂ મુનિરાય. ૩
સંપ્રતિ નરખેત્રિ વિહરતા, જિણ નાણી મુણિ કોડિ,
જગગુરૂ ગુણનિધિ **હીરજી**, વંદુ બે કર જોડિ. ૪
તસ પટ્ટાલંકાર હાર, શ્રી **વિજયસેન** ગણધાર,
તસ પદ પ્રણમી હું રચું, મુનિ વંદન વિસ્તાર. ૫

**અંત –** આનંદિ **સાધુવંદના** ભવિજન, ભગતિ ભણી સહુ ભણ્યો,
પંડિત ગુણનિધિ સાધુ શુદ્ધ કરયો, લાભકારણિ સહુ સુણયો રે.
પુણ્ય પવિત્ત **પાટણ** પુરવરિ, સાધુવંદના વર જાણ,
સંવત **ભૂ રસ ભેદ ભુજ** વરસિં, વિજયા દિનિં સુપ્રમાણ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કલસ.

શ્રી **હીરવિજયસૂરિ** પટ્ટ ધુરંધર, પ્રવર ગુણમણિ સાયરૂ,
શ્રી **વિજયસેનસૂરિંદ** **તપ**ગચ્છતિલક સંઘ સુહંકરૂ,
તસ પાદપદ્મપરાગ-તિલકિત **નયવિજય** ગુરૂપદ ભજિ,
પરમેષ્ઠિ થુણતાં સંપદી આનંદ સુખ વૃદ્ધિ સંપજે.

(૧) પ.સં.૨૦-૯, હા.ભં. દા.૮૩ નં.૧૨૩. (૨) કૃપા. ગુટકા નં.૩.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૭૭-૭૮.]

## ૫૫૪. નયવિજય (કુશલવિજયશિ.)

### (૧૧૮૪) જમ્બૂસ્વામી રાસ

(૧) સં.૧૭૯૦ પો.વ.૨ ગુરૌ લાવણ્યવિજયગણિ લિ. પ.સં.૪૯, ત્રુટક, અભય. [મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૭૮. ધીરવિમલશિષ્ય નયવિમલ(જ્ઞાનવિમલ)નો 'જંબૂસ્વામી રાસ' (હવે પછી સં.૧૮મી સદીમાં) કુશલવિજયના કહેવાથી રચાયેલો હોવાનો કૃતિમાં ઉલ્લેખ છે. 'નયવિમલ'નું 'નયવિજય' થઈ ગયું હોય અને કુશલવિજય ગુરુનામ ગણાઈ ગયું હોય એવો સંભવ છે. મુપુગૂહસૂચીમાં એમ જ થયું છે.]

## ૫૫૫. કુશલસાગર-કુંવરજીગણિ (ત. વિજયસેનસૂરિ-હર્ષસાગર-રાજસાગરશિ.)

### (૧૧૮૫) કુલધ્વજ રાસ ૬૨૪ કડી ૨.સં.૧૬૪૪ આસો વદિ અમાસ શુક્ર સુધામાં

આદિ - દૂહા. રાગ-અસાવરિ માહિ.

**સાંત્ય** જિણેસર પાય નમું, જસ જન્મઇ હુઇ **સાંતિ**,
સો **સાંતિ** જિણેસર પ્રણમતા, ટાલિ મનની ભ્રાંતિ. ૧
સયલ જિણેસર પાઇ નમી, ગણધર ધરી નિજ ચંતિ,
વિહરમાન **સારદ** વલી, સમરી સર વર દે અંતિ. ૨
**કાસમીર** જાલામુખી, નમતા વાધિ ખ્યાત,
અવિરલ વાણી આપજ્યે, સો **સરસત** મુંઝ માત. ૩
તું મુંઝ મુખિ આવી વસી, રસના રસ વરસંત,
તે શ્રવણે સુણતા વલી, હરખિ બહૂ ભવી જંત. ૪
સરસ વચન અમ્રત સમું, આપિ **સરસતિ** સાંતિ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કુલધજના ગુણ ગાયતા, હૂંસ આવી એકાંત. ૫
**તપગચ્છ** માહિ દીપતો, શ્રી **હીરવિજિ** ગુણવંત,
**વિજિયસેન** સીસ તેહનુ, રવિથી તેજ સોભંત. ૬
**રાજસાગર** ગુરૂ મનોહર, જસ અહ ચંદ્ર ઉપંત,
**કુસલસાગર** રંગિ કરી, **કુલધજ** ગુણ ગાવંત. ૭

**અંત** – મુગતિરમણી રંગિ વરી, નારી સું તેણી વારજી રે,
વ્રત કરી કીરત વસ્તરી, સેવક જિન જઇકારજી રે. કુ. ૬૧૭
શ્રી **હીરવિજિ** સૂરીસ્વરૂ તણી, દિનદિન ચઢતી જગીસજી રે,
તસ કીરત જગ માહી દીપતી, નરપતી નામે સીસજી. કુ. ૬૧૮
**વિજિસેન** સૂરીસ્વરૂ, પ્રતપો કોડિ વરીસજી,
તસ પર (રાજસાગર) ઉવઝાય ભલો, **હરષસાગર** મુનીસજી.કુ. ૬૧૯
**તપગચ્છ** માહિ મુનિવરૂ, પંડિત શ્રી **રાજપાલ**જી રે.
અધિક પ્રતાપિ દીપતો, મુનિજન માહી સુવિશાલજી રે. કુ. ૬૨૦
શ્રી જિન ગુરૂ મંગલકરૂ, **કુસલસાગર** નિસારજી રે,
**કુલધજના** ગુણ જે સુણિ, તે જગિ હો સુખકારજી. રે. કુ. ૬૨૧
**સુધા** નગર માહિ વલી, **કુલધજ** સ્તવો રે કુમારજી રે,
સંવત **સોલ ચઉઆલડિ**, આસો વિદિ પુનમ સારજી રે. કુ. ૬૨૨
વાર સુકર રૂડો જાણીઇ, જગ માહી તેણી વારજી રે,
ચડતી દોલત સુધી સંઘ તણી, દિનદિન જગ માહિ અપારજીરે.કુ.૬૨૩
ગણિ **કુંઅરજી** મંગલકરૂ, સાસનાસુરી તેણીવાર જી રે,
**કુલધજ** નામિ સેવક વલી, પામિ મંગલ જિકારજી રે. કુ. ૬૨૪

(૧) પ.સં.૨૩-૧૩, હા.ભં. દા.૭૯ નં.૧૧.

**(૧૧૮૬) સનત કુમાર રાજર્ષિ રાસ** ર.સં.૧૬૫૭ આષાઢ શુ.૫

**અંત** – ઘનઘાતી કમ ખિઇ કરી, પામ્યા કેવલજ્ઞાનજી રે,
ભવીક જીવ તારી તરા, વાધો જગ માહી વાનજી રે. ૬૦
**તપ**ગચ્છનાયક દીપતો, શ્રી **વિજિસેન** સૂરંદજી રે,
તસ પટ્ટિ **વિજિદેવ** ગુણનલો, ટાલિ સઘલા દંદ રે. ૬૧
સંવત **સોલ સતાવનિ**, શુણીઉ (સકતી) **સનતકુમારજી** રે,
આસાઢ સુદિ પાચમ ભલી, રચીઉ રાસ ઉદારજી રે. ૬૨
જિનવર સતગુરૂ નામથી, રાસ ચઢો પ્રમાણુજી,
સેવકજન મંગલ કર, **પાસ સંખેસર** જાણુજી રે. ૬૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભણિ ગુણે જે સાંભલિ, પામિ સઘલી સીધજી રે,
**રાજસાગરનિ** પસાઉલિ, મિ પામી સુખવૃદ્ધિજી રે. ૬૪
ઉવઝાય શ્રી શ્રી **હરષસાગર**, તાસ સીસ પંડિત ભલો,
સોભાગ શ્રી **રાજસાગર** પ્રગટો કુલ મહાકુલતલો.
તસ સીસ સોભાગી ગણિ **કુંઅરજીઇ**, સકતી કુમરના ગુણ થુના,
દિઇ સંપદા સારી સુખકારી **પાસ સંખેસર** મિ સુના.
ગણિ **કુંઅરજી** લષતં સંવત **૧૬ ત્રિસઠા** વરષ,
ચૈત્ર વદિ પાચમ ભોમે **સાનંદ** ગ્રામે લખ્યતં.

(૧) પ.સં.૨૬-૧૫, ઝીં. પો.૩૯ નં.૧૯૧. (કવિની હસ્તલિખિત પ્રત)

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૭૯-૮૦ તથા ૮૭૮. ત્યાં બન્ને કૃતિઓના કર્તા અનુક્રમે કુશલસાગર અને કુંવરજી અલગ ગણવામાં આવેલા પરંતુ પહેલી કૃતિમાં બન્ને નામ વપરાયાં છે ને ગુરુપરંપરા એક જ છે તેથી સમજાય છે કે કર્તા બે નામ ધરાવે છે.]

## ૫૫૬. જયસોમગણિ (ખ. પ્રમોદમાણિક્યગણિશિ.)

જયસોમે રચેલા સંસ્કૃત ગ્રંથો માટે જુઓ ફકરા ૮૮૪ અને ૮૯૩, જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ; અને તેના શિષ્ય ગુણવિનય (નં. ૫૪૯) થયા તે ઉપરાંત તેની શિષ્યપરંપરા સં.૧૬૭૭માં સામંતે કરેલી તાજિક ટીકાની પ્રતના લેખક જણાવે છે કે :—

સંવત ૧૭૮૩ શાકે ૧૬૪૮ ચૈત્ર વદિ ૨ રવિવારે ક્ષેમશાખાયાં ઉપાધ્યાય જયસોમજી ગણિ વાચનાચાર્ય જયતિલકજીગણિ શિષ્ય વાચનાચાર્ય ગુણનિધાનજીગણિ શિ. પં. ગુણવિમલગણી શિ. પં. હેમધીરગણિ શિ. પં. રત્નોદયગણિ શિ. પં. કાન્હારામ મનરૂપ લિપિકૃતં. પ.સં.૨૫, સંસ્કૃત ગદ્યપદ્ય, કમલમુનિ.

**(૧૧૮૭) [બાર] ભાવના સંધિ** ર.સં.૧૬૪૬ વિકાનેરમાં

**આદિ– આદીસર** જિણવર તણાં, પદપંકજ પણમેવિ,
પભણિસુ બારહ ભાવના, સાનધિ કરિ શ્રુતદેવિ. ૧
દાન દયા જપતપ ક્રિયા, ભાવ પખઇ અપ્રમાણ,
લૂણ વિણા જિમ રસવતી, એ શ્રી જિનવરવાણિ. ૨
દાન શીલ તપ દોહિલા, કરતાં દૂસમ કાલિ.
ભાવના ભાવઉ ભવિકજન, પુણ્યસરોવરપાલિ. ૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનિત્યપણઉ અશરણપણઉ, ભવસરૂપ એકત્વ,
અન્યથઉ વલિ અશુચિપણુ, આશ્રવ સંવરતત્ત્વ. ૪
નવમી નિજ્જર ભાવના, ધર્મ્મ સુરલોક સભાવ,
બોધિ દુલભ પરભવ ઇસી, બારહ ભાવન ભાવિ. ૫

**અંત** – ઢાલ.

ઇણિ પરિ બાહર ભાવન જાણી, આણ જિનંદ તણી મનિ આણી,
અહનિસિ જેહ ધરઈ મનમાહિ, તે શ્રી જિનવરધર્મ્મ આરાહઈ. ૭૦
**રસ વારિધિ રસસસીહર** વરસઈ, **વીકાનયરિ** નયરિ મનહરસઈ,
શ્રી **જિનચંદ્રસૂરિ** ગુરૂ રાજઇ, એહ વિચાર ભણ્યઉ હિતકાજઈ. ૭૧
**પ્રમોદમાણિક્ય**ગણિ સુહગુરૂ સીસ, ગણિ **જયસોમ** કહઇ સુજગીસ,
**આદીસર** સુરતરૂ સુપસાઇ એહ ભણતાં સવિ સુષ થાઅઈ. ૭૨

(૧) સં.૧૬૯૫ જ્યેષ્ટ શુકલ કૃષ્ણ (?) પક્ષ ૬ સોમે **પારિખ પરતાપસી બાંચાણી** લિખિતો શ્રી **નગરથટે** બાઇ **લાલ** વાચનાર્થે. પ.સં.૮, જેસલ.ભ.ભં. નં.૧૩૦. (૨) પ્રત ૧૭મી સદીની, પ.સં.૩, રામ. ભં. પો.૮. (૩) સં.૧૭૬૩ આ.સુ. **વિક્રમપુરે** પ.સં.૩, જિ.ચા. પો.૮૩ નં. ૨૧૦૦. (૪) પ.સં.૯, જય. નં.૧૧૧૨. (૫) દ્વાદશ ભાવના વિવરણ સ્વાધ્યાય વા. **જ્ઞાનનિધાન** શિ. **લાલચંદગણિ** પં. **વિદ્યાવિમલ** લિ. સં.૧૭૨૬ મિગસર વદિ ૨ શનિ **બીમાસર** મધ્યે. પ.સં.૯, અભય. નં.૧૮૦૬ (સમયસુંદરકૃત દાનાદિ ચો. સહિત). (૬) સાધ્વી **ક્ષેમલિખમી જલલિખમી** વાચનાર્થં સાધ્વી **રાજલિખમી**. પ.સં.૫, અભય. નં.૨૭૩૧. (૭) સં.૧૭૪૬ જ્યે.વ.૨ **રિણીનગરે**-વા. **વિજયહર્ષ** શિ. **ગોપાલજી** લિ. શ્રા. **વીરાંબાઇ** વાચનાર્થં. પ.સં.૫, અભય. નં.૨૬૯૪. (૮) પ.સં.૪-૧૧, ક.આ. (મારી પાસે છે). [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૧૯, ૫૪૭).]

**(૧૧૮૮) બારવ્રત ઇચ્છા પરિમાણ રાસ** સં.૧૬૪૭ વૈ.શુ.૩

**આદિ** – ચઉવીસે જિણવર નમી, ધ્યાઇ **ગોયમસામિ**
સદ્દગુરૂ શાસનદેવતા, નવનિધિ હુવઇ જસુ નામિ. ૧
પભણિસ હિતકારણ સદા, સુંદર સમકિતમૂલ
બારહ વ્રત શ્રાવક તણા, સુખસંપતિ અનુકૂલ. ૨

**અંત** – **જિનચંદ્રસૂરિ** ગુરૂ શ્રીમુખઇ, શ્રાવિકા **કોડાં** એહ
આદરઇ બારહ વ્રત ઇસા, શુભ દિવસઇ રે મનહરષ ધરેવિ. ૧૧૮
**સોલહ સઇ સઇતાલ**, વઇસાખ સુદિ દિન ત્રીજ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઇમ ઢાલ બંધઇ ગુંથીયા, શ્રાવક વ્રત રે સમકિત-બીજ. ૧૧૯

—પછીની કડીઓ નીચેની કૃતિ પ્રમાણે છે.

(૧) તત્કાલીન પ્રત, પ.સં.૭, અભય. પો.૧૬ નં.૧૬૨૭. (૨) કપડા પર લખેલ પ્રત, તિલોક મુનિ પાસે.

**(૧૧૮૯) પરિગ્રહ પરિમાણ વિરતિ રાસ** ર.સં.૧૬૫૦ કા.શુ.૩

**આદિ–** પૂર્વવત્

**અંત – જિનચંદ્ર**સૂરિ ગુરૂ શ્રીમુખઇ, શ્રાવિકા **રેખાં** સાર
આદરઇ બારઇ વ્રત ઇસા, શુભ દિવસ રે મન હરષ અપાર. ૧૧૬
**સોલહ સઈ પચાસ**મઇ, કાતી સુદિ દિન તીજ
ઇમ ઢાલબંધ ગૂંથીયા, શ્રાવક વ્રત રે જિહ સમકિતબીજ. ૧૧૭
**જિનદત્ત**સૂરિ ગુરૂ સાનિધઈ, **જિનકુશલ**સૂરિ સુપસાઇ
**જયસોમ**ગણિ ઇણુ પરિ વદઇ, સુભ ભાવઇ રે દિનદિન સુખ થાઇ. ૧૧૮

જાં લગઇ સૂરિજ ચંદ્રમા, જાં લગ મેરૂ ગિરિંદ
સાસનદેવતા સાનિધઇ, થિર થાજ્યો રે મનિ જિનચંદ. ૧૧૯

(૧) કપડા પર લખેલી સુંદર પ્રત, જ્ઞાનભંડાર બિકાનેર.

**(૧૧૯૦) વયર(વજ્ર)સ્વામી ચોપાઈ** ર.સં.૧૬૫૯ શ્રા.સુ.૫ જોધપુર

**આદિ – વર્ધમાન** જિનવર વરદાઇ મન મહિ સમરિય **સારદ** માઇ
**વયરસા**મિ મુનિવર વયરાગી, ગાઉં જિનશાસનિ સોભાગી. ૧
ગુન અનંત રસના ઇક મેરી, મહિમા અધિક મહા મુનિ કેરી
તઉહી કહુ શ્રુતનઇ અનુસારઇ, ગુણ વરણું અપની મતિસારઈ. ૨

**અંત – આવશ્યક** અનુસારિ ચરિત ઇણિ પરિ કહ્યઉ રે
ઉપસમરસ સંવેગ સુધારસ કરિ ભયઉ રે
રીઝઇ એ સંબંધ સુણી મન જેહનઉ રે
તે નર અલ્પ સંસાર સમઉ દિન તેહનઉ રે
**સોલહ સય ગુણસઠિઈ** વછરિ શ્રાવણઇ રે
**નેમિ** જનમ-દિનિ જાનિ હીયઇ હરષઇ ઘણુઇ રે
**જોધનયરિ જયસોમ** સુગુરૂ ગુણ સંથુણઇ રે
વાચક શ્રી **પરમોદ** પ્રસાદ થકી ભણઇ રે
રાજઇ જુગવર શ્રી **જિનચંદ** સૂરીસનઈ રે
ભણતાં **કુશલ** સૂરીસ કરઇ સુખ દિનદિનઇં રે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) જીવકીર્તિ લિ. પ્રત ૧૮મી સદીની, પ.સં.૫, જિ.ચા. પો.૮૧ નં.૨૨૮૩. (૨) પ.સં.૧૦, અભય. નં.૨૧૭૧. (૩) જિનકીર્તિ લિ. પ્રત ૧૮મી સદીની, પ.સં.૬, દાન. પો.૪૫.

**(૧૧૯૧) ૯૬ તીર્થંકર સ્ત.** કડી ૨૬

**આદિ** – નમવિ ગુણરયણગણે ભરિય જિણવરપયં

**(૧૧૯૨) પ્રશ્નોત્તર ગ્રંથ** (ભાષામાં) સં.૧૬૫૦ આસપાસ લાહોરમાં

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૯૩-૯૪, ભા.૩ પૃ.૯૭૩-૭૪ તથા ૧૫૯૭.]

**૫૫૭. મનજી ઋષિ** (પા. પાર્શ્વચંદ્ર-વિનયદેવ-વિનયકીર્તિ શિ.)

**(૧૧૯૩) [+] વિનયદેવસૂરિ રાસ** ર.સં.૧૬૪૬ પોષ શુદિ ૭ ભૃગુવાર બુરહાનપુરમાં

વિનયદેવ તે બ્રહ્મઋષિ કે જે પાર્શ્વચંદ્રના શિષ્ય થાય અને જેણે પોતાના ગચ્છનું નામ સુધર્મગચ્છ આપ્યું તેનો આમાં વૃત્તાંત છે. આ બ્રહ્મ ઋષિની કૃતિ સંબંધી જુઓ ભા.૧ પૃ.૩૨૧થી ૩૩૩. વિશેષ હકીકત માટે જુઓ ઐ.રા.સં. ભાગ ૩.

**આદિ** – સકલ સિદ્ધિ આનંદકર, જિનશાસન શ્રૃંગાર,
ચઉદ પૂરવનો સાર એ, જગિ જપઉ મંત્ર નવકાર.

**અંત** – પૂજ્ય ચઉમાસૂં તિહાં રહ્યા એ લોક કરે ધરમધ્યાન. મ. ૨૩૭
શ્રી **વિનયદેવ** પટ્ટધરૂ એ, શ્રી **વિનયકીરતિ** રાય,
**સુધરમ**ગચ્છ આજ દીપતો એ, આદરયો મન ભાય. મ. ૨૩૮
નયર **વરહાનપુર** જાણીઇ, એ દેશવિદેશ-વિખ્યાત,
સંવત **સોલ છઇતાલૂઇ** એ, સુણયો ભવિયણ વાત. મ. ૨૩૯
શ્રો **વિનય(દેવ)કીરતિ** સૂરીશ્વરૂ એ, રહ્યા તિહાં ચઉમાસિ,
એક દિન ઉલટ ઉપનો એ, કીધઉ **શ્રીપૂજ્ય** રાસ. મ. ૨૪૦
પોસ શુદિ સાતમિ જાણીઇ એ, ભૃગુવાસર સુવિનાણ,
નક્ષત્ર રેવતી મનિ ધરો એ, શિવયોગ અતિહિ સુજાણ. મ. ૨૪૧
**મનજી** રિષિ આણંદસૂં એ ચોથો રચ્યઉ પ્રકાશ,
એહ રાસ જગિ નાંદયો, એ જાં લગિ મેરૂ થિરવાસ. મ. ૨૪૨
ચઉવિહ સંઘ સહૂ સુણઉ, એ ભણયો નિતુ રાસ,
ધવલ મંગલ ભલ પામીઇ એ, પુહચઇ મનની આસ. મ. ૨૪૩

[પ્રકાશિત : ૧. ઐતિહાસિક રાસ સંગ્રહ ભા.૩.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૮૭-૮૮.]

## ૫૫૮. હીરવિજયસૂરિ (ત.)

આ મહાપ્રભાવક અકબરબાદશાહપ્રતિબોધક જૈનાચાર્યના સવિસ્તર વર્ણન માટે જુઓ 'સૂરીશ્વર અને સમ્રાટ'. તેમણે 'જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ' પર ટીકા સંસ્કૃતમાં રચી છે. તેમનો જન્મ સં.૧૫૮૩ માગશર શુદિ ૯ વૃદ્ધશાખીય ઓસવાલ શા. કુંરા(કુંવરજી)ને ત્યાં ભાર્યા નાથીથી થયો હતો. જન્મનામ હીરજી. દીક્ષા પાટણમાં વિજયદાનસૂરિ પાસે સં.૧૫૯૬ કાર્તિક વદિ ૨ સોમે લીધી. સં.૧૬૦૭માં નારદપુરી-નાડલાઈમાં પંડિત-પદ અને ત્યાં જ સં.૧૬૦૮ માઘ શુદિ ૫ને દિને વાચકપદ અને સં. ૧૬૧૦ પોષ સુદિ ૫ને દિને શિરોહીમાં સૂરિપદ મળ્યું હતું. અકબર બાદશાહને ત્રણ વખત મળ્યા હતા. પહેલી મુલાકાત સં.૧૬૩૯ જેઠ વદિ ૧૩ને દિને ફતેહપુર સિક્રીમાં લીધી ને બાદશાહે પ્રસન્ન થઈ પુસ્તકોનો ભંડાર ભેટ ધર્યો કે જે આગ્રામાં રાખવામાં આવ્યો. પછીની મુલાકાતથી શ્રાવણ વદિ ૧૦થી ભાદરવા સુદિ ૬ એમ બાર દિવસ જીવહિંસા બંધ રહે તે માટે બાદશાહે ફરમાનપત્રો કાઢ્યાં હતાં. પછી ધીમેધીમે બાદશાહને જીવદયા પ્રત્યે વાળી લીધા હતા અને બાદશાહે પોતાના રાજ્યમાં એક વર્ષમાં છ માસ સુધી જીવદયા પાળવાના હુકમો બહાર પાડ્યા હતા. ઘોડા, ગાય, બળદ, ભેંસ અને પાડા વગેરે જીવોનો વધ બિલકુલ બંધ કરાવ્યો હતો. ઘણાં પક્ષીઓને પાંજરાઓમાંથી છૂટાં કર્યાં હતાં અને ઘણા કેદીઓને મુક્ત કર્યા હતા. આચાર્યના ઉપદેશના પ્રભાવે જિજિયા વેરો બંધ કર્યો હતો, શત્રુંજયાદિ તીર્થોને કરમુક્ત કર્યાં હતાં ને આચાર્યને 'જગદ્ગુરુ'નું બિરુદ પણ આપ્યું હતું. તેમના સંબંધમાં 'હીરસૌભાગ્ય-મહાકાવ્ય' સંસ્કૃતમાં દેવવિમળગણિએ રચ્યું તેમાંથી તેમજ 'કૃપારસકોશ', 'જગદ્ગુરુકાવ્ય' વગેરે પરથી અનેક ઉપયોગી હકીકત મળી આવે છે. તેમણે છેવટે ઉનામાં સં. ૧૬૫૨ના ભાદરવા સુદિ ૧૧ના દિવસે સ્વર્ગવાસ કર્યો અને ત્યાં તેમના સ્તૂપ માટે અકબર બાદશાહે વીસ વીઘાં જમીન આપી હતી અને ત્યાં લાડકીબાઈએ સ્તૂપ બનાવી પદસ્થાપના કરી હતી. હાલ તે મોજૂદ છે.

Jainsite.com જૈનમ્ જયતિ શાસનમ્

**(૧૧૯૪) દ્વાદશ જલ્પ વિચાર** [અથવા **હીરવિજયસૂરિના ૧૨ બોલ**
ર.સં.૧૬૪૬ પોષ સુ.૧૩ શુક્ર]

(૧) પ.સં.૧૧, ગા.૨૫૦, અમ. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૭).]

**(૧૧૯૫) + પ્રભાતિયું**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આદિ** – અજબ જ્યોતિ મેરે જિનકી
[**અંત** – હીરવિજય પ્રભુ પાસ શંખેસર, આશા પૂરો મેરે મનકી]
પ્રકાશિત : જૈન પ્રબોધ પુસ્તક પૃ.૩૦૦ [૨૪૬].

**(૧૧૯૬) અંતરીક્ષ પાર્શ્વનાથ સ્ત.**

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૪૧-૪૨, ભા.૩ પૃ.૭૩૬. પહેલાં આ કવિને નામે ચાર કૃતિઓ મૂકી પછીથી નોંધ કરી હતી કે "આની નીચે મૂકેલી કૃતિઓ તેમની લાગતી નથી. તે કૃતિઓમાં તેના કર્તાની ગુરુપરંપરામાં આ સૂરિનું નામ જોયું કે વિશેષ તપાસ કર્યા વગર તેમનું નામ કર્તા તરીકે સૂચીકારોએ મૂકી દીધું લાગે છે. 'શાંતિનાથ રાસ' રામવિજયકૃત (હવે પછી ર.સં.૧૭૮૫) લાગે છે, 'મૃગાવતી' તે સકલચંદ(નં.૫૪૫)-ની કૃતિ જ જણાય છે." 'પ્રભાતિયું'ના કર્તા હીરવિજય સ્પષ્ટપણે જુદા અને અર્વાચીન જણાય છે ને 'અંતરીક્ષ પાર્શ્વનાથ સ્તવ'ના કર્તા પણ એ જ હોવાનો સંભવ છે. 'દ્વાદશ જલ્પ વિચાર' આ હીરવિજયસૂરિએ સં.૧૬૪૬માં કહેલા એવી નોંધ મળે છે.]

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**૫૫૯. હેમાણંદ** (ખ. હર્ષપ્રભ–હીરકલશશિ.)

**(૧૧૯૭) વેતાલ પચીસી** ર.સં.૧૬૪૬ ઇન્દ્રોત્સવ દિન

**આદિ** – પ્રણમ્ય દેવદેવં ચ વીતરાગં સુરાર્ચિતં,
લોકાનાં ચ વિનોદાય, કરિષ્યેડહં કથામિમાં. ૧
નત્વા સરસ્વતીં દેવીં શ્વેતાભરણભૂષિતાં,
પદ્મપત્રવિશાલાક્ષીં નિત્યં પદ્માસને સ્થિતાં. ૨

ચોપઇ

સુવચન સાંનીધકારી દેવ, સમરી **સરસતી** પાય પ્રણમેવિ,
સુગુરૂ વચન મન માંહે ધરી, બોલીસ **વિક્રમ** રાજા ચરી. ૧
રાજા **વિક્રમના** અવદાત, કવિયણ બોલે નવનવ ભાંતિ,
તેમ હું સજ્જન સાંનિધિ યથા, કેહિસુ **વેતાલપચીસી** કથા. ૨
રાજા **વિક્રમ** નેં **વેતાલ**, એકરયણ વનખંડ વિચાલ,
કથા કહી નવનવી પચીસ, સંભલતાં તે થાઇ જગીસ. ૩

**અંત** – ઇતિ **વેતાલપચિસીયૈ વિક્રમ** નૈ **વેતાલ**,
કથા કહી પંચવીસમી, **હેમાણંદ** રસાલ. ૧૭

—ઇતિ શ્રી વેતાલપંચવીસી ચરિત્રે વિક્રમ કથિત કથા પંચવીસમી સંપૂર્ણા.

ચોપઇ – સાહસવંત નિરખી નૃપરાઈ, તબ **વેતાલ** કહૈ તિણિ ઠાઈ,
પરઉપગારી તો સમ લોય, મૈં તો અવર ન દીઠો કોઇ. ૧
હૂં તો તુઠો તુઝ સાહસૈ, પિંણ તું જોગી મત વેસસૈ,
દોહો તુઝનેં ઘાલૈ પાસ, સુષૈ કહૈ તું ગુંણહ નિવાસ. ૨
મડ પુજી તુઝ કહસી તંત, કરિ પ્રણાંમ જ્યું સિઝૈ મંત,
તો કહિયૈં હું ન લહું ભેય, તું દિષ લે જ્યું જાંણું તેહ. ૩
તિણ વચનેં તે થારૈ કાજિ, ફિરી દિષાલેં તતષિણ માંઝિ,
ષડગ કરી થૈ છેદો સીસ, જિઉં મનવંછિત થાઇ જગીસ. ૪
સુંણી સીષ તે લેઈ મડો, આવિ રહિ યોગી સુષિ ષડો,
કરિ પ્રણાંમ યોગી હરષાવિ, આગલિ બેઠો રાજા ભાવિ. ૫
જોગી કહૈ સુણો રાજિંદ, દીયૈ પ્રદક્ષિણ હુવૈ આણંદ,
હું નવિ જાંણું **વિક્રમ** કહૈ, તૈ તે આગૈ ઉઠી વહૈ. ૬
રાજાયૈ વૈતાલી વાત, ચીતારીનેં કીધો ઘાત,
પૂરી વિદ્યા સીધી જીસૈં, સોવનપુરિસો હુઓ તિસૈ. ૭
તિંણ પુરિસે **વિક્રમ** રાજેસ, પુહવી ઊરણ કરી વિસેસ,
રાજ પાલિ આણિ આંપણું, સરગિ પહુંતો સહુકો ભણું. ૮
છંદ — ઇતિ શ્રીય **વિક્રમ વેતાલ**હી કહિ એહ વાત પચીસએ,
તિણવિધહ **સોલૈ સૈં છયાલૈ** ઇન્દ્ર ઉછવ દીસ એ,
ગુરૂ **હીરકલસ** પસાય કરિનૈ **હેમાણંદ** મુણિ ઉત્તમપુરી,
તિહ રચીય વાત વિનોદની તે સયલ સજ્જન સુષકરી. ૯

(૧) ઇતિ વૈતાલ પચવીસી ચરિત્રે પંચવીસી ચઉપઈ સંપૂર્ણમ્. સં.૧૭૬૫ વર્ષે શાકે ૧૬૩૦ પ્ર. ચૈત્ર સુદિ ૫ ગુરૌ લિષિતં. પં. સુજાણહંસેન શ્રી જયતારણ મધ્યે. પ.સં.૧૬–૧૭, ચા.

**(૧૧૯૮) ભોજ ચરિત્ર રાસ** ૫ ખંડ ૧૦૨૧ કડી ૨.સં.૧૬૫૪ કાર્તિક પ્રથમ દિવાલી દિને ભદાંણામાં

આદિ – ધૂરિ દૂહા

સમરિય **સરસતિ** સુગુરૂપય, વંદિય **જિણચંદ**સૂરિ,
કહિસુ કથા હું **ભોજ** નૃપ, આણી આણંદપૂરિ. ૧
જિનસાસણ સિવસાસણઇ, ધરમહિ દાંન ઉદાર,
દીધઉ જિણ પરિ તિણ પરઇ, સફલ કરઇ સંસાર. ૨



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(પછી દાન ઉપર ગાથાઓ છે.)
કીરતિ હુયઇ યાચક દિયે, પુણ્યા ફલ હુયે પાત,
વયરીને દીધઉ થકઉ, વિલય કરઇ વ્યાધાત. ૩

અંત - વિસ્તર ગુરૂમુખિ એહ ચરિત્ર, સુણી ભવિકજન હવઉ પવિત્ર,
મઇ ઓલી સંક્ષેપે કથા, નિસુણી સહગુરૂવયણે યથા. ૧૧
પદ અક્ષર લહે કાંનઇ માત, અધિક ઓછ મઇં ચવિયો મિથ્યાત,
તે સવિ પંડિત ખમિયો તુમ્હે, મિથ્યા દુકૃત દીધું અમ્હે. ૧૨
**વીરપાટિ** શ્રી **સોહમવંસિ**, તેહની સુવિહિત સાખિ પ્રસંસી,
**ખરતરગછિ** ગુરૂ ગુણે પડૂરિ, શ્રી શ્રી શ્રી **જિનમાણિકસૂરિ.** ૧૩
તાસુ પાટિ શ્રી **જિણચંદસૂરિ**, વિજયરાજ જસુ આજ્ઞાપૂરિ,
કુમતિ નાઠા જિહ ભલ દૂરિ, દિનદિન નિલવટ અધિકે તૂરિ. ૧૪
પાતિસાહ શ્રી **અકબર** રાજિ, **કરમચંદ** મંત્રી તસુ કાજિ,
લાભ દેખિ **લાહોર** બુલાઇ, પાતિસાહ સિઉં લિયો મિલાઇ. ૧૫
નયણે દેખિ કહઇ સુરતાંણ, દરસણી એ સાચો દીવાંણ,
વાણી સંભલિ હરિખિયઉ હિયે, અભયદાન જીવાં સવિ દિયે. ૧૬
ધન લાખાં મુહિ કરઇ પસાઇ, દેખી ગુરૂ નિરમમ નિરમાઇ,
**સોલહ સઇ ગુણ(પ)આસંઇ વાસ**, વદિ દસમી ને ફાગુણ માસ. ૧૭
**જુગપ્રધાન** તેહ પદવી દેઇ, ફાગુણ સુદિ તિમ બીજ લહેઇ,
**માનસિંહ** શ્રી જી ભાઇયઉ, આચારિજ પદવી ઠાઇયઉ. ૧૮
શ્રી **જિણસિંહસૂરિ** દે નાંમ, **કરમચંદ** તિહ ખરચ્યા દાંમ,
જુગપ્રધાન આચારિજ બિવે, ઉદયવંત હુઇયો સંઘ સવે. ૧૯

યતઃ

નવ હાથી દીન્હે નરેસ મદ સ્યો મતવાલે,
અઇરાકી પંચસે લોક લ્હાવે નિતુ હાલે.
નવે ગાંમ બકસીસ સઇતુ સહુ કોઇ જાંણઇ,
સવા કોડિકા દાંમ **મહલ** કવિ સાચ વખાંણઈ,
કો રાય ન રાંણા કરિ સકે, **સંગ્રાંમનંદન** જો કીયા,
જુગપ્રધાંનકે નામ કો, સુ**કરમચંદ** ઇતના દીયા. ૨૦
તેહ તણુઉ આજ્ઞા કારિયઉ, છએ કાયનો ઉપગારિયો,
**હરષપ્રભુ** નાંમઇ મુણિરાઇ, **હીરકલસ** તસુ સીસ કહાઇ. ૨૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સીસ તાસુ મુનિ **હેમાણુંદ**, તિણિ મનિ આંણી અધિક આણુંદ,
સંવત **સોલહ સઈ ચઉપનઈ**, કાતિય પ્રથમ દિવાલી દિનઈ. ૨૨
ગામ **ભદાંણે** વાંત વરીસ, વસુધા વર ધારૂ મંત્રીસ,
તાસુ પુત્ર **વરજાંગ** વદીત, ધરમકરમ જો હૂયો પ્રવીત. ૨૩
ષટ દરસણુ મનિ આણુંદ ભાઉ, કરે ન્યાય ટાલે અન્યાય,
તાસ પાટિ મંત્રી **ગોપાલ**, દાંન પુણ્ય તે અધિક રસાલ. ૨૪
તિણિ વયણે એ **ભોજપ્રબંધ**, કહિઉ સંક્ષેપે ચઉપઇબંધ,
ભણે ગુણે જે સુણે નિદાંન, તિયાં ઘરિ આવે નવે નિધાન. ૨૫
દૂહા ગાહ શ્લોક ચઉપઇ, પંચ પ્રસ્તાવે પૂરી હુઇ,
ગાથા એગ સહસ એગવીસ, સાંભલતાં સહિ ફલે જગીસ. ૨૬

(૧) પ.સં.૪૨-૧૪, રત્ન ભં. દા.૪૨ નં.૪૧. (૨) સં.૧૬૬૫ પ્ર. ભા.શુ.૫ ઉ. ઉદયવલ્લભ શિ. **પદ્મસુંદર** શિ. **ભવનસોમ** શિ. **ઈસર** શિ. **મથુર** લિ. પ.સં.૩૦, જિ.ચા. પો.૮૧ નં.૨૦૩૬.

**(૧૧૯૯) અંગ ફુરકણ ચો.** કડી ૨૨ ર.સં.૧૬૩૯ દશરા
**આદિ** – શ્રી **હરષપ્રભ** ગુરૂપય વંદિ, જોડિસ હું ચોપઈ છંદ,
નરનારીના અંગ ઉપંગાં ફુરે, તાસુ ફલાફલ ચંગ. ૧
**અંત** – સંવત **નંદ ભવણ રસ ચંદ**, દસરા હૈ દિન **હેમાનંદ**,
કહી વાત ફુરકણ તણી, આગમ વાણિ જિસી ગુરૂ ભણી. ૨૨
[મુપુગૂહસૂચી.]

**(૧૨૦૦) દશાર્ણભદ્ર ભાસ** કડી ૫૬ ર.સં.૧૬૫૮ કા.શુ.૧૫ રડવડી-આમાં
**અંત** – એહ રિષિ શ્રાવકગુણ થુણઇ, ષ પય આવસ્યક સાજિ રે;
મંગલકારક તિણિ ભણી, રિદ્ધિ નઇ વૃદ્ધિ સિધિ કાજિ રે. ધ. ૫૩
શ્રી **ખરતર**ગછિ રાજિયઉ, શ્રી **જિણચંદ** સૂરીસ રે;
શ્રી **જિણસિંહ**સૂરિ તસુ પટઇ, વિજય રાજઇ નિસિ દીસ રે.ધ. ૫૪
સુગુરૂ આએસઇ વિચરતા **સોલ અઠાવન** વાસ રે.
ભવિયણ તણઇ આગ્રહિ કરી, **રડવડીઆ** રહિયા ચઉમાસ રે. ૧૫
માસ કાતિગ સુદી પૂનમઇ, **હીરકલશ** સુગુરૂ સીસ રે,
ભાસ **હેમાણુંદ** મુનિ કહી, પ્રવચન વચન જગીસ રે. ૫૬
(૧) પ.સં.૫, વીકા.
[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૮૮–૮૯, ભા.૩ પૃ.૭૮૦–૮૩.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૫૬૦. વિમલવિનય** (ખ. ગુણશેખર–નયરંગશિ.)

નયરંગ જુઓ નં.૪૮૫.

**(૧૨૦૧ ક) અનાથી સાધુ સંધિ** ગા.૭૧ ર.સં.૧૬૪૭ ફાગણ શુ.૩ કસુરપુરમાં

**આદિ**– શ્રી જિનશાસનનાઇક નીકઉ, સિદ્ધિવધૂ સિરિ સુંદર ટીકઉ,
**વર્દ્ધમાન** જિનવર મનિ ધ્યાઈ, સાધુ સવે સમરૂં સુખદાઈ. ૧
વીસમઉ **ઉત્તરાધ્યયન** વિચાર, નાથ **અનાથી** તણઉ અધિકાર,
સૂત્રસાખિ ગુરૂમુખિ જિમ સુણીયઇ, તિમ સંબંધ સયલ એ ભણીઇ.

**અંત** – જસુ મહિમા(પા. સાસણ)નિધિ એહ મુણિંદ, ગુણ ભણતાં નિત પરમાણંદ.
સંવત **સોલ સઈ સતતાલે**, ફાગુણ ત્રીજ દિવસ અજૂઆલઇ.
શ્રી **કસુરપુર** વર મન મોહે, સોલમ **શાંતિ** જિણેસર સોહે,
શ્રી જિનશાસણ એહ મહંત, શ્રી **જિનચંદ્ર**સૂરિ જયવંત. ૬૯
સુહગુરૂ શ્રી **ગુણશેખર** સીસ, વાચક શ્રી **નયરંગ** જતીસ,
તાસ પસાય લહી ચિત્તચંગઇ, **વિમલવિનઇ** પભણઇ મનરંગઇ.
આગમ-અરથ જુગતિ સુવિચારી, એ સંબંધ કહ્યો જયકારી,
જે ભાવઇ ગાવઇ નરનારી, તે પામઈ સુખ સંપતિ સારી. ૭૧

(૧) પ.સં.૮–૯, હા.ભં. દા.૮૨ નં.૧૩૮. (૨) પં. જૈન શ્વે. ભં. જયપુર પો.૬૪. (૩) પ.સં.૪, પ્રતિ ૧૭મી સદીની, મહિમા પો.૮૬. (૪) પ.સં.૨, અભય. પો.૪ નં.૨૬૮. (૫) ભાં.ઇ. સન ૧૮૯૧–૯૫ નં.૧૫૭૫. (૬–૭) સુંદર લિ. વીકાનેર, પં. જ્ઞાનવલ્લભ લિ. પ.સં.૩, અભય. નં.૩૧૮૬. [ડિકેટલોગભાઇ વૉ.૧૯ ભા.૨.]

**(૧૨૦૧ ખ) અર્હન્નક રાસ** ગા.૬૬ ૪ ઢાલ

**આદિ** – **વર્દ્ધમાન** ચઉવીસમઉ, જિન વંદી જગદીસ,
**અરહંનક** મુનિવર ચરિત્ર, ભણિસુ ધરીય જગીસ. ૧

**અંત** – શ્રી **ખરતરગચ્છ** દીપતા, શ્રી **જિનચંદ** મુણીંદ,
જયવંતા જગિ જાણિએજી, દરસણ પરમાણંદ. ૬૪
શ્રી **ગુણશેખર** ગુણનિલઉજી, વાચક શ્રી **નયરંગ**,
તાસુ સીસ ભાવઇ ભણઈજી, **વિમલવિનય** મનરંગિ. ૬૫
એ સંબંધ સુહામણોજી, જે ગાવઈ નરનારિ,
તે પામઇ સુખસંપદાજી, દિનદિન જયજયકાર. ૬૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) પ.સં.૨, મુકનજી સં.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૮૩-૮૪.]

## ૫૬૧. મલ્લિદેવ

**(૧૨૦૨) કર્મવિપાક રાસ** ર.સં.૧૬૪૮
(૧) માણેક ભં.
[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૯૦. મલ્લિદાસ (અહીં નં.૪૯૦)ને નામે 'જિનરત્નકોશ' 'કર્મવિપાક' નામની કૃતિ નોંધે છે, જે સંસ્કૃત હોવાની પણ શકયતા છે. એ જોતાં ઉપરની માહિતી કદાચ અનધિકૃત હોય.]

## ૫૬૨. પરમા (લોં. શ્રીપત-તેજસિંહ-સોભા મોલ્હા-વીરજી-ધર્મદાસ-ભાનુ-ચતુર્ભુજ-રાજસિંહશિ.)

**(૧૨૦૩) પ્રભાવતી ચોપાઈ** (શીલ વિષયે) ર.સં.૧૬૪૮ મહા શુદ ૧૦ શનિવાર

**અંત** - સંવત **સતરહ સય ઉનતાલઇ**, માસ કુમાર સુહાવંદા,
સુદિ દશમી થિર થાવરવારે, સીલ તણાં ગુણ ગાવંદા. ૮૫
દિનદિન પ્રતપો શ્રી ગચ્છનાયક, **શ્રીપત** પટે ભાવંદા,
સાધુ **સુધર્માને** ગતિ ચલે, ગુણ છત્તીસ સુહાવંદા. ૮૬
આચારજ ચિરંજીવો **તેજસિંઘ**, ચોરાસી ગચ્છ ગુણ ગાવંદ.,
તાસ ગચ્છ થેવર અતિ ઉત્તમ, તપજપક્રિયા-દિપાવંદા. ૮૭
**સોભા મ્હોલ્હા** મુનિવર સોહે, સાધુ-ધર્મ-ધ્રુતાવંદા,
તાસ પટ થેવર થિર થપ્યો, **વીરજી** સંઘમન-ભાવંદા. ૮૮
તાસ પટ સાધુગુણગર્જંત, શ્રુતજ્ઞાનેં સોહાવંદા,
જે **ધર્મદાસ** થેવર ગુણ ગાવે, સુખસંપદ નિત પાવંદા. ૮૯
તાસુ સુશિષ્ય ગુને અતિ ઉત્તમ, થેવરપદે સુહાવંદા,
**ભાનુ** ભાનુ સમ તેજ વિરાજે, ચતુર્વિધ સંઘ ગુણ ગાવંદા. ૯૦
તખત **ચતુર્ભુજ** ગુરૂ થિર થાયો, જિમ **વીર સુધરમ** જિનંદા,
ચતુર્વિધ સંઘમાં જયો સોહૈ, જોં તારા બિચ ચંદા. ૯૧
તાસ પાટ અવિચલ ચિરજીવો, ખિમા ક્રિયા મન દેંદા,
ગુણ સત્તાવીસ જામેં રાજે, સકલ સાધુ મહિ ઈંદા. ૯૨
..............................નરનારીકે વૃંદા,
દિનદિન પ્રતપો શ્રી ગુરૂ મેરા, શ્રી **રાજસિંઘ** મુનિંદા. ૯૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તાસ શિષ્ય નિર્મલ મતિ જાકા, મુનિ ફેરૂ જગ ભાવંદા,
તસુ સુત લઘુ ગુરૂભાઇ **પરમા**, શીલ તણા ગુણ ગાવંદા. ૯૪
રખી શ્રાવક ભ ઉત્તમ, જૈન ધર્મ ચિત દયાવંદા,
**પરમે** મુનિ ચોમાસો કીન્હે, સકલ સંઘ મન ભાવંદા. ૯૫

કલસ

મઈ સીલ ગાયો સકલ ભાયો નેમ મોટો જગતમેં,
નરનારી પાલે મન ઉજાલે ભોગવે સુખ મુક્તિમેં.
નરનારી ભણુસે ભાવે સુણુસે સીલનો અધિકાર એ,
ઉત્તમ ગતિ જીવ તેહ પાવઇ, સંઘ જયજયકાર એ. ૯૬

(૧) જૈ.શ્વે.ભં. જયપુર પો.૫૫.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૯૧-૯૨.]

## ૫૬૩. સૂજી (લોં. રતનશીશિ.)

**(૧૨૦૪) શ્રીપૂજ્ય રત્નસિંહ રાસ** (ઐ.) ૪૪ કડી ૨.સં.૧૬૪૮ વૈ. વ.૧૩ તાલનગરે મેવાડ

સ્ત્રીનું નામ બાઈજી, તેને તજી હાલારમાં **નવાનગર**માં શ્રીમાલી વંશે **સૂરોજી** સાહજિવંતને, સ્ત્રી સૂહવદેથી **રતનકુમાર** થયા. નરપતિની પુત્રી સાથે સગપણ. તેને તજી દીક્ષા લીધી.

**આદિ – સરસતિ** સામણિ દઉ મતિ માય, હંસગમણિ ગતિ આપયો ભાય.
ગુણ ગીરૂયાં તણાં ગાયસ્યૂં, ગુપતિ અક્ષર આણુયો હાય તુ,
ગુણ રતનાગર ગાયશું. એ આંકણી.

**અંત –** સંવત **સોલ અડતાલિજી** જાણિ, માસ વિશાખ તે સગૂણ વખાણિ,
તિહાં વદિ તેરસિ જાંણુયો, **રતનસી** ઋષિ ધર્યો સંયમભાર તુ.
ગૂ. ૪૨
**તાલ** નગર **મેવાડ** મઝારિ, પ્રતપિજી સંઘલરાવ **એંગાર**,
સેવક **સૂજી** વિનવઇ, રચ્યઉ રાસ અતિહિ સુખકાર કિ. ગૂ. ૪૩
સંઘ ચતુર્વિધ દીય છિ આસીસ, **રતનસી** જીવજ્યો કોડિ વરીસ,
કોડયા તો ઊપરિ જાણુયો, અનુક્રમિ વસયો મૂગતિ મઝારિ તુ.
ગૂણ રતનાગર ગાયસ્યૂં. ૪૪

(૧) ૫.સં.૨-૧૭, ઈડર ભં. નં.૧૬૭. [મુપુગૂહસૂચી ('સૂજઉ'ને નામે).]
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૮૯-૯૦. દીક્ષાતિથિને અહીં રચનાતિથિ ગણી છે એમ દેખાય છે. તે ઉપરાંત 'સૂજી'ને રતનશીશિષ્ય ગણવા કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બેંગારના સેવક એટલે આશ્રિત કવિ ગણવા એ પ્રશ્ન છે.]

**૫૬૪. લબ્ધિકલ્લોલ** (ખ. કીર્તિરત્નસૂરિશાખા હર્ષવિશાલ–હર્ષધર્મ–સાધુમંદિર–વિમલરંગ–કુશલકલ્લોલશિ.)

રો.એ.સો.માં 'ઉત્તરાધ્યયન વૃત્તિ'ની એક પ્રત છે તેના લેખક આ કવિની પરંપરાના હોઈ આ પ્રમાણે જણાવે છે:

શ્રી ભૂમ્યગ્નિમુનિ ચંદ્રાખ્યે (૧૭૩૧) વર્ષે ફાગણુ સુદિ ચતુર્દશી તિથૌ માર્તણ્ડવારે શ્રી ખરતરગચ્છાધિરાજ શ્રી ભટ્ટારક શ્રી જિનચંદ્ર વિજયરાજ્યે.

આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ શ્રી કીર્ત્તિરત્નાહ્વયાઃ
શ્રીમદ્ હર્ષવિશાલવાચકવરાસ્તચ્છિષ્ય મુખ્યાસ્તતેઃ
તત્પટ્ટામલપદ્મસૂર્યસદૃશાઃ શ્રી હર્ષધર્માભિધાઃ
શ્રીમદ્ વાચક સાધુમંદિરવરા જાતાઃ તતઃ તત્પદે. ૧
તેષાં વિનેયા વિમલાદિરંગા માન્યા બભૂવુર્મુનિસત્તમાનં
શ્રી લબ્ધિકલ્લોલગણિસ્તદીયે, પટ્ટેઽભવત્ વાચકવર્ગવર્યઃ ૨
તત્ શિષ્યાઃ પાઠકાગ્રણ્યઃ શ્રીમલ્લલિતકીર્ત્તયઃ
અભૂવન્ સર્વવિદ્યાસુ ચતુર્દશસુ પારગાઃ ૩
તેષાં વિનેયેષુ ચતુર્ષુ મુખ્યાઃ શ્રીમત્પદં વાચકમાદધાનાઃ
શ્રી હીરરાજગુરવો બભૂવુઃ સમગ્રચારિત્રગુણૈઃ પ્રધાનાઃ ૪
શ્રીમદુદયહર્ષાખ્યાસ્તત્પટ્ટે કવિપુંગવાઃ
જયંતિ જગતીપીઠે સાંપ્રતં ગુરવો મમ. ૫

તત્શિષ્ય પં. કપૂરલાભ મુનિ પં. પ્રવર ભક્તિવિશાલ ગ. મુનિ પં. સોમનંદન મુનિ પં. મતિવિમલ મુનિ તદ્દભ્રાતૃ પં. ક્ષેમવિમલ મુનિ સહિતૈઃ સપરિવારપઠનાર્થં લિખિતં હિતાય ક્ષેમાય લેખકપાઠકયોઃ શ્રી.

**(૧૨૦૫) + શ્રી જિનચંદ્રસૂરિ અકબર પ્રતિબોધ રાસ** (ઐ.) ૧૩૬ કડી ૨.સં.૧૬૪૮(૫૮) જેઠ વ.૧૩ અમદાવાદમાં

**આદિ** – દોહા રાગ અસાવરી.

જિનવર જગગુરૂ મન ધરિ, **ગોયમ** ગુરૂ પણમેસુ,
**સરસ્વતી** સદ્દગુરૂ સાનિધઈ, શ્રી ગુરૂરાસ રચેસુ ૧
વાત સુણી જિમ જનમુખઈ, તે તિમ કહિસ જગીસ,
અધિકો ઓછો જો હુવઇ, કોય કરો મત રીસ, ૨
**મહાવીર** પાટઇં પ્રગટ, શ્રી **સોહમ** ગણધાર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તાસ પાટિં ચઉસઠ્ઠિમઇ, ગચ્છ **ખરતર** જયકાર. ૩
સંવત **સોલ બારોત્તરઇ**, **જેસલમેરુ** મઝાર.
શ્રી **જિનમાણિકસૂરિને**, થાપિઉ પાટ ઉદાર. ૪
માનિઓ **રાઉલ માલદે**, ગુણગિરૂઓ ગણધાર,
મહીયલિ જસુ યશ નિરમલો, કોય ન લોપઇ કાર. ૫
તેજિ તપઇ જિમ દિનમણિ, શ્રી **જિનચંદ્ર** સૂરીશ,
સુરપતિ નરપતિ માનવી, સેવ કરઇ નિશદીશ. ૬
યુગપ્રધાન જગિ સુરતરૂ, સૂરિશિરોમણિ એહ,
શ્રી જિનશાસનિ સિરતિલો, શીલ સુનિમ્મલ દેહ. ૭
પૂરવ **પાટણ** પામિયો, **ખરતર** બિરૂદ અભંગ,
સંવત **સોલ સતોતરે** (૧૬૧૭), ઉજવાલઇ ગુરૂ રંગિ. ૮
સાધુ વિહારે વિહરતાં, આયા ગુર **ગુજરાતિ**,
કરઇ ચઉમાસો **પાટણે**, ઉચ્છવ અધિક વિખ્યાત. ૯

**અંત –** રાગ ધન્યાશ્રી ઢાલ કનકકમલ પગલા ઠવઇ એ.
પ્રગટ પ્રતાપી પરગડો એ, સૂરિ વડો **જિણચન્દ**,
કુમતિ સવિ દૂરે ટલ્યા એ, સુન્દર સોહગકન્દ. ૧૨૭
સદા સદ્ગુરૂ નમો એ, ઘઇ **અકબર** સુમાન, સદા. આંકણી.
**જિનદત્તસૂરિ** જગ જાગતઉ એ, ગુરૂને સાંનિધકાર,
શ્રી **જિનકુશલસૂરીશ્વર** એ, વંછિત ફલ દાતાર. સ. ૧૨૮
**રીહડ** વંશઇ ચંદલઉ એ, **શ્રીવન્ત** શાહ મલ્હાર. સ.
**સિરીયાદે** ઉરિ હંસલઉ એ, **માણિકસૂરિ** પટધાર. સ. ૧૨૯
ગુરૂને લાભ હુયા ઘણાં એ, હોસ્યઇ અવર અનંત, સ.
ધરમ મહાવિધિ વિસ્તરઈ એ, જિહાં વિહરઇ ગુણવંત, સ. ૧૩૦
**અકબર** સમવડિ રાજીયઉ એ, અવર ન કોઈ જાંણુ, સ.
ગચ્છપતિ માંહિ ગુણનિલઉ એ, સૂરિ વડઉ સુરતાંણ. સ. ૧૩૧
કવિયણ કહઈ ગુણ કેતલા એ, જસુ ગુણ સંખ ન પાર, સ.
ચિરંજીવઉ ગુરૂ નરવરૂ એ, જિનશાસન આધાર, સ. ૧૩૨
જિહાં લગી મહીયલિ સુરગિરિ એ, ગયણ તપઈ શશિ સૂર. સ.
**જિનચંદસૂરિ** તિહાં લગઈ, પ્રતપઉ પૂન્ય પડૂર, સ. ૧૩૩
**વસુ યુગ રસ શશિ** વત્સરઇ એ, જેઠ વદિ તેરસ જાંણિ, સ.
**શાંતિ** જિનેસર સાંનિધઇ એ, રાસ ચડિઉ પરમાણિ, સ. ૧૩૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આગ્રહ અતિ શ્રી સંઘનઇ એ, **અહમદાબાદ** મઝારિ, સ.
રાસ રચ્યઉ રલિયામણઉ એ, ભવિયણ જણ હિતકાર. સ. ૧૩૫
પઢઇ સુણઇ ગુરૂગુણરસી એ, પૂજઇ તાસ જગીસ, સ.
કર જોડી કવિયણ કહઇ, **વિમલરંગ** મુનિ **સીસ.** સ. ૧૩૬

(૧) **લબ્ધિકલ્લોલ** મુનિભિઃ **સ્તં**ભતીર્થે પં. **લક્ષ્મીપ્રમોદ** મુનિવાચ્યમાનં.
પ્રકાશિત: ૧. ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ પૃ.૫૯થી ૭૮.

**(૧૨૦૬) રિપુમર્દન (ભુવનાનંદ) રાસ** ૨૦૮ કડી ર.સં.૧૬૪૯ વિજયાદશમી ગુરુ પાલણપુરમાં

**આદિ** – **આદિ** જિણેસર આદિ કર, **સંતીસર** ગુણવંત,
**નેમિ પાસ** સિરિ **વીર** જિણ, પ્રણમી શ્રી ભગવંત. ૧

**અંત** – પામી સંઘ તણઉ આદેસ, જાણી સમ તણઉ લવલેસ,
**રિપુમર્દન**નઉ રચીઉ રાસ, ભણતાં ગુણતાં લીલવિલાસ. ૨૦૦
શ્રી **ખરતરગચ્છ**-ગયણ-દિણંદ, ઉદયઉ શ્રી **જિનચંદ** સૂરીંદ,
વાદી-ગજભંજણ કેશરી, સાનિધિ તાસુ રચ્યઉ મઇ ચરી. ૧
**કીર્તિરતનસૂરિ** શાખઈ જયઉ, **હર્ષવિશાલ** તસુ વાચક થયઉ,
**હર્ષધર્મ** વાચક તસુ સીસ, **સાધુમંદિર** તસુ પાટ જગીસ. ૨
**વિમલરંગ** તસુ શિષ્ય સુજાણ, સુગુણ રયણ ગુણ કેસરી ખાંણિ,
તસુ સુવિનેય **કુશલકલ્લોલ**, સીસ સુપરિ કહઇ **લબ્ધિકલ્લોલ**. ૩
**ચંદ્રપ્રભ** જિન સાનિધિ કરી, રચ્યઉ રાસ મુનિ ઉલટ ધરી,
**પાલણપુર** વર નયર મઝારિ, શ્રી **સરસતિ** સામણિ આધારિ. ૪
સંવત **સોલ ગુણપંચાસઇ** જાંણિ, વિજયદશમી ગુરૂવારિ વખાણિ,
તિણિ દિન કીધઉ એહ જ **રાસ**, સાંભલતા સવિ પહુચઈ આસ. ૫
અધિકઉ ઉછઉ બોલિઉ જેહ, જિનવર શાખિ ખમાવું તેહ,
કૃપા કરી મુઝ ઊપરિ બહુ, ખરૂં કરીનઈ ભણિજ્યો સહુ. ૬
અંતરિ આણ્યા સરસ સંયોગ, ગાથા દૂહા કાવ્ય સિલોગ,
કવિમતિ કાંઇ શાસ્ત્રવિચાર, સુધ કરિજ્યો પંડિત સુવિચાર. ૭
સાયર ધ્રુ જિહાં મેરૂ ગિરિંદ, અહગણ તાસ જિહાં રવિચંદ,
તિહાં લગિ નંદઉ એહ પ્રબંધ, ભણતાં ગુણતાં નિતુ આણંદ. ૮

(૧) પ.સં.૮-૧૫, રો.એ.સો. બી.ડી.૧૯૧ નં.૧૯૫૬. (૨) એક ગુટકો, જિ.ચા.

**(૧૨૦૭) કૃતકર્મ રાજર્ષિ ચોપાઈ** ૪૦૭ કડી ર.સં.૧૬૬૫ વિજયા-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દશમી વચ્વેરપુરે (?) વાવરામાં

**આદિ** – અજર અમર અકલંક જિન, આદિ અનાદિ અનંત,
તારક ત્રાતા ત્રિજગ-ગુરૂ, પય પ્રણમી ભગવંત. ૧
ચઉવીસય જિણવર નમી, ગણહર **ગોયમસાંમિ**,
ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપજઇ, પ્રહ સમિ લેતાં નામ. ૨
સાંનિધ કરિ શ્રુતદેવતા, અક્ષર આણઇ ઠાય,
કુંયર **કૃતકર્મ** ગાયસું, શ્રી સહગુરૂ સુપસાય. ૩
પંચસયાં દીનાર દે, પદ લીધઉ બહુ મોલિ,
પિતા પવાર્યઉ પુત્રનઈ, નિસિ નીશરીયઉ બોલિ. ૪
દાંન તણુઈ સુપસાઉલે, પરણી ત્રિણ્હે નારિ,
ત્રિણ્હે પદ તિણિ પામીયા, સુણઉ ચરિત સુવિચાર. ૫

**અંત** – એહ ચરિત્રથી સંબંધ ઉધર્યો, રાસ ભવિયણ મેં કર્યો,
મેં કર્યો રાસ ઉલ્હાસ જુગતે જેહ નર ભાવે સુણે.
તસુ ઋદ્ધિ નવનિધિ સિદ્ધિ સંપદ વેગિ આવે અંગણે,
રિષિરાજ મોટા નહીય ખોટા દેઇ દોટા કર્મને,
જિણ કુગતિ વામિ સુગતિ પામી ધ્યાન ધરિ નિજ શુભ મને. ૪૦૪
ગુરૂઓ ગુણનિધિ **ખરતરગચ્છ**ધણી, શ્રી **જિનચંદ્રસૂરિ** શિરોમણિ,
ગચ્છધણીય જુગવર જૈન શાસણિ સાહિ **અકબ્બર** માનિયો,
તસુ વિજયરાજે સુકૃત કાજે સાધુ સુગુણ વખાણીયો.
સિરિ **કિત્તિયરયણ** સૂરીંદ પાટે **હર્ષવિશાલ** વાચક થયો,
**હર્ષધર્મ** વાચક તાસુ પાટે **સાધુમંદિર** ગુણનિલો
તાસુ સીસ વલિ **વિમલરંગ** મહામુણી,
સીસ સુપરિ કહે **લબ્ધિકલ્લોલ** ગણિ.
સંવત **સોલ પઈસઠિ** વરસઈ, વિજયદસમી વાસરે,
**વચ્વેર (વાવરા)** પુરવર રાસ રચીયો, શાસ્ત્રસંમત સાદરે;
શુદ્ધ કરિય ભણિજ્યો મયા કરિજ્યો સંત સજ્જન જે ગુણી,
વાંચતાં સુણતાં સુચિર નંદો, જાંમ સાયર દિનમણિ.

(૧) લિ. **રાજનગર** મધ્યે **અભયકુસલેન**. પ.સં.૧૯–૧૩, અનંત. ભં. નં.૨. (૨) **મેડતા** નગરે લિ. પ.સં.૧૭, હરિસાગરસૂરિ પાસે વિકા.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૮૪–૮૯. લબ્ધિકલ્લોલ પોતાને કુશલકલ્લોલ ઉપરાંત વિમલરંગના શિષ્ય તરીકે પણ ઉલ્લેખે છે એટલે પહેલી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કૃતિના કર્તા એમને માનવામાં ખોટું નથી. પહેલી કૃતિના રચનાસંવત-દર્શક શબ્દો ૧૬૨૮ કે ૧૬૪૮ જ બતાવે પરંતુ ૧૬૫૮નો તર્ક થયો છે તે જિનચંદ્રસૂરિને સં.૧૬૪૯માં યુગપ્રધાનપદ મળ્યું હતું એવી માહિતીને કારણે.]

**૫૬૫. રત્નચંદ્ર** (વડતપગચ્છીય સમરચંદ્રશિ.)

**(૧૨૦૮) પંચાખ્યાન** [અથવા **પંચતંત્ર ચોપાઈ**] ર.સં.૧૬૪૮ આ.૫ શનિ

(૧) પ.સં.૧૦૮, બાંઠિયા સંગ્રહ ભીનાસર. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૮૮).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૯૦.]

**૫૬૬. લલિતપ્રભસૂરિ** (પૌ. ભુવનપ્રભ–કમલપ્રભ–પુણ્યપ્રભ–વિદ્યાપ્રભસૂરિશિ.)

આ કવિ પૂર્ણિમાગચ્છની પ્રધાનશાખામાં થયા છે એવું પ્રતિમાલેખો પરથી જણાય છે. તેમના ગુરુના ગુરુ પુણ્યપ્રભસૂરિનો સં.૧૬૦૮નો પ્રતિમાલેખ મળી આવે છે. (જુઓ લેખાંક ૧૨૪) અને ખુદ કવિનો પ્રતિમાલેખ સં.૧૬૫૪નો મળી આવે છે. (જુઓ લેખાંક ૧૦૧ ધા.પ્ર.સં. ભા.૧) કવિનો લેખ આ પ્રમાણે છે :

સં.૧૬૫૪ વર્ષે માઘ વદિ ૧ રવૌ શ્રી **શ્રી**માલજ્ઞાતીય **દોસી વીરપાલ** ભાર્યા **પુજી** સુત **દોસી રહિઆકેન** શ્રી **સંભવનાથ**બિંબ કારાપિતં શ્રી **પૂર્ણિમાપક્ષે** પ્રધાનશાખાયાં શ્રી **વિદ્યાપ્રભસૂરિ** પટ્ટે શ્રી **લલિતપ્રભસૂરિભિઃ** પ્રતિષ્ઠિતં.

આ લેખ ચાણસમા ગામના મંદિરમાં ધાતુની પંચતીર્થી પર છે.

**(૧૨૦૯) + પાટણ ચૈત્યપરિપાટી** ૨૩ ઢાળ ર.સં.૧૬૪૮ આસો વ.૪ રવિ

**આદિ –** ચઉપઇ

સયલ જિણેસર પ્રણમી પાય, **સરસતિ** સહગુરૂ હઈડઈ ધ્યાઇ,
**પાટણ-ચૈત્યપરિવાડી** કહું, જિનબિંબ નમતાં પુણ્ય જ લહું. ૧

**અંત –** ઢાલ ૨૩

ગચ્છિ **પૂનિમ** રે શાખા **ચંદ્ર** વખાણીએ રે, શ્રી **ભુવનપ્રભ**સુરિ,
ગુણરયણે રે (૨) જલનિધિ જિમ હુઇ ગાજતુ રે;
તિમ સોહઇ રે **કમલપ્રભ** સૂરીસરૂ રે, તસુ પટિ **પુણ્યપ્રભ**સુરિ,
દીપઇ રે (૨) તેજે દિનકર રાજતુ રે. ૯૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તસુ પાટઈં રે શ્રી **વિદ્યાપ્રભ** સૂરીસરૂ રે, જેહવઉ પૂનિમચંદ,
**નંદન** રે (૨) **ગુરી** માતા તેહ તણઉ રે,
જિમ ગગનઈં રે તારાગણ છેહ નહી રે, ગંગા વિલૂ ન પાર,
ગુણપૂરઈં રે (૨) દેહ ભરિઓ શ્રી ગુરૂ તણઉ રે. ૨૦૦
જ્ઞાનઈં રે ભરીઉ જિમ હુઇ જલનિધિ રે, ખમ દમ મદ્દવ સાર,
કીરતિ રે (૨) ભૂમંડલ માંહિ વિસ્તરી રે;
તસુ શીસ જ રે **લલિતપ્રભ**સૂરિ ઇમ ભણઇ રે, ધનધન ચૈત્યપ્રવાડિ.
**પાટણિ** રે (૨) મનોહર ચૈત્ય જ ચિતિ ધરી રે. ૨૦૧
સંવત રે **સોલ** વલી **અડતાલડઈ** રે, આસો માસિ વિચારી,
બહુલ પખિ રે (૨) ચઉથિ તિથિ વલી જાણીઇ રે.
આદિત રે વાર અનોપમ તે કહિઉ રે, તિણિ દિન આદર આણિ,
ભાવઈં રે (૨) જિનના ગુણ વખાણીઇ રે. ૨૦૨
જિનબિંબ જ રે જુહાર્યાં નવ સહસ સુંદર રે, શત પાંચઈ વિચારિ,
અઠાણુઉ રે (૨) ઊપરિ તે વલી હું ભણઉ રે,
એ સર્વ જ રે ગ્રામ નગર પુર જે કહ્યા રે, ધરીઆ સંખ્યા માનિ,
અરચૂં રે (૨) આણંદ આણી મનિ ઘણઉ રે. ૨૦૩

કલશ

ઇમ ચૈત્યપ્રવાડી મનિ રૂહાડી રચી અતિ સોહામણી,
શ્રી **પાસ** પસાઇ ચિત્તિ ધ્યાઈ **અણુહલ્લપાટણ** તેહ તણી;
શ્રી સદ્‌ગુરૂ પામી ધરઉ ધામી સ્તવન રૂપિ સુહાકરો,
**સંખેસરૂ** શ્રી **પાસસ્વામી** સયલ ભુવનઇ જયકરો. ૨૦૪

(૧) સં.૧૬૪૮ પોષ વદ ૧ સોમે મુ. ગુણજી લિખિતં. [મુપુગૂહસૂચી.]
પ્રકાશિત : ૧. અમદાવાદની હંસવિજયજી જૈન ફ્રી લાયબ્રેરી ગ્રંથ-માલા નં.૨૮.

**(૧૨૧૦) ચંદરાજાનો રાસ** ૪ ખંડ ર.સં.૧૬૫૫ માહ શુ.૧૦ ગુરુ અણહિલપાટણમાં

**આદિ** – મંગલકરણ પ્રણમું સદા, મહામંત્ર નવકાર,
નવપદ ધ્યાતાં પામીઇ, સંપદ યશ વિસ્તાર. ૧
**સરસતિ** ભારતિ મુઝ દીયુ, સુંદર વાણિવિલાસ,
તુઝ પયધ્યાનિં કવિત રસ, વિરચઇ મનઉલ્હાસિ. ૨
શ્રી સદ્‌ગુરૂચરણે નમી, ગાસ્યું શ્રી રવિરાય,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી **ચંદકેવલિ** તે જયુ, નાંમિં નવનિધિ થાઇ. ૩
**આંબિલ** વર્ધમાનતપિં પાંમ્યુ ઋદ્ધિ વિસાલ,
ઉત્સર્પિણિ વારે હૂઉ, શ્રી **ચંદ** સાધુ રસાલ. ૪
**ગૌતમ** ગણધર ભાસિઉં, **ચેટક** આગલિ જાણિ,
તાસ ચરિત પભણું હિવઈ, સુણયો ચતુર સુજાણ. ૫

**અંત** – ચતુર્થ ખંડ સંપૂર્ણ.

અથ ચૂલિકા – કનકકમલ પગલાં ઠવઇએ – એ ઢાલ, રાગ ધન્યાસી.
**ચંદ્ર**ગછિ ગુણ ગાઇએ, તિહાં ગચ્છ **પૂનિમ** સાર,
શ્રી **ચંદ્રપ્રભુ** સુરીસરૂ એ, ગુણિહિ **ગૌતમ** અવતાર,
**ચંદ્રપ્રભુ** સૂરીસરૂ એ. ૧
પ્રધાન શાખા તિહાં જાણીઇ એ, તસુ અદ્વિતિય વિશાલ,
કમલવદન કમલાકરૂ એ, કમલનયન પ્રભુ સોઇ, ૨
**કમલપ્રભ**સૂરિપાટ ભણું એ, **પુણ્યપ્રભ** સૂરિરાય
પુણ્યઈ પદ્મા પાંમીઇ એ, પુણ્યઇ સંપતિ થાઈ. ૩
પુણ્યઈ નરપતિ પદ લહે પુણ્યે તેજપ્રકાશિ,
પુણ્યવંત ગુરૂસીસ ભણું એ, શ્રી **વિદ્યાપ્રભ**સૂરિ જાસ. ૪
વિદ્યાઈ વિત પાંમીઇ એ, વિદ્યા રાય નમે પાય
વિદ્યાઇ દેવ વસિ હુઇ એ, અલિય વિઘન સવિ. જાઈ. ૫
જસ પાંમે વિદ્યા થિકી એ, વિદ્યા ધરમ ઉદાર
મુગતિ લહઇ પરંપરા એ વિદ્યા સુખ વિસ્તાર. ૬
તસુ સીસ એ ઇમ ભણઇ એ, શ્રી **લલિતપ્રભ**સૂરિ ભાવે તુ ચં
શ્રી **ચંદ્ર**ચરિત તે જાંણીઉં એ, બોલે ઉલટિ આવે તુ. ૭
સંવત **સોલ પંચાવને** એ, માઘ માસિ વિચાર તુ
સુકલપક્ષ તસુ જાંણીઇ એ, દસમિ તિથિઇ તે સાર તુ. ૮
ગુરૂવારિં રચના કરી એ, રોહણી ક્ષેત્ર જોઇ તુ
ભણે ગુણે જે ભાવ સિઉં એ, તસુ એ સુખકર હોઇ તુ ૯
**અણુહલવાડે પાટણ** એ **ઢંઢેરવાડે** જાંણિ તુ
**સામલો પાસ** સોહાકરૂ એ, નમિઈ આણંદ આણિ તુ ૧૦
તપ ઉપરિ એ ચરિત કહ્યુ એ, તપથી સુખવિલાસ તુ ચં.
તપ મોટું જગિ જાંણીઇ એ, તપ છે કલ્પ રસાલ. ૧૧
ભવિક શ્રાવક બહુ ભાવથી એ, આદર લહી તેહનુ સાર તુ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાસ જિણુંદ પ્રભાવથી એ, રચીઉ રાસ ઉદાર તુ. ૧૨
તપ પુણ્ય મહિમા અતિ ઘણો એ, સુણિયો આંણી પ્રેમ તુ,
શ્રી ચંદ સુણતાં ભાવ સિઉં એ, હુઇ અવિચલ ખેમ તુ. ૧૩

(૧) અણહલ્લપુર પત્તને હવે સુરજીસુત અંબાવીદાસેન મીદં પુસ્તકં લેપ્પીકૃત. પ.સં.૬૧–૧૫, ડે.ભં. (૨) રત્ન ભં. [મુપુગૂહસૂચી.]

**(૧૨૧૧) ઘંઘાણીનું સ્તવન** (ઐ.) ૨૫ કડી ર.સં.૧૬૬૯ માહ વદ ૪

**આદિ** – શ્રી **પદ્મપ્રભુ**ના પાય નામાં, પ્રણમું શ્રી જિનરાય,
પ્રગટ થઇ પ્રતિમા ઘણી, વાધે જગ જસવાદ. ૧
વિક્રમ સંવછર જાણીએ, **છાસઠા** ઘર **સોલ**,
જેઠ શુદ અગ્યારસે ભવિક હુઆ રંગરોલ. ૨

**અંત** – સંવત **સોલ ઉગણોતરા** વરસે માહા માસ મન આણોજી,
વદ ચોથે જિનવરજી ભેટયા પૂન તાસુ ઓધાણોજી. ૨૩
**વરદ્ધમાન** પ્રાસાદે કહી એ મહિમા મહીમાં વ્યાપાજી,
શ્રી **લલિતપ્રભ**સૂરિ સુખદાયક સવ પૂર ઘર કરી થાપાજી. ૨૪
ઇમ સુખદાયક જગત્રનાયક **ઘંઘાણી** સોહએ,
શ્રી **પાસ** પસાએ ઘણો સ્વામી ભવિકનાં મન મોહએ;
દેખિ મૂરત સુંદર સુરના હરખ હૈઅડે ઉલટે,
અધિષ્ઠાયક પ્રસન હવો એ સપન તેહને પ્રગટે. ૨૫

(૧) સં.૧૬૭૦નો એક ચોપડો, જશ. સં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૨૦–૨૨, ભા.૩ પૃ.૮૨૫–૨૭.]

## ૫૬૭. વસ્તુપાલ વા. (પાર્શ્વચંદ્રસૂરિ–વિજયચંદ્રસૂરિ–હીરશિ.)

**(૧૨૧૨) હંસવચ્છરાજ પ્રબંધ** અથવા **ચોપાઈ**

**આદિ** – શ્રીગુરૂચરણકમલ નમું, સુમતિ-સુખ-દાતાર,
મુરખથી પંડિત હુવૈ, તે શ્રી ગુરૂ-આધાર. ૧
ગુરૂ તમહર નભોમણી, સુદ્ધિ બુદ્ધિ કરૈં પ્રકાસ,
ગુરૂપ્રસાદે સંપજે, વિદ્યાવિનયવિલાસ. ૨
પ્રણમું જિણવાણી સરસ, વરમાઈ વરમાત,
આગમ ધુર ગણધર નમેં, બ્રામી લીપ વિખ્યાત. ૩
માતા જગ મોટા કરૈ, આપૈ કવીયણ બુધ,
દુખદોહગ દુરે હવૈ, તો સમરે નવ નિધિ. ૪

*

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કૌતુહલ મન આવીયો, કરૂં કથા પરબંધ,
**હંસ વછ** બંધવ તણો, રચું સરસ સંબંધ. ૯
દાનૈ દુરીત સવી ટલૈ, **હંસ વછ** જિમ જાણ,
દાન થકી સંપદ લહ્યા, કરૂં તાસ વખાણ. ૧૦
કવણ ઠામ તે નર થયા, કવણ જનમ કુણ તાત,
સુણો સંબંધ સહુ રસિક જન, મેલૈ નીદ્રા તાત. ૧૧

**અંત** – (પહેલા ખંડનો)
પુન્ય વિના ઘરિઘરિ ફિરે, પર સુખ દેખી આવટ મરે,
સોક તણું મન ઉપનો સાલ, નિસદિન રીઝ રહ્યો ભુપાલ. ૩૪૮
મનનો રંગ લાગે છે જિહાં, નિસદિન રાતો રહે મન તિહાં,
રૂપગુણે કરી મન રાચંત, **વસ્તપાલ** ઇણુ પરિ ભણંત. ૩૪૯
શ્રીપૂજ્ય **પાસચંદ** સુરીરાય, પાટ પટંબર સોભ સવાય,
પુજ્ય શ્રી **વિજયચંદ** સુરિંદ, વીજયવંત સદા આણંદ. ૩૫૦
**હંસ વછનો** એ પ્રબંધ, સુણતાં સરસ લાગે સંબંધ,
સુરગુરૂ સમવડ શ્રી ગુરરાય, શ્રી **હીર** મુની તસુ પ્રણમે પાય. ૩૫૧
પહેલો ખંડ એ પુરો થયો, **હંસાવતી** નૃપ મેલો હુયો,
વણારસી કહે **વસ્તુપાલ**, પુણ્યે પહુંચે મનોરથ માલ. ૩૫૨
સોલમી ઢાલ એ પુરી થઇ, વીરહે વીથા વિહું દુરે ગઇ,
સુણતાં ભણતાં લહીજે ભોગ, મનવંછિત માનવસંજોગ. ૩૫૩

(૧) પ્રથમ ખંડ, પ.સં.૧૧–૧૫, સીમંધર. દા.૨૨ નં.૧૦.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૬૬–૬૭.]

**૫૬૮. દયાકુશલ** (ત. હીરવિજયસૂરિ–મેહમુનિ–કલ્યાણકુશલશિ.)

**(૧૨૧૩) વિજયસેનસૂરિ રાસ** અથવા **લાભોદય રાસ** ૧૪૧ કડી ર.સં. ૧૬૪૯ આગ્રામાં

આ રાસ ઐતિહાસિક દૃષ્ટિએ ઉપયોગી છે, તેની અંદર હીરવિજયસૂરિ અને અકબર આદિનું વર્ણન છે. અને તે રાસ અકબરના મરણ પહેલાં બાર વર્ષે રચાયો હોવાથી ખાસ મહત્ત્વનો ગણાય. તેમાં અકબર વિશે જણાવ્યું છે કે અકબર બહુ હઠી હતો. તેનું નામ સાંભળતાં જ લોકો ધ્રૂજી જતા. તેણે ચિતોડ, કુંભલમેર, અજમેર, સમાણ, જોધપુર, જેસલમેર, જૂનાગઢ, સુરત, ભરૂચ, માંડવગઢ, રણથંભોર, સ્યાલકોટ અને રોહિતાસ વગેરેના કિલ્લા લીધા હતા. વળી ગૌડ વગેરે ઘણા દેશો પણ

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વાધીન કર્યા હતા. મોટામોટા રાજા-રાણાઓ તેની સેવા કરતા. રૈમી, ફિરંગી, હિંદુ, મુલ્લા, કાજી, પઠાણ અને એવું બીજું કોઈ નહોતું કે જે તેની આજ્ઞા લોપી શકે. આ રાસમાં અકબરબાદશાહે વિજયસેનસૂરિના ઉપદેશથી કરેલાં કાર્યોનું પણ વિસ્તૃત વર્ણન આપેલું છે. જુઓ 'સૂરીશ્વર અને સમ્રાટ' પૃ.૬૮ અને ૧૬૩.

**આદિ** – શ્રી કલ્યાણકુશલ ગ. ગુરુભ્યો નમઃ

**સરસતિ** મતિ અતિ નિરમલી, આપુ કરીય પસાય,
**જેસંગજી** ગુંણ ગાવતાં, અવિહડ વર દિઉ માય. ૧
**નાડોલાઈ** નગરી ભલી, ધનધન શ્રી **ઓસવંશ**,
સાહ **કમા**કુલિ ચંદલુ, સુરનર કરઇ પ્રસંસ. ૨
ધન **કોડમદે** જનમિઉ, **તપ**ગચ્છ તુ સુલતાન,
અધિકઅધિક તેજિઈં સદા, વાધઇ જુગહ પ્રધાન. ૩
જસ મુખ સારદચંદલુ, જીહ અમીનુ ઘોલ,
દંતપંતિ હીરા જિસી, અધર સકુંકુમ રોલ. ૪
અતિ અણીઆલી આંખડી, વાંકી ભમહ કમાન,
સરલ સકોમલ નાસિકા, મોહે ભાવિક સુજાંણ. ૫
ગજગતિ ચાલઇ ચાલતુ, સકલ કલા ગુણપૂર,
**ગૌતમ** સમ ગુરુ જગિ જયો, નામ અનોપમ નૂર. ૬
શ્રીગુરુ **હીર** સદા જયો, તાસ તણુ એ સીસ,
રાસ રચૂં રલીઆમણુ, પ્રણમિ જિન ચઉવીસ. ૭
**કલ્યાણકુશલ** પંડિત જયો, સકલ પંડિત સિરિ લીહ,
**દયાકુશલ** તસ પય નમી, સકલ કરઈ નિજ જીહ. ૮

**અંત** – શ્રી **વિજયસેન** સૂરિંદ, ચિર નંદુ મહા મુણિંદ,
જસ ગુણકુ ન લહું પાર, **સોહમ જંબૂ** અવતાર. ૧૩૪
સકલ પંડિત શિરતાજ, **કલ્યાણકુશલ** ગુરુરાજ,
જ્ઞાની ગુણવંત મુનીશ, શ્રી **મેહ** મુનીંદકુ સીસ. ૧૩૫
સાહ **લદકણ** સુત ગુણનિલુ, **લીલાદે** જસ માય,
**કલ્યાણકુશલ** ગુરુ ભેટતાં, દારિદ્ર દૂરિઈં જાય. ૧૩૬
અહનિસિ જપતાં ગુરુ નામ, સીઝઇ મનવંછિત કામ,
કહઇ **દયાકુશલ** તસ સીસ, સુપ્રસનઉ ગુરુ નિસદીસ. ૧૩૭

રાગ ધન્યાસી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધન્ય ગુરૂ **હીર** ધન્ય ધન્ય **તપગચ્છ** એ,
ધન્ય **જેસંગ** જગમઇં વદીતુ;
સાહી **અકબર** સદસિ જિણઈ નિજ અતુલબલિઇં,
થાપી જિનધર્મ વરવાદ જીતુ. ૧૩૯ ધ.
કુમતિકુદાલ જય વાદીવેતાલ તું,
અસમ સાહસીક તું સુદ્ધ ભાષી;
**હેમ** ગુરૂ જેમ તઇ એણઇ દુસમ સમય,
જઇનસાસન તણી માલ રાખી. ૧૪૦ ધ.
**આગરઇ** સહરિ શ્રી **પાસ** પસાઉલઈ,
સંવત **સોલ ઉગણપંચાસઇ**,
**કલ્યાણકુશલ** ગુરરાજ કલ્યાણકર,
સીસ **દયાકુશલ** મનરંગિ ભાસઇ. ૧૪૧ ધ.

(૧) સં.૧૬૭૯ ફા. વદિ ૨ શનૌ ગણિ **નયકુશલ** વાચન કૃતે. કવિની સ્વહસ્તલિખિત પ્રતિ લાગે છે. પ.સં.૧૦-૧૧, જૈ.શા. દા.૧૩ નં.૩૦. (છેલ્લે કવિનું વિજયસેનસૂરિનું ગીત છે.) (૨) પ.સં.૧૦, પ્રતિ ૧૭મી સદીની, જય. પો.૫૮. (૩) વિદ્યા.

**(૧૨૧૪) તીર્થમાલા સ્ત.** [અથવા **પૂર્વદેશ ચૈત્યપરિપાટી સ્તવ**]
ર.સં.૧૬૪૮

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

આદિનાં પાનાં નથી સાંપડ્યાં.

**અંત** – **મથુરા** દેખી મન ઓલસુ, મનોહર થંભ જીહાં પાંસસેહ,
**ગૌતમ જંબુ પ્રભુવો** શ્યામ, જિનવરપ્રતિમા ઠામોઠામ. ૪૦
મૂલ તીરથ વંદૂ અતિ ઘણા, તે સઘલાં **સેતાઅંબર** તણા,
તીરથની એ રચના જોએ, આપમતે મત રાચો કોએ. ૪૧
**સંવત ૧૬૪૩** દસી, અધકારી હુઉ દેવસી,
ખમણગ-વસહીએ કીધા જેણ, રખે ભ્રમ કો ભૂલે તેણ. ૪૨
**ચંદકીરત** નામે આએસ, **સમતશિખર** ગિરિ કીયો પરવેસ,
મૂકી મૂરત **ડીગાંબર** તણી, સંવત **૧૬ અડતાલે** ઘણી. ૪૩
નવદે ખતપતી જો કોઅ, પરતંત્રે ઘર ન વસે જોએ,
જો પણ સાચુ હુવે સહી, ઉપદ તીહાં કો કરવી નહી. ૪૪
તીરથ દીઠે નિરમલ બુધ, તીરથ દીઠે સમકીત સુધ,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તીરથ દીઠે પૂગી રલી, તીરથ હોજ્યો વલી વલી. ૪૫
જૂના તીરથ જે મહે દીઠા, તે સીધાંતે કહીઆ,
વીરપટોધર હીરવિજે ગુરૂ, પૂંનપસાએ લહીઆ,
સાહ અકબાર સબલ મહીપતી, સુણી તે જસ ગુણ ગાઇઓ,
જીવદયા તરૂવરૂ પાઇ સીંચી, 'જગગુરૂ' કહી બોલવીઓ. ૪૬
સેહ મુનીસર સીસ સિરોમણિ, વિબુધસભાસણગાર,
કલ્યાણકુશલ ગુરૂ તપાગછમંડણ, નિરમલ ગ્નાનભંડાર,
વસુ સાગર રસ સસી મિત વરખે કીધી જાત્રા એહ,
દયાકુશલ કહે આણંદ આણી, નિતનિત સમરૂં તેહ. ૪૭

(૧) સં.૧૬૮૯, કવિના હસ્તાક્ષરની પ્રત, પ્રે.ર.સં. (૨) સં.૧૭૧૧, તેમના શિષ્ય રવિકુશલ લિખિત, પ્રે.ર.સં. (આ બન્ને માહિતીનો આધાર વે.નં.૨૭) (૩) સં.૧૬૮૨, રવિકુશલ લિખિત, આ.ક.ભં. (વે.નં.૫૪) (૪) શ્રી બખા મધે સંવત ૧૭૫૧ વરખે ભાદ્રવા શોદ ૮ દિને લખતં રાએચંદ રાએસંઘ લિખિત અધકા ઉછો કાને માતરે લખાણા હોએ તે મછામદૂકડ, શુભં ભવતું. ઊનાના વકીલ મોરારજીભાઈ પાસેથી આવેલ ચોપડો. (શ્રાવકે ચોપડો લખ્યો છે તે પરથી તે વખતે વાણિયા કેમ લીટી દોરીને ગુજરાતી લિપિ લખતા તે આ ચોપડા પરથી જાણી શકાય તેમ છે.) [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૫).]

**(૧૨૧૫) ત્રેસઠશલાકાબદ્ધ પુરુષ વિચારગર્ભિત સ્તોત્ર** ૫૯ કડી ર.સં.૧૬૮૨

**આદિ** – તુહ જિન સમતા સુરલતા એ ઢાલ.
શ્રી જિનચરણ પસાઉલે, મનહ તણે ઉમાહલઈ,
હું થુણું ત્રિહસઠિ શલાકાપુરૂષને એ. ૧

**અંત** – કલશ.
**તપ**ગછપતિ શ્રી **વિજયદેવ** ગુરૂ આચારજ **વિજયસંઘ**સૂરી,
**સોલ બિઆસીઈ** ત્રિહસઠિ શલાકા પુરૂષ તણી મેં થુત્તિ લહી,
**કલ્યાણકુશલ** પંડિત ગુણમંડિત તાસ પસાઇ એહ કહું,
**દયાકુશલ** કહે ઉલ્હટ આણી, પરમાણંદ સુખ સહીઅ લહું. ૫૯

(૧) પ.સં.૩-૧૩, માં.ભં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૭, ૫૧૯, ૫૬૩).]

**(૧૨૧૬) પદમહોત્સવ રાસ** ર.સં.૧૬૮૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેમાં હીરવિજયસૂરિના પદમહોત્સવનું વર્ણન છે.

(૧) વિદ્યા.

(૧૨૧૭ ક) [+] **જ્ઞાનપંચમી નેમિજિન સ્ત.** ૩૦ કડી

**આદિ** – દૂહા.

**શારદ**માત પસાઉલે, નિજ ગુરૂચરણ નમેવિ,
પંચમી તપવિધિ હું ભણું, હિઅડે હરષ ધરેવિ. ૧

**અંત** – એ તપ કીજે લાભ લીજે વંદી જે **તપ**ગચ્છધણી
પરતક્ષ **ગૌતમ**સ્વામિ સરખી કીરતિ **હીરસૂરિ** તણી,
**તપ**ગચ્છ પંડિત જ્ઞાનમંડિત પાપછંડિત તું જયો,
બુધ **કલ્યાણકુશલ** ગુરૂસેવ કરતાં **દયાકુશલ** આણંદ થયો. ૩૦

(૧) જૈ.એ.ઇ.ભં. (૨) સં.૧૭૪૩ વર્ષે માહ વદિ ૮ દિને **આણંદ-કુશલેન** લિ. પ.સં.૨–૧૨, માં. ભં. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. **જૈન** પ્રાચીન પૂર્વાચાર્યોવિરચિત સ્તવનસંગ્રહ.]

(૧૨૧૭ ખ) **વિજયસિંહસૂરિ રાસ** ૨૩૩ કડી ર.સં.૧૬૮૫ આસો શુદિ ૧૫ રવિ

**આદિ** – દૂહા રાગ દેશાખ તથા વેલાઉલ.

સરસ વચન રસ વરસતી, **સરસતી** ભગવતી દેવિ,
તુઝ પ્રસાદેં ગુરૂગુણ થુણું, હીયડે હરષ ધરેવિ. ૧
માતપિતા ગુરૂ દેવતા, ગુરૂ અતિ મતિદાતાર,
ગુરૂ વિણ ભવજલનિધિ તણો, કવણ ઊતારે પાર. ૨
અનંત તીર્થંકર જે હૂઆ, હોસે વલી અનંત,
તે સહૂ સુગુરૂ પસાઉલે, ગુરૂગુણનો નહિ અંત. ૩
ત્રિભુવનમાં જે જે કલા, ગુરૂ વિણ તે નવિ હોએ,
જિમ જલ વિણ સવિ બીજનો, ઉદ્ભવ કદીઅ ન હોય. ૪
શુદ્ધ પરંપર શુદ્ધ ગુરૂ, પુણ્યે લબ્ભે જેહ,
શ્રી **તપ**ગચ્છ-રયણાયરૂ, જિહાં સહૂ લહીઇ તેહ. ૫
એગસઠિમે પાટે પ્રગટ આચારજ **વિજેસિંઘ**.
મહામુનીશ્વર તેહના, ગુણ ગાવા મુઝ રંગ. ૬

**અંત** – **સોલ પંચાસી** ઇસી રે **અસાઢિ** શુદિ પૂંનિમ દિને એ,
રૂડો તિહાં રવિવાર, રાસ રચ્યો મન ઉલટે એ– ૨૩૧.
ઢાલ–રાગ ધન્યાશ્રી. હીંચે રે હીંચે રે હીયચ હીંડોલડે. એ **દેશી.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હીરજી હીરલો તાસ પટિ અતિ ભલો, શ્રી વિજયસેનસૂરીશ રાજે
શ્રી વિજયદેવસૂરિ તાસ પટિ નિરમલો, ભાગ્ય સૌભાગ્ય વૈરાગ્ય છાજે. ૨૩૨
થાપિઓ જેણિં નિજ પાટિ વિજયાસંહજી, સદા ઉદયવંત ગુરૂ એહ ગાયો,
કલ્યાણકુશલ ગુરૂ શિષ્ય સુખરંગરસ, કહે દયાકુશલ સહી મેં જ પાયો. ૨૩૩

(૧) વિજયસેન સૂરીશ્વર શિ. મહોપાધ્યાય શ્રી નયવિજયગણિ શિ. પં. કીર્તિવિજય પં. વીરવિજયગણિ પં. વિદ્યાવિજયગણિ. શ્રી લબ્ધિવિજયગણિ. પં. ખિમાવિજયગણિ લિ. સ્વવાચનાર્થે સં.૧૭૩૫ વર્ષે. પ.સં.૧૧-૧૫, માં. ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૯૬-૩૦૦, ભા.૩ પૃ.૭૯૭-૯૯. 'તીર્થમાલા સ્તવન'ની રચનાસંવત ૧૬૭૮માંથી સુધારી ૧૬૪૮ કરેલ છે.]

## ૫૬૯. કલ્યાણચંદ્ર (દેવચંદ્રશિ.)

**(૧૨૧૮) ચિત્રસેન પદ્માવતી રાસ** ર.સં.૧૬૪૯

(૧) ધર્મઘોષ પટ્ટે કુમુદચંદ્ર પટ્ટે (?) નયશેખરગણિના સાંનિધ્યે લ.સં.૧૬૭૧. પ્રે.ર.સં. નં.૧૨ (વે.).

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૯૬.]

જૈન સાઈટ JAINSITE .com.in જૈનમ્ જયતિ શાસનમ્

## ૫૭૦. પ્રીતવિમલ (ત. વિજયસેનસૂરિ-ધર્મસિંહ-જયવિમલશિ.)

**(૧૨૧૯) મૃગાંકકુમાર પદ્માવતી ચોપાઈ** [અથવા **રાસ**] ર.સં.૧૬૪૯ ગુંદવચમાં

**અંત -** દૂહા રાગ ધન્યાસી.

હીરજી આમઈ શષિઈ, પ્રીત કહઇ પુન્યપાજ,
અંગિ અલછિત આભડઈ, રાંનિ ભમંતાં રાજિ.
લિષ્યો નિલવટિ આપણિ, સ્યું કરઇ દાલિદ્ર સોય,
પ્રીતિ કહઈ હીર નામથી, રાનિ વેલાઉલ હોઈ. ૬૧

ઢાલ - તપગછમંડણ હીરલો હીરજી, તાસ પાટઇ વિજયસેનસૂરી,
જાસ નામઇ નવનિધિ ઘરિ સંપજઈ પૂર્વ પાતિક જાઈ દૂરિ. ૬૨
તાસ સેવક શુભ સાંભલ્યો સાચલો, ગણિ ધર્મસી ધુરિ લગઈ ધર્મધોરી,

તાસ સેવક ગણિ **જયવિમલ** કીર્ત્તિ નિરમલી ગોરી. બો. ૬૩
ગુંદવચ્ચ ગ્રામ ગુણધામ ધરણિ, સંવત **સોલ ઉગણુપંચાશઈ,**
સકલ સંભલઈ સર્વ આસ્યા ફલઈ, **પ્રીતિવિમલ** મુનિ કહઈ ઉલ્હાસઈ. ૬૫

(૧) ઇતિ શ્રી મૃગાંકકુમાર પદ્માવતી ચતુઃપદી સંપૂર્ણમ્ ગણિ **અમૃતસાગર** શિ. **ગજસાગરેણ** લિપિકૃતા. પ.સં.૭–૧૫, આ.ક.ભં. (૨) પ.સં.૧૦–૧૪, સંઘ ભં. પાલણપુર દા.૪૬ નં.૨૯. (૩) ભાં.ઈ. સને ૧૮૯૧–૫ નં.૧૬૫૩.

**(૧૨૨૦) + અષ્ટપ્રકારી પૂજા રાસ** ૨.સં.૧૬૫૬ ક્ષેમપુરમાં

**આદિ** – દુહા રાગ અસાઉરી

પ્રથમ તીર્થંકર પ્રથમ જિન પ્રથમ કરી પરિણામ,
અષ્ટ પ્રકાર પુજા તણા પ્રબંધ કહું અભિરામ. ૧
સકલ સુરાસુર કિન્નરા, વિદ્યાધરની કોડી,
જાસ વદન વાણી ભણી પ્રણમે બે કર જોડી. ૨
સા વાણી મુજને હવે, આપે વર વરદાન.
અલવિ આળસ પરિહરી, સુણજ્યો સહુ સાવધાન. ૩

**અંત** – દુહા રાગ ધન્યાશ્રી.

**તપગચ્છપતિ** ગુણગિરિ, શ્રી **આણંદવિમલ** સુરિસીંહ,
વિચર્યો કુમત વિડારવા, અકંપ અડોલ અબીહ. ૨૭
સંવત **પંનર છ્યાશીએ**, યતિપંથ પરગટ કીજ
પરમાદ પરિગ્રહ પરહરી, રોપ્યા સમકિતબીજ. ૨૮
તાસ પાટિ **વિજયદાન**સુરિ, તાસ પટિ પ્રભુ **હીર**,
તાસ પાટિ **વિજયસેન**સુરિ, સાયર સમ ગંભીર. ૨૯

ઢાલ – સાંભળ્યું આઠ પુજા પ્રબંધા ભવી, અડકમ્મ-અરિભય દુરિ જાયે,
કલ્પતરૂ કામઘટ ધેનુ ચિંતામણિ, આંગણે આવીયાં પુણ્ય પસાયે. ૩૦
**આણંદવિમલ વિજયદાન** સુરીસર, તાસ પાટે પ્રભુ **હીર** હરખ્યો,
સકલ જગિ જીવ પાદપ એહ સીંચવી, વચનસુધારસ-મેઘ વરસ્યો. ૩૧
તાસ પાટિ **વિજયસેન**સુરી નિધી, જાગતો જાસ જગિ મંજુ મહિમા,
તાસ સેવક **ધર્મસિં** ધુરિ લગે, જિનવર લોપી ન સીમા. ૩૨
તાસ સેવક ગણિ **જયવિમલ** સેવકો, **પ્રીતિવિમલ ક્ષેમપુરી** ચઉમાસે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંવત **સોલ છપન** વરસિં કર્‌યા, સકલ સંઘ માંહી બેઠો વિમાસે.૩૩

(૧) ઈડર તપગચ્છ ભં. (૨) પ.સં.૪૧-૧૫. હા.ભં. દા.૭૮ નં.૯. [મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. પ્રકા. છોટાલાલ મગનલાલ, અમદાવાદ. [૨. શ્રેણિક મહારાજનો રાસ તથા અષ્ટપ્રકારી પૂજાનો રાસ વિધિ સહિત.]

**(૧૨૨૧) દાન શીલ તપ ભાવના રાસ** સં.૧૬૫૮ પછી

વિજયદેવસૂરિ – આચાર્યપદ સં.૧૬૫૮, ભટ્ટારકપદ સં.૧૬૭૧, સ્વ. સં.૧૭૧૩.

**આદિ –** દૂહા-રાગ સારિંગ મલ્હાર.

**સરસતિ** સામિની સમરતાં, આવઈ સુમતિનિધાન,
દાન શીલ તપ ભાવના, ભાખું મન અભિમાન. ૧
**સીમંધર** સંયમ ગ્રહી, વિચરઈ શ્રી ભગવાન,
કર્મ નિકાચિત ક્ષય કરી, પામઇ કેવલજ્ઞાન. ૨

**અંત –** સાંભરીઆ રે ગાવા ગુણ મુઝ હીરના રે-એહ ઢાળ.
**સોહમસ્વામી** પરંપરા રે, **તપ**ગછગયણદિણંદ રે,
શ્રી **આણંદવિમલ**સૂરી રે, શ્રી **વિજયદાન**સૂરિંદ રે, આદરિયા. ૨૮
તસ પાટે પ્રગટ હૂઓ ભલો રે, શ્રી **હીરવિજય** સૂરિરાય રે,
શ્રી **વિજયસેન** સોહામણા રે, નામઇ નવનિધિ થાય રે. આ. ૨૯
શ્રી **વિજયદેવસૂરિ** સદા રે, તસ પાટઈ પરધાન રે,
મનવંછિત ફલ સુરતરૂ રે, સમર્યો દિઇ સાવધાન રે. આ. ૩૦
શ્રી **આણંદવિમલ**સૂરિ સેવકો રે, નામઇ શ્રી **ધર્મસિંહ** રે,
તાસ સેવક કમલાકરૂ રે **જયવિમલ** ધનદીહ રે. આ. ૩૧
**પ્રીતિવિમલ** નિજ ભાવ સું રે, રાસ રચ્યઉ શ્રીકાર રે,
ભણતાં સુણતાં ભાવ સું રે, ઉપશમરસભંડાર રે. આ. ૩૨

(૧) પ.સં.૬-૧૩, ગા.ભં.

**(૧૨૨૨ ક) + ગોડી પાર્શ્વ સ્ત.** ૫ ઢાળ

**આદિ –** વાણી બ્રહ્માવાદની, જાગે જગવિખ્યાત,
**પાસ** તણા ગુણ ગાવતાં, મુઝ મુખ વસજ્યો માત. ૧
**નારંગે અણહિલપુરે, અહમ્મદાવાદે પાસ,**
**ગોડી**નો ધણી જાગતો, પૂરે સહુની આસ. ૨
શુભ વેલા શુભ દિન ઘડી, મહુરત એક મંડાણ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિમા તીને **પાસ**ની, થઈ પ્રતિષ્ઠા જાણ. ૩

**અંત** – કલશ – **તપ**ગચ્છનાયક સુખદાયા શ્રી **વિજયસેન** સૂરીશ્વરે
તસ પાટ ઉદયાચલેં ઉદયો શ્રી **વિજયદેવ** સૂહંકરો,
ઈમ થુણ્યો **ગોડી પાસ** જિનવર પભણેં **પ્રીતવિમલ** જયકરો,
ભણેં ગણેં તસ ઘર મંગલ જયકરો.

(૧) લિ.૧૮૧૧ વૈ.વ.૧૩, પ.સં.૩–૧૫, આ.ક.ભં. [જૈહાપ્રોસ્ટા (વિમલપ્રભને નામે), મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૬, ૫૯૩).]

પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય તથા રામવિલાસ કે જેમાં છેલ્લો કલશ નથી. [૨. પ્રાચીન સ્તવન રત્નસંગ્રહ ભા.૨.]

**(૧૨૨૨ ખ) [+] ઈર્યાપથિકા આલોયણ સઝાય** ૧૮ કડી

(૧) લ.સં.૧૭૩૬ ચૈ.વ.૬ શનિ. પ.સં.૨–૧૬, હા.ભં. દા.૮૩ નં. ૧૩૪. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. પ્રાચીન સઝાય તથા પદસંગ્રહ.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૯૪–૯૬, ભા.૩ પૃ.૭૯૬–૯૭.]

## ૫૭૧. નયનસુખ (કેસરાજસુત શ્રાવક)

**(૧૨૨૩) વૈદ્ય મનોત્સવ [અથવા વૈદ્યક સાર]** ૩૧૦ કડી ર.સં.૧૬૪૯ ચૈ.સુ.૨ ભૃગુવાર સીહનંદમાં

હિંદીમાં વૈદ્યક.

**આદિ** – **સિવસુત** પ્રણમૂં હું સદા, રિદ્ધિ સિદ્ધિ નિતિ દેઇ,
કુમતિવિનાશન સુમતિકર, મંગલ મુદિત કરેઇ. ૧
અલખ અમૂરતિ અલખગતિ, કિનહિ ન પાયઉ પાર,
જોતિ સકલ કવિજન કહિ, દેહિ દેવ મતિસાર. ૨
વૈદ્ય ગ્રંથ સબ મથિકૈ, રચિઉ સુભાષા આનિ,
અરથ દિખાવું પ્રગટ કરિ, ઔષધ રોગનિદાન. ૩
મમ મતિ અલપ સું કહત હું, કવિમતિ પરમ અગાધ,
સુગમ ચિકિત્સા ચતુર ચિત, ખમહુ સબઈ અપરાધ. ૪
**વૈદ્ય મનોત્સવ** નામ ધરિ, દેખી ગ્રંથ સુપ્રકાસ,
**કેસરાજ**સુત **નયનસુખ, શ્રાવક** કુલહિ નિવાસ. ૫
પ્રથમ નસા લક્ષણુ કહું, દેખિ ગ્રંથ મતિ સોઇ,
કુનિયાનઈ અનુભાવહીં, જઇસી મમ માત હોઇ. ૬

**અંત** – પરમત ગ્રંથ સમુદ્ર સમ, મમ મતિ ખોજતિ પાર,

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઔષધરત્ન સુ તે ગહે કીએ પ્રગટ સંસાર. ૩૦૫
**વૈદ્ય મનોત્સવ** ગ્રંથ મહિ, કહિઉ સકલ નિજ આનિ,
દુખકંદન કુનિ સુખકરણુ, આનંદ પરમ નિધાનિ. ૩૦૬
**કેસરાજ**સુત **નયનસુખ**, કીયઉ ગ્રંથ અમૃતકંદ,
સુભ નગર **સીહનંદ**મઈ, **અકબ્બર** સાહ નરિંદ. ૩૦૭
**અંક વેદ રસ મેદની** ૧૬૪૯ શુક્લ પક્ષ ચૈત્ર માસ,
તિથિ દ્વિતીયા ભૃગુવાર કુનિ, પુષ્યચંદ્ર સુપ્રગાસ. ૩૦૮
માત્રા અંક સુછંદ કુનિ, કહિઉ અલ્પ મતિ સોઇ,
ગુનિજન સબે સકારીઉ, હિત જહાં કૃછ હોઇ. ૩૦૯
કીઉ પ્રગટ દધિમંથ, ઔષધ રોગનિદાન કુનિ,
સકલ સુધા સમ ગ્રંથ, કહ્યૌ સમઝિ આદિઅંતમઈ. ૩૧૦

(૧) સાત સમુદ્દેશમાં, પ.સં.૧૦–૧૭, મ.જૈ.વિ. નં.૪૦૯. (૨) સં. ૧૭૮૬ ભા.વ.૧૦ **પટણા** મધ્યે **તત્ત્વવલ્લભ** લિ. ભુવન. પો.૧૦. (૩–૪) પ.સં.૧૩ અને ૧૭, કૃપા. પો.૧૯ નં.૩૬૯. (૫) સં.૧૮૪૮ મિગસિર સુદી ૧ લિ. શ્રી **વિજય**મુનિ પઠન હેતવે શ્રી **ભટનેર** કોર મધ્યે. પ.સં. ૧૨, નાહટા. સં. [મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૯૨–૯૪.]

**૫૭૨. પદ્મરાજ** (ખ. જિનહંસસૂરિ–ઉપાધ્યાય પુણ્યસાગરશિ.)

પુણ્યસાગર માટે જુઓ નં.૪૪૯.

**(૧૨૨૪) સનતકુમાર ચો.** ર.સં.૧૬૫૦ જેસલમેરમાં

(૧) વિ.ધ.ભં.

**(૧૨૨૫) અભયકુમાર ચોપાઈ** ૫૦૮ કડી ર.સં.૧૬૫૦ જેસલમેરમાં

**આદિ** – અવિચલ સુખસંપતિ કરણુ, પ્રણમું **પાસ** જિણંદ,
શાસનનાયક સેવીઇ, **વર્દ્ધમાન** જિનચંદ. ૧
**ગોયમ** ગણધર પ્રણમી સવિ, સમરૂ સહગુરૂપાય,
સરસ વચનરસ વરસતિ, **સરસતિ** કરઉ પસાય. ૨
સુણતાં ચિત અચરિજ કરઇ, બહુવિધ બુધિ વિસાલ,
મુનિવર **અભયકુમાર**તણઉ, ભણિસુ ચરિય રસાલ. ૩

**અંત** – (૭મા અધિકાર પછી) ચોપઇ

ઇમ શ્રી **અભયકુમાર** પ્રબંધ, પભણ્યઉ સુજસ કપૂર સુગંધ,
તસુ ચરિત્ર **આવશ્યક** વલી, શ્રુત અનુસારઇ મઇ મનરલી. ૫૦૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે જિનવચન વિરૂદ્ધ કહાઇ, મિચ્છા દુક્કડ તે મુજઝ થાય,
સંવત સોલહ સઇ (પ)ચાસિ, જેસલમેરૂ નયરિ ઉલ્લાસિ. ૫૦૬
ખરતરગચ્છનાયક જિનહંસ, તાસુ સીસ ગુણવંત વયંસ,
શ્રી પુણ્યસાગર પાઠક સીસ, પદમરાજ પભણઇ સુજગીસ. ૫૦૭
યુગપ્રધાન જિનચંદ મુણિંદ, વિજયમાન નિરૂપમ આણંદ,
ભણઇ ગુણઇ જે ચરિત મહંત, રિદ્ધિ સિદ્ધિ સુખ તે પામંત. ૫૦૮

(૧) પ.સં.૨૫-૧૭, ડે.ભં. દા.૭૦ નં.૯૪. (૨) સં.૧૯૨૬ આ.સુ. પ.સં.૪૫, બો. વિકા. (૩) સં.૧૭૫૫ ફા.સુ.૧ ક્ષમાસુંદર લિ. દેરાજસર ગામે. પ.સં.૧૩, જિ.ચા. પો.૮૦ નં.૧૯૯૫. (૪) પ.સં.૨૬, વિકા.વ.ભં. પો.૧૯-૨૦-૨૧ નં.૧. (૫) પ.સં.૧૭, અભય. નં.૨૧૫૪. (૬) ભાવ. ભં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૦૦).]

**(૧૨૨૬) ક્ષુલ્લક કુમાર રાજર્ષિ ચરિત્ર** ર.સં.૧૬૬૭ ફા.શુ.૫ મુલતાન

**આદિ –** દૂહા

પાસ જિણેસર પયકમલ, પ્રણમિય પરમ ઉલ્લાસ,
સુખપૂરણ સુરતરૂ સમઉ, જગઇ મહિમા જાસ. ૧
ભવતરૂમૂલ વખાણિયા, જિનવર ચ્યારિ કષાય,
લોભ વલી તિણમઇ અધિક, પાપહ મૂલ કહાઇ. ૨
ઇસઉ લોભ જીપઇ જીકે, આણી મનિ સંતોષ,
મુનિવર ક્ષુલ્લકકુમાર જીમ, તે પામઇ સુખખેમ. ૩
ગાથા સુણી નટુઇ કહિ, મનિ તસુ અરથવિચાર,
ચરિત નિશ્ચલ જો થયઉ, કહિયઇ તસુ અધિકાર. ૪

**અંત –** સોલઙ સમૈ સતસઠા વચ્છરઇ, શ્રી મુલતાણ મઝારિ,
ફાગુણ માસિ ધવલ પંચમી દિનઇ, સંઘ સયલ સુખકાર. ધન. ૫
ખરતરગચ્છ જિનહંસ સૂરીસર, મહિમા ગુણ અભિરામ,
તાસુ શીસ ઉવઝાય શિરોમણિ, પુણ્યસાગર ગુણધામ. ધન. ૬
તસુ પદપંકજ મધુકર સમ સોહઇ, પદમરાજ ઉવઝાય,
એ સંબંધ ભણઇ સુખકારણઇ, પાસ જિણંદ પસાય. ધન. ૭
યુગપ્રધાન જગમાં હો પરગડો, શ્રી જિનચંદ જતીસ,
આચારજ જિનસિંહ સૂરીસર, તસુ આદેશ જગીસ. ધન. ૮
ભણઇ ગુણઇ જે ભવીયણ સાંભલઇ, એ સંબંધ રસાલ,
તે પામઇ કલ્યાણ પરંપરા, ઉતસુ પદેશ વિશાલ. ધન. ૯

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) સં.૧૭૩૦ ભા. સુદિ ૧૪ શુક્રે ચેલા **જેસિંઘ** લિ. પ.સં.૬, અમર. ભં. સિનોર. (૨) ભાં.ઇ. સને ૧૮૯૮-૯ નં.૬૯. (૩) સં.૧૭૫૭ કા.વ.૫ **મરોટ** મધ્યે પં. **એતા નેતા** લિ. પ.સં.૪, જિ.ચા. પો.૮૧ નં. ૨૦૨૦. (૪) પ.સં.૬, અભય. પો.૪ નં.૨૪૯. (૫) પ.સં.૭, ગ્રં.૨૦૫, અભય. પો.૧૩ નં.૧૨૭૭. (૬) પ.સં.૭, મહિમા. પો.૬૩. (૭) પ.સં.૯, પ્રતિ ૧૭મી સદીની, અબીર. પો.૯. (૮) પ.સં.૯, ક્ષમા. નં.૨૦૫. (૯) પં. જીવકીર્ત્તિ લિ. **નવાનગરે**. પ.સં.૫, અભય. નં.૪૦૦. (૧૦) સં.૧૬૮૬ પ્રથમ આસાઢ વ. ૫ **મરૂસ્થલી** દેસે **સેરૂણા** સ્થાને વા. **વિજયમંદિર** શિ. **સૌભાગ્યમેરૂ**ના લિ. શિ. ઇસર વાચનકૃતે. પ.સં.૫, અભય. નં.૩૧૪૮. (૧૧) સં.૧૭૦૨ વૈ.શુ.૪ ગુરૂ રાજા શ્રી **મહેશદાસજી** વિજયરાજ્યે પં. **લબ્ધિનિધાન** લિ. **ભીનમાલ** મધ્યે સાધ્વી **કીર્ત્તિલક્ષ્મી** પઠનાર્થં. પ.સં.૬, અભય. નં.૩૭૫૪. (૧૨) એક ગુટકો, જિ.ચા.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૯૩, ભા.૩ પૃ.૮૭૫-૭૭.]

## ૫૭૩. ધનવિજય

એક ધનવિજય તે વિજયસેનસૂરિશિ. હતા ને જેમણે સં.૧૬૫૪ના વૈશાખ વદિ ૧૩ દિને પોતાના શિષ્ય ગુણવિજયને વાંચવા માટે અમદાવાદમાં 'હૈમવ્યાકરણ બૃહદ્‌વૃત્તિ દીપિકા' લખી હતી, તે કદાચ આ કવિ હોય.

**(૧૨૨૭) હરિષેણ શ્રીષેણ રાસ** સં.૧૬૫૦ આસપાસ

(૧) પા. ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૨૯૬.]

## ૫૭૪. માહાવજી (કડવાગચ્છ શાહ રત્નપાલશિ.)

સં.૧૫૬૨માં કડવા શાહે જે પંથ કાઢ્યો તે કડવા પંથ કહેવાયો. આ કાળમાં કોઈ સાધુ નથી એવી તેમજ ત્રણ સ્તુતિની તેમની માન્યતા હતી. કડવા શા પછી ઉત્તરોત્તર ખીમ શા, વીર શા, જીવરાજ, તેજપાલ અને રત્નપાલ થયા. આ રત્નપાલ શાના ઉક્ત કવિ શિષ્ય લાગે છે. રત્નપાલ શા છઠ્ઠી પાટે થયા. તેની પાટે જિણદાસ અને જિણદાસની પાટે તેજપાલ શા થયા કે જે સં.૧૬૮૪માં સ્વર્ગસ્થ થયા.

**(૧૨૨૮) નર્મદાસુંદરી રાસ** ૩૨૯ કડી સં.૧૬૫૦ લગભગ

**આદિ** – પ્રથમ **આદીશર** પ્રણમતાં, ઊપનઉ આણંદ

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નાભિરાયાં** કુલિ ચંદલઉ, **મરૂદેવ્યાનુ** નંદ. ૧
**અજિતા**દિક ત્રેવીસ જિન, પ્રણમું મનિ ધરી ભાવ,
**ગોયમ** ગણહર પ્રમુખથી, સકલ સાધુ સુપ્રભાવ. ૨
**સરસતિ** દેવી પય નમી, પામી તાસુ પસાય,
શીલ તણા ગુણ વર્ણવું, જેહથી સંપતિ થાય. ૩
શીલઇં ઉત્તમ કુલિ જનમ, શીલઇં સવિ પરિવાર,
શીલઇં ઈંદ્રી પડવડા, રૂપ તણુઉ વિસ્તાર. ૪
તેજ પ્રતાપ શીલહ થકી, શીલઇં જસ જગિ હોઇ,
શીલ વિઘન દૂરિઈ કરઈ, શીલે જલણ થાઈ તોઇ. ૫
શીલઇં જસજગ સહૂ કરઈ, શીલઈ નહીં સંસાર,
સિંઘ સિંધુર વિસહર અલી, સેવા સારઇ સાર. ૬
શીલવંત **જંબૂ** ભલઉ, ચરમ કેવલી હેવ,
આઠઈ નારી બૂઝવી, તેહની કરૂ નિત સેવ. ૭
પ્રાક્રમઇ પુરૂષ જ વલી, શીલ ધરઇ ગુણિલીણ,
નારી અબલા જે ધરિ, પરવસિ તે સુકુલીણ. ૮
સતી તણા ગ્રંથાંતરઇ, સંભલીઆ સંબંધ,
તેહ સરોમણિ **નર્મદા**, સુણયો તાસુ પ્રબંધ. ૯

**અંત** – કરીઓ એ જગિ સુંદર પ્રતપો, ડુંગરની પરિ રાસ રે
**આજ** થકી વલી સહૂકુ ભણજ્યો, **મનિ** ધરિડતિ ઉલ્હાસ રે. ૩૧૯

**મનિ** હરષ ધરી, ગાયુ **નર્મદાસુંદરી** તણુંય ચરી. મનિ.
**તીર** તણી પરિ એ ભણિ તેથી, **નાસિ** દુખનુ વ્યાપ રે
**ગણિ** સદા જે મન આનંદિ, **છલિ** નહી તસ પાપ રે. મનિ. ૩૨૦
**મનચિં**તિત ઇહ લોકિ જિમ દીઇ, **ધેનુ** તરૂ મણિ સૌખ્ય રે
**સાશ્વત** સુખ તિમ એહથી પામીઈ, હારી કર્મ અસંખ્ય રે. ૩૨૧
**શ્રી વીર** કેરઉ સીસ જે **ગોયમ** રમ્ય **પ્રથમ** ગણધાર રે
**તસ** પ્રસાદિ ગ્રંથ મિં એ કર્યો, **નહી** તિહાં કાંઇ વિચાર રે. ૩૨૨
**પામી** મિં જવ ગુરૂની વાચા, **લહ્યું** શ્રુતદેવી માન રે
**તામ** રચ્યો એ ગ્રંથ **અપૂરવ**, **સતી** તણો ધરી ધ્યાન રે. ૩૨૩
**સિદ્ધ** કવીશ્વર જે જગિ સારા, **સકલ** ગુણિ સુવિન્નાણ રે
**માહારો** ગ્રંથ કર્યું એ દેખી, **હાશ** મ કરસ્યુ જાણ રે. ૩૨૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વલિ વસેશિ જે એ ભણસિ, જીત્ર તે લિહિસિ કલ્યાણ રે.
ઇમ તુમ્હે સીલના ગુણ દેખી, એ વ્રત ધરો ભવિ પ્રાણ રે. ૩૨૫
રાસ મનોહર **નર્મદા** કેરઉ, સયલાં સુખદાતાર રે
કીરતિ પણ એ દિએ વલી રૂડી, ધુરિ ગુણમાં શરદાર રે. ૩૨૬
**વીર** જીણેસર શાસનસુંદર, સતી **નર્મદા** તે જાણે રે
દાસ વલી શ્રી **વર્ધમાન**નું, વ્રતધારક મનિ આણો રે. ૩૨૭
તે સંભારી બેહુ જણ મનિ, સીલ ધરઉ નરનારી રે,
ઘાતિકર્મનું ક્ષય કરી જિમ, પામુ મોક્ષદુયારી રે. ૩૨૮
આનંદ આણી નિ વખાણું, **નર્મદા** કેરૂ ચરી
ભવિ તુમ્હે સુણજ્યોડનિ ભણજ્યો, વલી ચિત્ત ચુખૂં કરી.
વલી એહ સંબંધડતિ મનોહર, ડછિ સહુનિ સુખકારો
આનંદકારક સુખદાતા સંઘનિ મંગલકારો. ૩૨૯

(૧) ઇતિ નર્મદાસુંદરી રાસ સંપૂર્ણ સમાપ્તઃ (પછી ઉમેર્યું છે કે) પાછિલી ઢાલ ધન્યાસીની છિ તેહનિ પદના ધરલિ અક્ષરઇ કર્ત્તાનૂં નામ છિ. તે એ જ. 'કડુઆમતીના ગછ મધે સાહા શ્રી રતનપાલ તાસ સીસ **માહાવજીઈ** રાસ કીધું' એટલુ સંકેત છે. પ.સં.૧૯-૧૧, વ. રા. મુંબઈ.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૭૯૯-૮૦૧.]

## ૫૭૫. કલ્યાણસાગરસૂરિ (આં.)

અંચલગચ્છના પાટ પર ૬૪મા કલ્યાણસાગરસૂરિ થયા. લોલાડા ગામે કોઠારી નાનિગની સ્ત્રી નામિલદેના કોડણ નામે પુત્ર સં.૧૬૩૩માં જન્મ્યા. સં.૧૬૪૨માં ધવલપુરે દીક્ષા લીધી. સં.૧૬૪૯માં અમદાવાદમાં આચાર્યપદ. સં.૧૬૭૦માં પાટણમાં ગચ્છેશપદ પામ્યા. તેમણે કચ્છદેશના અધિપતિને પ્રતિબોધ આપી આહેડ – શિકાર મુકાવરાવ્યો. તેમના ઉપદેશથી નવાનગરમાં સં.૧૬૭૬માં લાલન ગોત્રે ઓસવાલ જ્ઞાતિના શા. વર્ધમાન પરમસીએ નવ લાખ મહમુદી ખર્ચીને એક મોટા જિનપ્રાસાદ કરાવી તેમાં ૯૧ મોટાં બિંબ ભરાવ્યાં તથા ૪૪૧ બીજાં બિંબ ભરાવ્યાં તેમજ તે શેઠે શત્રુંજય પર એક મોટું જિનાલય કરાવ્યું ને બીજાં સાત દેરાસરની ત્યાં પ્રતિષ્ઠા કરાવી. વળી સં.૧૬૭૫ના વૈશાખ શુદ ૮ રવિએ નવાનગરવાસી ઓસવાલ જ્ઞાતિના નાગડા ગોત્રના શા. રાજસીએ ૫૫૧ જિનબિંબ ભરાવી એક મોટું બાવન જિનાલયવાળું ચૈત્ય કરાવ્યું તેની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિષ્ઠામાં આ આચાર્ય હતા. તે રાજસીએ એક દેરાસર ઉપર નવ લાખ મહમુદી ખર્ચી અને બીજા મોટા ૨૧ પ્રાસાદ કરાવ્યા તેની પર ૮૪ લાખ કોરી ખર્ચી. આ આચાર્ય આગરામાં ચોમાસું હતા ત્યાં એમના ઉપદેશથી કોનપાલ અને સોનપાલે ઘણું ધન સાત ક્ષેત્રે વાપર્યું, શ્રી સમેતશિખરજીનો સંઘ કાઢયો ને યાત્રા કરી સં.૧૬૭૧. આ આચાર્ય સં.૧૭૧૮માં ભુજમાં ૮૫ વર્ષની ઉંમરે સ્વર્ગસ્થ થયા. વધુ વૃત્તાંત 'મોટી પટ્ટાવલિ'માં તેમજ તેમના પર ઉદયસાગરે રાસ સં.૧૮૦૨માં રચેલો પ્રગટ થયો છે, તેમાંથી જોઈ લેવું.

**(૧૨૨૯) વીશી (૨૦ વિહરમાન જિન સ્તુતિ)**

**આદિ** – શ્રી **સીમંધર** સાંભલઉ, એક મોરી અરદાસ

સુગુણ સોહાવા તુમ વિના, રયણી હોઈ છ માસો, જીવન જગધણી.

**અંત** – **કલ્યાણસાગર** પ્રભુ સું રમિજી, હરીય ફરી મુઝ મીટ. ૫. તુ.

—ભુજંગ સ્વામિ ગીતં.

*

દરસન દ્યઉ જિનવર તુમ્હે, ભગવંત વછલ ભગવંત રે,

**કલ્યાણસાગર** પ્રભુ માહારા, અતુલીબલ અરિહંત રે. ૬. ધ. ૨૧

(૧) સં.૧૭૧૭ ભુજ નગર મધ્યે લિ. મુનિ ભક્તિસાગરેણ. પ.સં.૩–૧૭, સીમંધર. દા.૨૦ નં.૬૩. (૨) પ.સં.૭–૧૩, આ.ક.ભં. (૩) પ.સં.૪, લીં.ભં, દા.૨૩. [લીંહસૂચી (અપૂર્ણ), હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૯૧).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૭ તથા ૪૮૯–૯૦, ભા.૩ પૃ.૪૬૭ તથા ૯૭૦. ભા.૧ પૃ.૪૭ પર વીશીનાં ૧૪ ગીતો મળે છે ને બાકીનાં ૭ સૌભાગ્યરત્ને પૂરાં કરેલાં છે એવી નોંધ કરવામાં આવેલી, પરંતુ પછીથી નોંધેલી હસ્તપ્રતોમાં આ સ્થિતિ હોવાનું જણાવ્યું નથી, તે ઉપરાંત નવો અંતભાગ નોંધ્યો છે. વસ્તુતઃ હેજૈજ્ઞાસૂચિની પ્રત બધી સ્તુતિમાં 'કલ્યાણસાગર' નામછાપ આપે છે. કલ્યાણસાગરને નામે 'અગડદત્ત રાસ' નોંધાયેલો તે એમના શિષ્ય સ્થાનસાગરની કૃતિ હોવાનું સમજાતાં અહીંથી રદ કરેલ છે. જુઓ હવે પછી સં.૧૬૮૫ના ક્રમમાં.)

## ૫૭૬. મતિચંદ્ર (ગુણચંદ્રગણિશિ.)

**(૧૨૩૦) કર્મગ્રંથ બંધસ્વામિત્વ બાલા.**

અથ હિ **બંધસ્વામિત્વ**, બાલબોધોલ્પવિસ્તરઃ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લિખિતો **મતિચંદ્રેણ** પરોપકૃતિહેતવે.

(૧) પ.સં.૮, વિજાપુર નં.૮૫. (૨) પ.સં.૧૭, ભાં.ઇ. સને ૧૮૭૩-૭૪ નં.૧૪૨. [મુપુગૂહસૂચી.]

**(૧૨૩૧) ષડશીતિ (ચોથો કર્મગ્રંથ) બાલા.**

શ્રી **ષડશીતિ**કસ્યાર્થો લિખિતો દેશભાષયા
**મતિચંદ્ર**મુનીંદ્રેણ પરોપકૃતિહેતવે.

(૧) લ. દવે **મોતીરામ** વિદ્યમાન **પ્રાણજીવન** સં.૧૯૧૭ વૈ.શુ.૧૫ ભૃગુવાસરે. પ.સં.૪૦, મ.જૈ.વિ. નં.૬૬.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૬૦૬-૦૭. 'અંચલગચ્છદિગ્દર્શન' (સંપા. પાર્શ્વ, પૃ.૬૦૨) 'કર્મગ્રંથ' પર બાલાવબોધ રચનાર અંચલગચ્છીય શ્રમણ મતિચંદ્રની નોંધ લે છે તે કદાચ ઉપર્યુક્ત કવિ જ હોય. એ મતિચંદ્ર સં.૧૭મી સદી ઉત્તરાર્ધમાં હયાત હોવાનું સમજાય છે.]

## ૫૭૭. વાદિચંદ્ર (દિ. મૂલસંઘ વિદ્યાનંદી-મલ્લિભૂષણ-લક્ષ્મીચંદ્ર-વીરચંદ્ર-જ્ઞાનભૂષણ-પ્રભાચંદ્રશિ.)

જુઓ આ કવિના ગુરુભાઈ સુમતિકીર્તિ નં.૫૦૮.

**(૧૨૩૨ ક) શ્રીપાલ આખ્યાન અથવા કથા ર.સં.૧૬૫૧**

**આદિ** - ૐ નમઃ સિદ્ધં. રાગ ભૈરવ

**આદિ** દેવ પ્રથમિં નમિં, અંતિં શ્રી **મહાવીર**
વાગ્વાદિનિ વદને નમિં, ગઈઉ ગુણગંભીર ૧

અથ ચુપઈ

**સરસતિ** સુભમતિ પાયે અણુંસરિ, ગોર ગરૂઆ **ગોયમ** મનિ ધરિ,
બોલુ એક હું સરસ આખાંન, સુણજો સજ્જન સહુ સાવધાન. ૧
**કુરવંસિ કુરૂજંગલ**ધણિ, કુણકુણ સોભા કહું તે તણિ,
સેનાપતિ શ્રી **ભરત** જ તણો, **જયકુમાર** નામિં કરી ભણો. ૨

**અંત** - રાગ ધન્યાસી-દૂહા

કથા સંક્ષેપિં કહિ, વિસ્તર અતિ નહિ કીધ
થોડિથી ઘણું જાણયો, ભવીયણ જનસૂ સીધ. ૧
જૂજૂયા મંગલ કિહિતાં, કીમે ન આવિ છેહ,
સંક્ષેપિં **શ્રીપાલ**નું, આખ્યાંન રચીઉં એહ. ૨

ચાલિ

કોડ પૂરવનું આય જ પામી, સાધ્યાં રાયાં કોડજી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શ્રીપાલ** ચક્રી જમલ ન દીસિ, જગ માંહિં બીજો (જો)ડજી. ૩
સુરકૃત ભોગ ભોગવિ અનુદિન, દેવ કરિ ઘરિં કામજી,
જનુ સહસ્ર રમણી મન મોહે, સુભગ સુમૂરતી નામજી. ૪
અંત સમિ સંજયમ આરાધિ, મુગતિ લહિ **શ્રીપાલ**જી,
પૂરવ બ્રહ્મ સ્વરૂપી જાણ, ભાંજે ભવજંજાલજી. ૫
સુભગ કથા સોયક સાંનિધિં, કહિ **સૂલોચના** નારિજી,
સાચું માન્યું સંદેહ ભાગો, રીઝયો તવ ભર્તારજી. ૬
**મૂલ**સંઘ માહિ ઉદયો દિવાકર, **વિદ્યાનંદી** વિશાલજી
તાસ પટ્ટગુરૂ **મલ્લીસુભૂષણ**, વાણી અમીય રસાલજી. ૬
તસ પટ્ટ **લક્ષ્મીચંદ**સૂરિ સોહિ, મોહિ ભવીયણ મનજી,
**વીરચંદ્ર** નાંમ જે જન જંપિ, તસ જીવું ધનધનજી. ૭
પ્રગટ પાસ તસુ પટ્ટિ ઉદયુ, **જ્ઞાનભૂષણ** જ્ઞાનવંતજી,
તસ પટ્ટ કમલ ભ્રમર અવિચલ, જસ **પ્રભાચંદ્ર** જયવંતજી. ૮
જગમોહણ તસૂ પાટિં ઉદયુ, **વાદિચંદ્ર** ગુણાલયજી,
નવરસ ગીત જિણિં ગાઉ, ચક્રવત્તિ **શ્રીપાલ**જી. ૯
સંવત **સોલ એકાવના** સે, કીધુ એય સંબંધજી,
ભવીયણ થીર મન કરિ નિસુણયો, નિતનિત એ સંબંધજી. ૧૦
દાન દીજિ જિનપૂજા કીજિ, સમકીત મન રાખિજેજી,
નવકાર ગણીઇ સૂત્ર જ ભાણીએ, અસત્ય વચન નવ ભાખીજિજી. ૧૧
લોભ ત્યજી જે બ્રહ્મ ધરીજિ, સાંભલાનું ફલ એહજી,
એ ગીત જે ન(ર)નારી સુણસિ, અનેક મંગલ તસ ગેહજી. ૧૨
સંઘપતિ **ધનજી સવા** વચન કરી, કીધો એહ વિસ્તારજી,
કેવલી **શ્રીપાલ** પુત્ર સહિત તહ્મ નિતનિત કરો જયકારજી. ૧૩

(૧) ઇતિશ્રી વિદેહક્ષેત્ર શ્રીપાલ સોભાગી ચક્રવર્ત્તિ હવો તેહની કથા સંપૂર્ણ. સં.૧૬૭૬ પોસ વદિ ૩ **મૂલસંઘે સરસ્વતિગચ્છે બલાત્કારે** ગણિ શ્રી કુંદકુંદાચાર્યો ભ. ગુણકીર્ત્તિસ્તત્પટ્ટે ભ. **વાદિભૂષણ**સ્તત્‌પટ્ટે **રામકીર્ત્તિ**ગુરૂપદેસાત્ બ્ર. **વચ્છરાજ**. (છેવટે બીજા અક્ષરમાં—બ્રહ્મ શ્રી ૫ દેવદાસસ્તત્સિષ્ય બ્ર. **વચ્છરાજ**સ્તત્ સિષ્ય બ્ર. **રાયમલ્લા**ખ્યેન દત્તોયં રાસઃ. શ્રી બ્ર. **લાડકા** પઠનાય દત્તઃ.) પ.સં.૨૪-૧૧, ગો.ના.

**(૧૨૩૨ ખ) ભરત બાહુબલી** છંદ કડી ૫૮

**અંત** – **કોશલ**દેશ **અયોધ્યા** સોહીઇ, રાજા **ઋષભ** સહુ મન મોહીયઇ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘરિ દેવા સોહીઇ અનોપમ રાણી, રૂપકલા જીપઈ ઇંદ્રાણી. ૧

**અંત** – ઉપાયો સદ કેવલન્યાન, જાણે લોકાલોક સમાન,

સાધિ સીધ મગતિ **ભરથારી**, **બાહુબલિ** કરઈ સંઘ જયકારી. ૫૬

તુમ પય લગી **પ્રભાસચંદ્ર**, વાણી બોલિ **વાદિચંદ્ર**. ૫૭

કલશ

બોલિ **વાદીચંદ્ર** ગણુત્તુ કુણુ રત્નાકર,

અવનિ એક તું મલ અચલ મહિમા મહિમાકર,

તું અસલડ અરદેવ જિત ભવતારણુ;

આશ્રીતના જે લોક તેહનું નરકનિવારણુ,

**ઋષભદેવ** વંછિત ભલો, **બાહુબલ** જગ જાણીઇં,

ભગતિ પામી ભાવ સું તુમ ગુણુ એક વખાણીઇ. ૫૮

(૧) પ.સં.૧૦–૧૫, ડા. પાલણુપુર દા.૪૦ નં.૪૫. આની સાથે લાવણ્યસમયકૃત નેમછંદ છે. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૩૯૮).]

**(૧૨૩૩) આરાધના ગીત** કડી ૨૮

**આદિ** – શ્રી **સરસતી** નમી વર પાય, ગોરૂઆ ગણુધરરાય,

કહું આરાધના સુવિશેસ, સુણે પાપ ન રહે લવલેસ. ૧

હવે તુ ચાલ્યો પરલોક, રખે ધરે મન માંહે શોક,

સહી જાએ ઉપનો જીવ, તેલે ગયે કયમ રેહસે દીવ. ૨

**અંત** – **વાદિચંદ્રસૂરિ** પ્રતિબોધ, સુણી કરજ્યો મ નિરોધ,

આરાધના કહ્યો વિચાર, સુણિ સાંચજે સુખભંડાર. ૨૮

(૧) ઇતિ ભ.વાદિચંદ્રકૃતારાધના **સાદરાપુરે મૂલસંઘે** શ્રી **પાર્શ્વ**નાથ ચૈત્યાલયે મુ. **ધર્મ્મભૂષણુ** શિ. બ્રહ્મ **વાઘજી** લિ. પ.સં.૪–૭, સ.ભ.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૮૦૩–૦૫.]

## ૫૭૮. પદ્મસુંદર (ખ. દેવતિલક ઉ.–વિજયરાજશિ.)

**(૧૨૩૪) પ્રવચન સારોદ્ધાર બાલા.** ર.સં.૧૬૫૧

(૧) જિ.ચા.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૯૭.]

## ૫૭૯. સમયપ્રમોદ (ખ. જિનચંદ્રસૂરિ–જ્ઞાનવિલાસશિ.)

**(૧૨૩૫ ક) આરામશોભા ચોપાઈ** ૨૭૦ કડી ર.સં.૧૬૫૧ વિકાનેર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રાયસિંહ રાજ્ય સં.૧૬૨૯થી ૧૬૬૭.

**આદિ** – શ્રી ગૌડી પાર્શ્વનાથાય નમઃ

સયલ સુખાકર **પાસ** જિણંદ, પણમીય તાસુ ચરણ-અરવિંદ
જસુ સમરણિ ઘરિ નવય નિહાણ, મોહતિમિરભર-ભાણ સમાણ. ૧
અતુલીબલદાતા અલવેસર, દુખદોહગદારિદ-ગજકેસર
ગઉડીયમંડણ સકલ સરૂપ, પ્રણમઇ જાસુ સુરાસુર-ભૂપ. ૨
તાસુ પસાઇ કહિસુ મનરંગિઇ, જિણવર પુજ સુવિધિ સુખસંગઇ
સંભલિ ભવિયણ તાસુ વિચાર, પુજા રચઈ જિમ વારંવાર. ૩

**અંત** – ઢાલ રાગ ધન્યાશ્રી

જિણ આરામ કીયઉ તઇ તિણિ વેલા નવઉ રે પ્રભુભગતઇ એ દેવ,
નિત આરામ વહઇ તુઝ માથઇ અહનિસઇ રે, વલિવલિ સારઇ સેવ, ૨૪૯ જિણ.
એ ગુરૂ ચઉસઠમઇ પાટઇ **વીર**થી રે, ગચ્છનાયક **જિણચંદ**
ઇણ કલિકાલઇ **ગોયમ**સામી સારિખા, દીપઇ તેજ દિણંદ. ૬૩ જિણ.
**બબરવંશ** નભોમણિ શ્રી શ્રી**અકબર** રે, દીનદુની પતિસાહ
જસુ ગુણસંતતિ સંતનમુખ થકી રે, તેડયા અધિક ઉછાહ. ૬૪
ગુરૂમુખ ધર્મવિચાર સુણી કરી રે, હુકતહ રોજ અમારિ
કીની સયલ જ સીમઇ જેણઇ ભાવ સું રે, જલચર જીવ ઉવાર. ૬૫
**ખરતર**ગચ્છ પરંપર મોટા ગુરાં તણી રે, સંભલિ મનહિ ઉલ્લાસ
જુગપ્રધાન પદ ગુરૂનઇ જિણઇ દીયઉ રે, દીધઉ પ્રકટ પ્રકાસ. ૬૬
એક જીભઇ એહવા ગુરૂ તણા રે, કિમ ગુણ કહા અનંત
શ્રી **જિનચંદ** સૂરીસર જુગવરૂ રે, ચિર જીવઉ જયવંત. ૬૭
**ખરતરગચ્છ**-નરેસર ગુણનિલઉ રે, શ્રી **જિનચંદ** સૂરીસ
અંતેવાસી તેહ તણઇ ગુણ-આગલઉ રે, **જ્ઞાનવિલાસ** સુસીસ. ૬૮
તસુ ચરણાંબુજ અહનિસિ ભમર સમઉ સહી રે, **સમયપ્રમોદ** સુરંગ
**આરામસોભા** સંબંધ કહઉ મનભાવ લઇ રે **ઠાણા** ગ્રંથ સુચંગ. ૬૯
સંવત **ફડવી** [પા. **પૃથવી**] **બાણ ઋતૂ** [પા. **સસી**] **રસ** વછ-રઇ રે, **વીકાનેર** મઝારિ
**રાયસિંઘ** રાજેસર રાજઇ એ રચ્યઉ રે, સાંભલતાં સુખકાર. ૨૭૦

(૧) પ.સં.૯, અભય. નં.૩૩૩૯.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૧૨૩૫ ખ) સાહમી કુલક પર ટબ્બો** સં.૧૬૬૧ ફા.વ.૭ વિરમપુરમાં
મૂળ કૃતિ અભયદેવસૂરિની.

**(૧૨૩૫ ગ)+જિનચંદ્રસૂરિ નિર્વાણ રાસ** ૭૦ કડી સં.૧૬૭૦ પછી

**આદિ –** આસાઉરી દૂહા

ગુણનિધાન ગુણપાય નમી, વાગવાંણિ આધારિ
**યુગપ્રધાન નિરવાણુની**, મહિમા કહિસિ વિચાર. ૧
**યુગપ્રધાન** જંગમ જતિ, ગિરૂઆ ગુણે ગંભીર
શ્રી **જિનચંદ** સુરિંદ વર, ધુરિ ધોરી ધર્મવીર. ૨
સંવત **પણુર પચ્ચાનૂયે**, **રીહડકુલ** અવતાર
**શ્રીવંત સિરિયાદે** ધર્યો, સુત **સુરતાણ** કુમાર. ૩

**અંત –** સુખકારી હો યુગવર નામે જયજયકાર

*

યુગવરના ગુણ ગાવતા હો નવનવરંગ વિનોદ
એહની આસા ફલે હો જપે **સમયપ્રમોદ**. ૭૦ સુખકારી

(૧) પ.સં.૩–૧૬, જિનદત્તસૂરિ ભં. સુરત. પો.૯. (૨) સં.૧૮૫૩ લિ. **રાજભદ્ર** સ્વહિતવે શ્રી **સુરત** મધ્યે. પ.સં.૪–૧૩, વડા ચૌટા ઉ. સુરત પો.૧૯. (૩) શ્રી **પીરાનપત્તન** મધ્યે. સં.૧૭૬૩ આસૂ વ. ૧૪ વા. જયલાભગણિ શિ. **ચતુરા** લિ. પ.સં.૪–૧૪, પાદરા. નં.૪૫. (૪) સં. ૧૬૯૬ **સમયસુંદર** મહો. શિ. વા. **મહિમાસમુદ્ર** શિ. પં.**વિદ્યાવિજયગણિ** શિ. **વીરપાલેન** લિ. પ.સં.૪, અભય. પો.૫ નં.૩૧૩. (૫) પ.સં.૩, અભય. પો.૧૫ નં.૧૬૦૮.

પ્રકાશિત : ૧. જૈનયુગ પુ.૪ અંક ૧ પૃ.૬૩થી ૬૬. ૨. ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ પૃ.૭૯થી ૮૬.

**(૧૨૩૬) ચઉપર્વી ચોપાઈ** ૫૨૯ ગાથા ૨.સં.૧૬૭૩ આ.સુ.૨ ગુરુ જૂડાગામે

(૧) ગાથા ૫૨૯ ગ્રં.૭૬૧ સ્વયંલિખિત **સિત**પત્ર પુરે. પ.સં.૧૯, મહિમા. પો.૩૬. (૨) સં.૧૬૭૭ આ.શુ.૬ નવા **જસરાસર** મધ્યે **જ્ઞાન**-વિમલ લિ. પ.સં.૧૮, દાન. પો.૧૪ નં.૨૫૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૯૭–૯૯. ત્યાં 'આરામશોભા ચોપાઈ'ની ૨.સં.૧૬૫(?) દર્શાવવામાં આવેલી પરંતુ જિનચંદ્રસૂરિને યુગપ્રધાનપદ સં.૧૬૪૯માં મળ્યું હોઈ "પૃથ્વી બાણુ સસી રસ" એ પાઠ સ્વીકારી ૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સં.૧૬૫૧ ગણવી જોઈએ. 'સાહમી કુલક પર ટબ્બો' ત્યાં ગુજરાતી કૃતિઓની યાદીમાં નથી પણ 'ટબ્બો' શબ્દ પરથી ગુજરાતી ગણી છે.]

## ૫૮૦. કૃષ્ણદાસ

**(૧૨૩૭) દુર્જનસાલ બાવની** ર.સં.૧૬૫૧ વૈશાખ સોમ લાહોરમાં

કવિ ભોજક હતો. તેણે લાભપુર – લાહોરમાં આ કૃતિ દુર્જનશાલ પર લખી છે. તે દુર્જનશાલ ઓશવાલ વંશીય જડિયા ગોત્રનો હતો અને તે જગુશાહના વંશમાં થયો હતો. જગુશાહને ત્રણ પુત્રો હતા – ૧ વિમલદાસ, ૨ હીરાનંદ અને ૩ સંઘવી નાનુ. આ નાનુનો પુત્ર દુર્જનશાલ. દુર્જનશાલના ગુરુ હીરવિજયસૂરિ હતા અને તેણે સૌરીપુરની યાત્રા કરી સંઘની પૂજાભક્તિ કરી હતી અને જિનપ્રાસાદનો ઉદ્ધાર અને પ્રતિષ્ઠા પણ કરાવી હતી. લાહોરમાં એક મંદિર કરાવ્યું હતું. આ સર્વ વાત આ બાવનીમાંથી સિદ્ધ થાય છે. જુઓ 'સૂરીશ્વર અને સમ્રાટ', પૃ.૨૫૩–૨૫૪.

**આદિ** – ૐકાર અનંત આદિ સુરનર મુનિ ધ્યાવહિ,
જિકે પંચ પરમિષ્ટ તુસઉ સબઈ સમહિ પાવહિ,
મહામંત્ર મુખિ એહ સિદ્ધ સાધિક સબ જાણહિ,
કવિત છંદ અનુગીત પ્રથમ કુનિ કવિતા આણહિ,
સો સિવરપાં નિરમલ બુદ્ધિ દે સકલલોકમનભાવની,
**દુરજનસાલ** સંઘપતિ કઇ વસુધા વિસ્તર બાવની. ૧
નિમ્મલ જડિયા ગોત રાઈસદ્ધાર ભણિજ્જઈ,
**જગૂસાહ**કઈ બંસિ અધિક તિસ ઉપમ દિજ્જઇ,
ભઈયા **દુરજનસાલ** સાહિ **અકબરિ** થિર થપ્પિઉ,
મુકટમ્મણિ જઉહરી હકમુ જિસુ સબઇ સમપ્પિઉ,
શ્રી **વિમલદાસ** હય બરબકસ **હીરાનંદ** આનંદ દરસ,
સંઘાધિપત્તિ **નાનૂ** સુતનુ તિન્નિ પુત્ત તિન્નઉં સરસ. ૨
મગ્ગિ ચલહિ નિમ્મલઇ ધમ્મ કારણિ ધનુ આપહિ,
સત્યવચન મુખિ ચવહિ અંગિ પૌરષ દિઢ થપ્પહિ,
ગરૂઅ ભાર અંગ વહિ જીઅ કુત્થત્થિય પાલહિ,
આરંભ હિતં કરહિ જનમ સાવઇ ઉજ્જાલહિ,
પોષઈ સુપાતકઉં જાનિ કરિઇ તં બોલ અંગીકરહિ,
સંઘાધિપત્તિ **નાનૂ** સુતન **મેઘરાજ** કુલ ઉદ્ધરહિ. ૩

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**અંત** – સાયરકે ઘરિ ચંદ સૂરકા સિવ ઘરમંડનં,
મન રાજા ઘરિ મદનુ રામ રઘુપતિ દુષષંડન
ચંદન ઘરિ ઘણુસાર ઈસ ઘરિ ભયા **વિનાઈક**
પવન ઘરિ હિ **હનવંત** કરનુ રવિઘરિ નર નાઈક,
કહિ **કિશ્નદાસ** સંઘમુકુટ મનિ બુધિનિધાન જગિ ભોજસરિ,
**દુરજનસાલ** દુરજનદવનુ જડિયા **નાનૂ** સાહ ઘરિ. ૫૨
હરષુ ઘરિઉ મન મજ્ઝિ જાત **સોરીપુર** કિદ્ધિ,
સંઘ ચતુરવિધિ મેલિ લછિ સુભ મારગિ દિદ્ધિ,
જિનપ્રસાદ ઉદ્ધરઈ સુજસ સંસારિહિ સંજઈ,
સુપ્રતિષ્ઠા સંઘ પૂજા દાનિ હિય દંસન રંજઈ,
સંઘાધિપત્તિ **નાનૂ** સુતન **દુરજનસાલ** ધરમ્મધુર,
કહિ **કિશ્નદાસ** મંગલકરન **હીરવિજય** સૂરીંદ ગુર. ૫૩
લછિન અંગિ બતીસ ચારિ દસ વિદ્યા જાણઇં
પાતિસાહિ દે માનુ ષાન સુલિતાન બષાણઇં,
**લાહઉર** ગઢ મજ્ઝિ પ્રવર પ્રાસાદ કરાયઉ,
**વિજયસેન**સૂરિ બંદિ ભયો આનંદ સવાયઉ,
જાં લગઈ સૂર સસિ મેર મહિ સુર સરિ જલુ આયા સિંધુઅ,
કહિ **કિશ્નદાસ** તાં લગ તપઈ **દુરજનસાલ** પ્રતાપ તુઅ. ૫૪
ષિતપતિ **અકબર** પાતિસાહિ થિરૂ રાજુ કરંતહ
**ઉણુતાલા** સંબત્ત ચઇત નવરોજ વસંતહ,
**સોલહ સઇ કયાવના** બીર બિક્કમ **સંવછર**
મીનચંદ ઓ દસીબરન બિધિ બાવન અછર,
બઇસાષ માસ દિન સોમકઈ, કિરીયો કવિત મિકસિઉ કવલ,
**દુરજનસાલ** પરવાર સઉં કલપવૃક્ષ જિઉ સુફલ ફલ. ૫૫
મંગલશ્રી ભગવાન **વીર** જિનસાસન સ્વામી,
મંગલ શ્રી **વસુભૂતિ** પુત્ર **ગોતિમ** સિવગામી,
મંગલ શ્રી **સિકડાલ** નંદ **થુલિભદ્ર** મુનીસર,
મંગલ **જડિયા** ગોત **ઉસ**બંસી પુહવીસર,
નિતમંગલ શ્રવણુ સુણંતિયા બાવન સુદ્ધ કવિત્ત રસ,
**દુરજનસાલ** મંગલ સદા કવિજન કહઇ કરઇ સુજસ. ૫૬

(૧) ઇતિ બાવની સાહ દુરજનસાલ **જ**ડિયા ગોત્ર **ત**પાગચ્છકી. લિષત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લો.જિગ કિસનદાસ લાભપુર મધ્યે સાહશ્રી બીણીદાસ પુત્ર સાહ સંતોષી પઠનાર્થં. પ.ક્ર.૯૭–૧૧૦, નાનો ચોપડો, વિ.ધ.ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૦૦–૩૦૩. કૃતિમાં હિંદી ભાષાનો પ્રભાવ વરતાય છે.]

## ૫૮૧. હંસરાજ (ત. હીરવિજયસેનસૂરિશિ.)

**(૧૨૩૮) [+] [મહાવીર] વર્ધમાન જિન [પંચકલ્યાણક] સ્ત.** ૧૦૦ કડી સં.૧૬૫૨ પહેલાં

**આદિ –** ઢાલ

**સરસતિ** ભગવતિ દિઉ મતિ ચંગી, સરસ સુરંગી વાણિ,
તુઝ પ્રસાદેં માય ચિત્ત ધરૂં હું, જિન ગુણ રયણની ખાણિ. ૧
ગિરૂઆ ગુણ **વીરજી** ગાઇસ ત્રિભુવનરાય,
જસ નામેં ધરિ મંગલમાલા ચિત્ત ધરેં બહુ સુખ થાય. ૨

**અંત –** કલશ

ઇય **વીર** જિનવર સયલ સુખકર નામેં નવનિધિ સંપજે,
ધરેં ઋદ્ધિ વૃદ્ધિ સિદ્ધિ પામે, એકમન જિનવર ભજે,
**તપ**ગચ્છ ઠાકુર ગુણ વિરાગર, **હીરવિજય** સૂરીશ્વર,
**હંસરાજ** વંદે મન આણંદે કહે ધન મુઝ એહ ગુરૂ. ૭૪

(૧) પ.સં.૪–૧૫, હા.ભં. દા.૮૨ નં.૫૮. (૨) પ.સં.૬–૧૩, હા.ભં. દા.૮૩ નં.૮૯. (૩) પ.સં.૫–૧૬, ના.ભં. (૪) સં.૧૮૮૧ આસો શુદિ ૫ રવેઉ, લ. **પત્તન** નગરે પાડે કસુંમીઆ વાડા મધ્યે મેહેતા વૃજવલ્લભદાસ સંપત્ત-રામ શ્રી ગોડીજી સત છે. પ.સં.૬–૧૨, જશ. સં. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૧, ૨૭૩, ૪૨૧, ૪૨૫, ૪૩૨, ૪૯૦, ૫૪૦, ૫૪૬, ૫૫૧).]

[પ્રકાશિત : ૧. ચૈત્ય આદિ સં. તથા અન્યત્ર.]

**(૧૨૩૯) + હીરવિજયસૂરિ લાભ પ્રવહણ સજ્ઝાય** ૭૨ કડી ખંભાતમાં

**આદિ –** પ્રથમ જિણેસર મનિ ધરૂં, સમરૂં **સરસતિ** માય,
ગુણ ગાઉં **તપ**ગછપતી, જસ નામિં સુખ થાઇ. ૧

**અંત –** **ખંભ** નગરનુ સંઘ વઇરાગર, પંચવિધ દાન દાતાર,
કનક ચીર સોનહરી ગંઢોડા, વરસઇ જિમ જલધાર રે. ભ. ૭૧
જિહાંજિહાં ગુરૂની આજ્ઞા વરતઇ, તિહાંતિહાં ઉત્સવ થાવઇ,
દિનદિન ચઢતઇ રંગ સોહાવઈ, **હંસરાજ** ગુણ ગાવઇ રે. ભ. ૭૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) હીરવિજય સૂરીશ્વર ચતુર્માસક સંબંધી લાભ પ્રવહણું સં.૧૬૮૫ માર્ગશીર્ષ શુ.૧૦ બુધૌ લિ. દેવપત્તને. પ.સં.૪-૧૨, મારી પાસે. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૦૯).]

પ્રકાશિત : ૧. જૈનયુગ પુ.પ જેઠ-શ્રાવણ ૧૯૮૭નો અંક.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૮૦૫-૦૬.]

## ૫૮૨. પદ્મવિજય (ત. હીરવિજયસૂરિશિ.)

### (૧૨૪૦) તીર્થમાલા સં.૧૬૫૨ પહેલાં

**આદિ –** સમરસિ સમરસિ **સરસતિ,** વરસતિ વચનવિલાસ
તૂં તૂઠી મુઝ આપજે, સાચો વચનવિલાસ. ૧
વાણી વાણી ઇમ ભણે, તૂં તૂઠી એકંતિ
કવિ કેલવણી કેલવેઇ, કેવલ આણે ખંતિ. ૨

**અંત –** કલસ.
એ તીરથમાલા ગુણવિશાલા કંઠપીઠ જે ઠવે
તસ મુગતિબાલા અતિરસાલા વરણ વરમાલા ઠવે,
શ્રી **હીરવિજય** ગુરૂ સુરિપુરંદર સીસ **પદ્મવિજય** કહે,
જે સુગુણ ગુણસ્યે અને સુણસ્યે મંગલમાલા તે લહે.
—ઇતી તીરથમાલા ગુણસ્તવન સંપૂર્ણ.

(૧) સં.૧૮૪૨ વર્ષે કાર્તિક શુદ ૭ બુધવારે. લિખિતં સકલ પંડિતશિરોમણિ પંડિત શ્રી ૫ ૫ં. હરિરૂચિગણિ તત્સિષ્ય પં. **વીરરૂચિ** તત્ચરણસેવી સિષ્ય પં. **વિનોદરૂચિ**ગણિના લિપિચક્રે સુશ્રાવક **મનછારામ**વાચનાર્થં. પ્ર.કા.ભં. અથવા જૈ.એ.ઇ. (૨) લિ.સં.૧૮૫૫ જેઠ સુદ ૨, પ.સં.૨૩, પ્રે.ર.સં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૦૨).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૦૪.]

## ૫૮૩. જયમલ્લ (ચંદ્રગચ્છ શક્તિરંગશિ.)

### (૧૨૪૧) સમ્યકત્વ કૌમુદી ચોપાઈ ર.સં.૧૬૫૨

(૧) સં.૧૬૫૭ ફા.વ.૭ મુલતાણ સા. સોનપાલ લિ. પ.સં.૩૦, અભય. નં.૩૭૦૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૨૨.]

## ૫૮૪. પરમાણંદ (ત.આણંદવિમલસૂરિ–શ્રીપતિ–હર્ષાણંદશિ.)

### (૧૨૪૨) હીરવિજયસૂરિ નિર્વાણ ર.સં.૧૬૫૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આદિ** – સમરી **સરસતિ** ભગવતિ શુભમતિ, આપે અવિરલવાણીજી,
**હીરવિજયસૂરિ** જગગુરૂ ગાઉં, **પરમાણંદ** ચિતિ આણીજી
જય જય જય જગગુરૂ ગચ્છપતિ ગુરૂઓ.

**અંત** – સંવત **પન્નર** (? **સોળ**) **બાવને** આસો વદિ સાતમિ જાણુજી રે
**પરમાનંદે** ઉનાગઢે રચિઓં હીરનિર્વાણજી રે. ૧૦૦
શ્રી **આણંદવિમલ** સૂરીસરૂ, તસ **શ્રીપતિ** ઋષિ સીસજી રે,
તસ પદપંકજમધુકરો, **હરષાણંદ** બુધ ઈસજી રે. ૧૦૧
તાસ ચરણસેવાકરૂ, **પરમાણંદ** ભલ સીસેજી રે.
બોલ્યા ગુણ જગગુરૂ તણા, જયવંતા જગિ દીસેજી રે. ૧૦૨

(૧) સંવત ૧૬૫૨ વર્ષે પોષ વદિ અમાસ સો શ્રી ઊનંતદુર્ગે **ભાટજ્ઞાતી સખીદાસ** લખિતં. શ્રાવિકા **પૂતલી** પઠનાર્થે. (આ પરથી જણાય છે કે આ પ્રત કવિના રચનાસંવતમાં જ લખાયેલી છે.) પ.સં. ૬–૧૧, માં. ભં.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૧૦.)

## ૫૮૫. વિવેકહર્ષ (ત. હર્ષાણંદશિ.)

તેમણે 'ઋષભ નેમિ સ્ત.' (પ.સં.૨, શ્લો.૨૪, લીં.ભં. દા.૨૩) તથા 'પરબ્રહ્મપ્રકાશ' સાત પ્રકરણમાં (ડો. અ. સંઘ ભંડાર, ભાવનગર–વે.) રચેલ છે. આ છેલ્લામાં પોતાને તપાગચ્છના વિજયદેવસૂરિના શિષ્ય તરીકે ઓળખાવેલ છે એટલે તેના રાજ્યમાં એ રચેલ ઘટે.

**(૧૨૪૩) + હીરવિજયસૂરિ (નિર્વાણ) રાસ ૧૦૧ કડી ર.સં.૧૬૫૨ વિજાપુરમાં**

**આદિ** – રાગ સામેરી.
ઇમ ચિંતી મનહ મઝારિ એ, **પાટણ**થી કરઇ વિહાર એ
ગણધાર એ, **રાજનગરિ** પધારીઆ એ. ૧
શાહજાદઉં શાહ **મુરાદ** એ, **હીર**નઇ વંદઈ અતી આલ્હાદએ
પ્રસાદએ, માગઈ **હીરજી**ની દુઆ ઘણી. ૨

**અંત** – રાગ ધન્યાસી.
જયઉ જયઉ જગગુરૂ પટધરો, શ્રી **હીરવિજય** ગણધારજી,
સાહ **અકબર** દરગાહમાં જિણિ પામ્યો જયજયકારજી. જય.
જિહાં લગિં મેરૂ મહીધરો, જિહાં લગિં ગિરવરની રાશિ રે
ચિર પ્રતપઉ ગુરૂ ગચ્છધણી, શ્રી **વિજયસેન** સૂરીસજી. જય. ૯૯

જૈન સાઈટ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હીર પટોધર ઉગિઉ, પ્રગટ પ્રતાપી સૂરજી
કુમતિતિમિર દૂરઈ કરઇ ભવિઅણ સુખ ભરપૂરજી. જય. ૧૦૦
વીજાપુર વરનયરમાં, **પાંડવ નયન** વરીસજી રે,
**હર્ષઆનંદ** વિબુધ તણો, સીસ દીઈ આસીસ.
**વિવેકહર્ષ** કહઈ સીસજી રે. જય. ૧૦૧

(૧) પં.અમરવિજયગણિ શિ. મુનિ ગુણવિજય લિપિકૃતં. શ્રી વિદ્યાપુરે પરોપકારાય. પ.સં.૬–૧૫, બાલ. [મુપુગૂહસૂચી.]

પ્રકાશિત : ૧. જૈનયુગ પુ.૫ પૃ.૪૬૦થી ૪૬૪.

**(૧૨૪૪)+ હીરવિજયસૂરિનિર્વાણ સ્વાધ્યાય** સં.૧૬૫૨ લગભગ

હીરવિજયસૂરિ સં.૧૬૫૨માં સ્વર્ગસ્થ થયા. આની પ્રતિ ૧૬૫૬માં લખાયેલી ઉપર પ્રમાણે મોજૂદ છે, તેથી આ સ્વાધ્યાય સં.૧૬૫૨ના અંતમાં જ રચવામાં આવેલી જણાય છે.

**આદિ –** રાજવલ્લભ-રાગ.

સરસ વચન દ્યઉ **સરસતી,** પ્રણમી શ્રી ગુરપાય
ગુણસ્યું જિનશાસનધણી, શ્રી **હીરવિજય** સૂરીરાય રે
જગગુરૂ ગાઈઈ, માન્યઉ **અકબરશાહિ** રે
જસ પટિ દીપતઉ, શ્રી **વિજયસેન** ગચ્છનાહ રે જગ. ૧

**અંત –** કલસ

ઈમ શ્રી **વીરશાસન** જગત્રિભાસન શ્રી **હીરવિજય** સૂરીસરો
જસ **શાહિ અકબર** દત્ત છાજઈ બિરૂદ સુંદર જગગુરો
જસ પટ્ટ પ્રગટ પ્રતાપી ઉગ્યઉ શ્રી **વિજયસેન** દિવાકરો
કવિરાજ **હરષાણંદ** પંડિત **વિવેકહર્ષ** સુહંકરો. ૨૨

(૧) શ્રી સં.૧૬૫૬ વર્ષે આષાઢ સિતાત્ ચતુર્માસ દિને પંડિત પુન્યહર્ષગણિનાં શિશો મુનિ જયહર્ષેણ દેવાસનગરે લિપીકૃતા. (૨) શ્રાવિકા રતના પઠનાર્થં સં.૧૭૧૯ વૈ.શુ.૭. પ.સં.૨, અભય. નં.૯૬૩. [હેજૈજ્ઞા-સૂચિ ભા.૧ (પૃ.૪૦૯, ૫૧૪).]

પ્રકાશિત : ૧. જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય.
[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૧૧–૧૨, ભા.૩ પૃ.૮૨૨.]

## ૫૮૬. નરેન્દ્રકીર્તિ (દિ. સકલભૂષણશિ.)

**(૧૨૪૫) અંજના રાસ** ર.સં.૧૬૫૨ માગશર શુદ ૧૩ જાઉરપુર (જાવરા)માં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંત – શ્રી **હનુમંત** કેવલી થયો, કર્મ હણીનિં મુગતિ ગયો,
અનંત સૌખ્ય પાંમ્યો મુનિરાય, **નરેન્દ્રકીરતિ** પ્રણમી તસ પાય. ૬૦
**મૂલ** સંઘ ઉદયાચલ ભાંન, **કુંદકુંદ** ગુણહ નિધાન,
અનુક્રમિં **સકલકીર્તિ** મુનીરાય, **ભુવનકીર્ત્તિ** સુર પૂજિત પાય. ૬૧
**જ્ઞાનભૂષણ** ગુણમંડિત દેહ, **વિજયકીર્તિ** ગુણ ન લહિં છેહ,
શ્રી **શુભચંદ્ર** ભટ્ટારક ગુણી, **સુમતિકીર્તિ** સિંહાસન ધણી. ૬૨
**ગુણકીરતિ** પાટિં જયવંત, શ્રી **વાદિભૂષણ**વંત,
એ પ્રણમુ ગચ્છપતિ પદધાર, **સુમતિકીરતિ** ગુરૂબંધવ તાર. ૬૩
જંગમ તીર્થ જગ માહિ જાંણુ, **સકલભૂષણ** સંજમકજ-ભાંણિ,
તેહ પદકમલ હૃદય નિજ ધરી, **નરેન્દ્રકીરતિ** ગુણમાલા કરી. ૬૪
**મેદપાટ** જનપદ માહિ વસેં, **જાઉરપુર** સુરનયરનેં હસિં,
રૂપારેલ જિહાં અતિ ઘણી, સિ સોભા બોલુ તેહ તણી. ૬૫
શ્રાવક ચતુર વસિં તિહાં ઘણા, જિહાં ઘરિ દ્રવ્ય તણા નહિ (મણા)
ચૈત્યાલય પૂરૂં જિન તણું, નિસલાકા સુંદર અતિ ઘણું. ૬૬
**સોલ બાવનિ** માગસિર માસ, શુદિ તેરસ તિહાં કરી નીવાસ.
આદર **નેમિદાસ** બ્રહ્મ તણિં, કરી ગુણમાલા ઉદ્યમ ઘણિં. ૬૭

(૧) સં.૧૭૩૦, વર્ષે દ્વિતિય ભાદ્ર. શુ.૧૪ રવિ. પ.સં.૩૬–૧૦, પ્રથમનું પત્ર નથી, સીમંધર. દા.૨૦ નં.૨૮.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૧૬–૧૭.]

## ૫૮૭. ઊજલ (ત. વિજયસેનસૂરિશિ. શ્રાવક)

**(૧૨૪૬) રાજસિંહ કથા (નવકાર) રાસ** ૬૩૧ કડી ર.સં.૧૬૫૨ વૈ.૭ ગુરુ

આદિ – ધુરી દુહા

**વીર** જિણેસર નિતિ નમું, પ્રણમી **ગોયમ**પાય,
**સરસતિ** સ્વામિણિ સમરીઇ, સુગુરૂ તણઇ સુપસાય. ૧
મહિમા પંચ પરમેષ્ટિનઉ, પભણિસું તેહ વિચાર,
જગત માત તમ્હ વીનવું, કરયો એ ઉપગાર. ૨
બ્રહ્માસુતા ત્રિલોચના, ગૌરવરણ ગજગેલિ,
માત સિરોમણિ સરવ તું, હંસગામિની હસે હેલિ. ૩
પાયે નેઉર રણઝુણે, કટિ મેખલ ખટકાર,
સોવનચુડિ ઝબકતી, બાંહે બહેરખ સાર. ૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાંને કુંડલ રવિકિરણ, હાર ગલે મુકતાલ,
નિલવટિ ટિલું તપતપઇ, ઝાલિ ઝબુકે ગાલ. ૫
સિર સોવનમય રાખડી, વેણિ વાસિગ તુર,
ઇંદ્રધનુષ ઓપે જિસિઉ, સિંથો સિરિ સિંદુર. ૬
સરલી નાશા નિરમલી, દીપશિખા તિલફુલ,
દંતપંક્તિ મુક્તામણી, અધર પ્રવાલી મુલ. ૭
ચંદ્રવયણ મૃગલોયણી, પોઇણ જિસ્યુ સુકમાલ,
મુગફલી કર અંગુલી, સખ નખ રંગ રસાલ. ૮
કટિ કેસરલંકી હૃદય, ઉનત પયોધરકુંભ,
સદલી સાથલ દીપતી, કદલી ગરભ સથંભ. ૯
ચીર સકોમલ ઓઢીયા, પહિરિઉ સવિ સિણગાર
વીજચમક્કઇ ચાલતી, હંસાગતિઈં અપાર. ૧૦
કલસ કમંડલ કરિ ગ્રહી, ધરી પુસ્તક કરિ એક,
જપમાલા જગ મોહતી, વીણાનાદ વિવેક. ૧૧
ધ્યાંને ત્રિભુવન વસિ કરી, હરિ બંભ પુરંદર દેવ,
કર જોડી આગલિ રહી, કરઇ તુમારી સેવ. ૧૨
**કાસમીર**-મુખ-મંડણી, મારકુંડિ મનરંગ,
સેવક ભોગ ભલા કરે, ચંદન ચરચે અંગ. ૧૩
ચંપો મરૂઓ મોગરો, કરણી કેવડ ફુલ,
માલ ચડાવે માતને, વિવિધ રચે જાસુલ. ૧૪
તુઠી કોડિ કવીસરાં, વિદ્યા દીધ વિવન,
કવિત કલા રસ કેલવે, ષટ દરસણ પ્રસન્ન. ૧૫
કર જોડી કવિ વીનવે, દિઉ વિદ્યા વર આર,
છંદ કવિત ગુણ ગાઇઇ, તે સવિ તુઝ આધાર. ૧૬
**શારદ** ધ્યાન હૃદય ધરી, આવી સુપન મઝારિ,
દીધી માતમ ચાકરે, વાંણી વિવિધ પ્રકાર. ૧૭
પાય નમી ભગતિઈં તવી, તુઠી જગદંબાય,
બોલે વયણ નિસંક તું, જે આવે તુઝ દાય. ૧૮
માતાવચન મનિ હરખીઓ, પાંમી વરહ વિશેક,
આગે ઉલટ છે ઘણુંઓ, કરિવા કવિત અનેક. ૧૯
કાલ અનાદિ સાસતો, મહામંત્ર **નવકાર**,

ધુરિ જપીએ જિનવર કહે, ચઉદાં પુરવ સાર. ૨૦

અંત – શ્રી **નવકાર કથા** મહામંત્ર, ધન્ય પુરૂષ જે સમરે અંતિ,
જે જે બોલ કહિયા કવિ સાર, તે શ્રી **સરસતિને** આધાર. ૬૨૫
કવિ કહે હું કાંઇ જાણું નહી, પણિ અણબોલ્યો ન સકું રહી,
જે જે કવિ મોટા જગ માહિ, હું તેના પગની રજ પાહિ. ૬૨૬
શ્રી નવકાર તણી ષટકથા, **ષડાવશ્યક** માંહિ જોયો તથા,
બાલાવબોધિ અરથ જિઉ સહી, કહે **ઉજલ** મિલિ ઇણિ પરિ કહી.
શ્રી નવકાર કથા સાસતી, કેતાં વચન કહિયા હૃદયથી,
અધિકો ઓછો કહિઉ અસાધ, તે શ્રી સંઘ ખમો અપરાધ. ૬૨૮
સંવત **સોલ ૧૬ વરસ પર બાવન,** વૈશાખી સાતમિ ગુરૂ દિન,
ષટ્ નવકાર કથાનું ચરી, ભણ્યો કવિ રચાઉ ખપ કરી. ૬૨૯
**તપગચ્છ**-અંબર દિનકરરાય, શ્રી **વિજયસેન** ગુરૂ પ્રણમી પાય,
તસ શ્રાવક **ઉજલ** ઇમ ભણે, શ્રી નવકાર જાકે ભાંમણે. ૬૩૦
શ્રી નવકાર જપો ખપ કરો, ભવસંસાર સોહિલા તરો,
ષટ્ નવકાર કથા જુજુઇ, એ ૭ કથા સંપૂર્ણ હુઇ. ૬૩૧

(૧) સં.૧૬૯૬ કા.સુદિ ૧૧ ગણિ **ધ્યાનસાગર** શિ. મુનિ **વીરસાગર** ગંધાણી નગર મધ્યે લિ. પ.સં.૨૧-૧૭, ગો.ના. નં.૪૬.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૧૭-૧૯.]

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ૫૮૮. શિવનિધાન (ખ. હર્ષસારશિ.)

**(૧૨૪૭) શાશ્વત સ્તવન (ગુ.) પર બાલા.** ર.સં.૧૬૫૨ શ્રા.વ.૪ શાકંભરી (સાંભર)માં

આદિ – પ્રસાદં ગુરૂરાજસ્ય **હર્ષસારા**ભિધસ્ય સત્
પ્રાપ્ય કુર્વે શાસ્વતાર્હચ્ચૈત્યસંખ્યાસુવાર્તિકં. ૧

અંત – તે પિણિં **દેવેન્દ્ર** મુનીંદ્રઇં સ્તવી હુંતી. ભાવિક જીવનઇ સિદ્ધિ સુષ આપઉ, ઇતલઇ શાસ્વતી અશાસ્વતી જે જિનપ્રતિમા નામ તે સર્વ વાંદિવા પૂજિવા યોગ્ય જાણિવા. ૨૪ ઇતિ શાસ્વત સ્તવન બાલાવબોધઃ.

શ્રીમત્ **ખરતરગચ્છે** શ્રી **જિનમાણિક્યસૂરિ** ગુરૂપટ્ટે,
વિજયિનિ યુગપ્રધાને શ્રી **જિનચંદ્રા**ભિધસુગુરૌ. ૧
શ્રી **જિનસિંહ**મુનીશ્વરયુવરાજ્યે **હર્ષસાર**ગણિશિષ્યઃ
અલિખત્ સ્વસ્મૃતિહેતોઃ સ્તવવાર્તાં **શિવનિધાનગણિઃ** ૨

સંવત્ દ્વાપંચાશત સમધિક ષોડશ શત પ્રમિતિ ભાજિ
શ્રાવણ કૃષ્ણ ચતુર્થી દિવસે શાકંભરીપુર્યાં. ૩
માનસિદ્ધિગણિની સુશિષ્યિણી પદ્મસિદ્ધિપઠનાર્થમૂહિતા
શ્રી જિનેશ્વરસુભક્તિભાજિનઃ, શોધયંતુ વિધિવદ્ વિચક્ષણાઃ. ૪

(૧) પ.સં.૬, મ.જૈ.વિ. નં.૬૮૭.

**(૧૨૪૮) લઘુ સંગ્રહણી બાલા.** ર.સં.૧૬૮૦ કા.શુ.૧૩ અમરસરમાં શાહી રાજ્યે ખ. જિનરાજસૂરિ ધર્મસામ્રાજ્યે.

(૧) નિ.વિ. ચાણસ્મા. (કર્તા તરીકે 'શીલચંદ્ર' જણાવવામાં પ્રદર્શન પ્રશસ્તિ સંગ્રહના સંપાદકની ગેરસમજ થઈ લાગે છે. જુઓ નીચેની પ્રશસ્તિ.) [મુપુગૂહસૂચી.]

**(૧૨૪૯) કલ્પસૂત્ર પર બાલા.** ર.સં.૧૬૮૦ અમરસરમાં

**અંત** – શ્રી વિક્રમાર્કસમયાત્ **ખ-વસુ-કલાનિધિ-કલા**-પ્રમિતે વર્ષે
શ્રી **અમરસરે** નગરે વિશુદ્ધશુક્લ પક્ષતૌ સુદિને. ૧
**જિહંગીર-સાહિ**રાજ્યે **ખરતર-જિનરાજ-ધર્મ**સામ્રાજ્યે
શ્રી **જિનરાજ**-મુનીશ્વર-સંતાને **શીલચંદ્ર**ગુરોઃ
શિષ્ય દ્વિતયી જજ્ઞે પ્રથમો **જિનભદ્રસૂરિ**રિતિ ગણપઃ
અપરસ્તુ **રત્નમૂર્તિઃ** સંજાતઃ પૂર્વજોઽસ્માકં. ૩
શ્રી **મેરુસુંદરો**પાધ્યાય શ્રી **ક્ષાંતિમંદિરા**સ્તદનુ
શ્રી **હર્ષપ્રિય** પાઠક શિષ્યો **હર્ષોદય** વાક્પઃ ૪
શ્રીમદ**કબ્બરસાહે**ર્મિલનદ્ વિસ્તીર્ણવર્ણકીર્ત્તિભરઃ
વાક્પતિરિવ વા ગુરુરિહ સત્ક્રિયમુખ્યોઽત્ર **હર્ષસાર**ગણિઃ ૫
તત્શિષ્યલેશ-પાઠકરૂપ શ્રી **શિવનિધાન**ગણિભિરિહ
શાસ્ત્રાર્થં સાર્થં દૃષ્ટ્વા વિદધે શ્રી **કલ્પબાલાબોધો**ઽયં. ૬
નિર્યુક્તિ ટિપ્પનં જિનચરિતં પૂર્વ્વસૂરિસંદૃષ્ટં
વૃત્તિગ્રંથાનન્યાન્ દર્શં દર્શં કૃતશ્ચાયં. ૭
યદુત્સૂત્રમનોનાભોગાત્ મતિમાંદ્યાદનાદરાત્
લિખિતં લેખકેનૈવ તદ્ વિશોધ્યં કૃપાપરૈઃ ૮

(૧) ગ્રં.૯૭૦૦, પ.સં.૨૨, વીજાપુર. નં.૪૫૭. [મુપુગૂહસૂચી.]

**(૧૨૫૦) ગુણસ્થાનગર્ભિત જિન સ્ત. પર બાલા.** ર.સં.૧૬૯૨ આષાઢ શુ.૩ સાંગાનેરમાં

મૂળ કૃતિ ૧૯ કડીની જિનચંદ્ર–જિનસિંહસૂરિ શિ. રાજસમુદ્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પછીથી જિનરાજસૂરિકૃત ર.સં.૧૬૬૫ માગશર વદ ૧૦ જેસલમેર ભાષામાં.

**અંત –** ઇતિશ્રી **જિનરાજ**ગણાધિપવિહિતસ્તવવિવરણં કૃતં મયકા

તેનાત્ર ભવ્યલોકો બંધનમુક્ત સુખી ભવતુ. ૧

શ્રી **હર્ષસાર**શિષ્યોપાધ્યાય **શિવનિધાનેન**

શ્રી **સંગ્રામપુર**-શ્રાવકલોકાભ્યર્થનવિશેષેણ. ૨

**જીવરાજ-**ધર્મપત્ની-**જીવાદે**શ્રાવિકાસુબોધાર્થં

વિહિતો મયા પ્રયાસઃ સમ્યગ્ગ્રંથાનુસારેણ. ૩

સંવદ્ **દ્વિનવતિ**સમધિક-**ષોડશ-શત**વત્સરે સિતાષાઢે

તૃતીયા પુષ્યે પ્રથમાદર્શે **કનકોદયો** વ્યલિખત. ૪

(૧) સં.૧૬૯૪ માઘ શુ.૫ બુધ ઉદયપુરે વા. **રાજસમુદ્ર**ગણીનાં શિ. મુખ્ય પં.**જ્ઞાન**રાજ શિ. **લબ્ધોદય** મુનિ શિષ્યમુખ્ય **જસહર્ષ**મુનિ લિખિતા. પ.સં.૨૧, ગો.ના. નં.૧૮૩. (૨) સં.૭૦૧૬ (?૧૭૦૬) **રાજનગરે** યુગપ્રધાન **જિનચંદ્ર**સૂરિ શિ. વા. ભુવનમેરુગણિ લઘુભ્રાતૃ પં. **સુમતિ**રંગેણ લિ. શિ. પં.**જયકુશલ** મુનિ વાચનાર્થે કા.શુ.૧૩ ભોમે ભ. **જિનસાગરસૂરિ** રાજ્યે. વેબર. નં.૧૯૬૨. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૮૫).]

**(૧૨૫૧) કૃષ્ણવેલી** [અથવા **રુક્મિણીવેલી** અથવા **શ્રીવેલી** અથવા **પૃથ્વીરાજવેલી**] **પર બાલા.**

મૂળ પૃથ્વીરાજકૃત હિંદીમાં.

(૧) સં.૧૮૦૯ વૈ.સુદિ ૧૨. પ.સં.૪૦, શેઠિયા. [કેટલૉગગુરા, રાહસૂચી ભા.૧ (લબ્ધિવિજ્ઞાન શિવનિધાનને નામે), હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૯, ૪૨૧).]

**(૧૨૫૨) વિધિપ્રકાશ** [અથવા **ઉપાસનાવિધિ** અથવા **વડીદીક્ષાવિધિ**]

(૧) લ.સં.૧૮૩૭, પ.સં.૧૧, પ્ર.કા.ભં. નં.૧૫૨૪. [મુપુગૃહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૧૫૯૮–૧૬૦૦.]

## ૫૮૯. ધર્મદાસ (લોં. વરસિંહશિ.)

**(૧૨૫૩) જસવંત મુનિનો રાસ** (ઐ.) ર.સં.૧૬૫૨ ભાદ્રવા વદ ૧૦ ખંઢેરામાં.

**આદિ –** સકલ ગુણે કરી **સારદા** મન ધરી, માગુંઅ બુદ્ધિ વિનઈ કરી,

દઉ સુજઝ વાણીય, માગું મા બ્રહ્માણીય.

રાણી અચુલ્લ હેમવંતની એ, પદ્મદ્રહવાસિની,

નમો માતા સાસણી, જાસ પસાઇ ગુણ ગાઇસું એ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉલાલુ

ગાયસુ ગુણ **જસવંતજીના**, સુણુ ભવીયણ સાર,
ને તાર મુનિવર તેહ છઇ, સર્વ જીવના આધાર.
આધાર સર્વ જીવના નઇ મનમોહનરાય,
તાસ તણા ગુણ વર્ણવૂં, શ્રી **વરસિંહ** તણઈ પસાય. ૫

**અંત –** સંવત્ **સોલ બાવન** સંવછરઇ, ભાદ્રવ વદિ દશમી દિનઇ,
**હાલાર** મધ્યે પુન્યવંત નગરઇ, **ખંઢરા** નામઇ ભલિ. ૨
ઋષિ શ્રી **ખૂરા** શિષ્ય **સામલજી જીવરાજ** ગુણસારૂ એ,
તાસ સાંનિધિ રચીય રંગઇ, હઇએ હર્ષ અપારૂ એ. ૩
અતિ ભાવ આણી નિરમલ વાણી, દિનદિન પ્રતિ ગુણ ગાઇએ,
**ધર્મદાસ** કહઇ તુમ્હે સુણુ ભવીયણ, સાધુ સેવંતા સુખ પાઇએ. ૪

(૧) પ.સં.૬–૯, લા.ભં. નં.૩૭૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૮૧૯–૨૦. ત્યાં કર્તાને ખૂરા–શામલજી–જીવરાજશિ. ગણવામાં આવ્યા છે, પરંતુ શામલજી–જીવરાજના સાન્નિધ્યમાં અને વરસિંહના પ્રસાદથી કૃતિ રચાયાનો ઉલ્લેખ છે એથી કર્તાને વરસિંહશિ. ગણવા જોઈએ એમ લાગે છે.]

## ૫૯૦. પૂંજા ઋષિ (પાર્શ્વચન્દ્રગચ્છ, હર્ષચંદ્રશિ.)

**(૧૨૫૪) + આરામશોભા ચરિત્ર** ૩૩૨ કડી ર.સં.૧૬૫૨ આસો શુદ ૧૫ બુધવાર પાટણમાં

**આદિ –** દૂહા

આદિ જિણેસર પાય નમી, **શાંતી નેમિકુમાર**,
શ્રી **પાસ વીર** ચુવીસમઉ, વંદિઇ જયજયકાર. ૧
શ્રી ગુરૂ **ગૌતમ** સમવડિ, શ્રી **હંસચંદ** સુજાણ,
ચરણકમલ ગુરૂ વંદિ કરિ, કરસિ કવિત હુ વાણિ. ૨
એક જ અક્ષર વંકડુ, જે ગુરૂનૂં સાદેઇ,
અંધારઈ જિમ દીવડઉ, ફરિફરિ જોતિ કરેઇ. ૩
ધરમિઇ ધણકણ સંપજઇ, ધર્મંઈ લીલવિલાસ,
ધર્મંઇ સુખસંપતિ મિલઇ, ધર્મંઈ પૂગઇ આસ. ૪
દેવ ગુરૂ ધર્મ આરાધિ કરિ, કીજઇ જનમ પવિત્ર,
તે સઘલઇ સુખ પામીઇ, એણઇ ભવિ પરભવિ મિત્ર. ૫
પુણ્ય થકી વલી પામીઈ, પૂરવ ભવ સંબંધ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લીલાલચ્છી અતિ ઘણી, ધર્મંઈ લહઇ સુખકંદ. ૬
સુર આવી સાંનિધિ કરઇ, રાજરધિ વલી દીધ,
તીર્થ પૂજ્યા પ્રભાવના, સાહમીવત્સલ કીધ. ૭
(પૂરવ સંચય પૂન્યનઉ, ઉદય હુઓ અભિરામ)
તેહ થકી તિણિ પામીયું, **આરામસોભા** નામ. ૮

અંત – ચુપઇ

ભવિક જીવ પ્રતિબોધી કરી, છેહડઇં અણસણ બેહૂ ઉચ્ચરી,
આલોઇ આરાધી કરી, બેહૂં જણ પુહતાં અમરાપુરી. ૩૨૩
તિહાંથી ચવી વિદેહ અવતાર, સુધ જિનધર્મ કરસ્યઇ તે સાર,
અનુક્રમિ લહઇસિઇં ભવનઉ પાર, સિધઇં સુખ અનંત અપાર. ૩૨૪
તવસંયમ જિનપૂજા કરી, સાહમીવત્સલ ભગતિઇ ધરી,
**આરામસોભા**ની એ ચરી, સહૂકો સુણજ્યો આદર કરી. ૩૨૫
ગુજરદેશ અનોપમ ઠામ, **પાટણ** નયર અછઇ અભિરામ,
ઘણઉ વાસ તિહાં શ્રાવક તણઉ, દેવગુરૂધર્મ ઊપરિ મન ઘણઉ. ૩૨૬
તિહાં વલી તીરથ **પંચાસરઉ**, **સામલવાડી નારંગપુરઉ**,
**પાસ** જિણેસર ત્રેવીસમઓ, પ્રહ ઉઠીનઇ ભવિયણ નમઉ. ૩૨૭
**સોલ સઇ બાવનઇ** વલી, આસો માસ પૂનિમ નિરમલી,
અશ્વની રખિ બુધવારિઇં કરી, ગુરૂપ્રસાદિ કરી પૂરણ ચરી. ૩૨૮
**વડતપગચ્છ નાગુરી** સાખ, શ્રી **સાધુરયણ** ગુરૂ મધુરી ભાષ,
તાસ સીસ સદા સવિચાર, ભવિક જીવનઇ આનંદકાર. ૩૨૯
શ્રી **પાસચંદ્ર** સૂરીસર રાય, સુરનર પ્રણમઇ તેહના પાય,
તસુ પાટઇ શ્રી **સમરચંદ્રસૂરિ**, નામ લેવંતાં પાતિક દૂરિ. ૩૩૦
વિજયવંત શ્રી **રાયચંદ્રસૂરિ**, સંઘ સહૂનઇ વંછિત પુર,
પ્રહ ઊઠીનઇં સમરૂં નામ, નિતુ નિતુ તેહનઇ કરૂં પ્રણામ. ૩૩૧
શ્રી **શ્રીમાલી** વંશે વખાણ, શ્રી **હંસચંદ્ર** વાચક ગુરૂ જાણ,
તાસ સીસ રૂષિ **પુંજો** કહઇ, ભણઇં ગુણઇં તે સિવસુખ લહઇ. ૩૩૨
એહ ચરી સંભલિ મનિ ધરઉ, વઇર વિરોધ મિથ્યા પરિહરઉ,
સાચઉ ધર્મ શ્રી અરિહંત, સિધિપુરી પહુતા ભગવંત. ૩૩૩
ચ્યારિ ખંડ એણિ પરિ કરી, ચરી રચી ઉત્તમ ગુણ ભરી,
પિંડિત જ્યોજ્યે વિચારી કરી, ખોટી હુઇ તે કીયો ખરી. ૩૩૪

(૧) સં.૧૬૬૨ ભા.વદિ ૧૪ સોમ્યે. શ્રી ચેલા **આણંદ** લ. પ્ર.કા.ભં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકાશિત : ૧. સંશો. પં. લાલચંદ.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૨૦-૨૨.]

## ૫૯૧. રત્નકુશળ (ત. મેહર્ષિ-દામર્ષિશિ.)

આ કવિએ 'પંચાશક વૃત્તિ' સં.૧૬૫૨ આશ્વિન સિત પંચમી દિને રવિવારે ઊંઝા ગામમાં લખી છે તેમાં પોતાને પંડિત મેહર્ષિગણિશિષ્ય શ્રી દામર્ષિગણિના શિષ્ય જણાવેલ છે. (અપ્રકટ વિ.ધ.પ્રશસ્તિસંગ્રહ.)

**(૧૨૫૫) + પાર્શ્વનાથ સંખ્યા સ્તવ.** સં.૧૬૫૨ આસપાસ

**આદિ** – શ્રી **જીરાઉલિ** નવખંડ **પાસ** વષાણીઇ રે નામઇં લીલવિલાસ,
સંકટ વિકટ ઉપદ્રવ સવિ દૂરઈં ટલઇ રે મંગલ કમલાવાસ. શ્રી. ૧

**અંત** – ભોગસંયોગ તે પામઇ માનવ નવનવા રે જસ તૂસઈ **શ્રી પાસ,**
ગણિ **દામા** શિષ્ય **રતનકુશલ** ભગતિઇ કહઇ રે આપો ચરણઇં
વાસ. શ્રી ૨૦

પ્રકાશિત : ૧. પ્રાચીન તીર્થમાલા સંગ્રહ પૃ.૧૬૯-૧૭૦.
[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૯૨.]

## ૫૯૨. માનસાગર (ત. બુદ્ધિસાગરશિ.)

**(૧૨૫૬) ગુરુ [ગુરુકુલવાસ] સ્વાધ્યાય ૧૬ છપય** વિજયસેનસૂરિ રાજ્યે (સં.૧૬૫૨થી ૧૬૭૨ વચ્ચે)

**આદિ** – નમસ્કારની દેશી

સકલ મનોરથ પૂરવા, સુરતરૂ (પા. સમર્થ જે) સાચો,
**શાંતિ** જિણેસર દેવ દેખી, મન માંહિ નાચો,
આક ધતુરા સમ દેવ દેખી મમ રાચો,
**અચિરા** રાણિ રયણખાણિ જિમ હીરો જાચો.
**શાંતિ** જિણેસર સોલમા એ, તેહના પ્રણમી પાય,
ભગતિભાવ આણી ઘણો, કહસ્યું ગુરૂ સજ્ઝાય. ૧

**અંત** – શુદ્ધ પરૂપક સુદ્ધ સીલ, સમતારસ-ભરીઉ,
ચરણ કરણ ગુણરયણ રાસિ તેહનો જે દરીઉ.
ગછનાયકના ગુણ છત્રીસ અંગઇ છાજે,
હીર પટોધર **વિજયસેન** સૂરિસર રાજે.
મહિયલ માંહિ મુનિપતિ એ પ્રતપો કોડિ વરીસ,
**માનસાગર** કવિ ઇમ કહઈં, **બુધ્ધિસાગર** ગુરૂ સીસ. ૧૬

(૧) પ.સં.૨-૧૩, રો.એ.સો. બી.ડી.૧૫૭ નં.૧૮૮૯. (૨) પ.સં.

जैन साईट JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨-૧૩, હા.ભં. દા.૮૨ નં.૬૦. [આલિસ્ટઑઇ ભા.૨, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૧૧).]

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૦૪-૦૫.]

## ૫૯૩. કલ્યાણ(વિજય) (ત. વિજનસેનસૂરિશિ.)

### (૧૨૫૭) ચોવીસી

**અંત -** કલશ

અંતિમ **વીર** જિનેશ્વર સંઘ-સરોજ-સહસ્રકરા,
ચઉવીસ કવિત્ત વિનોદ (ન)વરસેં થુણિયા ભુવણ-ચિત્તહરા.
**વિજયાદિમસેન** મુણિંદ વિનેય કહિ કવિ **કલ્યાણ**કરા,
કમલોદયકારણ કેવલનાણ-વિલાસ જયંકર કીર્ત્તિધરા. ૨૫

(૧) સં.૧૮૧૮ વર્ષે વદિ ૧૦ ભૃગુવાસરે લિખિત પ્રેમવિજયેન શ્રીરસ્તુ કલ્યાણમસ્તુ શ્રી પ્રેમવિજયજી પઠનાર્થં. પ.સં.૪, કમલમુનિ.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૧૫૦૫.]

## ૫૯૪. કુંવરવિજય (ત. હીરવિજયસૂરિ-વિજયચંદ્ર-નયવિજયશિ.)

### (૧૨૫૮) + શ્રી હીરવિજયસૂરિ સલોકો ૮૧ કડી સં.૧૬૫૨ પછી

**આદિ -** **સરસતી** વરસતી વાણી રસાલ, ચરણકમલ નમી ત્રિકાલ,
શ્રી ગુરૂપદપંકજ ધરાઉં, **હીરવિજયસૂરી** ગછપતિ ગાઉં. ૧

**અંત -** હીરજીનો ચેલો વલીય વખાંણો નામે **વિજયચાંદ** પંડિત જાણો,
**નયવિજય** પંડિત જગીસ, તસ સીસ **કુંઅરવિજય** કવીસ. ૮૦
જગગુરૂ કેરા જે ગુણ ગાવૈં, તસ મનવંછિત સફલ ફલાઈ,
**હીરજી** હુઉ જિનસાસણભાણ, નાંમ જપંતાં કુશલકલ્યાણ. ૮૧

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૧૫).]

પ્રકાશિત : ૧. જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય.

### (૧૨૫૯) ચોવીસ જિન નમસ્કાર

(૧) શ્લો.૨૯, પ.સં.૩, લીં.ભં. દા.૨૩. [મુપુગૂહસૂચી, લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૧૩, ભા.૩ પૃ.૮૨૨.]

## ૫૯૫. જયવિજય (ત. હીરવિજયસૂરિ-કલ્યાણવિજય ઉ. શિ.)

આ કવિ જયવિજયજીએ સંસ્કૃતમાં 'શોભનસ્તુતિ' પર ટીકા (સં.૧૬૪૧) અને 'કલ્પદીપિકા' રચેલ છે. 'કલ્પદીપિકા'નો ઉલ્લેખ કવિ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઋષભદાસે 'હીરવિજયસૂરિ રાસ'માં કર્યો છે: '**જસવિજય જયવિજય** પન્યાસ **કલ્પદીપિકા** કીધી ખાસ'. હીરવિજયસૂરિ અકબરની મુલાકાતે ગયા ત્યારે આ જયવિજયજી પણ તેમની સાથે જ ગયા હતા.

**(૧૨૬૦) + હીરવિજયસૂરિ પુણ્યખાણિ સઝાય** સં.૧૬૫૨ પછી

**આદિ –** રાગ રામગિરિ.

પ્રણમિઅ **પાસ** જિણુંદ દેવ, સંપયસુહકારણ,
**સંખેસર**પુરમંડણઉ, દુહદુરીયનિવારણ.

ઉલાલઉ.

પુણ્યખાણિ ગુરૂ **હીર**ની એ પભણું મનિં આણુંદ,
ભવિયણ જણ સહુ સાંભલઉ જિમ લહુ પરમાણુંદ. ૧

**અંત –** સિરિ **વિજયસેન** સૂરિંદ રાય, સંપ્રતિ જયવંતઉ,
ભવિક જીવ પ્રતિબુઝવઈ, વિહરઇ મલપંતુ,
સુવિહિત જનનિં હિતકરૂ એ, કરૂણારસભંડાર,
વિનય કરી જેઓ વસઇ, લહેસઇ (તે) ભવપાર. ૨૨
સકલ કલ્યાણ નિવાસ ગેહ, અનિં સુંદર સોહઈ,
સિરિ **કલ્યાણવિજય** વાચક પ્રતિ, દીઠઇ મન મોહઇ,
તાસ સીસ **જયવિજય** ભણઈ એ પૂરૂ મનહ જગીસ,
સિરિ **વિજયસેન** સૂરીસરૂ, પ્રતિપઉ કોડિ વરીસ. ૨૩

[હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૧૨).]

પ્રકાશિત : ૧. જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય.

**(૧૨૬૧) + કલ્યાણવિજયગણિનો રાસ** ૨૭૦ કડી ર.સં.૧૬૫૫ આસો શુ.૫

**આદિ –** સકલ સિદ્ધિવરદાયકો, સ જયો **રિષભ** જિણુંદ,
ભારત સંભવ ભવિઅજણ, બોહણ કમલ દિણંદ. ૧
**શાંતિ** જિણેસર મનિ ધરૂં, શિવકર ત્રિજગ મઝારિ,
સિદ્ધિવધૂ વરવા ભણી, વરીઓ સંજમભાર. ૨

**અંત –** ઢાલ ૧૪.

સાધુ શિરોમણી વંદીએ, શ્રી **કલ્યાણવિજય** ઉવઝાય રે,

*

શ્રી **હીરવિજય**સૂરી રાજીઓ, કલિયુગિ જુગહ પ્રધાન રે,
સાહિ **અકબર** રાજનિં બુઝવી, દીધું જીવ અભયદાન રે. સાધુ. ૨૬૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જસ પાટ **જેસંઘજી** જયુ, **ગૌતમ** સમ પ્રતિરૂપ રે,
પ્રગટયો સવાઇ **હીરલો**, પરિખીઓ **અકબર** ભૂપ રે. સાધુ.૨૬૫
**હીરજી** શીશ જગિ વલ્લહો, શ્રી **કલ્યાણવિજય** ગુણગેહ રે,
વાચકરાય મેં ગાઇઓ, જંગમ તીરથ એહ રે. સાધુ.૨૬૬
જવ લગી શેશ મહી ધરે, જાં સુર ગિરિ થિર થાય રે,
જાં રવિશશિ ગ્રહગણ તપે, તાં પ્રતપો મુનિરાય રે. સાધુ.૨૬૭
સંવત **સોલ પંચાવન**, વત્સર આસો માસ રે,
શુદ્ધ પખ્ય પંચમિ દિને, રચીઓ અનોપમ રાસ રે. સાધુ.૨૬૮
જગિ જયવંતા **કલ્યાણ**, પૂરો મનહ જગીસ રે,
સેવા ચરણકમલ તણી, માગે **જયવિજય** શીશ રે. સાધુ.૨૬૯
ભણે ગુણે જે સાંભલે, ગુરુગુણ એકચિત્ત જાણ રે,
વાંછિત સર્વ સુખ અનુભવે, પામે તે કોડી કલ્યાણ રે. સાધુ.૨૭૦

(૧) ભાવ.ભં.

પ્રકાશિત : ૧. જૈન ઐતિહાસિક રાસમાળા ભાગ ૧.

**(૧૨૬૨) સમેતશિખર રાસ** ૨.સં.૧૬૬૪ આતપ માસ ૧૧ બુધવાર

આનું બીજું નામ 'પૂર્વદેશ ચૈત્ય પરિપાટી' છે. આમાં વિજયદેવસૂરિના સમયમાં મથુરાના સંઘવી બિંબુએ કાઢેલા સંઘનો પ્રસંગ છે. તે સંઘ મથુરાથી નીકળી પિરોજાબાદ, ચંદેરાડ, રેયડી, સૌરીપુર, શાહજાદપુર, કૌશાંબી, ફતેપુર, વાણારસી, સિંહપુરી, ચંદ્રાવતી, પાટલીપુત્ર તથા તુંગિયા નગરીઓમાં યાત્રા કરતાકરતા સેહેર નગરમાં આવ્યો. ત્યાં રાય શિવરામને મળીને રસ્તામાં વાટ વિષમ હોવાથી માર્ગદર્શકો તથા રક્ષકો લીધા. લંગોટીવાલા તથા ઉઘાડા મસ્તકવાળા લોકો, કદલી વગેરે વૃક્ષોનાં વનો તથા કૌતુકો જોતાજોતા સંઘ સમેતાચલ આવ્યો. અહીં પાલગંજના રાજા પૃથ્વીચંદ્રે સાથે આવીને યાત્રા કરાવી. સંઘ ત્યાંથી મગધદેશમાં થઈને પાછો ફર્યો. રસ્તામાં રાજગૃહી, પાવાપુરી, જંબીગ્રામ, જઉણપુરી, અયોધ્યા, રત્નપુરી અને કંપિલપુરમાં તીર્થયાત્રા કરીને સંઘ સ્વસ્થાને – મથુરામાં પાછો આવ્યો.

**આદિ** – રાગ રામગિરિ.

પ્રણમીઅ સહગુરૂ તણા પાય સુહસંપતિકારી,
**સરસતિ** સામિણિ વીનવું દિઉ મુઝ મતિ સારી,
ચૈત્યપ્રવાડી ભણું ભાવિ પૂરવ દિસિ કેરી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જનમભૂમિ જિનવર તણી વંદું ઉહેરી,

અંત – કલશ.

**તપગચ્છ**નાયક શુભમતિદાયક શ્રી **વિજયસેન** સુરિંદ,
તસ પટગયણ-વિભાસણ-દિનકર શ્રી **વિજયદેવ** મુણિંદ,
વાચક સયલ ચૂડામણિ સોહઇ નિરમલ ન્યાનનિવાસ,
શ્રી **કલ્યાણવિજય** ગુરૂચરણપ્રસાદઈ હુવો મુઝ બોધપ્રકાશ. ૮૮
**સસિ રસ સુરપતિ** વચ્છર આતપ એકાદિસિ બુધવારઇ,
**સમેતાચલ** મહાતીરથ કેરૂં સ્તવન રચ્યું મતિસારઈ. ૮૯
પઢઈ ગુણઈ જે શ્રવણે નિસુણઇ તીરથમહિમા ભાવઇ,
**જયવિજય** વિબુધ ઇમ જંપઈ સુખ અનંતા સો પાવઇ. ૯૦

(૧) સં.૧૭૮૦ આ.વ.૬ શ્રા. રત્ના પઠનાર્થં. પ.સં.૮, અભય. પો. ૧૬ નં.૧૬૭૮.

પ્રકાશિત : ૧. પ્રકા. ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલ એમ.એ. વડોદરા ૨. પ્રાચીન તીર્થમાલા સંગ્રહ પૃ.૨૨-૩૨.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૧૭-૨૦, ભા.૩ પૃ.૮૨૫.]

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## ૫૯૬. વીરવિજય (ખ.)

**(૧૨૬૩) સત્તરભેદી પૂજા સ્ત.** ર.સં.૧૬૫૩ રાજધન્યપુર

(૧) શ્રાવિકા દુભાના પઠનાર્થં. પ.સં.૩, અભય. નં.૩૩૬૭.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૭૭.]

## ૫૯૭. ધનહર્ષ (ત. હીરવિજયસૂરિ–ધર્મવિજયશિ.)

**(૧૨૬૪) તીર્થમાલા સ્તોત્ર** સં.૧૬૫૩ લગભગ

હીરવિજયસૂરિ સં.૧૬૫૨માં સ્વર્ગસ્થ થયા તે સમયની જ આ કૃતિ છે.

ધન્યાસી.

શ્રી **વિજયદાન** સૂરિંદ પટ્ટોધર, સૂરિ ગુરૂ **હીરવિજયા**ભિધાના,
નગર **ગંધાર**થી જેહ તેડાવિઆ, સાહિ શ્રી **અકબરિં** દત્તમાના.
શ્રી ૧
ધર્મનું તત્ત્વ પૂચ્છયું સવે તે કહ્યું, સાહ કુંરાકું અરિધર્મધીરિં,
અતિ વિશેષિં પ્રકાસી કૃપા તિહાં ગુરિં, તેહ મનમાં ધરી ભૂપ-
વીરિં. શ્રી ૨
પર્વ પજજૂસણિં દિવસ દ્વાદશ લગિ, કુણિં કુણ જીવનો વધ ન કરવો,

ઇસ્યાં ફુરમાન કરિ સુગુરૂનઇ અપિઆં, નહિં કૃપા વિણુ કિસિં
જન્મ તરવો. શ્રી ૩
દ્વાદશ કોશનું જે સદા જલ ભર્યું, નામ ડાબરસરો જાણુ દરિઉં,
શ્રી હુમાઊસુતઈ વલિઅ લખી અપ્પિઅં જાલપ્રક્ષેપઈ નમિં ન
કરિઉં. શ્રી ૪.
માત **નાથી** તનુંજ જગત-આનંદકર, જે સકલ જન ઉદ્યોતકારી,
તાસ શિશુ **ધર્મવિજય**ાભિધો બુધવરો, જે સદા વિમલતર ધર્મ-
ધારી. શ્રી ૪
તાસ પદયુગ્મઅંભોજમધુકર સમો, તાસ શિશુ વિબુધ **ધનહર્ષ**
ભાષઈ,
પંચ એ શ્રી જિનાધીશ સંસ્કૃતિ થકી, પ્રગટ હુઅં પુણ્યરસ
સુધા ચાષઇ. ૬

(૧) ઇતિ શ્રી તીર્થમાલા સ્તોત્ર શ્રી શાંતિ તીર્થંકર સ્તવન નામા-ધિકાર સંપૂર્ણ. શુભં ભવતુ. કલ્યાણમસ્તુ. શ્રીરસ્તુ, આરોગ્યમસ્તુ. દીર્ધાયુ. [ભં.૧]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૧૨-૧૩.]

**૫૯૮. જયચંદ્ર** (પાર્શ્વચંદ્ર-સમરચંદ્ર-રાયચંદ્ર-વિમલચંદ્રશિ.)

આ કવિ વિમલચંદ્રસૂરિના પટ્ટધર હતા. વિમલચંદ્રસૂરિના મૂળ રાજનગરના શ્રીમાલી સંઘવી રાજપાલ પિતા અને સુખમાદે માતા. તેમની દીક્ષા સં.૧૬૫૬ વૈ.શુ.૬ને દિને, આચાર્યપદ ખંભાતમાં સં.૧૬૬૯ વૈ.શુ.૬ને દિને પામ્યા ને સ્વર્ગે સં.૧૬૭૪ના આસો શુદ ૧૩ને દિને ગયા. આ સૂરિના હાથથી પૂંજાએ સં.૧૬૭૦ના અસાડ સુદ ૯ દિને રાજ-નગરમાં દીક્ષા લીધી. તે પૂંજાએ મહા ઉગ્ર તપ કરી તપસ્વી તરીકે પ્રસિદ્ધિ કરી. તે પૂંજા ઋષિએ આપણા કવિ જયચંદ્રસૂરિની પાસે રહી તપ કરેલું છે. કુલ ૧૨૩૨૨ ઉપવાસ કર્યા હતા. તપની સંખ્યા ઉપાધ્યાય સમયસુંદરજીએ કરેલ 'પૂંજા ઋષિનો રાસ' અને મુનિ હીરરાજના શિષ્ય દલભદ્રે કરેલ 'પુંજરત્ન રાસ'માંથી મળી શકશે. જયચંદ્રસૂરિ મૂળ વિકા-નેરના ઓસવાળ હતા. તેમનાં માતાપિતાનાં નામ જેતસિંહ અને જેતલદે હતાં. તેમને સં.૧૬૭૪માં આચાર્યપદ મળ્યું ને સં.૧૬૯૯ અસાડ સુદ ૧૫ દિને સ્વર્ગવાસ પામ્યાં. આમના વખતમાં અમદાવાદમાં શાંતિદાસ શેઠના પ્રયત્નોથી સં.૧૬૮૦માં સાગરપક્ષ નીકળ્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૧૨૬૫)** + **રસરત્ન રાસ** (ઐ.) ૨૫૬ કડી ર.સં.૧૬૫૪ ખંભાતમાં
આ રાયચંદ્રસૂરિના સંબંધમાં રાસ છે.

**આદિ –** ધુરિ પહિલી ૧–વસ્તુ છંદ.

**આદિ** જિણવર **આદિ** જિણવર **અજિત** જિનનાથ,
શ્રી **સંભવ અભિનંદનહ સુમતિ પદમપ્રભ સુપાસ** સુંદર;
**ચંદ્રપ્રભ** ઉલ્હાસકર **સુવિધિ સીતલ શ્રેયાંસ** સંકર,
**વાસુપૂજ્ય** નઈ **વિમલ**જિન **અનંત ધર્મ** શ્રી **સંતિ**;
**કુંથુ અર મલ્લિ મુનિસુવ્રત નમિ નેમી** ધનકંતિ. ૧
**પાસ** જિનવર **પાસ** જિનવર સુખકાર,
**વર્દ્ધમાન** ચઉવીસમઉ સકલ લોકદુહરાસિ ભંજઈ;
મોહ મહાભડ વસિ કરી મયણમાણધણુ હેલિ ગંજઈ,
**ગૌતમ** ગણધર તેહનઉ, લબધિ તણઉ ભંડાર,
સમરણ માત્રઇં જેહનઈ, હોઇ સુજય જયકાર. ૨
આસપૂરણ આસપૂરણ કલ્પતરુ સાલ,
શ્રી **પાસચંદ** સૂરીસરૂ યુગપ્રધાન મહિમા વિરાજિત,
પંચમકાલિ વિશાલ જિણિ મુગતિપંથ પ્રકટિય સુશોભિત,
તાસુ તણા પયકજ નમી, આણી મનઉલ્હાસ,
**વડતપ**ગચ્છ ગુરૂ ગાઈયઉ, પૂરઉ મનની આસ. ૩

દુહા.

શ્રી **રાયચંદ** સૂરિંદવર, પુરૂપરયણ અવતાર,
મનમોહન મહિમાનિલઉ, કલા તણઉ ભંડાર. ૪
ભવિક કમલ પડિબોહણુઓ, મિથ્યા તિમર હરંતિ,
છત્રીસી છત્રીસ ગુણ, અહનિસિ જે ધારંતિ. ૫

**અંત –** ઢાલ ૨૨ કનકકમલ પગલાં ઠવઈ–એ દેશી.

ચિર પ્રતપઉ સૂરીસરૂ એ જાં લગિ **મેરૂ** ગિરિંદ,
**જયચંદ**ગણિ ઉચ્ચરઇ એ, ભગતિઇં મન એકંત, જયચંદ ગણિ.
૨૩૭

*

**થંભ** પુરવર **પાસ**જી એ, ચિંતામણિ સમ જાણિ,
તાસ તણઈ સુપસાઉલઈ એ, રચ્યઉ રાસ રસાલ. જય.૨૪૮
સંવત **સોલ સર વેદ** નઈ એ, સંવચ્છરિ અભિરામિ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભગતિ ભાવિ મઇં ગાઈયઉ એ, શ્રી **રાયચંદ** સૂરિંદ. જય.૨૫૦
દેવેંદ્રાદિક જઇ મિલઈ એ, પાર ન પામઇ તોઇ,
તે ગુણ કેતા હું કહઉં એ, પણિ એ ભગતિ વિચારિ. જય.૨૫૨
જે આગમિસ્યઉં નહુ મિલઇ એ, મિચ્છાદુક્કડ તાસુ,
હિવ હૂં માગઉં એતલઉં એ, પૂરઉ મનહ જગીસ,
ગણિ **જયચંદ** ઇમ વીનવઈ એ, સેવ કરઉં નિસિદીસ. જ. ૨૫૫

વસ્તુ.

ન્યાન ગુણનિધિ ન્યાન ગુણનિધિ સુગુરૂ વિખ્યાત,
શ્રી **રાયચંદ** સૂરીસરૂ સકલસાર ગુણદેહ ભૂષિત.
તાસુ તણા ગુણ વર્ણવ્યા **પાસનાહ** સુપ્રસાદિ શોભિત,
મુનિ **કુંવરજી** ગણિવરૂ પ્રાર્થનિ ભગતિ જગીસ,
ગણિ શ્રી **જયચંદ** વીનવઈ પૂરઉ મનહ જગીસ. ૨૫૬

(૧) સં.૧૬૬૩ વર્ષે વૈશાષ વદિ ૬ શુક્રવારે, લિખિતં કુંયરજી-ગણિના શ્રી **અહમ્મદાવાદ** નગરે. (૨) પ.સં.૯, ગા.૨૫૫, લીં.ભં. દા.૩૭ નં.૭૨.

પ્રકાશિત : ૧. ઐતિહાસિક રાસસંગ્રહ ભા.૧.

**(૧૨૬૬) + રાયચંદસૂરિ બારમાસ**

**આદિ –** દૂહા.

સુંદરરૂપ સુજાણવર, સોહગ-મંગલકાર,
મનમોહન જિઓ વલ્લહઓ, પરતષિ સુર-અવતાર. ૧
શ્રી **રાયચંદ** સૂરીસરૂ, મહિઅલિ મહિમાવંત,
ગુણઆગર લીલાપવર, સારદસસિ જિમ સંત. ૨

**અંત –** શ્રી **રાયચંદ** સૂરીસરૂ, જે સેવઇ નરનારિ,
ગણિ **જયચંદ** ઇમ ઉચ્ચરઈ, તસુ હુઇ જયજયકાર. ૩૯

(૧) ઉપરની કૃતિમાં નિર્દિષ્ટ પ્રત (૨).

પ્રકાશિત : ૧. ઐતિહાસિક રાસસંગ્રહ. [૨. પ્રાચીન મધ્યકાલીન બારમાસા સંગ્રહ ભા.૧.]

**(૧૨૬૭) પાર્શ્વચંદ્રસૂરિના ૪૭ દુહા [અથવા છંદ] જોધપુરમાં**

**અંત –** **પાર્શ્વચંદ્ર** પટ્ટોધરણ, **સમરચંદ્ર** ગુરૂ સૂર,
પરતે ગુરૂને પાલીયા પંચ મહાવ્રત પૂર. ૪૪
**સમરચંદ્ર** ગુરૂ સારિખા, **રાજચંદ્ર** તિણરાત,

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ખડગધાર ચારિત્ર ખરો ચઢે ધરા લગ બાત. ૪૫
ગચ્છધોરી ગાજે ગુહિર **વિમલચંદ** વડવાર,
પટ્ટોધરણ પ્રગટીયો **જયચંદ** જગે આધાર. ૪૬
જે રાજા પરજાહ જે સહુકો નામે શીષ,
**જયચંદ** આયો **જોધપુર** પુગી સબહિ જગીસ. ૪૭

[લીંહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૧૩-૧૬, ભા.૩ પૃ.૮૨૩.]

**૫૯૯. વસ્તુપાલ બ્રહ્મ** (દિ. સરસ્વતીગચ્છ સુમતિકીર્તિ-ગુણકીર્તિશિ.)

**(૧૨૬૮) રોહિણીવ્રત પ્રબંધ** ર.સં.૧૬૫૪ આષાઢ શુદ ૩ સોમ સાબલીમાં

**આદિ** – **વાસુપૂજ્ય** જિન **વાસુપૂજ્ય** જિન, નમું તે સાર,
તીર્થંકર જે બારમો મનવાંછિત બહુ દાન દાતાર સાર એ.
અરૂણ વરણ સોહામણો સેવ્યાં દિધિ સુખતાર એ,
બાલ બ્રહ્મચારી રૂવડો સતરિયા પઉન્નત સહુ જલ.
**વસુપૂજ્ય** રાજ્ય નંદન નિપુણ **વિજયાદેવી** માત કુક્ષિ નિરમલ,
જસ પસાઈ જાણિયિ, કવિતકલા સુવિચાર.
વિઘન સવિ દુરિ ટલિ, મંગલ વર્ત્તિ સાર. ૧

**અંત** – **સાબલી** નયર સોયામણુ, **રાયદેશ** મઝારિ,
રાસ કરો તિહાં રૂવડો, કથા તણિ અણુસારિ. ૫

વસ્તુ

**મૂલસંઘમંડણ** (૨) **સરસતિગચ્છ**સણુગાર,
**બલાત્કારગણે** આગલા **શુભચંદ્ર** સાર યતીશ્વર.
તસ્ય પટ્ટોધર જાણિયિ, **સુમતિકીરતિ** સાર સુખકર,
તસ્ય પદપંકજમધુકર **ગુણકીરતિ** સુવિસાલ.
તસ્ય ચરણે નમી સદા બોલે બ્રહ્મ **વસ્તપાલ.**

દૂહા

વિક્રમરાય પછિ સુણો, સંવછર **સોલ** સાર,
**ચોપનો** તે જાણીઇ, આષાઢ માસ સુખકાર,
શ્વેત પક્ષ સોહામણો રે તૃતીયા નિ સોમવાર,
શ્રી **નેમિજિન** ભુવન ભલું રે, રાસ પુરૂ હવો તાર.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભણિ ગુણિ જે સાંભલિ, મનિ આણી બહુ ભાવ,
બ્રહ્મ **વસ્તપાલ** સુધુ કહિ, તેહનિ ભવજલનાવ. ૩

(૧) બ્ર. વછરાજ શિ. બ્ર. રાયમલ્લ લિ. પ.સં.૧૬-૧૦, સ.ભ. [પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૨૩-૨૪.]

## ૬૦૦. જયકુલ (ત. લક્ષ્મીકુલશિ.)

**(૧૨૬૯) [+] તીર્થમાલા અથવા ત્રૈલોક્યભુવન પ્રતિમા સંખ્યા સ્ત.**

કડી ૯૨ ર.સં.૧૬૫૪ આસો વ.૧૦ સોમ

**આદિ** – પ્રણમું માતાશ્રી **સરસ્વતી**, જે તુઠી આપઈ શુભ મતી,
નિજ ગુરૂચરણકમલ વંદેવિ, વિદ્યાનાયક મનિ સમરેવિ. ૧
**તીરથમાલ** રચું મનરંગિ, ઉલટ અચ્છઈ ઘણુ મુઝ અંગિ,
સુણયો ભવીઅણ જે જગિ જાણ, ભણયો પ્રહિ ઉગમતઇ ભાણિ. ૨

**અંત** – **તપગછ**-ગયણિ ચંદલુ એ, મા. શ્રી **હેમસોમ** સૂરિંદ સુ.
તાસ તણા **પરિવાર**માં એ મા. **છબ** પંડિતના વૃંદ સુ. ૮૮
પંડિતશ્રેણિશિરોમણી એ મા. **લક્ષ્મીકુલ**ગણિ સીસ સુ.
**જયકુલ** જનમ સફલ કરૂ એ મા. ગાઇઆ શ્રી જગદીસ સુ. ૮૯
અસુધ હુઇ તે સોધયો એ મા. કવિ લાગું તુહ્મ પાય સુ.
સંઘ સહુ સાનિધ કરિ એ મા. તુ કવિ પંડિત થાય સુ. ૯૦
સંઘ મોટિમ જેહનઇ દીઇ એ મા. તેહ જ મેરૂ સમાન સુ.
**તીરથમાલા** ભણિ ગુણિ એ મા. તેહ ઘરિ નવઈ નિધાન સુ. ૯૧

કલસ

વિક્રમ નૃપથી સંવચ્છર **સોલ, ચઉપના** વરસિ આસો વદિ રંગરોલ,
પૂર્ણા તિથિ દસમી સોમવારિ જયકાર, તવીઆ પ્રભુ ભગતિ હરષ ધરી અનિવાર. ૯૨

(૧) શ્રી ત્રૈલોક્યભુવન પ્રતિમા સંખ્યા સ્તવનઃ પ.સં.૩-૧૯, મુનિ સુખસાગર.

[પ્રકાશિત : ૧. જૈન સત્યપ્રકાશ, વર્ષ ૮ અંક ૬-૭, પૃ.૧૮૫-૯૧.]
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૨૪-૨૫.]

## ૬૦૧. વિદ્યાપ્રભસૂરિ (પૌ. વિમલચંદ્રસૂરિશિ.)

આ સૂરિ ક્યારે થયા તે જાણવા માટે પ્રયત્ન કરતાં પૂર્ણિમાગચ્છની પ્રધાન શાખાના વિદ્યાપ્રભસૂરિના પટ્ટધર લલિતપ્રભસૂરિનો સં.૧૬૫૪નો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધાતુપ્રતિમાલેખ મળી આવે છે (બુ.૧, લે.૧૦૧). આ વિદ્યાપ્રભસૂરિ અને પૂજાકાર વિદ્યાપ્રભસૂરિ એક જ હોવાનો સંપૂર્ણ સંભવ છે તેથી આ કૃતિનો સમય ૧૭મા સૈકાના મધ્યમાં ગણી શકાય.

**(૧૨૭૦) સત્તર ભેદી પૂજા** સં.૧૬૫૪ આસપાસ

**આદિ** – શ્રી તીર્થંકર ચરણાન્નત્વા વગેરે પ્રથમ બે શ્લોકો છે.

રાગ ધવલ ધન્યાસી.

પહિલી પૂજા સાર ન્હવણ તણી જગિ જાણીએ એ.
આઠ સરસ ચુસડિ કલસ ભરી જલ આણીઇ એ.
**ગંગા યમુના** નીર, **સિંધુ** નઈ **સરસ્વતી**,
**તાપી મહીય** ગંભીર, ક્ષીરસમુદ્રજલિ વિલસતી એ. ૨

**અંત** – ધન્યાસી રાગ

દ્રવ્યપૂજા શ્રાવકનિ કુલિ છાજિ, સાધુ કરિ ભાવપૂજા ભલેરી
તપગલિ દુઃકૃત ભાજિ હો,
**પૂનિમ**પખિ શ્રી **વિમલચંદસૂરિ**, ગછપતિ-ગુરૂગુણ ગાજઈ.
શ્રી **વિદ્યાપ્રભસૂરિ** વિરચિત એ વિધિ, દિનદિન ઉત્સવ રાજિ.

(૧) પ.સં.૫-૧૯, પ્ર.કા.ભં. નં.૩૫૯.
[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૭૭-૭૮.]

## ૬૦૨. જ્ઞાનસાગર (ત.વિજયસેનસૂરિ–રવિસાગરશિ.)

એમણે 'નરવર્મ રાજચરિત્ર'ની પ્રત સં.૧૬૫૨માં અમદાવાદમાં લખેલી છે. (ભાં.ઇ. સને ૧૮૯૧-૫ નં.૧૩૮૫)

**(૧૨૭૧) નેમિ ચંદ્રાવલા** ૧૪૪ કડી ર.સં.૧૬૫૫ જીર્ણગઢ (જૂનાગઢ)માં

**આદિ** – **સરસતિ** ભગવતી મન ધરી રે, સમરી શ્રી ગુરૂપાય,
**નેમકુમર** ગુણ ગાયવા રે, મુજ મન ઉલટ થાય.
મુજ મન ઉલટ થાય અપાર, સ્તવસ્યૂં **યાદવ**કુલસિણગાર,
બાવીસમો જિનવર બ્રહ્મચારી, જયજય **નેમજી** જગહિતકારી. ૧
**રાજીમતી** ભરતાર, વલીવલી વંદીયે રે,
**રૈવતગિરિ** હિતકાર, દેખ્યાં ચિત આણંદીયેં રે; રાજમતી. ૨

**અંત** – સંવત **સોલ પંચાવને** રે, **જીરણગઢ** ચોમાસ,
**રૈવતકાચલ** ઊપરે રે, ઊજલ સમ કૈલાસ,
ઉજ્જલ સમ કૈલાસ પ્રસાદ, દીઠાથી ટલિઓ વિષવાદ,
**નેમિ** જિણેસર સામી થુણિઓ, તિહાંથી સફલ જમવારો ગણિઓ. ૨૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તપગચ્છનાયક જગ જયો રે, શ્રી **વિજયસેન** સૂરીંદ,
તપગચ્છ માંહિ ગાજતો રે, **રવિસાગર** મુનિંદ,
**રવિસાગર** મુણિંદ સોભાગી, તપજતકિરિયા સું લય લાગી,
સેવક **ન્યાનસાગર** સુષકારી, સ્તવીઓ **નેમિ** સ્વામી આધારી. ૭૩

(૧) સં.૧૬૬૬ માગસિર વદિ ર ગ. ધીરસાગર લિ. પ.સં.૮–૧૨, લે. પાટણ. દા.૧૧ નં.૭૫. (૨) પ.સં.૯–૧૨, મ.જૈ.વિ. નં.૧૧૭. (૩) પદ્ય ૧૪૪, પ.સં.૫, પ્ર.કા.ભં. વડોદરા. (૪) લિ. ધર્મવિજે – લક્ષ્મીવિજેજી સં.૧૯૩ર ફા.વ.૯ ભાવનગરે ઋષભદેવપ્રસાદત. પ.સં.૬–૧૪, ધો.ભં. (૫) પ.સં.૭, પ્રે.ર.સં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૬૭).]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૧૭, ભા.૩ પૃ.૮૨૫.]

## ૬૦૩. રત્નલાભ (ખ. અમરમાણિક્ય–ક્ષમારંગશિ.)

**(૧૨૭૨) ઢંઢણકુમાર ચોપાઈ** ગા.૩૫ ર.સં.૧૬૫૬ શ્રા.૮ ભૃગુવાર જયતારણમાં

**અંત –** સંવત **સોલ છપના** સાવણઈ, આઠમિ તિથિ ભૃગુવાર,
શ્રી **જયતારણ** પુરવર પરગડઉ, **મંડોવર** શૃંગાર. ૩૪
તિહાં શ્રી **વિમલનાથ** સુપસાઉલે, **ખિમારંગ**ગણિશિષ્ય,
**રત્નલાભ** ગુણ ગાવતાં, પૂજઇ મનહ જગીસ. ૩૫

(૧) સં.૧૭૫૧ મિ.વ.૧૨ વા. રાજકીર્તિ શિ. રાજનિધાન લિ. એક ગુટકો, જિ.ચા.

**(૧૨૭૩) શ્રીપાલ પ્રબંધ ચોપાઈ** ર.સં.૧૬૬૨ ભા.વ.૬

**આદિ-** ઐં નમઃ સંધિ ઢાલ.
ચઉવીસે જિણવર મનિ ધ્યાઈ, સુયદેવી સમરૂં વરદાઇ,
પભણિસુ મહિમા માનવ પદ સાર, મંત્ર અનોપમ શ્રી નવકાર. ૧

*

સિદ્ધિચક્રનઉ એહજ મંત્ર, નવપદ આરાહઉ જે તંત્ર,
**મયણાસુંદરિ** જિમ **શ્રીપાલ**, આરાધત ફલિઉ તતકાલ. ૪

**અંત–** સંવત **સોલસઈ બાસઠ** વરસઇ, ભાદ્રવ વદિ છઠી દિન હરષઇ. ૧૩
યુગપ્રધાન **જિનચંદ** સૂરિરાજ રે, શ્રી **જિનસિંઘ**સૂરિ યુવરાજઇ,
વયણાયરિય **અમરમાણિક્ય**ગણિ, **ખિમારંગ** તસુ સીસસિરોમણિ.
**રત્નલાભ**ગણિ તેહનઇ સીસઇ, એહ પ્રબંધ રચ્યઉ સુજગીસઇ.
ભણતાં ગુણતાં દુરિત પુલાયઇ, શ્રી સંઘ સહિત સુણાઇ સુખ થાયઇ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) સં.૧૬૬૭ આસો શુ.૧૫ લાંબા મધ્યે કેસા લિ. ૫.સં.૯, અભય. પો.૪ નં.૨૫૧.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૯૧-૯૨.]

## ૬૦૪. નર્બુદાચાર્ય-નર્મદાચાર્ય (ત. કમલકલશ શાખા, કમલકલશસૂરિ-મતિલાવણ્ય અને બીજા કનકશિ.)

લઘુ પોશાલિક તપગચ્છપટ્ટાવલીમાં જણાવ્યું છે કે સુમતિસાધુસૂરિએ પ્રથમ ઇંદ્રનંદી અને કમલકલંશ નામના બે શિષ્યોને આચાર્યપદ આપ્યું હતું. પરંતુ પાછળથી તેમને સૂરિમંત્રના અધિષ્ઠાયક દેવે કહ્યું કે આ બેને આચાર્યપદ આપ્યું તે ઠીક નહીં કર્યું, કારણકે એઓ ગચ્છનો ભેદ કરશે, તેથી સુમતિસૂરિએ ફરી એક નવા આચાર્ય બનાવ્યા અને તેમનું નામ હેમવિમલસૂરિ એવું આપ્યું. સુમતિસૂરિના સ્વર્ગસ્થ થયા પછી ઉક્ત બંને આચાર્યોએ પોતપોતાના જુદા સમુદાયો પ્રવર્તાવ્યા; જેમાંથી ઇંદ્રનંદીસૂરિની શાખાવાળા 'કુતબપુરા' કહેવરાવા લાગ્યા અને કમલકલશસૂરિની શાખાવાળા 'કમલકલશ'ના નામથી ઓળખાવા લાગ્યા. મૂળ સમુદાય 'પાલણપુરા'ના નામે પ્રખ્યાત થયો. એ જ કમલકલશસૂરિના શિષ્ય જયકલ્યાણસૂરિ થયા હતા કે જેમણે સં.૧૫૬૬ના ફાલ્ગુન શુદિ દશમીએ આબુ પર્વત પર પ્રાગ્વાટ જ્ઞાતિના સં. [સંઘવી?] સહસાએ અચલગઢ ઉપર મહારાજાધિરાજ જગમાલજીના રાજ્યમાં ચતુર્મુખવિહાર બનાવ્યો તેની પ્રતિષ્ઠા કરી હતી તે વખતે તેમની સાથે ચરણસુંદરસૂરિ આદિ બીજો પણ કેટલોક શિષ્યપરિવાર હતો. જુઓ લેખાંક ૨૬૩ અને ૨૬૮, મુનિ જિનવિજયજી સંપાદિત પ્રાચીન જૈન લેખસંગ્રહ ભાગ ૨જો. કમલકલશા ગચ્છ સં. ૧૫૭૨માં થયો એવું વિજાપુર વિદ્યાશાલાના ૩૧મા દાબડામાં એક પટ્ટાવલિ છે તેમાં ચોથે પાને લખ્યું છે.

આ કવિએ સ્વહસ્તે "સં.૧૬૬૦ શકે ૧૫૨૫ મધ્યે સિતાદી પંચમ્યાં દ્વિતીયવાસરે ગણિ ભોજસાગર વાચનાર્થે" ગ્રં.૧૩૮૦ની 'પંચાખ્યાનોદ્ધાર કથા' પત્ર ૭૨ની લખી છે. (ભાંઇ. સન ૧૮૭૧-૨ નં.૩૫૯.)

(૧૨૭૪) કોકકલા [શાસ્ત્ર] ચોપાઈ ૨.સં.૧૬૫૬ વિજયાદશમી બુધ બુરહાનપુરમાં

આદિ - દૂહા

માતંગી મતિ આપીયે, જિમ કવિત કરૂ સુરસાલ,
કોકકલા ગુણ વર્ણવું, પ્રીછે બાલગોપાલ. ૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી **શારદ** તુમ્હ ધ્યાઇયઇ, અક્ષર આપે માય,
કૃપા કરી મુખ અવતરો, જિમ ગુણ આવે ઠાઇ. ૨
જે નર પહિલી કવિ હૂયા, તે તાહરે પ્રસાદ,
નામ જપંતા **સરસ્વતી,** ભાજઇ દુખવિખવાદ. ૩
કવિત કરેવા મન ઘણૂ, ખંતિ કરૂ દિણરાત,
વાચા અવિચલ આપીયે, કીજે કવિત સુજાત. ૪
પિંગલ જોઇ બાધીયઉ, ઉત્તમ કવિત પ્રમાણ,
લઘુ દીર્ઘ ગતિ ગુણ ભલા, ચોપઇ ચાલ વખાણ. ૫
**કોકશાસ્ત્ર** કોકે કીયઉ, તે જાઇ સુવિચન્ન,
કવિ **નરબદ** ઇમ ઉચરઇ, બોલૂ કવિત કથન્ન. ૬

**અંત** – હવે કવિ **નરબુદ** બોલે એ કથા, નામ ઠામ પોતાના યથા,
કવણ વંશ માહિં ઉપના, તેહ સંક્ષેપ બોલુ અધુના. ૫૯
ગુજ્જર દેશ માંહિં અભિરામ, ધર્મધ્યાનનો ઉત્તમ ઠામ,
યતિ સતિ તપ આગમ જ્ઞાન, સર્વ લોક વસેં સાવધાન. ૬૦
કલિયુગ ગંગા સાબરમતી, ઉત્તમ નીર વહેં સાસ્વતી,
સદા કાલ જલ પૂરણ વહેં, સ્નાન પાપતણાં નર દહેં. ૬૧
કંઠ નગર વસેં અભિરામ, **અમદાવાદ** શ્રી ઉત્તમ ઠામ,
સર્વ વસ્તૂ પામીજેં જેહ, **જંબુદ્વીપ** માંહિં ન મલૈ તેહ. ૬૨
શ્રી **શ્રીમાલી** તિહા વિવહાર, **દેવરાજ** નામે ઉપચાર,
માન દીયેં **મહમદ** સુલતાંણ, **મહિતા** માહિ વડો બંધાણ. ૬૩
નેહ ધરે કુલવંતી સાર, વિપક્ષચૂરણ કુલવિખાત.
**રાજુલદે** નામે ઉતરે, તેહની કુખે હૂ અવતર્યો. ૬૪
કર્મસંયોગે **મારૂ** દેશ, નગર **શીરોહિ** કીધ પ્રવેશ,
તિહાં રહેવાનો કીધો કામ, યોગા થયા લહ્યા ગુણગ્રામ. ૬૫
નવમે વરષે શ્રી ગુરૂ તણા, પામ્યા ચરણ મનોરથ ઘણા,
દીક્ષા લીધી શ્રી ગુરૂ પાસ, ભવબંધણ તે છોડ્યા તાસ. ૬૬
શ્રી **તપગચ્છ** માહિં જશવંત, **કમલકલશ** શાખા બોલંત,
ગચ્છનાયક શ્રી પૂજ્ય પ્રમાણ, જાણે ગગન ઉદંતા ભાણ. ૬૭
ધર્મધુરંધર શ્રી ગુરૂ નામ, **કમલકલશ** શિષ્ય અભિરામ,
મહા ગુણવંત મહા ગંભીર, પંચમહાવ્રત યતિ સુધીર. ૬૮
પ્રોઢ ભટારક પાટધારિ, જેહની કીરત જુગમાં ઘણી,

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહા ગુણવંતા ગણધર ભાવ, પંડિત શ્રી **મતિલાવણ્ય** ભાવ. ૬૯
બીજા પન્યાસ **શ્રીગધર...**કહે સુખવાસ,
ત્રીજા ગણિ **શ્રીપતિ** પન્યાસ, કલ્યા ભાવ પ્રસિદ્ધ પ્રમાણ. ૭૦
સૂરિશ્વરના ગણધર એહ, કેતલા નામ કહુ બહુ તેહ,
ગચ્છ માંહિ ગુણવંત ગંભીર, યતિઅત **કનક** નમૈ ધીર. ૭૧
એહવા ગુરૂ ભટારક જેહ, કહુ ઉપમા સવાઈ તેહ,
શિષ્ય **નરબુદનૈ** કરૂણ કરી, દીધો પદ તૈં ઉતમ ધરી. ૭૨
દેઈ દીક્ષા નેં દીધો મંત્ર શ્રી **સરસ્વતી** બાંધ્યો તંત્ર,
ઘણા દિવસ મેં સેવા કરી, શ્રી **સારદ** કરૂણા આદરી. ૭૩
વર્ષે તેર મૈં આવ્યો માન, માતંગી દીધો વરદાન,
શ્રી ગુરૂચરણ પસાઈ કરી, કવિજન મતિ **નરબદ** આચરી. ૭૪
ઘણા દિવસ ગુરૂને સેવિયા, ભણી ગણીનૈં પોઢા થયાં,
વિહારકર્મ તિહાથી કીધ, શ્રી ગુરૂની અનુઆજ્ઞા લીધ. ૭૫
દક્ષણ દેશ પ્રતિ કીયો વિચાર, કૌતુકયૌ આ દેશ અપાર,
અનેક બોધવીયા જીવનૈ, કવિ મંદગતિ પામિ દેશનૈ. ૭૬
દૈવયોગ ચાલતાં લહી, **ખાનદેશમૈ** આવ્યા વહી,
ગઢ **આસેર** તિહાં અભિરામ, **બરહાપુર** નગરનો નામ. ૭૭
રાજ બલવંત સુજાણ, વેરીના ભાંજે ભડ ઠાણ,
સદા અભંગ તરવારહ તેજ, જાતિ ફારક કલાવિવેક. ૭૮
**મીરાંહ દલસાહ** સુજાણ, તાસ પૂત્ર બલવંત વખાણ,
**મીરાં બહાદુરસાહ** થારકી, કીરત ઘણી ન જાણું લખી. ૭૯
સંવત **સોલ છપને** સાર, શક **પનર એકવીસ** મઝારિ,
ધાતૂ અયમ દક્ષિણદિશિ રવિ, શરદઋતિ માહિ બાલ કવિ. ૮૦
આસુ અધિક મહોછવ માસ, પક્ષ અજૂઆલેં શશિપ્રકાશ.
વિજયા દશમી મન આણંદ, વાસર બુધ સુખ પરમાનંદ. ૮૧
ઉત્તરા આષાઢ નક્ષત્ર સુવિચાર, શ્રી **નરબુદ** બોલે કવિરાજ,
કર્કરાશિ ગુરૂ ગ્રહ ભોગવૈ, તુલે શનિ આવણ ચીતવૈ. ૮૨
સુભ મહુરત શુભ વેલા સાર, ઉત્તમ લક્ષણ તણો વિચાર,
શ્રી **નરબુદ** બોલેં કવિરાજ, કવી ચોપઈ સંપૂરણ આજ. ૮૩
શ્રી ગુરૂ તણી કૃપા આદરી, **કોક ચોપઈ** સંપૂર્ણ કરી,
જે નર હોવેં ચતુર સુજાણ, નારિ પ્રેમ વિલૂધા પ્રમાણ. ૮૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે એ કથા સુણસે સહી, અથવા ન પાશે સરસી લહી,
સુણતાં ચિત્ત હોસ્યે આણંદ, પરમસુખ પામે પરમાણંદ. ૮૫
કોક તણો મદ લેઇ કરી, ચાલ ચોપઇ કવિ ઉચરી,
બુરહાંનપુર નગરમાં થઈ, કોકદેવ નામે ચોપઇ. ૮૬
દશ પ્રકાર સંપૂરણ હૂઆ, વિગત કરિ કથા જૂજૂઆ,
શ્રી માતંગીને વરદાન, કરી ચોપઇ અમૃત સમાન. ૮૭
જે નર સ્ત્રીઆલુબધા હસે, તેહ નામને ઇણી ગ્રંથે વસેં,
જિનકમલ માહિ ભમર રમે, ગંધ કેતકી છાંડે ક્રીમે. ૮૮
નાના ગ્રંથ તણા મત જોય, કોક ચોપઇ કીધી સોય,
શ્રી નરબુદ કહે કવિરાજ, એહ ગ્રંથ થરિ હસ્યો સમરાજ. ૮૯
જે નર સુણે શ્રવણે સહી, બુધીવિસ્તાર હોસે નર લહી,
વિરહી તણા ભાજસે દુઃખ, ભોગી જનને પ્રાપ્ત સુખ. ૯૦
જિહાં લગે રવિ શશિ ગગનેં તપૈ, જિહાં લગે મેરૂ મહિમધ્ય જપૈ.
તિહાં લગે કથા રહસ્ય પુરાંણ, કવિ નરબુદ કહૈ કથાવખાણ. ૯૧
કામશાસ્ત્ર અતિ ઉત્તમ એહ, દેઇ ચિત્તને સુણસે જેહ,
અનંત સુખ પામિસે સદા, શ્રી નરબુદ કહે સુખસંપદા. ૯૨

(૧) ઇતિશ્રીમજ્જિનાચાર્ય શ્રી નરબુદાચાર્ય વિરચિતે કોકશાસ્ત્રે દશમ પ્રકાર સ્થિતિવર્ણપ્રકાર સંપૂર્ણ સં.૧૭૯૨ વર્ષે કાર્તિક માસે શુક્લ પક્ષે દશમી તિથૌ ગુરૂવાસરે વડગામ મધ્યે. પ.સં.૪૬–૧૩, પ્રથમ પત્ર નથી, પ્ર.કા.ભં. નં.૨૨૧. (૨) સં.૧૮૭૯ પ્રથમ ચૈત્ર ભોમે લાલવિજય લિ. ભૃગુકચ્છે. પ.સં.૬૯. અભય. પો.૧૬. [મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૨૩–૨૬, ભા.૩ પૃ.૮૨૭–૨૮.]

## ૬૦૫. શ્રવણ (સરવણ) (પાર્શ્વચંદ્રશિ.)

**(૧૨૭૫) ઋષિદત્તા રાસ** ર.સં.૧૬૫૭ પો.શુ.૫ પાટણમાં

(૧) સં.૧૬૫૮ મા.શુ.૧૩ અમદાવાદે જયરાજ લિ. મેઘરાજ નેપુરા પઠનાર્થં. પ.સં.૧૮, સારી પ્રત, અભય. પો.૧૨ નં.૧૨૩.

[પ્રથમ આવૃત્તિ ભા.૩ પૃ.૮૭૮.]

## ૬૦૬. ક્ષેમકુશલ (ત.મેઘશિ.)

**(૧૨૭૬) લૌકિક ગ્રંથોક્ત ધર્માધર્મ વિચાર સૂચિકા ચતુઃપાદિકા** ર.સં.૧૬૫૭ વૈ.શુ.૧૦ શુક્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આમાં જીવદયા, માંસત્યાગ, મદ્યત્યાગ, અતિથિ આદિ વીસ અધિકાર છે.

**આદિ** – **સરસતિ** દેવિ સમરૂં નિશિદીસ, શ્રી ગુરૂચરણે નામી સીસ,
બોલું ધર્માધર્મ વિચાર, જે જાણઈં જીવ તરઈ સંસાર. ૧
સર્વ ધર્મ સાંભલવા સહી, એહિ વાત **પરમેશ્વરિ** કહી,
તે માહિલો તત્ત્વ વિચાર, અહી કીજઇ નિત આતમસાર. ૨
સાચું બોલઈ ધર્મ ઉપજઇ, દયાદાનિ સાચું નીપજઇ,
ક્ષમાવાડિ રખોપું કરો, ક્રોધ લોભ રિપુ દૂરિઇ ધરો. ૩

**અંત** – **ઇંદુ રસ બાણ મુનિ** જાણિ, ઇણઇ સંવત્સરિ ચહી પ્રમાણિ,
વૈશાખ શુદિ દશમી શુક્રવાર, રવિયોગઇં વેદ પદિકા સાર. ૪૬૨
**અકબર** સાહા પ્રતિબોધ્યો જેણ, **સેત્રુજ** મુક્તો કરાવ્યો તેણિ,
વરસિ ષટમાસી અમારિ, જીજિયા દાણ મુંકાવ્યા સાર. ૬૩
શ્રી **હીરવિજયસૂ**રિ ત્રિજગ પ્રસિદ્ધ, નામિ લહીઇ વંછિત સિદ્ધિ,
શ્રી જિનસાસન ઉદયો ભાણ, શ્રી **વિજયસેનસૂ**રિ યુગપ્રધાન.
પાટ પ્રભાકર શરદ દિણિંદ, જય જય **વિજયદેવ સૂરિં**દ,
**તપગચ્છ**મંડણ **મેઘ** મુણિંદ, **ક્ષેમકુશલ** સુખ પરમાણંદ. ૬૫
જિહાં ગયણંગણિ તારાચંદ, મહીયલિ દીપઇ મેરૂ ગિરીંદ,
જિહાં લોકપ્રસિદ્ધા સાગર સાત, તિહાં જઉ ચઉપઇ જગવિખ્યાત.

(૧) ઋષિ **સૂરવર્દ્ધન** લિ. ૫.સં.૧૯-૧૨, ડે.ભં. દા.૭૧ નં.૩૭. (૨) સં.૧૭૩૩ ચૈ.શુ.૧૦ સોમે પં. **પ્રીતિવિજયગણિ** શિ. મુનિ કેશરવિજય લિ. રોહિડા નગરે. ૫.સં.૧૨-૧૮, હા.ભં. દા.૮૧ નં.૩૭. [મુપુગૃહસૂચી.]

**(૧૨૭૭) રૂપસેનકુમાર રાસ** ૪૬૨ કડી લ.સં.૧૬૮૨ પહેલાં

**આદિ** – રાગ–ભૂપાલ.

**રિષભ શાંતિ નેમીશ્વરા, પાસ વીર** પરણામ,
ઋદ્ધિવૃદ્ધિ સંપતિ મિલઇ, જસ લીદ્ધંતિઇ નામ. ૧
સહગુરૂવચન સુહામણા, સુણતાં નાવઇ રીસ,
ભૂપ નમઇ જગિ વસ્ય હુઇ, સહુકો નામઇ સીસ. ૨
હૃદયકમલ રાખું સદા, શ્રી જિનશાસનદેવિ,
અહનિશિ સા આરાહીઇ, વિઘન વિણાસઇ હેવિ. ૩
વિમલકમલદલવાસિની, વંછિત પૂરઇ આસ,
સા **સારદ** મનિ સમરતાં, આપઇ વચનવિલાસ. ૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી **મનમથ** નૃપ કુલતિલઉ, **રૂપસેન** અભિધાન,
તાસ તણી સુકથા કહું, સુણજ્યઉ સહુ સાવધાન. ૫

**અંત –** દૂહા રાગ-ધન્યાસી.

સંગતિ કીજઇ સાધની, **ખેમકુસલ** પૂચ્છેવ,
સમરી મંત્ર નવકાર પદ, રોમરાય વિકસેવ. ૪૬૦
સું કીજઇ ન્યાયનું રસ રાખઇ બિહુ ઠાણઇ,
નામ ધરઇ નિજ ગુરૂ તણઉં, થિર સુખ લહઇ નિર્વાણિ. ૪૬૨

(૧) સં.૧૬૮૨ **અંચલગચ્છે** ઋ. જીવરાજ લ. પ.સં.૧૭-૧૬, વી.ઉ.ભં. દા.૧૭.

**(૧૨૭૮) શ્રાવકાચાર ચોપાઈ** ૭૮ કડી

**આદિ –** જગબંધવ સામી જિણરાય, ભગતિ કરી પ્રણમું તસુ પાય,
શ્રાવક ભણી કહું હિતસીખ, દેસવિરતિ કહિયૈ જિનદીખ. ૧

**અંત –** જોઇ આગમ અરથવિચાર, એ બોલ્યો શ્રાવકઆચાર,
શ્રી જિનધર્મ કરઇ જે સાર, **ખેમકુશલ** તે લહઇ અપાર. ૭૮

(૧) પ.સં.૩-૧૫, ભાગ્યરત્ન ખેડા. (૨) વા. **સહજરત્ન**ગણિ શિ. હર્ષલાભ મુનિના લિ. સા. સદા પઠનાર્થં શુભમસ્તુ. પ.સં.૪-૧૧, જૂની પ્રત, મુક્તિ. નં.૨૪૪૬.

**(૧૨૭૯) વિમલાચલ** [અથવા **શત્રુંજય**] **સ્ત.** ૪૨ કડી

**અંત –** શ્રી **હીરવિજય** સુરિંદ રાજિં, **વિજયસેન** સૂરીશ્વરૂ,
શ્રી પંડિત **મેઘ** મુણિંદ સીસઇ, થુણ્યો **ક્ષેમકુશલ** કરૂ. ૪૨

(૧) ઇતિ શ્રીમત **સકલતીર્થ** મસ્તક મુકુટાયમાન **વિમલાચલસ્ય** કાલબદ્ધમાનેકવિંશતિ નામ સપ્તોદ્ધારં સંઘપતિ સિદ્ધસંખ્યાસૂચિત વિચારમય સ્તવન મહામંગલમયમિતિ ભદ્રં સંપૂર્ણં, સમાપ્તં. [ભં. ?] [મુપુગૂહસૂચી.]

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૪૬૯, ભા.૩ પૃ.૯૪૨-૪૪.]

## ૬૦૭. મુનિશીલ (આં. વિદ્યાશીલ-વિવેકમેરુશિ.)

**(૧૨૮૦) જિનપાલ જિનરક્ષિત રાસ** ર.સં.૧૬૫૮ માહ વદ ૮

**અંત –** શ્રી **અંચલ**ગચ્છ સુહગુરૂ સુરતરૂ સારિખાજી, શ્રી **ધરમમૂરતિ**સૂરિ,
તે સહગુરૂના ચરણકમલ નિતિ વાંદીઈજી, દોહગ જાઇ દૂરિ. ૧૬
**કરિ શર રસ ઇંદુ** માસ કુમારઇ સલહીજી, બહુલ આઠમિ દિન ચાર,
સંધિ રચી એ સંઘ તણઇ આગ્રહિ કરીજી રવિ શશિ નયર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મજારિ. ૧૭

સૂત્ર અરથથી જિમ ગુરૂમુખિ સાંભલિઉજી, અરથ વખાણિઉ એહ,
ઓછઉ અધિકઉ મિચ્છાદુક્કડ મુહનઇજી સુકવિ ષમજ્યો તેહ. ૧૮
શ્રી **વિદ્યાશીલ** સીસ સુપરિ સોહામણિ પંડિત પુહુવિ પ્રવીણ,
**વિવેકમેરૂ**ગણિ સંયમગુણ કરિ વિચરતાજી, હું તસ્ય ચલણે
લીણ. ૧૯
ત્રીજા જિનવર **સંભવનાથ** પસાઉલિજી મુનિ જંપઇ **મુનિશીલ**,
જે નરનારી ભણસ્યઇ ગુણસ્યઇ સાંભલઈજી લષિ પરિ પામઈ
લીલ. ૨૦

(૧) સં.૧૬૯૪ વર્ષે ભાદ્રવા વદિ ૧૪ ગુરુ. ઈડર બાઈઓનો ભં.
(૨) પ.સં.૩, દાન. પો.૪૫.

[પ્રથમ આવૃત્તિ ભા.૧ પૃ.૩૯૨-૯૩, ભા.૩ પૃ.૮૭૯.]

## ૬૦૮. સમયસુંદર ઉપા. (ખ. જિનચંદ્રસૂરિ–ઉપા. સકલચંદ્રશિ.)

આ કવિ એક ઘણા પ્રતિષ્ઠિત અને ઉત્તમ કાવ્યકાર થયા છે. સં. ૧૬૪૯ના ફાગણ શુદ બીજે બૃહત્ ખરતરગચ્છના યુગપ્રધાન જિનચંદ્રસૂરિએ અકબર બાદશાહના કહેવાથી લાહોરમાં માનસિંહને આચાર્યપદ આપી તેમનું નામ જિનસિંહસૂરિ રાખ્યું તે સમયે તે જ જિનચંદ્રસૂરિએ સ્વ-હસ્તે કવિ સમયસુંદર તથા ગુણવિનય (જુઓ નં.૫૪૯) એ બે સાધુઓને ઉપાધ્યાયપદ આપ્યું. અકબર બાદશાહે લાહોરથી જિનચંદ્રસૂરિને પોતાની પાસે બોલાવ્યા ત્યારે તે સૂરિએ બાદશાહ પાસે જવા વિચાર કર્યો અને તે વખતે સાથે સમયસુંદર કવિ પણ હતા. આ વિહાર ગુજરાતથી જાલોર, મેડતા, નાગોર એમ મારવાડમાંથી પસાર થઈ લાહોર સુધીનો હતો. એટલે ૧૬૪૯ પહેલાં કવિ ગુજરાતમાં જ રહ્યા હતા અને ૧૬૪૯માં લાહોરમાં ઉપાધ્યાયપદ મેળવી પછી તે બાજુ ને વિશેષમાં મેવાડ-મારવાડમાં પ્રવાસ કર્યો છે અને તેથી તેમની મુખ્ય ગુજરાતી ભાષામાં અનેક દેશોના પ્રાંતીય શબ્દો, મારવાડી, ફારસી શબ્દો જોવામાં આવે છે. આ વાત તેમણે જે ગ્રંથો રચ્યા તેમાં રચનાસ્થલ જણાવેલ છે તે પરથી જણાઈ આવે છે. તેઓ સંસ્કૃત ભાષાના અચ્છા જ્ઞાતા હતા. તેમણે તેમાં રચેલા ગ્રંથો પરથી તેઓ એક સમર્થ વિદ્વાન્, ટીકાકાર, સંગ્રહકાર, શબ્દશાસ્ત્રી, છંદશાસ્ત્રી અને અનેક ગ્રંથોના અવલોકનકાર હતા. તેમના ગ્રંથોમાં ભાવશતક સં.૧૬૪૧, પુણ્યનંદીકૃત રૂપકમાલા (ગુ.) પર સંસ્કૃત અવચૂર્ણિ સં.૧૬૬૩, કાલિકા-

www.jainsite.com        For Private & Personal Use Only        info@jainsite.com

ચાર્યકથા સં.૧૬૬૬, સામાચારીશતક સં.૧૬૭૨ મેડતા, વિશેષશતક સં. ૧૬૭૨ મેડતામાં, ગાથાલક્ષણ સં.૧૬૭૩ મેડતા, વિચારશતક સં.૧૬૭૪, અષ્ટલક્ષી શરૂ કર્યો સં.૧૬૪૯ અને પૂરો કર્યો સં.૧૬૭૬ લાહોરમાં કે જેમાં 'રાજાનો દદતે સૌખ્ય' એ વાક્યના આઠ લાખ અર્થો કર્યા છે (જુઓ પીટર્સન ચતુર્થ રિપોર્ટ નં.૧૧૭૪ પૃ.૬૮), વિસંવાદશતક સં.૧૬૮૫, વિશેષસંગ્રહ સં.૧૬૮૫ લૂણકર્ણસરમાં, ગાથાસહસ્ત્રી સં.૧૬૮૬, જયતિહુયણ સ્તોત્ર પર વૃત્તિ સં.૧૬૮૭ પાટણમાં, દશવૈકાલિક સૂત્ર પર શબ્દાર્થવૃત્તિ સં.૧૬૯૧ ખંભાતમાં, વૃત્તરત્નાકરવૃત્તિ સં.૧૬૯૪ જાલોરમાં, તથા કલ્પસૂત્ર પર કલ્પકલ્પલતા નામની વૃત્તિ, રઘુવંશ પર વૃત્તિ, સંવાદસુંદર, ચાતુર્માસિક વ્યાખ્યાન, નવતત્ત્વ પર વૃત્તિ અને પ્રશ્નોત્તર સારસંગ્રહ આદિનો સમાવેશ થાય છે. સં.૧૬૪૧માં ભાવશતક ગ્રંથ રચ્યો અને સં. ૧૭૦૦માં ગુજરાતીમાં વૃદ્ધપણામાં 'દ્રુપદી સંબંધ' એ ગુજરાતી ભાષામાં રાસ રચ્યો ત્યારે ૧૬૪૧માં ૨૧ વર્ષની ઉંમર કવિની ગણીએ તો ઓછામાં ઓછું ૮૦ વર્ષનું આયુષ્ય ભોગવ્યું હોય એમ પ્રાયઃ નિશ્ચિત થાય છે.

આ ઉપરાંત એ પણ જણાય છે કે તેમણે સં.૧૬૭૬માં રાણકપુર (સાદડી પાસે) જાત્રા કરી અને સં.૧૬૮૨માં જેસલમેર પાસેના અસલ રાજધાની લોદ્રવપુરના વતની થેરુ ભણસાલીએ જેસલમેરથી શત્રુંજય જવાનો સંઘ કાઢ્યો હતો, તેમાં પણ તેમણે સંઘ સાથે રહી શત્રુંજય યાત્રા કરી હતી. તેમ બીજાં અનેક તીર્થોની જાત્રા કરી હતી. વૃદ્ધપણામાં અમદાવાદ અને તે આસપાસ ગુજરાતમાં જ રહી સ્વર્ગવાસ કર્યો હોય તેમ સંભવે છે.

સં.૧૬૭૨માં 'વિશેષશતક' સંસ્કૃતમાં રચેલ છે જેની પ્રશસ્તિ નીચે પ્રમાણે છે:

> શ્રીમત્**ખરતર**ગચ્છે શ્રીમજ્**જિનસિંહ**સૂરિ ગુરુરાજ્યે
> સામ્રાજ્યં કુર્વાણે યુગપ્રધાનાખ્ય બિરુદધરે. ૧
> વિક્રમસંવતિ **લોચન મુનિ દર્શન કુમુદબાંધવ** પ્રમિતે,
> શ્રી **પાર્શ્વ**જન્મદિવસે પુરે શ્રી **મેડતા** નગરે. ૨
> યુગપ્રધાન પદવી શ્રી **અકબ્બર**સાહિના,
> યેભ્યો દત્તા મહાભાગ્યાઃ શ્રી **જિનચંદ્ર**સૂરયઃ ૩
> તેષાં શિષ્યો મુખ્યં સ્વહસ્તદીક્ષશ્ચ **સકલચંદ્ર**ગણિઃ
> તચ્છિષ્ય**સમયસુંદર**સુપાઠકૈર્કૃતં શતકમિદમ્. ૪

(૧) સં.૧૭૨૭ વર્ષે શ્રાવણ વદિ ૩ દિને શનિવાર શ્રી ગુઢા મધ્યે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પં. કલ્યાણનિધાનમુનિનાંતેવાસિના પં. લબ્ધિચંદ્રમુનિ લિપિચક્રે. વિ.ધ.ભં.

તેમની શિષ્યપરંપરામાં સ્વશિષ્ય હર્ષનંદન બહુ વિદ્વાન્ હતા કે જેમણે 'મધ્યાહ્નપદ્ધતિ' નામનો ગ્રંથ સં.૧૬૭૩માં પાટણમાં રચ્યો છે. તેમાં પોતાનીપ્રશસ્તિ આપતાં સ્વગુરુ સમયસુંદર માટે વાચનકલાવિકલાનિષ્ણાત, તર્કવ્યાકૃતિસાહિત્યજ્યોતિ, સમયતત્ત્વવિદ્ એ યથાર્થ વિશેષણો આપ્યાં છે અને વિશેષમાં જણાવ્યું છે કે:

> પ્રજ્ઞાપ્રકર્ષઃ પ્રાગ્વાટે ઇતિ સત્યં વ્યધાયિ યૈઃ
> યેષાં હસ્તાત્ સિદ્ધિઃ સંતાને શિષ્યશિષ્યાદૌ.
> અષ્ટલક્ષાનર્થાનેકપદે પ્રાપ્ય યે તુ નિર્ગ્રન્થાઃ
> સંસારસકલસુભગાઃ વિશેષતઃ સર્વરાજ્ઞાનાં.

આ પરથી જણાય છે કે સમયસુંદર પ્રાગ્વાટ – પોરવાડ વણિક હતા. આ હર્ષનંદને ખરતરગચ્છની લઘ્વાચાર્યીય નામની આઠમી શાખા જિનસાગરસૂરિએ સં. ૧૬૮૬માં કાઢી હતી તે બહુ વધારી. સમયસુંદરના પ્રશિષ્ય હર્ષકુશલ ઉપાધ્યાય થયા કે જેમણે કવિની ભાષાકૃતિ 'ધનદત્ત ચોપઈ' સંશોધી હતી. વળી તેમની શિષ્યપરંપરામાં કુશલચંદ ઉપાધ્યાય થયા અને તેના શિષ્ય આલમચંદ થયા કે જેમણે સં.૧૮૨૨ના માગશર શુદિ ૪ના દિન 'સમ્યક્ત્વ કૌમુદી ચતુઃપદી' ભાષામાં રચેલ છે. જુઓ ઓગણીસમી સદીમાં આગળ કવિ આલમચંદ.

સમયસુંદરના સંતાનીય કીર્તિવર્ધન–અમરવિમલ–અમલચંદ્ર–ભક્તિવિલાસ–જયરત્નશિ. કસ્તૂરચંદે ૧૮૯૯માં જયપુરમાં જિનહેમસૂરિરાજ્યે 'જ્ઞાતાસૂત્ર ટીકા' રચી. પ્ર.કા.ભં. નં.૯૦૨ (વે.).

આ કવિના સંબંધમાં અતિ વિસ્તારથી મેં 'કવિવર સમયસુંદર' એ નામનો નિબંધ ભાવનગરની સાતમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં લખી વાંચ્યો હતો અને તે 'જૈન સાહિત્ય સંશોધક'ના ખંડ ૨ અંક ૩માં પ્રકટ થયેલ છે તે જોઈ લેવા વાચકને ભલામણ છે.

**(૧૨૮૧) [+] ચોવીસી** ર.સં.૧૬૫૮ વિજયાદશમી અમદાવાદમાં

**આદિ –** રાગ મારૂણી.

> **રિષભદેવ** મેરા હો,
> પુણ્યસંયોગઇ પામીઆ મઈ, દરસણ તેરા હો. ૧
> **ઋષભદેવ** મેરા હો.

**અંત –** રાગ ધન્યાસિરી.

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તીર્થંકર રે ચઉવીસે મઈં સંસ્તવ્યા રે,
**ઋષભાદિક** જિનરાય ઇણિ પરિ વીનવ્યા રે
**વસુ ઇંદ્રી** રે **રસ રજનીકર** વચ્છરઈ રે,
**અહમદાવાદ** મઝારિ વિજયાદશમી દિનઈં રે,
ગુણ ગાયા તીર્થંકરના શુભ મનઇં રે. ૧ તી.
**ખરતર**ગચ્છ રે શ્રી **જિનચંદ** સૂરીસરૂ રે,
**જિનસિંઘ** સૂરીસ **સકલચંદ** મુનિવરૂ રે,
સુપસાયઇ રે **સમયસુંદર** આણંદકરૂ રે. ૨ તી.

—ઇતિ શ્રી ચતુર્વિંશતિ તીર્થંકરગીતાનિ.

(૧) પ.સં.૩, પ્રતિ ૧૭મી સદીની, જિ.ચા. પો.૮૭ નં.૨૩૯૩. (૨) પ.સં.૨૯, **વિનયચંદ**, **જિનહર્ષ**, દેવચંદકૃત ચોવીશીઓ સહિત, મહિમા. પો.૬૩. (૩) પ.સં.૮, કૃપા. પો.૫૨ નં.૧૦૩૧. (૪) પ.સં.૫, પ્રતિ ૧૯મી સદીની, જિ.ચા. પો.૮૫ નં.૨૨૬૫. (૫) પ.સં.૫-૧૧, શુદ્ધ પ્રત, આ.ક.ભં. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૪૮).]

[પ્રકાશિત : ૧. ૧૧૫૧ સ્તવનમંજૂષા. ૨.સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

**(૧૨૮૨) સાંબપ્રદ્યુમ્ન પ્રબંધ** [અથવા **રાસ**] ૨૨ ઢાળ ૨.સં.૧૬૫૯ વિજયાદશમી ખંભાતમાં

**આદિ**– શ્રી **નેમિસર** ગુણનિલુ, જગજીવન જિણચંદ,
બ્રહ્મચારી-ચૂડામણી, પ્રણમું પરમાણંદ. ૧
પુરસાદાણિ **પાસ**જિણ, **થંભણ**પુરિ થિર ઠામ,
તાસ જપંતાં જેહનું, સીઝઈ વંછિત કામ. ૨
**વર્દ્ધમાન**સામી સધર, ધ્યાન ધરૂં નિસદીસ,
જયવંતુ તીરથ જેહનું, વરસ સહસ એકવીસ. ૩
તાસ સીસ ત્રિભુવનતિલઉ, ગણધર **ગૌતમ**સામિ,
અષ્ટ મહાસિધિ સંપજઈ, નિત સમરંતા નામ. ૪
સકતિ નહી મુઝ તેહવી, બુદ્ધિ નહી સુપ્રકાશ,
વચનવિલાસ નહી તિસ્યઉ, એ પણિ **પ્રથમ અભ્યાસ.** ૫
**સંબ પ્રજૂન**કુમર તણા, ચરિત અનેક અપાર,
કહઉ કિણ પરિ હું વર્ણવું, પણિ છઈ એ આધાર. ૬
નદી તરંતાં બેડલી, સમુદ્રે વાય સુવાય,
તિમ મુઝ આલંબન અછઈ, સુગુરૂ તણઉ સુપસાય. ૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આઠમઈ અંગઈ એ કહ્યા, સંક્ષેપઈ સંબંધ,
પણિ હું પ્રકરણથી કહિસિ, વિસ્તરપણઈ પ્રબંધ. ૮
સાધ તણા ગુણ ગાવતાં, લાભ અણંતા હોઈ,
પ્રથમ પ્રજૂનકુમારગુણ, સાંભલજ્યો સહુ કોઈ. ૯

*

ઢાલ ૧૩.

*

**સમયસુંદર** કહઈ સાધના એ, ગુણ ગાયા બહુ ભાતિ, કુ.
પ્રથમ ખંડ પૂરઉ થયઉ એ, બીજાની છઈ ષાંતિ. કુ. ૧૯૧

સંવત ૧૬૫૯ વર્ષે વિજયદશમ્યાં શ્રી **સ્તંભતીર્થે** શ્રી **બૃહતખરત** ગચ્છાધીશ્વર શ્રી **ઢિલ્લીપતિ** સાહિ **જલાલદીન અકબ્બરસાહિપ્રદત્તયુગપ્રધાનપદધારક શ્રી ૬ જિનચંદ્ર સૂરીશ્વરાણાં,** સાહિસમક્ષ સ્વહસ્તસ્થાપિત આચાર્ય શ્રી **જિનસિંહસૂરિસુપરિકરાણાં** શિષ્યમુખ્ય પંડિત **સકલચંદ્રગણિ** તચ્છિષ્ય વા. **સમયસુંદરગણિના** શ્રી **જેસલમેરૂવાસ્તવ્ય** નાનાવિધશાસ્ત્રવિચાર, પ્રદ્યુમ્ન પ્રબંધે પ્રથમ ખંડ સંપૂર્ણ.

દૂહા.

**કાસમીર** મુખમંડણી, પ્રણમું તારા પાય,
હિવિ બીજો ખંડ બોલિસ્યું, સાંનિધિ કરિજે માય. ૧
**સત્યભામા** હરિભામિની, દ્રેષી કુમરપ્રતાપ,
અણષ અદેષાઈ કરઈ, સઉકિ મા સંતાપ. ૨
અન્ય દિવસ **ભામા**સતી, ત્રસલઉ ચાડિ નિલાડિ,
ત્રુટમુટલે ષાટલઉ, ષરી રીસાણી હાડિ. ૩
ગલહત્થે દે ગાલસું, નયણે વરસઈ મેહ,
ચિંતાતુર બઇસી રહી, દુખિયાં લક્ષણ એહ. ૪

*

ઢાલ ૨૧.

સૂત્ર પ્રકરણ તણી સંમતિ, ગ્રંથ કીધઉ જાણિ રે,
દેવગુરૂ મુઝ કરિ સાનિધિ, ચડયઉ તેણ પ્રમાણ રે. ૧૯

**અંત –** ઢાલ ૨૨ રાગ ધન્યાસરી.

આઠમઈ અંગિ એ કહ્યઉં, **સંબ** નઈ **પ્રજૂન્ન** અધિકાર,
**સોહમસામી** ઉપદિસ્યઉ, **જંબુ**નઈ સુવિચાર,

સુવિચારસુંદર મુનિપુરંદર, સોભાગી મહિમાનિલા,
ચારિત્રપાત્ર મહાંત મુનિવર, સકલ સાધુ ગુણે ભલા.
ગિરૂયા તણા ગુણ ગાવતાં, મુઝ હીયઉ હરખઈ ગહગહ્યઉ,
ગણિ **સમયસુંદર** કહઈ સંબંધ, આઠમઈ અંગઈ કહ્યઉ. ૧
**સંબ પ્રજૂન્ન** ગુણ ગાવતાં, દૂખ દોહગ ગયાં દૂરિ,
રિદ્ધિ સમૃદ્ધિ સુખસંપદા, પ્રગટયઇ પુણ્યપડૂર,
પ્રગટિઉ પુણ્યપડૂર ઘરિઘરિ રલિય રંગ વધામણાં,
નવનવા ગીત વિનોદ ઉચ્છવ, ધવલ મંગલ અતિ ઘણાં.
શ્રી **કૃષ્ણનંદણ** જગઆણંદણ, ધ્યાન તસુ મનિ ધ્યાવતાં,
ગણિ **સમયસુંદર** કહઈ આણંદ, **સંબ પ્રજૂન્ન** ગુણ ગાવતાં. ૨
શ્રી **ખરતરગચ્છ** દીપતો દિનદિન અધિકઇ વાની,
શ્રી **જિનચંદ** સૂરીસરૂ, જંગમ જુગહપ્રધાન,
જંગમ જુગહ પ્રધાન, પદવી પાતસાહ **અકબર** દીયઇ,
જગ માંહિ જીવદયા તણઉ, જસપડહ ફિરવ્યઉ જિયઇ.
તસુ સીસ અતુલ પ્રતાપ, **જિનસિંહ**સૂરિ અરિયણ જીપતા,
ગણિ **સમયસુંદર** કહઇ દિનદિન શ્રી **ખરતરગચ્છ** દીપતા. ૩
શ્રી સંઘ સુજસ જગીસ એ હીયડઇ હરખ અપાર,
**થંભણપાસ** પસાઉલિ **ખંભાયત** સુખકાર,
સુખકાર સંવત **સોલ ઓગુણસઠિ** વિજયદસમી દિનઇ,
એકવીસ ઢાલઇ રસાલ એ ગ્રંથ રચયઉ સુંદર શુભ મનઈ.
(ભાવ. પ્રતમાં વધુ એ છે ૩)
**જિણચંદ**સૂરિ વિનેય પંડિત, **સકલચંદ** સુસીસ એ,
ગણિ **સમયસુંદર** એમ પભણઇ, સંઘ સુજસ જગીસ એ. ૪

(૧) મહો. **દેવવિજયગણિ** શિ. ગણિ **ધર્મવિજયગણિ** લિ. **બુરહાનપુર** નગરે પં. **શ્રીવિજયગણિ** શિ. **શિવવિજયગણિ** વાચનાર્થં. પ.સં. ૨૬-૧૩, ડે.ભં. નં.૮૩. (૨) સં.૧૬૯૮ આસો વદિ ૫ ગુરૌ લ. આ. **વીરજી**. પ.સં.૨૧-૧૩, ડે.ભં. નં.૮૪. (૩) સં.૧૭૯૭ પ્ર. શ્રા. વદિ ૨ શની **રાજનગરે પ્રેમાપુર** મધે લ. **સંવેગગચ્છે** સુશ્રાવક શ્રી **પત્તનનગરનાં** સા **વર્દ્ધમાન** પુત્ર સા **વાલમજી** તત્ પુત્ર **હીરાચંદ** સા પઠનાર્થં. [ભં.?] (૪) ગણી **રત્નવિજય** શિ. મુ. **ચંદ્રવિજય** લિ. સં.૧૭૨૮ પ.સં.૧૮-૧૬, ડે.ભં. નં.૮૭. (૫) સં.૧૭૦૧ શાકે ૧૫૬૬ આસાઢ શુ.૧૩ **ખીમેલ** ગ્રામ મધ્યે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ.સં.૧૭-૧૩, ડે.ભં. નં.૮૯. (૮) પં. કલ્યાણસાગર ગ. શિષ્ય પં. દાનસાગરગણિ ગણિ વીરસાગરેણ લિ. બર્હાણપુરે સં.૧૭૨૭ ભાદ્રવા સુદિ ૧૩. પ.સં.૨૪, પ્ર.કા.ભં. નં.૪૭૬. (૯) સં.૧૬૫૯ વિજયદશમી દિને શ્રી સ્તંભતીર્થે...સં.૧૭૩૮ માગશર શુ.૫ સોમવારે લિ. પં. શિવનંદન. પ.સં.૨૮-૧૩, રા.એ.સો. બી.ડી.૧૫૪ નં.૧૯૯૧. (૧૦) સં.૧૬૫૯ વર્ષે શ્રી વિજયદશમ્યાં દિને શ્રી સ્તંભતીર્થે...વિક્રમ મહાનગરે લિખિતા પ્રતિરિયં. પ.સં.૨૦-૧૪, ડા.અ.ભં. પાલણપુર દા.૩૬. (૧૧) સં.૧૬૯૭ આશો વદી ૧ રવિ શ્રી તપાગચ્છના વિજયાણંદસૂરી રાજ્યે પં. દેવવિજયગણી શિ. તેજવિજયગણી શિ. રષી ષમવિજય લિ. પ.સં.૨૩-૧૫, રા.એ.સો. બી.ડી.૧૯૬ નં.૧૯૯૦. (૧૨) સં.૧૬૬૪ વૈ.શુ.૧ બુધે સ્તંભતીર્થે પ.સં. ૩૧-૧૧, ડા.અ.ભં. પાલણપુર દા.૩૬. (૧૩) સંવત્ ૧૭૩(?) લિ. રાજનગર મધ્યે ગણિ ભાગ્યસાગર વાચનાર્થં. પ.સં.૧૬-૧૭, મુક્તિ. વડોદરા નં.૨૩૬૮. (૧૪) સં.૧૬૫૯ વિજયદશમી દિને સ્તંભતીર્થે બૃહત્ખરતરગચ્છાધીશ્વર ડિલ્લીપતિ સાહી શ્રી અકબ્બર જલાલદીન સાહિ પ્રદત્ત યુગપ્રધાન પદધારક જિનચંદ્ર સૂરીશ્વરાણાં સાહિ સમક્ષં સ્વહસ્તસ્થાપિત આચાર્ય શ્રી જિનસિંહસૂરિ સપરિકરાણાં શિષ્યમુખ્ય પંડિત સકલચંદ્રગણિ તચ્છિષ્ય વા. સમયસુંદરગણિભિઃ કૃતાઃ શ્રી સંબ પ્રદ્યુમ્ન પ્રબંધે દ્વિતીયઃ ખંડઃ સંપૂર્ણઃ ઉભય ખંડ મિલને ગાથા ૫૩૫ ઢાલ ૨૧ ગ્રંથાગ્રં ૮૦૦ શુભં ભવતુ. પ.સં.૧૯-૧૫, યતિ નેમચંદ. (૧૫) સં.૧૭૨૮ કા.વ.૭ શનિ શ્રી મહાવિર પ્રસાદાત્ શ્રી કોરટા નગરે. પ.સં.૨૩-૧૪, ઝીં. પો.૪૦ નં.૨૦૧. (૧૬) પ.સં.૧૪-૧૯, પુ.સં. (૧૭) અંચલગછે ભ. ધર્મ્મમૂર્ત્તિસૂરિ શિ. પં.રૂપમૂર્ત્તિગણિ શિ. પં. મતિસાગર લ. પ.સં.૨૬-૧૫, મ.જૈ.વિ. નં.૫૦૧. (૧૮) પ.સં.૨૯-૧૨, મ.જૈ.વિ. નં.૫૦૦. (૧૯) શ્રી મેદપાટાધીશ મહારાણા શ્રી જગતસિંહજી પ્રતિબોધક ભ. વિજયસિંહસૂરિ શિષ્ય ગણિ કમલવિજયેનાલેખિ. પ.સં.૨૪-૧૫, મુક્તિ. નં.૨૪૫૯. (૨૦) પ.સં. ૧૪-૨૦, ઘોઘા ભં. દા.૧૬ નં.૫. (૨૧) સં.૧૭૨૦ કા.વ.૧૩ અર્કવારે. પત્ર ૯ તથા ૧૧ નથી, પાદરા ભં. નં.૨૨. (૨૨) સં.૧૭૦૪ આસુ સુ.૧૩ પં. કનકનિધાન લિ. શ્રી તલવાડા નયરે. પ.સં.૧૬, નાહટા. સં. નં.૨૬૩. (૨૩) સં.૧૭૮૦ માહા શુ.૪, પ.સં.૯-૨૫, જૈનાનંદ નં.૩૩૨૨. (૨૪) પ.સં.૨૦, તત્કાલીન સારી પ્રત, મહિમા. પો.૩૦. (૨૫) તત્કાલીન, પ.સં.૩૬, કૃપા. પો.૪૪ નં.૭૭૪. (૨૬) પ્રત ૧૭મી સદીની, પ.સં.૩૪,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મહિમા. પો.૭૪. (૨૭) પ્રત ૧૭મી સદીની, સાધ્વી પુનમા લ. પ.સં.૨૦, જિ.ચા. પો.૮૫ નં.૨૨૩૯. (૨૮) સં.૧૭૯૪ વૈ.શુ.૧૩ ફ્લોધી મધ્યે ઉ. નેમિસુંદર શિ. વા. ઉદયમૂર્તિ શિ. લછીરામ શિ. જીવણ લિ. અબીર. પો.૯. (૨૯) સં.૧૭૮૩ ચૈ.શુ.૨. જય. પો.૬૯. (૩૦) પુરાણી પ્રતિ, પ.સં. ૨૬, અભય. પો.૧૫ નં.૧૫૨૬. (૩૧) ધર્મસંયમ શિ. રામજી લિ. સારી પ્રત, પ.ક્ર.૨થી ૨૦, અભય. નં.૧૫૨૭ અને ૧૫૨૮. (૩૨) પ.સં.૨૦, અભય. પો.૧૫ નં.૧૫૯૭. (૩૩) સં.૧૮૧૨, પ.સં.૧૪, ક્ષમા. નં.૩૯૯. (૩૪) સં.૧૮૯૫ આ.સુ.૧૦, પ.સં.૨૧, અભય. પો.૧૨ નં.૧૦૩. (૩૫) તપા વિજયાણંદસૂરિ રાજ્યે. પ.સં.૧૦-૨૫, ખેડા.ભં. દા.૮ નં.૧૧૦. (૩૬) પ.સં.૪૦, સુંદર ચિત્રો સહિત પ્રદર્શનમાં મૂકવા યોગ્ય, ભાગ્યરત્ન મુનિ. ખેડા પાસે. (૩૭) સં.૧૮૧૬ શકે ૧૬૮૦. પ.સં.૨૫-૧૫, ગુ. નં.૫૫-૧૫. (૩૮) ભાં.ઇ. સન ૧૮૭૫-૭૬ નં.૭૭૯. (૩૯) પ.સં.૨૭-૧૧, ડે.ભં. દા. ૮૨. (૪૦) પ.સં.૧૨-૧૭, વિ.ને.ભં. નં.૪૪૮૯. (૪૧) પ.સં.૧૮-૧૫, વડા ચૌટા ઉ. સુરત. (૪૨) પ.સં.૧૪-૧૭, વ.રા. (૪૩) પ.સં.૨૧-૧૫, મો.મો.સાગર ઉ. પાટણ. દા.૮ નં.૧૮. (૪૪) સં.૧૬૬૪ વૈ.શુ.૭ ખ. જિનચંદ્રસૂરિ રાજ્યે સાગરચંદ્રસૂરિશાખાયાં વા. મહિમરાજ વા. સોમસુંદર વા. સાધુલાભ વા. ચારૂધર્મ વા. સમયકલશગણિ શિ. પં. સુખનિધાનગણિ શિ. મોહન લિ. અંત પત્ર, અભય. (૪૫) સં.૧૬૪૨ વિધિપક્ષગચ્છે વા. ચારિત્રલાભ-વા. ગજલાભ-ઋ. જયલાભ લિ. દેવપત્તન મધ્યે. જૈન વિદ્યાશાળા અમ. (આ સં.૧૬૪૨નો સંવત્ આપવામાં જૈન સાહિત્ય પ્રદર્શન પ્રશસ્તિસંગ્રહની નં.૫૨૪માં ભૂલ થઈ જણાય છે. અથવા આ રાસ અન્યકૃત હોવો ઘટે.) (૪૬) સં.૧૭૨૨ પો.કૃ.૧૪ સોમે નૂહન ચાતુર્માસે લિખવા માંડ્યો. ૭ પત્ર લિખ્યા પૂરો કીધો છઇ ચૂડિઆલ મધ્યે ગણિ રતનસોમ લિ. હં.ભં. (૪૭) લિ. સં.૧૭૩૩ ફા.શુ.૧૦ રવૌ સકલપંડિતશિરોમણિ પં. શ્રી ૫ શ્રી જસવિજયગણિ શિ. ગ. જિનવિજયેન વજીરપુરીય સા સોમજી સુત સા. વીરચંદ પઠનાર્થં. સિનોર ભં. (૪૮) સં.૧૭૩૪ ભા.વ.૮ પૂર્ણિમાપક્ષે કસૂંબી પાટક મધ્યે ઋ. હેતરાજ લિ. ચેલા પ્રેમજી વાચનાર્થં. ગ્રં. ૮૫૦, ઢાલ ૨૧ બંને ખંડ મલી, જૈન વિદ્યાશાળા અમ. (૪૯) સં.૧૮૫૮ પં. નેમવિમલગણિના માઘ વ.૧૧ વીકાનેર મધ્યે. હં.ભં. (૫૦) સં.૧૭૮૦ માહ શુ.૪ ગણિ અમીવિજય શિ. રામવિજે. લિ. પાર્શ્વનાથ પ્રસાદાત્. જૈનાનંદ. (૫૧) પં. અજિતસોમગણિ શિ. જીનસોમ લ.સં.૧૭૬૯ માહ

વદિ ૫. ૫.સં.૨૩, ગોડીજી. નં.૩૯૨. (૫૨) ઇતિ સંવત ૧૬૫૯ વર્ષે શ્રી વિજયદસમી દિને, શ્રી સ્તંભતીર્થે શ્રી બૃહત્‌ખરતરગચ્છાધીશ્વર શ્રી ડિલ્લીપતિ પાતિસાહિ શ્રી અકબ્બર જલાલદીન સાહિ પ્રદત્તયુગપ્રધાન-પદધારક શ્રી શ્રી ૫ જિનચંદ્રસૂરીશ્વરાણાં સાહિસમક્ષ સ્વહસ્તપ્રસ્થાપિતા-ચાર્ય શ્રી જિનસિંહસૂરી સપરિકરાણાં, શિષ્યમુખ્ય પંડિત સકલચંદ્ર ગણિ તચ્છિષ્ય વા. સમયસુંદર ગણિભિઃ શ્રી જેસલમેરૂ વાસ્તવ્ય નાના-વિધશાસ્ત્રવિવરે રસિક લોઢા સા. સિવરાજસમભ્યર્થનયા કૃતઃ, શાંબ પ્રદ્યુમ્ન પ્રબંધે દ્વિતીય ખંડઃ સંપૂર્ણં, ઉભય ખંડ મીલને ગાથા ૬૩૫, ઢાલ ૨૧ શ્લોકસંખ્યા ૮૦૦, પંડિત શ્રી ૫ માણિક્યચંદ્રગણિ શિષ્ય પં. હેમ-ચંદ્રેણ લિપિચક્રે આસો વદિ સાતિમ દિને ઇતિ મંગલં. ઘણી જૂની – રચનાસમયથી બાર દિન જ પછીની પ્રત, દે.લા. (૫૩) સંવત ૧૬૮૬ વર્ષે ફાલ્ગુન માસે શુક્લપક્ષે ચતુર્થ્યાં તિથૌ શનિવાસરે જોશી ગંગદાસ લિષતં. બાઈ માના પઠનાર્થં. વિવેકવિજય યતિનો ભં. (ઘૂમટાવાલો ઉપાશ્રય) ઉદયપુર. (૫૪) પ.સં.૩૮–૧૦, લીં.ભં. (૫૫) પ.સં.૧૯–૧૭, લીં.ભં. (૫૬) લિ. મુનિ દૂદા. પ.સં.૩૨–૧૦, વિ.ધ.ભં. (૫૭) સકલ-પંડિતશિરોમણિ પંડિતોત્તમ પંડિત શ્રી શ્રી શાંતિવિજયગણિ શિષ્ય પં. પ્રતાપવિજય લિષિતં કૃષ્ણગઢ નગરે ચિંતામણિ પાર્શ્વનાથ પ્રસાદાત્‌ સંવત ૧૭૮૭ વર્ષે માસ ચૈત શુદિ ૬ શુક્રવાસરે શ્રીરસ્તુ. ભાવ.ભં. (૫૮) સં.૧૭૬૧ પોસ વદિ ૧૩ લિ. પ.સં.૨૫–૧૫, મો. (૫૯) કુલ ૨૩૮ કડી. લિખિતા શ્રી પટ્ટણા નગરે સંવત ૧૭૧૨ વર્ષે માઘ માસે શુક્લપક્ષે ત્રયો-દશી તિથૌ મંગલવારે શ્રી ખરતરગચ્છે શ્રી જિનમાણિક્યસૂરિશાખાયાં વાદીંદ્ર શ્રી ગુણરત્નગણિ તત્‌ શિષ્ય વા. શ્રી શ્રી રત્નવિશાલગણિગજેંદ્રાણાં તત્‌ શિષ્યમુખ્ય વાચનાચાર્ય શ્રી ૫ લબ્ધિવિજયગણીનામંતેવાસિના પં. મહિમોદયગણિના લિખાવિતં. લિખિતં પં. કલ્યાણમુનિના. પરોપ-કરાય સુશ્રાવિકા પુન્યપ્રભાવિકા વીરો પઠનાય. શ્રી સીમંધરસ્વામિપ્રસાદાત્‌. પ.સં.૩૧–૧૧, અનંત. ભં. (૬૦) ગ્રંથાગ્રંથ સંખ્યા ૮૫૦. સંવત ૧૬૯૨ વર્ષે આસોજ માસે સેત પષે ત્રિતીયા તિથૌ સોપર નગરે લિષતં ઋક્ષ શ્રી વણવીરજી. પ.સં.૧૪–૧૩, કવિના સમયમાં લખાયેલી, મારી પાસે. (૬૧) બે ખંડ ઉભયખંડ મીલને ગાથા ૫૩૫ ઢાલ ૨૧ શ્લોક સર્વસંખ્યા ૮૦૦ અંકે આઠસિંઈ પૂરા સંવત સોલ ૧૬૭૦ વર્ષે માર્ગસિર માસે કૃષ્ણ પક્ષે પંચમી તિથૌ વાર સોમે લખિતં. સ્તંભતીર્થે લખિતં. સારી

પ્રત ને જૂની પ્રત, પ.સં.૩૨–૧૧, લીં.ભં. (૬૨) ગુ.વિ.ભં. (૬૩) રત્ન. ભં. [જૈહાપ્રોસ્ટા, લીંહસૂચી, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૩૯, ૨૪૦, ૪૯૯, ૫૦૦, ૬૦૦).]

**(૧૨૮૩) + દાન શીલ તપ ભાવના સંવાદ** [અથવા **રાસ, ચોપાઈ, ચોઢાળિયાં**] અથવા **સંવાદશતક** ર.સં.૧૬૬૨ સાંગાનેરમાં.

**આદિ**– પ્રથમ જિણેસર પાય નમી, પામી સુગુરૂપ્રસાદ,
દાન સીયલ તપ ભાવનાં, બોલિસ બહુ સંવાદ. ૧
**વીર** જિણંદ સમોસર્યા, **રાજગ્રહી** ઉદ્યાન,
સમોસરણ દેવેં રચ્યો, બેઠા શ્રી **વર્દ્ધમાન**. ૨
બેઠી બારહ પરષદા, સુણિવા શ્રી જિનવાંણિ,
દાન કહૈ જગિ હૂં બડો, મુઝનેં પ્રથમ બખાંનિ. ૩

**અંત** – **સોલે સૈ બાસઠ** સમૈ રે **સાંગાનેર** મઝાર
**પદમપ્રભૂ** સુપસાઉલે રે, એહ થુણ્યો અધિકારો રે ધર્મ હિયે ધરો.
**સોહમસા**મિ પરંપરા રે, **ખરતરગછ** કુલચંદ
યુગપ્રધાન ગુરૂ પરગડૌ રે, શ્રી **જિનચંદ** સૂરીંદો રે. ધ.
તાસ સીસ અતિ દીપતા રે; વિનયવંત જસવંત
આચારજ ચઢતી કલા રે, **જિનસિંહ**સૂરિ મહંત. ધ.
પ્રથમ શિષ્ય શ્રીપૂજના રે, **સકલચંદ** તસુ સીસ
**સમયસુંદર** વાચક ભણે રે, સંઘ સદા સુજગીસો રે. ધ. ૯
દાન શીલ તપ ભાવના રે, સરસ રચ્યો સંવાદ,
ભણતાં ગુણતાં ભાવ સું રે, રિદ્ધિ સમૃદ્ધિ સુપ્રસાદો રે. ધ. ૧૦

(૧) **અંકેલેસર** ગ્રાંમ શ્રી **શાંતિનાથ** પ્રસાદાત્ ૧૮૪૩ સં. વૈ. વદી ૬ **પ્રેમવીજે** લ. પ.સં.૭–૯, ખેડા ભં. દા.૮ નં.૧૦૭. (૨) સં.૧૮૩૯ ભાદ્ર. વ.૮ સોમ ઉ. **જયસૌભાગ્યગણી** શિ. **હર્ષસૌભાગ્યેન**. પ.સં.૫–૧૪, ડા. પાલણપુર દા.૩૬. (૩) લિ. પં. હરરાજ સં.૧૬૭૬ માહ શુ.૯ **બલાહડા** મધ્યે. પ.સં.૪–૧૩, જશ.સં. (૪) સં.૧૬૯૪ માહા શુ.૧૧ **અહમ્મદાવાદ** મધ્યે લ. રિષિ **રાજકીર્ત્તિ** સાધ્વી **રાજશ્રી** પઠનાર્થં. પ.સં.૫–૧૨, પાદરા ભં. નં.૪૩. (૪) પ.સં.૮, લીં.ભં. દા.૨૩. (૫) સં.૧૮૨૪ **આ.** વ. અમાસ **માનવિજય** લિ. પ.સં.૫–૧૨, રો.એ.સો. બી.ડી.૧૫૪ નં. ૧૯૦૯. (૬) સં.૧૭૩૮ આસો સુ.૧૪ **પુણ્યપાપસર** મધ્યે પં. **રત્નવિમલ**મુનિના લિ. અભય. નં.૧૫૪૫. (૭) રત્ન ભં. (૮) સં.૧૭૪૭ વર્ષે

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ.સં.૫-૧૦, અનંત. ભં. (૯) પંડિત સુમતિસોમગણિના લિખિતઃ સુશ્રાવિકા પુણ્યપ્રભાવિકા બાઇ કેસરી પઠનાય. પ.સં.૫-૧૩, મારી પાસે. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૧૫૨, ૨૪૫, ૨૫૦, ૨૫૧, ૨૫૭, ૨૬૭, ૨૮૧, ૨૮૨, ૨૯૩, ૪૩૪, ૪૮૭, ૫૧૨, ૫૨૧, ૫૬૩).]

પ્રકાશિત : ૧. જૈન પ્રબોધ પુસ્તક પૃ.૩૯૨. ૨. જૈન સઝાયમાળા પૃ.૩. ૩. ચૈત્ય. આદિ સં. ભા.૩. [૪. સમય સુંદર કૃતિ કુસુમાંજલિ.]

**(૧૨૮૪) + ઘંઘાણી તીર્થ સ્તોત્ર** ૪ ઢાલ ર.સં.૧૬૬૨

આદરમાંન ઘણો હુસેં વલિ ન્યાન દરસનનો લાભો રે,
વાંચણહારાનૌ જસ વિસ્તરસ્યે જિમ જલ આભો રે. સી. ૯
નવ ખંડ પૃથવિના કહ્યાં તિણ ચોપઇના નવ ખંડો રે,
વાંચણહારાનો તિહાં પસરો પ્રતાપ અખંડો રે. સી. ૧૦
**સીતારામ**ની ચોપઇ વાંચીને એ લાભ લેજ્જે રે,
સાંભલણહારાને તુમ્હે કાંઈ સિલવ્રત સું સંદેજ્જે રે. સી. ૧૧
જિનસાસન શિવસાસને **સિતારામ** ચરિત્ર સુણીજે રે,
ભિન્ન ભિન્ન સાસન ભણી કો કો વાર્તા ભિન્ન કહિજે રે. સી. ૧૨
જિનસાસન પણિ જૂજૂયાં આચારિજનાં અભિપ્રાયો રે,
**સિતા** કહિ **રાવણ** સૂતા તે **પદ્મચરિત્ર**થી કહેવાયો રે. સી. ૧૩
પણિ વિતરાગદેવે કહ્યો તે સાચૂં કરિ સરદહજ્યો રે.
**સિતાચરિત**થી મેં કહ્યું માહરો છેહડો મત ગ્રહજ્યો રે. સી. ૧૪
હું મુઢમતિ કિસૂં જાંણું મુઝ વાંણિ પણિ ન સવાદો રે,
પણિ જે જોડિ મેં રસ પડયો તે દેવગુરૂનાં પરસાદો રે. સી. ૧૫
હું સિલવંત નહિ તિસો, મુઝ પોતે બહુ સંસારો રે,
પણિ સિલવંતનો જસ કહતાં, મુઝ થાસે સહિ નિસ્તારો રે. સી. ૧૬
ચપલ કવીસરનાં કહ્યાં એક મન ને વચન એ બેઇ રે,
કવિ કલ્લોલ ભણિ કહે, રસના વાહ્યા પણ કેઇ રે. સી. ૧૭
ઓછું અધિકું પણિ મેં કહ્યું, કાંઈ વિરૂદ્ધ વચન પણિ હોઇ રે,
તે મુઝ મિચ્છામિ દુક્કડં સંઘ સાંભલજો સહુ કોઇ રે. સી. ૧૮
ત્રિણ હજારનેં સાતસે માઝને સઇ ગ્રંથનું માનો રે,
લિખતાં ન લખાવતાં પામિજે જ્ઞાન પ્રધાનો રે. સી. ૧૯
**ખરતરગચ્છ** માંહિ દિપતા શ્રી **મેડતા** નગર મઝારો રે,
ગોત્ર **ગલોછા** ગહગહે સામગ્રીમે સિરદારો રે. સી. ૨૦
નગર ઘટે ઘણે નામ ગયું, અતબાર ઘણો દરબારો રે,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુરુગચ્છના રાગી ઘણું, ઉતમ ઘરનો આચારો રે. સી. ૨૧
પૂત્રરતન **રાયમલ** તણા તે લઈ લખમીનો લાહો રે,
**અમીપાલને નેતસી** ભલો ભત્રીજ **રાજસી** સાહો રે. સી. ૨૨
**સીતારામ**ની ચોપઈ એહને આગ્રહ કરિ કીધી રે,
દેશપ્રદેસે વિસ્તરિ જ્ઞાનવૃદ્ધિ લિખાવતાં લિધિ રે. સી. ૨૩
શ્રી **ખરતરગચ્છ** રાજિયા યુગપ્રધાન **જિનચંદો** રે,
પ્રથમ શિષ્ય શ્રી પૂજ્યના ગણી **સકલચંદ** સુખકંદો રે. સી. ૨૪
**સમયસુંદર** સીષ્ય તેહના શ્રી ઉપાધ્યાય કહિજે રે,
તિણ એ કિધિ ચોપઈ, સાજણ માણુસ સલહિજે રે. સી. ૨૫
વર્ત્તમાન ગચ્છના ધણી ભટ્ટારક **શ્રી જિનરાજો** રે,
**જિનસાગર** સૂરીસરૂ આચારિજ અધિક દિવાજો રે. સી. ૨૬
એ ગુરૂને સૂપસાઉલે એ ચઉપઇ ચઢિ સુપ્રમાણો રે,
ભણતાં સુણતાં વાંચતાં હુઈ આણંદ કોડિ કલ્યાણો રે. સી. ૨૭
ઇતિ શ્રી સીતારામ પ્રબંધે **નવમો ખંડ** સમાપ્તં.
ઇતિ શ્રી રામસીતા રાસ સંપૂર્ણ.

(૧) પ્રતિ ૧૭મી સદીની, પ.સં.૩૨, અપૂર્ણ, મહિમા. પો.૮૭. (૨) સં.૧૭૦૯ આ.સુ.૧૧ વા. **તેજસાર** શિ. **જીવવિજય** શિ. **ગુણવિમલ** શિ. **કનકનિધાન** લિ. **વિસરાહરે**. પ.સં.૮૪, વી.લ. વિકાનેર. પો.૧૦ નં.૬૫. (૩) સં.૧૭૨૧ કા.વ.૧૦ ભોમે. પ.સં.૬૦–૧૮, ઘણી સારી ને ચોખ્ખી પ્રત, રાજકોટ મોટા સંઘ ભં. (૪) સં.૧૭૩૬ **ઝઝુ** મધ્યે **રામચંદ્ર** લિ. પ.સં.૪૨, અભય. પો.૧૫ નં.૧૫૧૮. (૫) પ.સં.૫૮, અભય. નં.૧૫૧૯. (૬) સં.૧૭૪૭ માઘ શુ.૯. પ.સં.૭૪–૧૭, ગુ. નં.૧૧–૪. (૭) સં.૧૭૫૩ કા.શુ.૧૧ પં. **ભાવસાગરગણિ** શિ. ગ. **ચંદ્રસાગરેણ** લિ. પ.સં.૮૦–૧૬, વિ.ને.ભં. નં.૪૫૮૨. (૮) સં.૧૭૫૩ ફા.શુ.૧૧ **જેસલમેરે વર્દ્ધમાન** લિ. પ.સં.૯૫, મહિમા. પો.૩૪. (૯) ગા.૨૪૧૨, ગ્રં.૩૭૦૦, પ્રત ૧૮મી સદીની, પ.સં.૧૨૨, જિ.ચા. પો.૮૫ નં.૨૨૫૦. (૧૦) સં. ૧૮૩૭ ફા.શુ.૬ ગુરૂ **મહેવાદેસે તલવાડા** મધ્યે **બૃહત્ ખરતરગચ્છે** ભ. **જિનચંદ્રસૂરિરાજ્યે કીર્ત્તિરત્નસૂરિશાખાયાં** ઉ. **જયસૌભાગ્યગણિ** શિ. પં. **ચારિત્રોદયજી** લઘુભ્રાત પં. **માણિક્યોદય** લિ. ચિરં. **ભગવાન કાંના મોજીરાંમ ઋષભદત્ત** હેતવે. પ.સં.૬૫–૧૭, અનંત. ભં. નં.૨. (૧૧) સં.૧૮૪૦ વૈ.શુ.૧૨ **ઉદરામસર** મધ્યે **વિનયચંદ** લિ. પ.સં.૭૪, જય. પો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૬૧. (૧૨) સં.૧૮૪૧ પ્રથમ ચૈ.વ.૪ બુધે તપાગચ્છે ભ. કીર્તિરત્નસૂરિ શિ. મુ. બુદ્ધિરત્નેન લિ. શ્રી સૂર્યપુરે શ્રી શાંતિનાથચરણે લિ. પ.સં.૮૪-૧૬, ગ્રી. દા.૩૪ નં.૧૫૮. (૧૩) સં.૧૮૮૫ લિ. પ.સં.૧૫૬-૧૩, ગુ. નં.૧૨-૧૧. (૧૪) સં.૧૮૯૫ મૃગશિર શુ.૩ મંગલ લિ. અજીમગંજ નગર મધ્યે આર્યાજી શ્રી નંદૂજી તચ્છિષ્યણી શ્રી ચનણા(ચંદના)જી તત્ શિ. ચિમના લિ. પાર્શ્વનાથ પ્રસાદાત્ ભાગીરથી તટે. પ.સં.૧૦૩-૧૪, મો.સેં.લા. (૧૫) ભાં.ઇ. સને ૧૮૭૦-૧ નં.૨૮૨. (૧૬) પ.સં.૭૨-૧૫. અપૂર્ણ, દે.લા. નં.૭૨. (૧૭) પ.સં.૯૬-૧૫, જૈ.એ.ઇ.ભં. નં.૧૩૫૧. (સુંદર જૂની કવિના સમયની પ્રત લાગે છે.) (૧૮) પ.ક્ર.૨૧થી ૬૮, અભય. પો.૧૩ નં. ૧૪૪. (૧૯) સં.૧૯૨૫ જે.વ.૪ ચંદ્રવારે લી. વકીલ વરજલાલ વેણીદાસ આત્માર્થે ખેટકપુરે ભીડભંજન પાર્શ્વનાથ પ્રસાદાત્. પ.સં.૮૦-૧૬, ખેડા ભં. દા.૮ નં.૧૧૬. (૨૦) પ.સં.૯૬-૧૩, સારી પ્રત, રાજકોટ મોટા સંઘ ભં. (૨૧) પ.ક્ર.૨૮થી ૯૯, પ્રથમનાં ૨૭માં પાંચમા ખંડની ઉપાંત્ય ઢાલ સુધીનું નથી ને ૯૯ સુધીમાં નવમા ખંડની ૭ ઢાલ સુધી છે, ફાર્બસ સભા, મુંબઈ નં.૮૮. (૨૨) સં.૧૭૩૮ કા.શુ.૨ બુધે કાંન્હાસર મધ્યે ભ. જિનચંદ્રસૂરિરાજ્યે સાગરચંદ્રસૂરિસંતાનીય વા. સુખનિધાન શિ. પં. ગુણસેન શિ. પં. યશોલાભગણિના લિ. પ.સં.૮૧, ત્રુટક, અભય. (૨૩) સં. ૧૭૯૬ શાકે ૧૬૬૧ આસો શુ.૯ રવિ લિ. વિદ્યાકુશલગણિ ચાહીનગરે શિ. પાર્શ્વદત્ત શિ. મહિમાવલ્લભ વાચનાંય. જૈ.વિ.શા.જ્ઞા.ભં. અમ. (૨૪) સંવત ૧૮૮૬ના વર્ષે સાકે ૧૭૫૧ નાના પ્રવર્ત્તમાને માસોત્તમ માસે સુભકારી ચૈત્ર માસે સુકલપક્ષે ત્ર્યોદસી તીથૌ ભૃગુવાસરે લીપીકૃતં પં શ્રી શ્રી શ્રી ૧૦૮ શ્રી કલ્યાણવર્દ્ધનગણી તતસીષ્ય પં શ્રી ૫ મેઘવર્દ્ધનગણી તત્ સીસ્ય પં. શ્રી ૫ વિવેકવર્દ્ધનગણી તતસીષ્ય પં. શ્રી ૫ ધર્મ્મવર્દ્ધનગણી તતસીષ્ય પાયરજરેણુસમાન પં. શ્રી ૫ ક્ષેમાવર્દ્ધનગણી વાંચનાર્થં.

જબ લગ મેરૂ અડગ હે જબ લગ સસીયર સુર,
તબ લગ એ હોનું તપો લેખક પાઠક હોય.

લખીતં વઢવાણ નગરે શ્રી ઋષભદેવ પ્રસાદાત્ શુભં ભવતુ કલ્યાણમસ્તુ. દે.લા. (પં. કમલવિજય શિ. પદ્મવિજય પાસેની પ્રત.) (૨૫) પં. રૂપા લિખિતં શ્રી મહોટકોટ મધ્યે સં.૧૬૯૧ વર્ષે આસૂ સુદિ ૩ દિને પ.સં. ૯૮-૧૫, આ.ક.ભં. (૨૬) પ.સં.૧૧૯-૧૪, આ.ક.ભં. (૨૭) આગ્રા ભં. (કવિની સ્વહસ્તલિખિત પ્રત છે.) [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪૩૧, ૫૯૪).]

[પ્રકાશિત : ૧ સંપા. અગરચંદ નાહટા.]

**(૧૨૯૩) બારવ્રત રાસ** ૨.સં.૧૬૮૫

**(૧૨૯૪) ષડાવશ્યક સૂત્ર બાલા.**

(૧) સંવત ખ નિધ મુનિ ચંદ્ર (૧૭૯૦) નભસ્ય માસ પરિતષદાનિ-ઘાદ્ય વારે શ્રી **જિનકુશલસૂરિશાખાયાં** વાચના(ચા)ર્ય શ્રી **કનકનિધાંનગણિ.** તત મુખ્ય વાચનાચાર્ય શ્રી **ક્ષમાસુંદરજીગણિ** તત્ શિષ્ય ચિરં પં. **નેમ-વલ્લભ** લિ. શ્રી **કાલૂ** ગ્રામે **સુરત્વરી** મધ્યે. છેલ્લું પત્ર, **નાહટા. સં.** [મુપુગૂહસૂચી.]

**(૧૨૯૫) યતિ આરાધના ભાષા** ૨.સં.૧૬૮૫ રિણીમાં

**બાણાષ્ટ રસે સોમાબ્દે** ૧૬૫૮ **રિણી** નગરસંસ્થિતૈઃ
શ્રીમત્યારાધના ચક્રે **સમયાદિમસુંદરૈઃ.** ૧
યદ્યત્યારાધનાં કૃત્વા પુણ્યસ્યોપાર્જનં કૃતં
તેન પ્રાંતવેલાયાં પ્રમોદયમુપૈત્ય સા. ૨

(૧) ગ્રં.૩૫૧, સં.૧૯૪૪, પ.સં.૧૯, યશોવૃદ્ધિ.

**(૧૨૯૬)+શત્રુંજય [સિદ્ધાચલ] રાસ** ૨.સં.૧૬૮૬ શ્રાવણ શુદ નાગોરમાં.

**આદિ-** દોહા

શ્રી **રિસહેસર**પાય નમી, આણી મન આનંદ,
રાસ ભણું રલિયામણો, **શત્રુંજય** સુખકંદ. ૧
સંવત **ચાર સત્યોતરે**, હુવા **ધનેસરસૂરિ**,
તિણું શત્રુંજય મહાતમ કહ્યું, **શિલાદિત્ય** હજુર. ૨
**વીર**જિણંદ સમોસર્યા, શત્રુંજય ઉપર જેમ,
ઈંદ્રાદિક આગલ કહ્યું, શત્રુંજય મહાતમ એમ. ૩
શત્રુંજય તીરથ સારિખું, નહિ છે તીરથ કોય,
સ્વર્ગ મૃત્યુ પાતાલમેં, તીરથ સઘલાં જોય.

**અંત -** ઢાલ ૬

**શત્રુંજય** મહાતમ સાંભલીએ, રાસ રચ્યો અનુસાર,
જે ભવી ગાવે ભાવ શું એ, આનંદ હોય અપાર. શ. ૨૦
શત્રુંજય રાસ સોહામણો એ, સાંભલજો સહુ કોય,
ઘર બેઠાં ભણે ભાવ શું એ તસુ જાત્રાફલ હોય. શ. ૨૧
**ભણશાલી થિર** અતિ ભલો એ, દયાવંત દાતાર,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શત્રુંજય સંઘ કરાવીયો એ, **જેસલમેર** મઝાર. શ. ૨૨
**શત્રુંજય મહાત્મય** ગ્રંથથી એ, રાસ રચ્યો સુખકાર,
[ભાવ ભકતે ભણતાં થકાં એ, પામીજે ભવપાર
સંવત સોલ છયાશીયે એ, શ્રાવણશુદ્ધિ સૂખકાર.]
રાસ ભણ્યો શત્રુંજ તણો એ, નયર **નાગોર** મઝાર. શ. ૨૩
ગિરૂઓ ગચ્છ **ખરતર** તણો એ, શ્રી **જિનચંદ** સુરીશ,
પ્રથમ શિષ્ય શ્રીપુજ્યના એ, **સકલચંદ** સુજગીસ. શ. ૨૪
તાસ શિષ્ય જગ જાણીયે એ, **સમયસુંદર** ઉવજ્ઝાય,
રાસ રચ્યો તેણું રૂઅડો એ, સુણતાં આનંદ થાય. શ. ૨૫

(૧) સં.૧૭૬૩ જ્યે.વ.૪ રવિ ઉ. રત્નસુંદરગણિ શિ. પં. **લક્ષ્મી-ચંદ** પં. **તારાચંદ્રકેન** લિ. પ.સં.૭–૧૨, ગુ. નં.૫૫–૨૨. (૨) સં.૧૯૦૮ ફા.શુ.૫ સા. **જ્ઞાનસરી** વાચનાર્થે. પ.સં.૮–૧૦, ડા. પાલણપુર દા.૩૬. (૩) સં.૧૮૪૭ માગસિર શુ.૧૪ પંન્યાસ પં. **પ્રમોદવિજે**ગણી શિ. મૂનિ **ભવાંનવિજે** લ. ગ્રામ **પીસ્તડીયાદે**. પ.સં.૫–૧૪, પાદરા ભં. નં.૨૭. (૪) સં.૧૮૫૬ અ.વ.૧૪ **રાજગંજે મહિમાસો**મેન લિ. પ.સં.૬, જિ.ચા. પો.૮૫ નં.૨૨૬૬. (૫) સં.૧૮૬૮ જે.વ.૩ **રૂપચંદ** લિ. પ.સં.૬, ચતુ. પો.૨. (૬) પ.સં.૪–૧૫, વિજાપુર. નં.૬૧૨. (૭) પ.સં.૬–૧૧, મો સેં. લા. (૮) સં.૧૯૦૬ માગ.વ.૧૦ રવિ લિ. દેવીચંદ શ્રી **દાદાજી** પ્રસાદાત્, પ ક્ર.૪૩થી ૪૯, ફાર્બસ સભા નં.૮. (૯) સં.૧૬૮૩ **વીકાનેર** પં. **પંચા-ઇણા** લિ. પ.સં.૫, અભય. નં.૩૧૭૯. (૧૦) સં.૧૭૫૯ **રિણીમધ્યે** પં. કલ્યાણસાગર પં. દેવધીર લિ. પ.સં.૫, અભય. નં.૩૨૮૩. (૧૧) લિ. **ભક્તિ-વિશાલેન ઓસીયાં** મધ્યે જ્યે.શુ.૧ શુક્રે. પ.સં.૩, અભય. નં.૧૫૪૧.(૧૨–૧૬) અનુક્રમે પ.સં.૫, ૫, ૬, ૭, ૩, અભય. અનુક્રમે નં.૧૫૩૬થી ૪૦. (૧૭) સં.૧૬૯૬ શ્રા.શુ.૧૫ થાવરવારે પં. **રાજવિજય** શિ. **રૂપહર્ષેણ** લિ. પ. ક્ર.૩થી ૬, અભય. નં.૬૩૭. (૧૮) સં.૧૮૫૩ વૈ.વ.૭ લિ. પં. હેમપ્રભ પં. **ખુસ્યાલચંદ્રેણ ગેહરસરનગરે**. પ.સં.૮, અભય. (૧૯) સં.૧૮૫૭ જ્યે. શુ.૭ શુક્રે લિ. **ધર્મનાથ** પ્રસાદાત્ **અવરંગાબાદ** નગરે. પ.સં.૫, સંપૂર્ણ, અભય. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૃહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૪૫, ૩૯૪, ૪૩૩, ૪૮૭, ૫૦૮, ૫૯૩, ૬૨૮).]

પ્રકાશિત : ૧. પ્રકા. ભીમસિંહ માણેક. ૨. રત્નસમુચ્ચય પૃ.૨૭૦–૮૦. [૩. શત્રુંજય તીર્થ ઉદ્ધારાદિક રાસોનો સંગ્રહ. ૪. સમયસુંદર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કૃતિ કુસુમાંજલિ.]

**(૧૨૯૭) થાવચ્ચાસુત ચોપાઈ** ૨ ખંડ ૩૦ ઢાળ ૪૩૭ કડી ર.સં. ૧૬૯૧ કાર્તિક વદી ૩ ખંભાત ખારવાવાડામાં

**આદિ** – ॐ નમઃ સિદ્ધેભ્યઃ

**નેમિનાથ**ના પાય નમું, પામૂં પરિઘલ પ્રેમ,
**થાવચ્ચાસુત** રિષિ થુણૂં, જનમ સફલ હુઇ જેમ. ૧
સાવધાન થઇ સાંભલઉ, સુગતિ સ્યૂં એ કર જોડિ,
કાન પવિત્ર પણિ કીજીયૈ, કરમની ત્રૂટે કોડિ. ૨
વિકથા કરિજ્યો મત વિચઇ, અમૃતમઈ વિષે એહ,
આસાતન પણિ ઊપજઈ, નાસઇ કંથક સનેહ. ૩
ચતુર સુણઇ ચિત લાઇનઇ, જાણુ અરથજુગત્તિ,
ભાવભેદ પ્રીછઈ ભલઉ, તેહનઇ મુગતિ તુરત્ત. ૪
સાધુકથા વલિ સૂત્રમઇ, મીઠી અમિય સમાણ,
સાવધાન થઇ સાંભલઇ, જનમ સફલ તસુ જાણ. ૫

**અંત** – ઢાલ દસમી. શાંતિજિણઉ ભામણુઈ જાઉં અથવા મૃગાવતી સીલ સૂરંગા એહની ઢાલ.

પાંચસઇ શિષ્ય સૂણી વાત વેગી, **સેલગ** થયા સંવેગી બે,
**સેલગ શેત્રૂંજઇ** સીધા, માસ સંથારા કીધા બે. રસે. ૧

*

એહ સંબંધ છે અતિ સારા, **ન્યાતાધરમ** મઝારા બે. ૧૫
**સુધર્મ**સામિ કહે અણગારા, **જંબૂ**નઇ હિતકારા બે. ૧૬
**થાવચ્ચા સુકસેલગ** સારા, એ મોટા અણગારા બે. ૧૭
એહના ગુણ મઈ ગાયા ન હુંતા, પણિ આજ મનોરથ પાયા. બે. ૧૮
સંવત **સોલ ઇકાણૂં** વરષે, કાતી વદી ત્રીજહ હરષે બે. ૧૯
શ્રી **ખંભાઇત ખારૂઆવાડઈ**, ચઉમાસિ રહ્યા સુદિહાડઇ બે. ૨૦
**ખરતરગચ્છ જિણચંદ** સુરીસા, **સકલચંદ** તસુ સીસા બે. ૨૧
**સમયસુંદર** તસુ સીસ પ્રસિદ્ધા, શિષ્ય પ્રશિષ્ય સમૃદ્ધા બે. ૨૨

(૧) પ્રથમ ખંડે ઢાલ ૨૦ ગા.૨૧૬, દ્વિતીય ખંડે ઢાલ ૧૦ ગાથા ૨૩૧ ગ્રં.૪૫૫. સં.૧૭૫૬ ફા.શુ.૧૫ પં. **મયાચંદ સ્વર્ણગિર** મધ્યે. પ.સં.૧૬–૧૩, વિ.ને.ભં. નં.૪૫૧૧. (૨) ગ્રં.શ્લોક ૬૫૦ સં.૧૭૮૨ ચૈ.વ.૬ **રવૌ દીપચંદગણિ** શિ. **કલ્યાણચંદ્ર** લ. **માંડલ** નગરે. પ.સં.૧૩–૧૫,

જૈન સાઈટ JAINSITE જૈનમ જયતિ શાસનમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સીમંધર. દા.૨૦ નં.૧૨. (૩) પ.સં.૧૯-૧૩, ડાહ્યાભાઈ વકીલ, સુરત. (૪) સં.૧૭૦૨ ફા.શુ.૧૪ બુધે લિ. ગ્રં.૫૫૫. પ.સં.૨૪-૧૧, વડા ચૌટા. ઉ. પો.૧૮. (૫) ભાં.ઇ. સને ૧૮૯૧-૫ નં.૧૬૨૦. (૬) સં.૧૭૨૩ પત્તન મધ્યે. પ.સં.૧૩-૧૬, સુંદર સુવાચ્ય પ્રત, ખેડા ભં. દા.૬ નં.૩૬. (૭) સં.૧૭૦૮ વૈ.વ.૯ શુક્રે મૂલતાન મધ્યે સમયસુંદર શિ. વા. મહિમાસમુદ્ર શિ. પં. ધર્મસિંહ લિ. આલમચંદ સંઘવી વાચનાર્થં. પ.સં.૨૩, અભય. પો.૧૫ નં.૧૫૨૪. (૮) પ.સં.૧૧, અપૂર્ણ, અભય. નં.૧૫૨૫. (૯) સં.૧૭૬૬ આસો વદ ૧૧ રવિ પં. આણંદધીર લિ. વીકાનેર. પ.સં.૯, અભય. નં.૨૪૪૩.

**(૧૨૯૮) ગૌતમપૃચ્છા ચોપાઈ** ૭૪ કડી ૨.સં.૧૬૯૫ ચાંદ્રેઠ

**આદિ –** ઢાલ પહિલી ચઉપઈની.

> શ્રી **મહાવીરનઈ ગૌતમ**સામિ, પ્રસન કરઇ મન આણંદ પામિ,
> કરમવિપાક કહઉ હિતકાર, સુભનઇ અસુભ દીસઇ સંસાર. ૧
> ભગવંત ભાષઇ **ગૌતમ** ભણી, પણિ સહુ સુણઉ ગરજ આપણી,
> પાપકરમ દૂરિં પરિહરઉ, નિશ્ચય સેતિ જિમ નિસ્તરઉ. ૨

**અંત –** ઢાલ ૫ પાસ જિણંદ જુહારીયઈ એહની ઢાલ. રાગ ધન્યાસીરી.

> પુણ્ય કરઉ તુમ્હે પ્રાણીયા, જિમ પામઉ સગલા સુખો રે,
> પાપમારગ તુમ્હે પરિહરઉ, જિમ પામઉ નહિ કદેઉ દુખો રે. ૧
> પ્રસનપડુત્તર પરગડા, ઇહા કહિ છઇ અડતાલીસો રે,
> ગુરૂ **મહાવીર** ઉત્તર દીયા, અનઇ પૂછયા **ગૌતમ** સીસ રે. ૨
> કરમવિપાક ઇહાં કહ્યા, સુભઅસુભના બિહું પરકારો રે,
> સુભના ફલ મીઠા કહ્યા, અનઇ અસુભના કડુઆ અસારો રે. ૩
> સહજઇ સુખદુખ સંપજઇ, પરમેસરિ પણિ કરઇ પક્ષો રે,
> તે મતિ મન માહે માણિજ્યો, પુણ્યપાપના ફલ પરતક્ષો રે. ૪
> **પાલ્હણપુર**થી પાંચે કોસે, ઉત્તર દિસિ **ચાંદ્રેઠ** ગામો રે,
> તિહાં વરત શ્રાવક વસઇ, સાહ **નીંબઉ જસવંત** નામો રે. ૫
> તેહનઈ આગ્રહ તિહાં રહ્યા, દિન પનરહ સીમ ત્રિકાણું રે,
> તિહા કીધી એ ચઉપઈ, સંવત **સોલઇ પંચાણુ** રે. ૬
> પુણ્ય કતૂત જિકે કરઈ, તે આપણપું નિસ્તારઇ રે,
> **સમયસુંદર** સાચું કહઇ, **ગૌતમ**પૃચ્છા અણુસારઇ રે. ૭

(૧) પૂર્વગાથા મિલને સર્વગાથા ૭૪. સંવત્ ૧૬૯૬ વર્ષે આષાઢ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વદિ ૧ **અમદાવાદનગરે હાજાપટલ પોલિં મધ્યે ખરતરગચ્છાધીશ્વર** યુગપ્રધાન શ્રી **જિનચંદ્રસૂરિ** પ્રથમ શિષ્ય પં. શ્રી **સકલચંદ્રગણિ** શિષ્ય મહોપાધ્યાય શ્રી **સમયસુંદર** ગણિભિલિંખાપિતા. પ.સં.૬–૧૧, લ.સુ. (૨) રચનાસ્થાન 'આખેટ' આપેલું છે, પ.સં.૬, જયસોમકૃત બારભાવના સંધિ સહિત, અભય. પો.૧૫ નં.૧૫૩૨.

**(૧૨૯૯) [+] ચંપકશ્રેષ્ઠીની ચોપાઈ** ૨ ખંડ ૨૧ ઢાલ ૫૦૭ કડી
૨.સં.૧૬૯૫ ઝાલોરમાં

**આદિ** – **જાલોર** માહે જાણીયઈ, **પારસનાથ** પ્રતક્ષ,
પ્રહ ઉઠીનઇ પ્રણમતાં, સાંનિધિ કરઈ સમક્ષ. ૧
ગઢ ઊપરિ ગરૂયડિ નિલઉ, **સોવનગરિ** સિણગાર,
**મહાવીર** પ્રણમું સદા, દેઉલ તિનઉ દાતાર. ૨
માતપિતા પણિ મનિ ધરૂં, જિણ દીધઉ અવતાર,
નામ લેઇનઇ ગુરૂ નમું, દીક્ષા ન્યાન દાતાર. ૩
કર જોડી પ્રણમી કરી, કહિસિ ઘણું શ્રીકાર,
**ચંપક** સેઠની ચઉપઇ અનુકંપા અધિકાર. ૪

*

સહુકો લોક લાઇ છઇ સરજ્યું, તે બોલ કેતા વાંચું,
ઉદ્યમ છઇ ઇમ પણિ ભાવી અધિકું, **સમયસુંદર** કહઇ સાચું રે.
ચિં. ૨૫
પહિલઈ ખંડ થયઉ એ પૂરઉ, પણિ સંબંધ અધૂરઉ,
**સમયસુંદર** કહઈ બીજઇ ખંડઇ, સંબંધ થાસ્યઇ પૂરઉ રે. ચિં.૨૬

—ઇતિ શ્રી અનુકંપાદાનાધિકારે ચંપક શ્રેષ્ટિ સંબંધે પ્રથમ ખંડ સંપૂર્ણઃ

દૂહા – હિવ બીજઉ ખંડ બોલસ્યું, **ચંપક** પામી ઋદ્ધિ,
એ અનુકંપા દાનની, સગલી જાણું સિદ્ધિ. ૧
છન્નું કોડિ તણઉ ધણી, થયઉ તે **ચંપક**સેઠ,
**વૃદ્ધદત્ત** વિવહારિયઉ, તિણિ તઉ કીધી વેઠિ. ૨
ચવદહ કોડિ સોના તણી, આપણી માતા વૃદ્ધ,
**ઉજ્જેણી**થી આણિનઈ, સગલી ભેલી કીધ. ૩
**ચંપક**સેઠ **ચંપાપુરી**, ભોગવઈ લીલવિલાસ,



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યાપારઇ વાધ્યઉ ઘણું, પ્રગટયઉ પુણ્યપ્રકાસ. ૪

**અંત** – ખંડ બીજો ઢાલ ૭મી રાગ ધન્યાસિરી સીતારામની ચઉપઇ એહની ઢાલ.

*

**અનુકંપા** ઉપરિ કહ્યઉ, **ચંપક** સેઠનઉ દ્રષ્ટાંતો રે,
અનુકંપા સહુ આદરઉ, એહથી છઈ મુગતિ એકાંતો રે. કે. ૧૪
સંવત **સોલ પંચાણુયઈ**ગઈ **જાલોર** માહે જોડી રે,
**ચંપક** સેઠની ચઉપઇ અંગિ આલસ નઇ ઉંઘ છોડી રે. કે. ૧૫
શ્રી **ખરતર**ગચ્છ રાજીયઉ, શ્રી જુગપ્રધાન **જિણચંદો** રે,
પ્રથમ શિષ્ય શ્રીપૂજ્યના, **સકલચંદ** મુણિંદો રે, કે. ૧૬
**સમયસુંદર** શિષ્ય તેહના તિણ ચઉપઉ કીધી એહો રે,
શિષ્ય તણઇ આગ્રહ કરી જે ઊપરિ અધિક સનેહો રે. કે. ૧૭
નરનારી રસિયા હુસ્યઇ તે સાંભલિસ્યઇ સદા આવી રે,
સુઘડ સુકંઠી બે જણા, વાચજ્યો ભલી વાત બણાવી રે. કે. ૧૮

(૧) સં.૧૭૪૯ વર્ષે અશ્વયુજિ માસે શુ.૧૨ **મેડતા** મધ્યે લે. પ.સં. ૧૫–૧૬, ગો.ના. (૨) પ્રથમ ખંડે ઢાલ ૧૩ સર્વગાથા ૩૪૪ દ્વિતીય ખંડે ઢાલ ૮ ગાથા ૧૬૩ સર્વગાથા ૫૦૭ છે, શ્લોક સર્વસંખ્યા ૬૫૧ છે, સં.૧૮૬૭ શાકે ૧૭૩૩ ફા. શુક્લ એકાદશી ભોમવારે ઉ. **જયસૌભાગ્ય**ગણિ શિષ્ય ઉ. **ચારિત્રોદય**ગણિ શિષ્ય પં. સુકતજય લિ. શ્રી **શિણધરી** મધ્યે. ચતુર્માસ ચક્રે શિષ્ય **ધર્મ્મ**વિલાસ વાચનાર્થે હેતાર્થં લિપી છે. પ.સં.૧૪–૧૫, અનંત ભં. નં.૨. (૩) સં.૧૭૨૩ વૈ.વ.૧ કનકનિધાન શિ. **હીરવર્દ્ધન** લિ. પ.સં.૧૩, જિ.ચા. પો.૮૫ નં.૨૨૬૧. (૪) સં.૫૭૪૮, પ.સં.૨૫, ક્ષમા. નં.૧૯૩. (૫) ખેતસી યોગ્યં **કોટ** મધ્યે. પ.સં.૧૧, પ્રત ૧૮મી સદીની, જિ.ચા. પો.૮૫ નં.૨૨૪૨. (૬) પ.સં.૧૬, જિ.ચા. નં. ૨૨૪૩. (૭) પ.સં.૧૧, જય. પો.૬૮. (૮) પ.સં.૯, અભય. પો.૧૫ નં. ૧૫૯૯. (૯) સં.૧૬૯૫ ફા.શુ.૧૪ શ્રી **ભદ્રાણુ**ગ્રામે શ્રી **સમયસુંદરો**પાધ્યાય શિ. પં. **મેઘ**વિજય ગણિના લેખિ પં. **શંકરાચાર્ય** શિ. પં. **શુભકર** વાચનાર્થે. પ.સં.૧૪–૧૫, જશ. સં. નં.૧૫૮. (૧૦) સં.૧૭૬૫ **રાજનગર** મધ્યે પં. કનકવિમલ મુનિના લિ. પ.સં.૨૯–૧૧, રત્ન ભં. દા.૪૩ નં.૫૩. (૧૧) સં.૧૭૬૪ વૈ.શુ.૧૩ **ફલવર્દ્ધિપુરે**. પ.સં.૧૦, અભય. નં.૧૫૮૯. (૧૨) **પારેવડા** મધ્યે પં. **હર્ષ**વિમલ લિ. અંતપત્ર, અભય. (૧૩) પૂર્વોક્ત ગાથા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૪૪ ગાથા મીલને સર્વગાથા ૧૬૧ પ્રથમ ખંડ ૩૪૪ ગાથા મીલને ખંડદ્વય સર્વગાથા ૫૦૬ ગ્રંથાગ્રંથ શ્લોક ૭૦૦ સં.૧૬૯૯ શ્રા.વ.૫ લિપીકૃતા. ૫.સં.૨૩-૧૪, આ.ક.ભં. (૧૪) ગ્રંથાગ્ર ૫૦૬, ૫.સં.૧૫, ધો.ભં. (૧૫) ડે. ભં. (૧૬) લિખિતા ચેયં પંડિત **ચારિત્રવિજય.** વિવેક ભં. (૧૭) ઇતિશ્રી દાનાધિકારે ચંપકશ્રેષ્ઠી ચતુઃષ્પદી સંપૂર્ણા. સં.૧૮૭૬ના વર્ષે શાકે ૧૭૪૨ પ્રવર્ત્તમાને શ્રી **જોડિયા** બિંદર મધ્યે લિ. પૂજ્ય ઋષિ **માલજી** તતશિ. **પાંડવ** તન્મધ્યે લિ. ઋ. **શિવજી માલજી** શિષ્યાર્થે પઠનહેતવે. ૫.સં.૧૩-૧૫, રા.પૂ.અ. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. સમયસુંદર રાસપંચક.]

**(૧૩૦૦) [+] ધનદત્ત ચોપાઈ** અથવા **વ્યવહારશુદ્ધિ ચોપાઈ** ર.સં. ૧૬૯૬ આસોમાં અમદાવાદમાં

**આદિ** – **શાંતિનાથ** જિન સોલમો, પ્રણમું તેહના પાય,
**વ્યવહારસુદ્ધિ** ઉપરિ કહોઉ, ચઉપઇ ચિત લગાય. ૧
ભગવંત ભાષઇ ભો ભવિક, મોટો સાધનો ધર્મ,
જેહથી મુગતિ જાઇઇ, સાસતાં લહિયઇ સર્મ. ૨
દીસઇ તે અતિ દોહિલો, સૂરવીર કરઇ કેઇ,
શ્રાવકનો ધર્મ સોહિલો, દેવલોકસુખ દેઇ. ૩
શ્રાવકનાં વ્રત તો પલઇ, જો હુઇ ગુણ ઇકવીસ,
નામ તુમે તે સાંભલો, વારૂ વિસવાવીસ. ૪

**અંત** – સંવત **સોલ છનુ** સમઇ એ, આસૂ માસ મઝારિ,
**અમદાવાદઇ** એ કહ્યઉ એ, **ધનદત્ત**નઉ અધિકાર.
શ્રી **ખરતરગચ્છ** રાજીયઉ એ, શ્રી **જિણચંદ** સૂરીસ,
પ્રથમ સીસ જગિ પરગડા એ, **સકલચંદ** તસુ સીસ.
**સમયસુંદર** સંબંધ કહ્યઉ એ, **જિનસાગર** સૂરિરાજ,
(પા. ભવિજનનઇ હિત કાજ)
ભણતાં ગુણતાં ભાવ સુ એ, સીઝઇ વંછિત કાજ.
(પા.) સમકિતનું ફલ માગીઇ એ **ધનદત્ત** રિષિનઈ પાસિ, સં.
તુમ્હે પામિઉં તે આપજ્યો એ મુઝ મનિ પૂરયો આસ, સં.
**સમયસુંદર** સંબંધિ કહિઉ એ **જિનસાગર** સૂરિરાજ, સં.
ભણતાં ગણતાં ભાવ સ્યું એ સીઝઈ વંછિત કાજ. સં.

(૧) ગા.૧૬૧ સં.૧૭૧૫ મા.શુ.૨ ઉયનગરે પં. કનકનિધાન શિ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હીરવર્દ્ધન લિ. પ.સં.૬, જિ.ચા. પો.૮૫ નં.૨૨૪૧. (૨) ગ્રં.૨૧૨ સં. ૧૭૨૭ મગસર સુ.૧૩ સોમ વીકાનેર મધ્યે લિ. શાંતિકુશલ મુનિના. પ.સં. ૭-૧૫, અનંત ભં. નં.૨. (૩) સં.૧૭૭૦ ચૈ.શુ.૨ ઇસામઈખાનમઈ કોટે. પ.સં.૪, અભય. પો.૧૫ નં.૧૫૨૯. (૪) ભુવનસાર લિ. પ.સં.૬, સુંદર પ્રત ૧૯મી સદીની, જિ.ચા. પો.૮૫ નં.૨૨૫૩. (૫) પ.સં.૪-૧૯, દે.લા. નં.૧૨૪-૪૭. (૬) પ.સં.૯-૧૩, હા.ભં. દા.૮૩ નં.૮૫. (૭) પ.સં.૮-૧૨, હા. ભં. દા.૮૩ નં.૧૨૮. (૮) સં.૧૭૯૮ આસૂ વ.૪ પં. અચાચંદ લિ. વીકાનેર નયરે. જ્યોતિર્વિદ ભગવાનદાસ પાસે. (૯) સર્વ ગાથા ૧૬૧ શ્રી સમયસુંદર મહોપાધ્યાયાનાં પૌત્રેણ પં. હર્ષકુશલગણિના સંશોધિતા સા. છરજી ધનજી સુશ્રાવકાગ્રહેણ. હા.ભં. (૧૦) લિ. સૌભાગ્યવિજયગણિ (લાલવિજય શિ.) લિ. શ્રા. કેસરબાઈ વાચનાર્થં. પ.સં.૧૧-૧૧, ધો. (૧૧) પ.સં.૫-૯, અમ. (૧૨) સં.૧૭૪૯ વર્ષે કાર્તિક વદિ ૨ બુધે વ્યવહારશુદ્ધિ વિષયે. પ.સં.૬-૧૯, વિ.ધ.ભં. (૧૩) સં.૧૭૨૪ વરષે આષાઢ સુદિ ૧૫ દિને લિખિતં મહોપાધ્યાય શ્રી ૫ શ્રી અમૃતવિજયગણિ શિષ્ય ગણિ દીપ્તિવિજયેન. ઉદયપુર ભં. (૧૪) વિવેક. ભં. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. સમયસુંદર રાસપંચક.]

**(૧૩૦૧) સાધુવંદના** ૧૮ ઢાલ ૫૧૯ કડી ર.સં.૧૬૯૭ ચૈત્ર અમદાવાદમાં

**આદિ – શાંતિનાથ** જિન સોલમઉ, પ્રણમું તેહના પાય,
સુગમ કરું સાધુવંદના, પામી ગુરૂ પસાય. ૧
પહિલી છઇ **સાધુવંદના**, પણિ જૂદઈ ભેદિ જાણિ,
સૂત્રના સાધ નાણ્યા સહૂ, કિણ સૂત્રાં વિણ આણિ. ૨
જિનસાસણમઈ જાણિયઇ, આગમ પઇતાલીસ,
હું વાંદિસિ સાધ તેહના, તુરત સંસાર તરીસિ. ૩

**અંત** – સગલા સાધુનઇ વંદના, મઇ કીધી અધિક ઉચ્છાહો રે,
વલી બીજા પિણ જે કેઇ, પઇતાલીસ આગમ માંહે રે. ૧
પઇતાલીસ આગમ કહ્યા, પણિ સાધુ છઇ સતરે ઠામે રે,
ઢાલ અઢારે સંસ્તવ્યા, મઇ અધ્યયન ઉદેસ નામો રે. ૨

*

શ્રી **જિનચંદ** સૂરીસરૂ, ગણિ **સકલચંદ** શુભ કાજો રે,
શ્રી **ખરતરગચ્છ** દીપતઉ, **જિનસાગર** સૂરિરાજો રે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંવત **સોલ સતાણુઆઇ**, ચૈત્ર માસ **અહમદાવાદો** રે,
**સમયસુંદર** કહઇ મેં કરી, **સાધુવંદના** સુગુરૂ પ્રસાદો રે. ૯

(૧) પ.સં.૧૭, કમલમુનિ. (૨) અપૂર્ણ, જૈ.એ.ઇ.ભં. (૩) ઢાલ ૧૮ ગાથા ૫૧૯ ગ્રંથાગ્રં ૭૫૦, પ.સં.૨૪-૧૩, સુંદર પ્રત, હા.ભં. દા. ૮૩ નં.૧૦૮. (૪) તત્કાલીન પ્રત, ગ્રંથાગ્ર ૮૦૦, પ.સં.૩૫, કૃપા. પો.૪૬ નં.૮૫૦. (૫) સં.૧૭૩૫, શ્લો. ૮૦૦, પ.સં.૨૩, લીં.ભં. દા.૪૪ નં.૭. (૬) ગા.૫૧૬ ઢાલ ૧૮, પં. કલ્યાણ લિ. **સીરો**(હી) મહાનગરે. પ.સં.૧૬, પ્રતિ ૧૮મી સદીની, જિ.ચા. પો.૮૫ નં.૨૨૪૯. (૭) પ.સં.૨૧ (૫૮૧ નામો છે), ચતુ. પો.૫. (૮) સં.૧૮૮૫ કા.શુ.૧૦ **જા**ંગલુ મધ્યે **ગજવિનય** લિ. પ.સં.૨૦, કૃપા. પો.૪૪ નં.૭૬૫. (૯) પ.સં.૧૬, વિકા. વઇ. ભં. પો.૨૫. (૧૦) પ.સં.૨૧, મહર. પો.૧. (૧૧) સં.૧૭૩૩ વૈ.વ.૯ સોમે વા. **સમયકલશ** શિ. **સુખનિધાન** શિ. **ગુણસેન** શિ. **શિવનંદન** લિ. **સુલતાણ કટારિયા** ગોત્રે સાહ **પદમસી** પઠનાર્થં. અભય. ગુટકા નં.૮. (૧૨) હુકમમુનિ ભં. સુરત. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૯૨).]

**(૧૩૦૨) + પુંજા ઋષિ રાસ** (ઐ.) ર.સં.૧૬૯૮ શ્રા.શુ.૫

**આદિ** – શ્રી **મહાવીરના** પય નમી, ધ્યાન ધરૂં નિસદીસ,
તીરથ વરતે જેહનો, વરસ સહસ એકત્રીસ. ૧
સાધુ સાધુ સહુકો કહૈ, પણ સાધુ છે વિરલો કોઇ,
દુઃસમ કાલેં દોહિલુ, પ્રબલ પુન્યે મિલે સોઈ. ૨

*

એ તપસી આગે હૂઆ, પણ હવે કહુ પ્રસ્તાવ,
આજને કાલે એ હૂઆ, **પૂંજો** ઋષિ મન ભાવ. ૭
શ્રી **પાસચંદ**ના ગચ્છ માંહિ, એ **પૂંજો** ઋષિરાજ,
આપ તરે ને તારવે, જિમ વડ સફર જિહાજ. ૮
**પૂંજે** ઋષિ પ્રીછયો ધર્મ, સંયમ લીધો સાર,
કીધા તપ જપ આકરા, તે સુણજ્યો અધિકાર. ૯
સંવત **સોલ અઠાણુયે**, શ્રવણ પંચમી અજુવાઇ રે,
રાસ ભણ્યો રળીયામણો, ગણી **સમયસુંદર** ગુણ ગાઇ રે.ઋષિ. ૩૬

પ્રકાશિત : ૧. જૈન રાસ સંગ્રહ પ્રથમ ભાગ (ભ્રાતૃચંદ્રસૂરિ ગ્રંથમાલા પુ.૩૨થી ૩૯) પૃ.૧૬૪થી ૧૬૭. [૨. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૧૩૦૩) મયણરેહા રાસ**

'ચાર પ્રત્યેક બુદ્ધ રાસ'માં અંતર્ગત.

**(૧૩૦૪) દ્રૌપદી સંબંધ** [અથવા **રાસ**] ૩ ખંડ ૩૪ ઢાલ ૬૦૬ કડી
ર.સં.૧૭૦૦ માહ માસ અમદાવાદમાં

**આદિ** – દૂહા.

**શાંતિનાથ** પ્રણમું સદા, પ્રણમું સદ્‌ગુરૂપાય,
શ્રુતદેવી સાંનિધિ કરી, અલગ ટલઉ અંતરાય. ૧
માતપિતા પણિ માનીયઇ, જિણ દીધઉ અવતાર,
દીક્ષાગુરૂ વિદ્યા તણઉ, એ મોટઉ ઉપગાર. ૨
પહિલું સાધુ-સતી તણા, કીધા ઘણા પ્રબંધ,
હિવ વલી સૂત્ર થકી કહું, **દ્રૂપદી**નઉ સંબંધ. ૩
એક સૂત્ર બીજું સતી, ઉત્તમ એહની જોડ,
સુણતાં આનંદ ઊપજઇ, કરમની ત્રૂટઈ કોડિ. ૪
વૃદ્ધપણઇ મઇ ચઉપઇ, કરિવા માંડી એહ,
સૂત્રસતીનઈ સાધસ્યું, મુઝ મનિ અધિક સનેહ. ૫
મત કરઉ ઊંઘ નઇ વારતા, સાંભલતાં સહુ કોય,
આપ ન પ્રીછઇ અન્યનઇ, અંતરાય પણિ હોય. ૬
**જ્ઞાતા**સૂત્ર અરથ થકી, ભાખ્યઉ શ્રી ભગવંત,
**સુધરમ**સામી ગુંથિયઉ, સૂત્ર થકી મતિમંત. ૭
કર જોડી **જંબૂ** કહઈ, **સુધરમ**સામિનઈ એમ,
પનરમઉ ધન્નાન કહ્યઉ સોલમઉ અધ્યયન કેમ. ૮
**સુધરમ**સામી ઈમ કહઈ, સુણિ **જંબૂ** સુવિચાર,
**મહાવીર** મુઝનઇ કહ્યઉં, તિમ કહું તે અધિકાર. ૯

**અંત** – ત્રીજે ખંડ ઢાલ સાતમી–રાગ ધન્યાસિરી. પાસ જિણંદ જુહારી-
યઇ એહની.

**સુધરમ**સામી પાંચમઉ ગણધર **જંબૂ**નઇ ભાખઇ રે,
**ન્યાતાસૂત્ર**નઇ સોલમઉ, એ અધ્યયન સહુની સાખઇ રે. ૧
**દ્રૂપદી**ની એ ચઉપઇ મઇ, વૃદ્ધપણઇ પણિ કીધી રે,
શિષ્ય તણઇ આગ્રહ કરી, મઈ લાભ ઊપરિ મતિ દીધી રે. દ્રૂ.
એક સતી વલી સાધવી એ વાત બાઉ ઘણું મોટી રે,
**દ્રૂપદી** નામ લેતાં થકાં, તિણ કરમની ત્રૂટઇ કોટી રે. ૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક સંખ દૂધમઇં ભર્યઉ, માનીતી સુત સ્યું મોહઇ રે,
સૂત્ર ગુણઇ સખરઇ કંઠ તસુ સુરનરના સુખ સોહઇ રે. ૩
ધનવંત વિનયધરમ વલી, એક બાપ નઇ સંયમ ધારી રે,
વૃદ્ધ ગીતારથ ગુરૂ વલી એહની મનિ આવઇ સારી રે. ૪
**અમદાવાદ** નગર માહે, સંવત **સતર સઈ** વરષે રે,
માહ માસ થઇ ચઉપઈ હુંસી માણુસને હરષે રે. દ્રૂ. ૫
વાચક **હરષનંદન** વલી **હરષકુસલઇ** સાનિધિ કીધી રે,
લિષણ સોઝણ સાહચ્ય થકી, તિણ તુરત પુરી કરી દીધી રે. દ્રૂ. ૬
શ્રી **જિણચંદ** સૂરીસરૂ, શ્રી **સકલચંદ** તસુ સીસો રે,
**સમયસુંદર** શિષ્ય તેહના, શ્રી સંઘનઈ દ્યઈ આસીસો રે. દ્રૂ. ૭
**ખરતર**ગચ્છ તણુઉ ધણી, **જિનસાગરસૂરિ** વિરાજઇ રે,
**સમયસુંદર** કહઇ ચિર જીવઉ, દિન દિન પ્રતિ સબલ દિવાજઇ રે. દ્રૂ. ૮
ત્રિણ ખંડ ઈણ ચઉપઇ, વલી અતિ ભલી ચઉત્રીસ ચઉત્રીસ ઢાલો રે,
**સમયસુંદર** કહઇ વંદના સીલ પાલઇ તેહનઈ ત્રિકાલો રે. દ્રૂ. ૯

(૧) ઇતિશ્રી **સમયસુંદર** મહોપાધ્યાય વિરચિતે દ્રૂપદીસતી સંબંધે ત્રિતીયઃ ખંડઃ સમાપ્તઃ તત્સમાપ્તૌ સમાપ્તા ચેયં ચતુઃપદી પ્રથમ ખંડે ઢાલ ૧૫ સર્વગાથા ૩૧૧ દ્વિતીય ખંડે ઢાલ ૧૨ સર્વગાથા ૧૫૧ તૃતીય ખંડે ઢાલ ૭ સર્વગાથા ૧૪૪ સર્વાગ્રં. ઢાલ ૩૪ સર્વાગ્રં. ગાથા ૬૦૬ સંવત ૧૭૦૫ વર્ષે આષાઢ વદિ ૧૩ શુક્રે લિખિતં. પ.સં.૩૦-૧૩, સેં. લા. (૨) સં.૧૭૭૫ આસો વદ ૩ બુધે **અં**ચલગચ્છે વા. **માહાવજી**ગણિ શિ. **માણિકલાભ**ગણિ શિ. **સત્યલાભ** લિ. **અંજાર** નગરે. પ.સં.૧૮-૧૮, વ.રા. (૩) કર્તાની સ્વહસ્તલિખિત લાગે છે. પ.સં.૧૮-૧૬, **અનંત ભં.** નં.૨. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી.]

હવે આ સુપ્રતિષ્ઠિત વિદ્વાન્ કવિની નાની મીઠી કૃતિઓની ટીપ નીચે પ્રમાણે છે. [જેમાંની ઘણી 'સમયસુંદર કૃતિ કુસુમાંજલિ'માં પ્રકાશિત થયેલી છે.]

**(૧૩૦૫) પોષધવિધિ સ્તવન** ૩૮ કડી ર.સં.૧૬૬૭ માગશર શુ.૧૦ ગુરુ **મરોટ**માં

**અંત** – ઉત્કૃષ્ટી પોષા તણી વિધિ કહી ઉપગાર,
**જેસલમેરી** સંઘનઈ હો, આગ્રહ કરી સુવિચાર. ૩૬

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સોલઈ સઈ સતસઠિ** સમઇ હો નગર **મરોટ** મઝારિ,
મગસરિ સુદિ દશમા દિનઇ હો, શુભ દિન સુરગુરૂવારિ.　૩૭
શ્રી **જિનચંદસૂરિ** હો, શ્રી **જિનસિંઘ** સૂરીસ,
**સકલચંદ** સુપસાઇ હો **સમયસુંદર** ભણઈ સીસ.　૩૮

(૧) પ.સં.૩, હા.ભં. દા.૮૨. (૨) લિ. તત્પૌત્રેણ. પ.સં.૪-૧૧, ગુ. નં.૧૩-૨૦. (૩) કલ. સં.કો.કૅટે. વૉ.૧૦ નં.૬૫ પૃ.૭૬-૭૭. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૫૯૩).]

**(૧૩૦૬) + કર્મ છત્રીસી** ર.સં.૧૬૬૮ માહ સુદ ૬ સુલતાનમાં

**આદિ** –　　રાગ આસાઉરી

કર્મ થકી છુટે નહીં પ્રાણી, કર્મ સબલ દુખ ખાણુજી,
કર્મ તણે વશ જીવ પડયા સહુ, કર્મ કરે તે પ્રમાણુજી. કરમ. ૧

**અંત** – શ્રી **સુલતાન** નગર મૂલનાયક, **પાર્શ્વનાથ** જિણ જોયજી,
**વાસુપૂજ્ય** શ્રી **સુમતિ** પ્રસાદિ, લોક સુખી સહુ કોયજી. ક. ૩૩
શ્રી **જિનચંદસૂરિ જિનસિંઘસૂરિ**, ગચ્છપતિ ગુણભરપૂરજી.
સિંધુ **જેસલમેરી** શ્રાવક, **ખરતરગચ્છ** પડુરજી.　ક. ૩૪
**સકલચંદ** સદ્‌ગુરૂ પસાયે, **સોલ સે અડસઠ્ઠીજી,**
કર્મછત્રીસી એ મઈ કીધી, માહ તણી સુદ છઠ્ઠીજી.　ક. ૩૫
**કર્મછત્રીસી** કાને સુણીને, કરજો વ્રત પચ્ચખાણુજી,
**સમયસુંદર** કહે શિવસુખ લેશો, ધર્મ તણો પરમાણુજી. ક. ૩૬

(૧) સં.૧૭૦૧ ફા.વ.૮ **સુલતાણ** મધ્યે લિ. શ્રાવિકા **રાણી** પઠનાય. પ.સં.૨, કમલમુનિ. (૨) પં. હર્ષકુશલ લિ.શ્રી **વીરાં** પઠનાર્થં. પ.સં. ૨, અભય. નં.૨૯૭૮. (૩) જુઓ દયાછત્રીશીની નીચે. (૪) જુઓ ક્ષમાછત્રીશીની નીચે. (૫) જુઓ આલોયણછત્રીશીની નીચે. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૫, ૨૯૩).]

**(૧૩૦૭) [+] પુણ્ય છત્રીશી** ર.સં.૧૬૬૯ સીત(ધ)પુરમાં

**આદિ** – પુણ્ય તણાં ફલ પરતખિ દેખઉ, કરૂ પુણ્ય સહૂ કોઇજી,
પુણ્ય કરતાં પાપ પુલાઇ, જીવ સુખી જગ હોઇજી.　૧ પુણ્ય.

**અંત** – સંવત્ **નિધિ દરસણ રસ સસિહર, સીત(ધ)પુર** નગર મઝારિજી,

*

**શાંતિનાથ** સુપ્રસાદઇ કીધી, **પુણ્યછત્રીસી** સાર રે,

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

યુગપ્રધાન સવાઇ **જિનસિંઘ**સૂરિ **સકલચંદ** શિષ્યજી;
**સમયસુંદર** કહઇ પુણ્ય કરઉ સહૂ, પુણ્યનાં ફલ પરતક્ષજી. ૩૬

(૧) પં. જૈન શ્વે. ભં. જયપુર પો.૬૪. (૨) સં.૧૭૮૪, ચોપડો, જશ. સં. (૩) પ.ક્ર.૩૩૬થી ૩૩૮, ચોપડો, મુક્તિ. નં.૨૪૭૨. (૪–૭) જુઓ દયાછત્રીશી, શીલછત્રીશી, ક્ષમાછત્રીશી અને આલોયણછત્રીશીની નીચે. [જૈહાપ્રોસ્ટા, મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૬૧૭).]

[પ્રકાશિત : ૧. રત્નસાર ભા.ર. ૨. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

**(૧૩૦૮)** [+] **સંતોષ છત્રીશી** ર.સં.૧૬૮૪ ચોમાસું લુણકરણસરમાં

**આદિ** – સાંહામી સ્યઉં સંતોષ કરીજઇ, વયરવિરોધ નિવારીજી,
સગપણ તે જે સાહાંમી કેરૂં, ચતુર સુણયઉ સુવિચારીજી. ૧ સાં.

**અંત** – જિમ **નાગોરે ક્ષમાછત્રીસી, કરમછત્રીસી મુલતાનજી,**
**પુણ્યછત્રીસી સિદ્ધ(ત)પુર** કીધી, શ્રાવકને હિત જાણુજી. ૩૨
તિમ **સંતોષછત્રીસી** કીધી, **લુણકરણસર** માંહિજી,
મેલ થયો સામિ માંહોમાંહિ, આણંદ અધિક ઉચ્છાહજી. ૩૩
પાપ ગયો પચાસ વરસનો, પ્રગટ્યો પુણ્યપડૂરજી,
પ્રીતસંતોષ વધ્યો માંહોમાંહિ, વાગો સિંગલતૂરજી. ૩૪
**સંવત સોલ ચોરાસી** વરસૈ, **સર** માહિ **રહ્યા** ચોમાસું,
જસસોભાગ્ય થયો જગ માંહિ, સહુ દીધી સાબાસજી. ૩૫
જુગપ્રધાન **જિણચંદ** સૂરીસર, **સકલચંદ** તસુ સીસજી,
**સમયસુંદર સંતોષછત્રીસી**, કીધી સંઘ જગીસજી. ૩૬

(૧) સં.૧૭૮૪નો ચોપડો, જશ. સં. (૨–૪) જુઓ દયાછત્રીશી, શીલછત્રીશી તથા ક્ષમાછત્રીશીની નીચે. [મુપુગૂહસૂચી.]

[પ્રકાશિત : ૧. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

**(૧૩૦૯) દયા છત્રીશી**

(૧) કર્મછત્રીશી, પુણ્યછત્રીશી, સંતોષછત્રીશી અને ક્ષમાછત્રીશીની સાથે. શ્રી ગામ દેલવાડા મધ્યે લ ચેલા જીવણ સં.૧૮૪૪ પો.શુ.૧૨ રવિ. પ.સં.૫–૧૯, ખેડા ભં.૩.

**(૧૩૧૦) શીલ છત્રીશી**

(૧) પ.સં.૧૦, અમ.

**(૧૩૧૧)** + **ક્ષમા છત્રીશી** નાગોરમાં

**આદિ** – આદર જીવ ક્ષમાગુણ આદર, મ કરિશ રાગ ને દ્વેષજી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમતાયેં શિવસુખ પામીજેં, ક્રોધેં કુગતિ વિશેષજી. આ. ૧

**અંત** – નગર માંહે **નાગોર** નગીનો, જિહાં જિનવરપ્રાસાદજી,

શ્રાવક લોક વસે અતિ સુખીયા, ધર્મ તણે પરસાદજી. આ. ૩૪

**ક્ષમાછત્રીશી** ખાંતે કીધી, આતમપર-ઉપગારજી,

સાંભલતાં શ્રાવક પણ સમજ્યા, ઉપશમ ધર્યો અપારજી. આ. ૩૫

જુગપ્રધાન **જિણચંદ** સુરીસર, **સકલચંદ** તસુ શિષ્યજી,

**સમયસુંદર** તસુ શિષ્ય ભણે ઇમ, ચતુર્વિધિ સંઘ જગીશજી. આ. ૩૬

(૧) કર્મછત્રીશી, પુણ્યછત્રીશી અને સંતોષછત્રીશીની સાથે. ઉ. અમૃતવિજય શિ. વિદ્યાવિજય લિ. નેમિદાસ પઠનાર્થં. પ.સં.૯-૧૨, વી.ઉ.ભં. દા.૧૭. (૨-૩) જુઓ દયાછત્રીશી અને શીલછત્રીશીની નીચે. [આલિસ્ટઑઇ ભા.૨, મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૧૬૧, ૨૧૪, ૨૪૭, ૨૫૪, ૨૫૫, ૨૭૭, ૨૭૯, ૨૮૧, ૨૯૨, ૨૯૩, ૪૦૨, ૫૧૧, ૫૨૧, ૫૭૯).]

પ્રકાશિત : ૧. જૈ.પ્ર. પૃ.૩૯૯. [૨. જૈન સઝાયમાલા (બાલાભાઈ) ભા.૧. ૩. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

**(૧૩૧૨)** [+] **આલોયણ છત્રીશી** ર.સં.૧૬૯૮ અહમદપુરમાં (અમદાવાદમાં)

**આદિ** – નગર સુદર્શણુ અતિ ભલો એહની ઢાલ.

પાપ આલોયું આપણાં, સિદ્ધ આતમ સાખિ,

આલોયાં પાપ છૂટીયે, ભગવંત ઇમ ભાષ. પાપ. ૧

સાલ હીયાથી કાઢજો, જિમ કીધાં તેમ,

દુખ દેખિસિ નહિતરિ ઘણાં, રૂપી **લખણા** જેમ. પાપ. ૨

**અંત** – સંવત **સોલ અઠાણુયઇ, અહમદપુર** માંહિ,

**સમયસુંદર** કહે મેં કરી, આલોયણ ઉચ્છાહિ. ૩૬

(૧) પ.ક્ર.૩૪૧-૩૪૨, ચોપડો, મુક્તિ. નં.૨૪૭૨. (૨) પ.સં.૨-૧૧, મારી પાસે. (૩) પ્ર.કા.ભં. નં.૮૬૨. (૪) કર્મછત્રીશી અને પુણ્યછત્રીશીની સાથે. પ.સં.૬-૧૩, હા.ભં. દા.૮૨ નં.૫૫. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ. ૨૪૭, ૨૫૪, ૪૩૨, ૪૮૭, ૫૪૨, ૫૯૨).]

[પ્રકાશિત : ૧. સદ્વિચારસંગ્રહ. ૨. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

**(૧૩૧૩) તીર્થભાસ છત્રીશી**

૧ [+] **શેત્રુંજા આદિનાથ ભાસ** સં.૧૬૪૪ ચૈત્ર વ.૪ બુધ જાત્રા

**આદિ** – ચાલઉ રે સખી **સેત્રુંજ** જાઇયઇ રે તિહાં ભેટીઇ શ્રી **રિષભ**.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિણિંદ રે. ૧.

**અંત** – સંવત **સોલ ચિમાલમઇ** રે ચૈત્ર માસિ વદિ ચઉથિ બુધવાર રે
**જિણચંદ**સૂરિ જાત્રા કરી રે, ચતુરવિધિ શ્રી સંઘ પરિવાર રે. ચા.૮
શ્રી **આદિસર** રાજીયઉ રે, શ્રી **સેત્રુંજ**ગિરિસિણગાર રે,
**સમયસુંદર** ઇમ વીનવઇ રે, હુજ્યો મનવંછિત દાતાર રે. ચા. ૯
[પ્રકાશિત : ૧. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

**૨ શેત્રુંજા તીર્થ ભાસ** ર.સં.૧૬૪૪ ચૈત્ર

**આદિ** – રાગ મારૂણી ધન્યાસિરિ, જાતિ ધમાલની.
**સકલ** તીરથ માહિ સુંદર, **સોરઠ** દેશ શૃંગાર,
સુરનર કોડિ સેવા કરઇ, **સેત્રુંજ** તીરથ સાર
ચાલઉ ચાલઉ **વિમલ** ગિરિ જાઇયઇ રે. ૧.

**અંત** – ધન ધન **જોગી સોમજી** ધન ધન તુમ્હ અવતાર,
**શેત્રુંજ** સંઘ કરાવિયઉ, પુણ્ય ભર્યઉ સુભંડાર. ૯
સંવત **સોલ ચિમાલમઇ** માસ સુચૈત્ર મઝાર,
શ્રી **જિણચંદ** સૂરીસરૂ, જાત્ર કરી સપરિવાર. ૧૦
શ્રી **શેત્રુંજ** ગુણ ગાવતાં, હીયડઇ હરષ અપાર,
**સમયસુંદર** સેવક ભણઇ, **રિષભ** જિણંદ સુખકાર. ૧૧.

**૩ + રાણ[ક]પુર ગીત** ર.સં.૧૬૭૨ માગશર યાત્રા

**આદિ** – **રાણપુરે** રલિયામણો રે લાલ, શ્રી **આદિસર** દેવ મન મોહ્યું રે.
**અંત** – સંવત **સોલ બિહુત્તરઈ** રે લાલ મગસિર માસ મઝારિ, મ.
**રાણપુર**ઇ જાત્રા કરી રે લાલ **સમયસુંદર** સુખકાર. ૭ મ.
પ્રકાશિત : ૧. જૈન પ્રબોધ પુસ્તક પૃ.૭૦. ૨. રત્નસમુચ્ચય પૃ.૨૩૨.
[૩. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

**૪ શેત્રુંજમંડન શ્રી આદિનાથ ભાસ** ૫ કડી

**અંત** – સ્વામી **વિમલાચલ** સિણગારજી, એક વીનતડી અવધારિ,
**મરૂદેવી** માત મલ્હારજી, **સમયસુંદરનઈ** સુખકારજી. ૫.

**૫ [+] શેત્રુંજ તીરથ આદિનાથ ભાસ** ૯ કડી ર.સં.૧૬૫૮
ચૈત્ર શુ.૧૫.

**આદિ** – મુઝ મન ઊલટ અતિ ઘણઉ મન મોહ્યઉં રે
**સેત્રુંજ** ભેટણ કાજિ લાલ મન મોહ્યઉં રે. ૧.

**અંત** – સંવત **સોલ અઠાવનઈ**, મન. ચૈત્રી પુનિમ સાર લાલ મન.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આજ સફલ દિન માહરઉ મન. જાત્ર કરી સુખકાર લાલ મન. ૮
દુરગતિના દુખ ભય ટલ્યા મન. પૂગી મનની આશ લાલ મન.
**સમયસુંદર** પ્રણમઇ સદા મન. **સેત્રુંજ** લીલ વિલાસ લાલ મન. ૯

[પ્રકાશિત : ૧. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

**૬ ગિરિનાર તીર્થ નેમિનાથ ઉલંભા ભાસ** ૪ કડી

**આદિ** – દૂર થકી મોરી વંદણા, જાણેજ્યો જિનરાય **નેમિજી**
ઉમાહઉ કરિ આવીયઉ, પણિ કોઇ અંતરાય, **નેમિજી.** ૧
**અંત** – **સમયસુંદર** કહઇ **નેમિજી**, વેગી દેજ્યો ભેટિ. **નેમિજી.** ૪

**૭ નેમિનાથ ઉલંભા ઉત્તારણ ગિરિનાર તીર્થ ભાસ** ૪ કડી

**આદિ** – પરતખિ પ્રભુ મોરી વંદના, આજ ચડી પરમાણ **નેમિજી**
**અંત** – શ્રી **ગિરનાર** જાત્રા કરી, **સમયસુંદર** સુવિહાણ ૪

**૮ ગિરનાર તીર્થ ભાસ** ૮ કડી

**આદિ** – શ્રી **નેમિસર** ગુણનિલઉ ત્રિભુવનતિલઉ રે ચરણ વિહાર પવિત્ત. ૧
**અંત** – **સમુદ્રવિજય** નૃપ નંદનાં, કૃત વંદના, **સમયસુંદર** સુખકાર. જ. ૮

**૯ [+] આબૂ તીર્થ ભાસ** ૨.સં.૧૬૭૮

**આદિ** – **આબૂ** પરવત રૂયડઉ, **આદીસર**, ઊંચઉ ગાઉ સાતરો. ૧
**અંત** – જાત્રા કરી **અઠયોતરઇ**, આદી. શ્રીસંઘ પૂજા સનાત્ર રે આ.
**સમયસુંદર** કહઇ સાસતી, આદી. ભાસ ભણિયા હુયઇ જાત્ર રે આ. ૭

[પ્રકાશિત : ૧. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

**૧૦ [+] અષ્ટાપદ તીર્થ ભાસ** ૬ કડી ૨.સં.૧૬૫૮ અમદાવાદ

**આદિ** – મારૂં મન **અષ્ટાપદ** સ્યું મોહ્યું, ફટિક રતન અભિરામ મેરે લાલ. ૧
**અંત** – સંવત **સોલ અઠવના** વરષે, **અમદાવાદ** મઝારિ, મેરે.
સુણિ સખા **અષ્ટાપદ** મંડાવ્યઉ, **મનજી સાહ** અપાર. ૫
તે **અષ્ટાપદ** નયણે નિરખ્યઉ, સીધા વંછિત કાજ,
**સમયસુંદર** કહઇ ધન્ન દિવસ તે, તિહાં ભેટ્યું જિનરાજ મેરે. ૬

[પ્રકાશિત : ૧. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

**૧૧ + અષ્ટાપદ તીર્થ ભાસ**

**આદિ** – મનડો અષ્ટાપદ મોહ્યો માહરોજી, નામ જપું નિશદિશજી.
**અંત** – દૈવ ન દીધી મુઝને પાંખડીજી, આવું કેમ હજૂરજી,
**સમયસુંદર** કહે વંદનાજી, પ્રહ ઉગમતે સૂરજી.

પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય પૃ.૩૪૨.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૧૨ તીર્થાવલી ભાસ** ૧૬ કડી

**આદિ** – **સેત્રુંજ** સિખર સમોસર્યા, ભલા ગુણ ભર્યા રે સીધા સાધુ અનંત. ૧

**અંત** – તીરથજાત્રા જે ફલ તિહાં, હુજયોઇ તે ઇહાં રે **સમયસુંદર** કહઇ એમ. ૧૬

**૧૩ તીર્થાવલી ભાસ** ૧૦ કડી રાગ પ્રભાતી

**આદિ** – શ્રી **શેત્રુંજિ** સિખર સમોસર્યા ત્રેવીસ તીર્થંકર શ્રી અરિહંત. ૧

**અંત** – જે જિણુવર તીર્થંકર પ્રતિમા, પ્રણમતિ **સમયસુંદર** સુખકાર. ૧૦

**૧૪ તીર્થ ભાસ** ૫ કડી

**આદિ** – મ્હારી બહિની હે બહિની મ્હારી સુણિ એક મોરી વાત હે. ૧

**અંત** – સફલ કીયઉ અવતાર હે ભણઇ **સમયસુંદર** ઇમ ભગતિ સ્યું. ૫

**૧૫ તીર્થ ભાસ** ૬ કડી

**આદિ** – સખી ચાલઉ હે સખી ચાલઉ હે ચતુર સુજાણ
ભાવઇ હે આ હે ભાવે હે તીરથ ભેટસ્યાં. ૧

**અંત** – બોલઇ ઇમ બોલઇ હે **સમયસુંદર**ગણી. ૬

**૧૬ પુરિમતાલમંડન શ્રી આદિનાથ ભાસ** ૪ કડી

**આદિ** – **ભરતનઈ** ઘઇ ઉલંભડા રે, **મરૂદેવી** અનેક પ્રકાર રે. ૧

**અંત** – **સમયસુંદર** સુપ્રસન સદા રે, **આદીસર** જિનરાજ રે. ૪

**૧૭ ફલોધી પાર્શ્વનાથ ભાસ** રાગ પ્રભાતી

**આદિ** – પ્રભો **ફલવધી પાસ** પરભાતિ પૂજઉ
દુની મઇ નહી કો ઇસઉ દેવ દૂજઉ. ૧ પ્રભો.

**અંત** – પ્રભો પ્રણમતાં પરમઆણંદ પાવઇ,
ગુણ **સમયસુંદર** કર જોડિ ગાવઇ. ૪ પ્રભો.

**૧૮ નડુલાઈમંડન શ્રી નેમિનાથ ભાસ** કડી રાગ સારંગ

**આદિ** – **નડુલાઈ** નિરખ્યઉ જાદવઉ ન. ૧

**અંત** – **સમયસુંદર** કહઇ **સમુદ્રવિજય** સુત
પ્રભુ જલધર સમઉ પરખ્યઉ નિરખ્યઉ.

**૧૯ મંગલોરમંડન શ્રી નવપલ્લવ પાર્શ્વનાથ ભાસ** ૫ કડી

**નવપલ્લવ** પ્રભુ નયણે નિરખ્યઉ.
પ્રગટઉ પુણ્યનઇ હીયડઇઉ હરખ્યઉ. નવ. ૧
**વલભી ભંગઈ** મૂરતિ આણી, મારગિ બે અંગુલી વિલંબાણી. ૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વલીય નવી આની તે જાણુઉ, **નવપલ્લવ** તે નામ કહાણુઉ. ૩
**મંગલોરગઢ** મૂરતિ સોહઇ, ભવિયણ લોય તણાં મન મોહઇ. ૪
જાપ કરી શ્રીસંઘ સંઘાતિ, **સમયસુંદર** પ્રણુમઇ પરભાતિ. ૫

**૨૦ વાડી પાર્શ્વનાથ ભાસ** ૩ કડી

**આદિ** – સઉમુખ **વાડી પાસજી** સુંદર મૂરતિ સોહઇ
**અંત** – **સમયસુંદર** સેવક જનનઇ પરતખિ તૂઠા **વાડી પાસ** મેરે લાલ. ૩ સઉ.

**૨૧ અજાહરઉ પાર્શ્વનાથ ભાસ** ૪ કડી

**આદિ** – આવઉ જુહારઉ રે **અજાહરઉ પાસ.** ૧
**અંત** – તીરથ જૂનઉ રે **અજાહરઉ** જાણિ, **સમયસુંદર** મુખવાણી. ૪

**૨૨ દેવકાપાટણમંડણ દાદા પાર્શ્વનાથ ભાસ** ૪ કડી

**આદિ** – **દેવકઇ પાટણિ** દાદઉ **પાસ**, સખી મઈ જુહારિઉ
મ્હારી પૂગી આસ. ૧ દેવ.
**અંત** – દઉલતિ આવઈ દાદઉ **પાસ, સમયસુંદર** પ્રભુ લીલ. ૪ દેવ.

**૨૩ કંસારામંડણ ભીડભંજણ પાર્શ્વનાથ ભાસ** ૪ કડી

**આદિ** – ચાલઉ સખી ચિતચાઉ સું, **ચંપા(ત્રંબા)વતી** નગરી તથિ રે,
**કંસારી** કેરઉ જાગતઉ તીરથ છઇ જેથિ રે. ૧
**અંત** – **ભીડભંજન** સામી, તે ડિયઉ, સખી પ્રહ ઉગમતઇ સેતા
**સમયસુંદર** કહઇ સુણઉ, ભયભંજણ શ્રી ભગવંત રે ૪ ભી.

**૨૪ શંખેશ્વર પાર્શ્વનાથ ભાસ** ૩ કડી રાગ ધન્યાશ્રી

**આદિ** – **સંખેસરઉ** રે જાગતઉ તીરથ જાણીયઇ રે,
**અંત** – ઇમ બોલઇ **સમયસુંદર** સાનિધિ કરૂ રે. ૩ સંખેસ.

**૨૫ આગ્રામંડણ શ્રી વિમલનાથ ભાસ** ૪ કડી

**આદિ** – દેવ જુહારણ દેહરઇ ચાલી, સહિય સમાણી સાથિ રી,
**અંત** – **સમયસુંદર** કહઇ મનવંછિત સુખ, તે પામઇ ભવપાર રી. ૪

**૨૬ પુષ્કલાવતીવિજયમંડણ શ્રી સીમંધરસ્વામી ભાસ** ૬ કડી

**આદિ** – વિહરમાણ **સીમંધર** સામી, પ્રહ ઊઠી પ્રણમું શિર નામી. વિ. ૧
**અંત** – સકલ સોમ સંદેહ હરંતા, **સમયસુંદર** વાંદઇ વિહરતા. ૬

**૨૭ ચંદવારીમંડન ચંદ્રપ્રભ ભાસ** રાગ વસંત

**આદિ** – **ચંદ્રપ્રભ** ભેટયઉ મઇ **ચંદવાર જમુના** કઇ પારિ. ચં.
**અંત** – **સમયસુંદર**નઇ ભવસમુદ્ર તારિ. ૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૨૮ સોરીપુરમંડન નેમિનાથ ભાસ** ૪ કડી રાગ ગૂજરી
**આદિ** – **સોરીપુર** જાત્ર કરી પ્રભુ તેરી,
જનમકલ્યાણ ભૂમીકા ફરસી, મનઆસા ફલી મેરી. ૧ સો.
**અંત** – **સમયસુંદર** કહઇ અબ **નેમીસર**, રાખિ સંસારકી ફેરી. ૪ સો.

**૨૯ ખંભાયતમંડન શ્રી ભીડભંજણ પાર્શ્વનાથ ભાસ** ૩ કડી
**ભીડભંજણ** રે દુખગંજણ રે,
રૂડી મૂરતિ જણમણરંજણ રે, નિરખીજઇ **પાસ** નિરંજણ રે. ૧
દરસણ મનવંછિત દાતા રે, પ્રણમીજઇ ઉઠિ પ્રભાતા રે,
**કંસારી** નામ કહાતા રે, **ખંભાયત** માંહિ વિખ્યાતા રે. ૨ ભીડ
ચિંતા આરતિ સવિ ચૂરઇ રે, પ્રભુ સહુના પરતા પૂરઇ રે,
દુખદોહિગ ટાલઇ દૂરિ રે, **સમયસુંદર** પુણ્ય પડૂરઇ રે. ૩ ભીડ.

**૩૦ શંખેશ્વર પાર્શ્વનાથ ભાસ** ૫ કડી રાગ ભૈરવ
**આદિ** – સાચઉ દેવ તઉ **સંખેસરઉ**, ધ્યાન એક ભગવંતનઉ ધરઉ. ૧
**અંત** – **સમયસુંદર** કહઇ જિમ નિસ્તરઉ. ૫

**૩૧ સેરીસામંડન પાશ્વર્નાથ ભાસ** ૩ કડી
સકલ મૂરતિ **સેરીસઇ**, પાસ દસમિ **પારસનાથ** ભેટવઉ,
દેવનામી, દેહરઉ દીસઇ. ૧
પ્રતિમા લોડતિ જાઇ પાતાલઇ, ધરણિ આઉં ધિરઇ સીસઇ,
ભાવભગતિ ભગવંતની કરતાં, હરષ ઘણઉ હીયડઇ હીસઇ. ૨
**પટણી પારિખ સૂરજી** સંઘ સું, જાત્ર કરી ભલી સુજગીસઇ,
**સમયસુંદર** કહઇ સાચઉ મઇ જાણ્યઉ, વીતરાગ વીસાવીસે. ૩

**૩૨ પાશ્વર્વીર ભાસ** રાગ ધન્યાશ્રી ૩ કડી
**પદમાવતી** સિર ઊપરિં, **પારસનાથ** પ્રતિમા સોહઇ રે,
નગર **નલોલાઇ** નિરખતાં, નરનારીનાં મન મોહઇ રે. ૧ પદમા.
ભુંહરા માહિ અતિ ભલી, **મહાવીર**ની પ્રતિમા માંડી રે,
ભગતિ કરઉ ભગવંતની, મોક્ષમારગની એ દાંડી રે. ૨ પદમા.
લોક જાયઇ જાત્રા ઘણા, **પદમાવતી** પરતા પૂરઇ રે,
**સમયસુંદર** કહઇ જિન ભેટી તે, આરતિ ચિંતા ચૂરઇ રે. ૩ પદમા.

**૩૩ આસાઉલી ભાભા પાશ્વર્નાથ ભાસ** ૨ કડી
**ભાભઉ પારસનાથ** મઇ ભેટયો, **આસાઉલિ** માહિ આજ રે,
દુખદોહગ દૂરિં ગયા સગલા, સીધા વંછિત કાજ રે. ૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રાવક પૂજા સનાત્ર કરઇ સપૂરવ ઝાલ પખાજ રે,
**સમયસુંદર** કહઇ હું સેવક તેરઉ, તું મેરે સિરતાજ રે. ૨

**૩૪ ગૌડીમંડણ પાર્શ્વનાથ ભાસ** ૩ કડી

**આદિ** – રાગ અસાઉરિ ગઉડી

**પારસનાથ** તું ગાજઇ, વારૂ એકલમલ્લ વિરાજઇ. ૧ ગ.

**અંત – સમયસુંદર** કહઇ પ્રભુ, સહુનઇ નિવાજઇ. ૩ ગ.

**૩૫ ચિંતામણિ પાર્શ્વનાથ ભાસ** ૩ કડી રાગ ભૈરવ

**આદિ – ચિંતામણિ** મ્હારી ચિંતા ચુરિ, **પારસનાથ** મુઝ વંછિત પૂરિ. ૧

**અંત – સમયસુંદર** કહઇ કરિ તું પડૂર. ૩ ચિંતા.

**૩૬ ભાભા પાર્શ્વનાથ ભાસ** ૩ કડી રાગ ભૈરવ

**ભાભા પારસનાથ** ભલું કરે, ભલું કરે **ભાભા** ભલું કરે,
અલિય વિઘન મ્હારાં અલગાં હરે. ૧ ભાભા પા.
કુસલખેમ કરે મુઝ ઘરે, રિદ્ધિવૃદ્ધિ વાધઇ બહુ પરે. ૨ ભાભા પા.
**સમયસુંદર** કહઇ મત કિહાં ડરે, ધ્યાન એક ભગવંતનું ધરે. ૩

(૧) ઇતિ તીરથ ભાસ છત્રીસી સમાપ્તા. સં.૧૭૦૦(૦) વર્ષે અષાઢ વદિ ૧ દિને લિષિતં. ૩૬. (આ પછી આ ૩૬ ભાસની પહેલી લીટીની અનુક્રમણિકા આપી છે.) સં.૧૭૦૦ વર્ષે આષાઢ વદિ ૧ દિને શ્રી અમદાબાદ નગરે હાજા પટેલ પોલિ મધ્યવર્તિ વૃદ્ધોપાશ્રયે યુગપ્રધાન શ્રી જિનચન્દ્રસૂરિ પ્રધાન શિષ્ય પંડિતશ્રી સકલચંદ્રગણિ શિષ્ય પંડિતશ્રી સમયસુન્દરોપાધ્યાય લિખિતા વાદિવૃન્દકન્દકન્દકુદ્દાલ શ્રી વાચનાચાર્ય હર્ષનંદન ગણિ સહિતઃ પ.સં.૧૧-૧૩ રો.એ.સો. બી.ડી.૨૬ નં.૧૯૦૬. (આ કવિની સ્વહસ્તલિખિત પ્રત જણાય છે. તેમાં જુદાંજુદાં તીર્થોનાં વર્ણન વિગેરે છે.)

**(૧૩૧૪) [+] સત્યાસિયા દુષ્કાળ વર્ણન છત્રીશી ર.સં.૧૬૮૭**

(૧) સં.૧૮૧૬ આસો શુ.૧ શુક્રે. પ.સં.૫, અભય નં.૧૫૮૮. [હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૬૧૧).]

[પ્રકાશિત : ૧. જૈનયુગ પુ.૫ અં.૧-૨-૩ અને ૯. ૨. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

**(૧૩૧૫) નાકોડા સ્તવનાદિ પદ ૨૨**

(૧) સાધ્વી એમી પઠનાર્થં. પ.સં.૬, અભય. નં.૨૭૬૬.

**(૧૩૧૬) અન્ય સ્તવનાદિ**

૧ + **અમરસરપુરમંડન શીતલનાથ સ્ત.** ૧૫ કડી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આદિ** – મોરા સાહેબ હો શ્રી **શીતલનાથ** કિ, વીનતી સુણો એક મોરડી.
**અંત** – ઈમ **અમરસર**પુર સંઘસુખકર માત **નંદાનં**દણો,
સકલાપ **સીતલનાથ** સામી સકલ-જણુ-આનંદણો;
શ્રી વચ્છલંછન વરણુ કંચણ રૂપ સુંદર સોહએ,
એ તવન કીધઉ **સમયસુંદર** સુણત જનમન મોહએ. ૧૫
(૧) પ્ર.કા.ભં. (૨) મારી પાસે.
પ્રકાશિત : ૧. રત્નસાગર પૃ.૧૪૫.
**૨ + મહાવીર સ્ત.** (વિનતિ રૂપે) ૧૯ કડી જેસલમેરમાં
**આદિ** – **વીર** સુણો મુજ વીનતિ, કર જોડી હો કરૂં હું મનની વાત,
બાલકની પરે વીનવું, મોરા સામી હો તૂ ત્રિભોવનતાત,
વીર સૂણો મોરી વીનતી. ૧
**અંત** – કલશ
ઇમ નયર **જેસલમેર**મંડણુ, તીર્થંકર ચોવીસમો
સાસનાધીશ સિંહલંછન સેવતાં સુરતરૂ સમો
**જિનચંદ ત્રિશલા**માતનંદન **સકલચંદ** કલાનિલો,
વાચનાચાર્ય **સમયસુંદર**, સંથુણ્યો ત્રિભુવનતિલો. ૧૯
(૧) શ્રી બબા મધે સં.૧૭૫૧ વરખે ભાદ્રવા શુદ ૮ દનો લખત રાએચંદ રાએસંઘ. ઉનાના વકીલ મોરારજીભાઈના મારી પાસે આવેલા એક ચોપડામાં. (૨) પ.સં.૨-૧૪, આ.ક.ભં.
પ્રકાશિત : ૧. રત્નસાગર પૃ.૧૫૪. ૨. રત્નસમુચ્ચય પૃ.૧૮૩.
**૩ + દાદાજી (જિનકુશલસૂરિ) સ્ત.**
**આદિ** – આયો આયોજી સમરંતાં દાદોજી આયો.
[પ્રકાશિત : ૧. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]
**૪ પ્રતિમા સ્ત.** ૭ કડી
**આદિ** – શ્રી જિનપ્રતિમા હો જિન સારખી કહી, એ દીઠાં આણુંદ.
**અંત** – **પારસનાથ** હો તુઝ પરસાદથી, સદ્દવડના મુઝ એહ,
ભવભવ હોજ્યો હો **સમયસૂંદર** કહે, શ્રી જિનપ્રતિમા શું નેહજી શ્રી.
(૧) મારી પાસે.
**૫ + શત્રુંજયમંડન (આલોયણગર્ભિત) આદિ બૃહત્સ્ત.** ૩૧ કડી આ સ્તવન પોતે શત્રુંજયની યાત્રા કરી ત્યારે કર્યું છે. તે માટે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'શત્રુંજય રાસ' પોતે કર્યો છે તેમાં આલોયણનો ઉલ્લેખ જુઓ.

**આદિ –** એ કર જોડી વીનવુંજી, સુણિ સામી સુવદીત,
કૂડકપટ મૂંકી કરીજી, વાત કહુ આપવીત. ૧

**અંત –** કલશ

ઈમ ચઢિય **શેત્રુંજ** ચરણ ભેટ્યા, **નાભિનંદ**ણ જિણ તણા,
કર જોડિ **આદિ** જિણંદ આગઇ, પાપ આલોયા આપણા,
શ્રી પૂજ્ય **જિણચંદ**સૂરિ સદ્‌ગુરુ, પ્રથમ શિષ્ય સુજસ ઘણુઈ,
ગણિ **સકલચંદ** સુસીસ વાચક, **સમયસુંદર** ગુણ ભણઈ. ૩૧

(૧) મારી પાસે.

પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય પૃ.૨૩૫થી ૨૩૭. ૨. ચૈત્ય આદિ સં. ભા.૨.

**૬ + સકલ શાશ્વત ચૈત્ય નમસ્કાર સ્ત.** ૫ ઢાળ

**આદિ – રિષભાનન વર્ધમાન, ચંદ્રાનન** જિન, **વારિષેણ** નામે
જિણા એ. ૧
તેહ તણા પ્રાસાદ ત્રિભુવન સાસતા, પ્રણમું બિંબ સોહામણા એ. ૨

**અંત –** કલશ.

ઈમ શાસતા પ્રાસાદ પ્રતિમા સંથુણ્યા જિનવર તણા,
ચિહું નામ **જિનચંદ** તણા ત્રિભુવન **સકલચંદ** સુહાવણા;
વાચનાચારિજ **સમયસુંદર** ગુણ ભણે અભિરામ એ,
ત્રિહું કાલ ત્રિકરણ શુદ્ધ હોયજ્યો સદા મુઝ પ્રણામ એ.

પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય પૃ.૨૨૮થી ૨૩૦. [૨. અભયરત્નસાર.]

**૭ + મહેવામંડણ પાર્શ્વનાથ સ્ત.** અથવા છંદ ૮ કડી

**આદિ –** આપણ ઘર બઈઠા લીલ કરઉ, નિજ પુત્ર કલત્ર સું પ્રેમ ધરઉ,
તુમ્હે દેસ દેસંતર કાંઇ દ્રડેડઈ, નિત નાંમ જપઉ શ્રીના કોડઇ. ૧

**અંત – શ્રી પાસ મહેવાપુર** નગરે, મઇ ભેટયઉ જિણવર હરષ ભરે,
ઇંમ **સમયસુંદર** કહઇ ગુણ જોડઉ, નિત. ૮

(૧) મારી પાસે.

પ્રકાશિત : ૧. જૈ.પ્ર. પૃ.૨૬૨.

**૮ વિકાનેરમંડણ ઋષભજિન સ્ત.**

**આદિ –** ઢાલ ઝિરમિર વરસૈ મેહ હો રાજા પરનાલે પાંણી વહૈ–એ દેશી
**વીકમપુર** સિણગાર હો લાલ, **રિષભ** જિણેસર ગુણભર્યો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોરા લાલ,

નાભિરાયાં કુલચંદ, મરૂદેવી માતા ઉર ધર્યો-૧ મા.

(૧) અપૂર્ણ, મારી પાસે.

**૯ પાર્શ્વનાથ જિન પંચકલ્યાણક સ્ત.** ૫૧ કડી ર.સં.૧૬૫૬ વૈ.સુ.૩ જેસલમેરમાં

**આદિ** – પુરિસાદાણી પરગડઉ, **જેસલમેરૂ** જિણંદ,
પંચ કલ્યાંણુક તેહના, પભણિસુ પરમાણંદ. ૧
જિનવરના ગુણ ગાવતાં, લહિયઈ સમકિતસાર,
ગોત્ર તિર્થંકર બાંધિયઈ, લહુ તરિયઈ સંસાર. ૨
રાગ ભેદ રલિયાંમણા જાણઈ ચતુરસુજાણ,
ભાવ ભગતિ ગુણ ગાવતાં, જીવિત જનમ પ્રમાંણ. ૩

**અંત** – રાગ ધન્યાસિરી.
ઈમ થુણ્યઉ **જેસલમેરૂ**મંડન, દુરિતખંડન સુભ મનઈ,
**રસ કરણ દરસણ તરણિ** વરસઈ, **આદિ** જિણ પારણુ દિનઇ.૫૦
**જિનચંદસૂરતિ સકલચંદન** મૃગમદા કેસર કરી,
પ્રહ **સમયસુંદર પાસ** પૂજઈ, તેહની ધન્યાસિરી. ૫૧

(૧) પ.સં.૩-૧૧, મારી પાસે.

**૧૦ + તીર્થમાલા સ્ત.**

**આદિ** – શ્રી **શેત્રુંજે ઋષભ** સમોસર્યા, ભલા ગુણભર્યા રે,
સીધા સાધુ અનંત, તીરથ તે નમું રે.

**અંત** – **શેત્રુંજા**ની કારણી **નવાનગર**માં રે, શ્રી **રાજસી** ભરાવ્યા બિંબ, તી.
તીરથયાત્રા ફલ તીહાં હોજ્યો મુજ ઇહાં રે, **સમયસુંદર** કહે એમ. તી.

(૧) મારી પાસે. [મુપુગૃહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૮૧).]

પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય પૃ.૫૯૫. [૨. જૈન કાવ્યપ્રકાશ ભા.૧. ૩. અભયરત્નસાર.]

**૧૧ [+] સાચોરમંડન વીર સ્ત.** ર.સં.૧૬૭૭ માહ માસ

**આદિ** – ધન્ય દિવસ મેં આજ જુહાર્યો, **સાચોરા મહાવીરજી**,

**અંત** – ઇમ નયરશ્રી **સાચોર**મંડન, સિંહલંછન સુખકરો.
સકલાપ મૂરતિ, સકલ સૂરતિ માત **ત્રિશલા** ઉરિ ધરો,
સંવત **સોલે સે સત્યોતર** માસ મનોહરો,
વીનવ્યો પાઠક **સમયસુંદર** પ્રગટ તું પરમેસરો. ૧૪

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) મારી પાસે.
[પ્રકાશિત : ૧. સમયસુંદર કૃતિ કુસુમાંજલિ.]

**૧૨ [+] મુનિસુવ્રત સ્વામી સ્ત.** ૧૪ કડી

**આદિ** – **જંબૂદીવ** સોહામણો, દક્ષિણ **ભરત** ઉદાર,
**રાજગૃહ** નગરી ભલી, અલકાપુરી અવતાર. ૧
શ્રી **મુનિસુવ્રત** સામિજી, સમરતાં સુખ થાય,
મનવંછિત ફલ પામીયઇ, દોહગ દૂરિ પલાય.

**અંત** – કલશ
ઇમ પંચ કલ્યાણિક ત્રિભુવનરાય.
**મુનિસુવ્રત** સામી વીસમો, જિનવરરાય વીસમો,
જિણવરરાય જગત્રગુરૂ, ભયભંજણ ભગવંત,
નિરાકાર નિરંજન નિરૂપમ અજરામર અરહંત
શ્રી **જિનચંદ** વિનેય સિરોમણી **સકલચંદ**ગણી સીસ,
વાચક **સમયસુંદર** ઇમ પભણઇ, પૂરઉ મનહ જગીસ. ૧૪

(૧) વા. **સાંમીદાસ**ગણિ લિષતં. પ.સં.૧–૧૫, મારી પાસે.
પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય પૃ.૫૧૪.

**૧૩ + સીમંધર સ્વામી સ્ત.**

**આદિ** – ધનધન ક્ષેત્ર **મહાવિદેહ**જી, ધન **પુંડરિક** ગિરિ નામ,
ધનધન તેહના માનવીજી, નિત ઉઠી કરે રે પ્રણામ. ૧

**અંત** – **સમયસુંદર**ની વંદનાજી, માનજો વારોવાર,
બે કર જોડી વીનવુંજી, વીનતડી અવધાર.
**શ્રીમંદિર** સ્વામી કહીઇ રે, હું મહાવિદેહ આવીસ,
જયવંતા જિનવર કહીઇ રે, હું તુંમને વાંદીસ. ૯

(૧) અનંત ભં. (સઝાયોમાં)
પ્રકાશિત : ૧. જૈ.પ્ર. પૃ.૩૧૪.

**૧૪ + મૌન એકાદશી સ્ત.** ૧૩ કડી ર.સં.૧૬૮૧ જેસલમેરમાં

**આદિ** – ચોપાઈની દેશી
સમવસરણ બેઠા ભગવંત, ધર્મ પ્રકાશે શ્રી અરિહંત,
બારે પરખદા બેઠી રૂડી, માગસર સુદી અગીયારસ વડી. ૧

**અંત** – **જેસલ** સોલ ઇકયાસી સમે, કીધું સ્તવન સહુ મન ગમે,
**સમયસુંદર** કહે દાહાડી, માગસર સુદી અગીયારસ વડી. ૧૩

JAINSITE.com जैनम् जयति शासनम्

[જૈહાપ્રોસ્ટા, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૭૯).]

પ્રકાશિત : ૧. ચૈત્ય. આદિ સંગ્રહ ભા.૩ પૃ.૫૪. ૨. રત્નસાગર પૃ. ૧૪૪. ૩. રત્નસમુચ્ચય પૃ.૧૭૨.

**૧૫ + જ્ઞાનપંચમી વૃદ્ધ (મોટું) સ્ત.** ૩ ઢાલ ૨૫ કડી

**આદિ** – પ્રણમું શ્રી ગુરૂપાય, નિર્મલજ્ઞાનઉપાય,
પંચમી તપ ભણું એ, જનમ સફલ ગિણું એ. ૧

**અંત** – ઇમ પંચમીતપફલપરૂપક **વર્દ્ધમાન** જિણેસરો,
મઇ થુણ્યો શ્રી અરિહંત ભગવંત, અતુલબલ અલવેસરો,
જયવંત શ્રી **જિનચંદ**સૂરિજ, **સકલચંદ** નમંસિયો,
વાચનાચારિજ **સમયસુંદર,** ભગતિભાવ પ્રશંસિયો.

[લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૫૬, ૨૬૦, ૫૦૨).]

પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય પૃ.૧૬૮. ૨. રત્નસાગર પૃ.૧૩૭. ૩. શ્રી જ્ઞાનપંચમી (જૈન ધર્મ પ્રસારક સભા). [૪. જૈન કાવ્યપ્રકાશ ભા.૧.]

**૧૬ + જ્ઞાનપંચમી પર લઘુ સ્ત.** ૫ કડી

**આદિ** – પંચમી તપ તુમે કરો રે પ્રાણી, નિર્મલ પામો જ્ઞાન.

**અંત** – **પાર્શ્વનાથ** પ્રસાદ કરીને, મ્હારી પૂરો ઉમેદ રે,
**સમયસુંદર** કહે હું પણ પામું, જ્ઞાનનો પંચમો ભેદ રે–પંચમી.

પ્રકાશિત : ૧. રત્નસાગર પૃ.૧૭૦. ૨. જૈન પ્રબોધ પૃ.૯૦.

**૧૭ + ઉપધાન તપ સ્ત.**

૭ ઉપધાનનું ટૂંકું વર્ણન.

**આદિ** – શ્રી **મહાવીર** ધરમ પરગાસે, બેઠી પરષદ બારજી,
અમૃત વચન સુણી અતિ મીઠા, પામે હરષ અપારજી. ૧
સુણો સુણો રે શ્રાવક ઉપધાન વહ્યા વિન કિમ સૂઝે નવકાર.
**ઉતરાધ્યયન** બહુ શ્રુત અધ્યયને, એ ભણ્યો અધિકારજી. સુ. ૨
**મહાનિશીથ** સિદ્ધાંત માંહે પિણ, ઉપધાનતપ વિસ્તારજી,
અનુક્રમે શુદ્ધ પરંપર દીસે, સુવિહિત ગચ્છ આચારજી. સુ. ૩

**અંત** – **કલશ.**

ઇમ **વીર** જિણવર ભુવણદિણયર માતા **ત્રિશલાનં**દણો,
ઉપધાનનાં ફલ કહે ઉત્તમ ભવિયજનઆનંદણો,
**જિનચંદ** યુગપરધાન સદગુરૂ **સકલચંદ્ર** મુનીસરો,
તસુ સીસ વાચક **સમયસુંદર** ભણે વંછિત સુખકરો. ૧૮

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય પૃ.૫૫૧. ૨. રત્નસાગર ભાગ ૧ પૃ.૪૮૨.

**૧૮ + દાનશીલ તપ ભાવ પર પ્રભાતી**

**આદિ–** રે જીવ જૈનધર્મ કીજીયે, ધર્મના ચાર પ્રકાર,
દાન શીયલ તપ ભાવના, જગમાં એટલું સાર રે. ૧

પ્રકાશિત : ૧. જૈન સજ્ઝાયમાળા. ૨. ચૈત્ય. આદિ સં. ભા.૩.

**૧૯ આદીસર વિનતિ**

**આદિ–** **આદીસર** હો સોવનકાય, તેજઈ રવિ જિમ દીપતો,
સુર કિંનર હો સેવઇ પાય, મોહ મહાભડ જીપતો ૧
જે અહનિશિ હો પ્રણમે સામિ, ત્યાં ઘર સદા વધામણા,
ચઉગઈદુખ હો ટાલણહાર, જિનવર નામ સુહામણો. ૨
વીનતડી હો ઈક અવધારિ, કર જોડી કવિયણ કહે,
તું સમરથ હો ઇણ સંસારિ, તુઝ કીરતિ જગિ મહમહે. ૩

(૧) અપૂર્ણ, મારી પાસે.

**(૧૩૧૭) સઝાયો**

(૧) વા. ઉદયરત્નગણિ લિ. ૫.સં.૨, અભય નં.૧૫૫૨. [મુપુગૂહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૪૧૦, ૫૯૫).]

**૧ + માયા પર સ.**

**આદિ–** માયા કારમી રે માયા મ કરો ચતુરસુજાણ.

[પ્રકાશિત : ૧. સઝાયમાલા (લલ્લુભાઈ). ૨. જૈન સઝાયસંગ્રહ (સારાભાઈ નવાબ).]

**૨ + જીવરાશિ ક્ષમાપના** [અથવા **પદ્માવતી આરાધના**]

આ સઝાય સ્વતંત્ર નથી પણ તે 'ચાર પ્રત્યેકબુદ્ધ રાસ'માં નેમિરાજર્ષિના ખંડમાં છે.

**આદિ–** હવે રાણી **પદમાવતી** જીવરાશિ ખમાવે.

**અંત –** રાગ વૈરાડી જે સુણે, એ ત્રીજી ઢાલ
**સમયસુંદર** કહે પાપથી, છૂટો તતકાલ. હવે. ૩૩

[મુપુગૂહસૂચી, લીંહસૂચી, હેજૈજ્ઞાસૂચિ ભા.૧ (પૃ.૨૬૯, ૨૭૧, ૨૮૯, ૪૨૮, ૪૩૨, ૪૩૪, ૬૨૫, ૬૨૯, ૪૧૦).]

[પ્રકાશિત : ૧. સદ્‌વિચારસંગ્રહ. ૨. જૈન પ્રબોધ પુસ્તક વગેરે.]

**૩ અર્હન્નક સઝાય ૯ કડી**

**આદિ–** વેરણ વેલા પાંગર્યા રે હો, ધૂપ તમે અસરાલ, મેરે અરહના,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધરતી વલી ઉની ઘણું રે, હાં મુનિવર અતિ સુકુમાલ. મેરે. ૧

**અંત** – રાતી શલા અણસણ લીએ રે હાં, ચડતે મન પરિણામ. મેરે.
**સમયસુંદર** કહે તેહને રે હાં, ત્રિકરણ સુદ્ધ પ્રણામ. મેરે. ૯

**૪ + નિંદાવારક સ.** ૫ કડી

**આદિ** – નિંદા મ કરજો કોઈની પારકી રે, નિંદાનાં બોલ્યાં મહા પાપ રે.
[લીંહસૂચી.]

પ્રકાશિત : ૧. રત્નસમુચ્ચય. ૨. જૈ.પ્ર. [૩. સઝાયમાલા (લલ્લુભાઈ).]

**૫ + અનાથીઋષિ સ.** ૯ કડી

